શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. રતીલાલ ત્રિકમલાલે છાપ્યું.
ઠે. કાળુપુર, હાજાપટેલની પોળ—અમદાવાદ.

"[illegible] ।
[illegible] ॥"

સકલાગમરહસ્યવેદી જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજશ્રીના

પ્રથમ-પટ્ટધર

જૈનાચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ

જન્મ-વિ-સં-૧૯૨૪ ઝીંઝુવાડા
સ્વર્ગ ગમન ૧૯૯૨ ખંભાત



દીક્ષા-વિ-સં-૧૯૪૬ [illegible]
આચાર્યપદ—૧૯૬૨ [illegible]


" સમર્પણ. "

પરમગુરૂદેવ આચાર્ય દીપક—
શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીની
—પરમ પવિત્ર સેવામાં.

આપ—જગતના એક મહાન્ ઉદ્ધારક સત્ય પુરૂષ છો આપ દયાવીરની અનન્ય પ્રતિભાપૂર્ણ પંડિતાઇ સાથે ઝળકી ઉઠતી આપની નિર્મળ—ચારિત્ર ઉપરાત—સહૃદયતા વર્તમાન કાળમા સુવર્ણ સાથે સુગંધનો સાચો સાક્ષાત્કાર કરાવે છે પ્રાણી માત્રના કલ્યાણ માટે જીવનયજ્ઞ સેવનારા આપ જગતપ્રેમીના અનુપમ ગુ-ણોનું અત્રે મારા નિર્માલ્ય શબ્દોમા દિગ્દર્શન કરાવવા ઉત્સુક બનવું એ મારે માટે તો એક જાતની—ભલે ક્ષમ્ય પરન્તુ ધૃષ્ટતા જ માની શકાય

મારા જીવનને મૂળથી વિકસાવનાર-આપ પિતામહની છત્રછાયા છે એની સેવાના મારા અપરિહાર્ય જીવનવ્રતમા એક આ લઘુ પુસ્તિકા સમ-ર્પણ કરવારૂપ આજકાલ પ્રગતિને પામેલા એક "શિષ્ટાચાર" માત્ર-થી જ જો હું મારી જાતને કૃતાર્થ માની લઉ તો એના જેવી કૃત-ઘ્નતા બીજી કઇ કહી શકાય? પણ કૃતજ્ઞતાની ખાતર આ સમર્પણ મારા એ જીવનવ્રતને યાદ કરાવી જેટલે અંશે મારા સર્વસ્વની ભાવના સાથે મારા સમગ્ર હૃદયનું વિનયપૂર્ણ નિર્દંભ સમર્પણ કરાવી શકશે તેટલે અંશેજ સેવકથી સાચી કૃતાર્થતા માની શ-કાશે એટલે અર્થને બદલે હૃદયનુંજ સમ-ર્પણ ઇષ્ટ ગણાય. અને આ અર્પણ—પ-ત્રિકાથી મારે તત્ત્વ દૃષ્ટિએ તેજ હો

આદરેણ—પ્રશિષ્ય—
રામનું કોટિશ વન્દન.



આમુખ



સનાતન સત્યનો સાક્ષાત્કાર નામનું પુસ્તક કરે ધરીને વાંચકોની સેવામાં ઉપસ્થિત થતાં આનંદ થાય છે. “વીરશાસન” પત્રની આ સાતમા વર્ષની ભેટ છે. દર-વર્ષે ભેટ નિયમિત આપવાની તીવ્ર ઇચ્છા હરદમ રહ્યા છતાં ય કેટલાક અનિવાર્ય પ્રતિકૂળ સંયોગોના કારણે તેમજ અણધારી ઉપસ્થિત થતી અન્યાન્ય ઘટનાઓના કારણે પ્રેમી ગ્રાહકોની આશાઓને અનિચ્છાએ કેટલોક કાળ લંબાવવી પડે છે. માટે જ વાચકો તરફથી તેની ક્ષમા માગી લઈએ છીએ. આમ છતાંય આવું ઉપયોગી સાસ્વત ફળ જેવું પુસ્તક વાંચકોના કરકમ-ળમાં અર્પતાં વિલંબનો થોડો વિષાદ થવા ઉપરાન્ત આનંદ થાય છે.

મહાપુરૂષોનું કથન છે કે, ‘ **કુસ્વવિનાશે વચનવિનાસા**’ એટલે એઓની મહત્તા યા વિશિષ્ટતાના સંબંધે કાંઈ પણ ઉલ્લેખ કરતાં પૂર્વ એઓના રચયિતાનો થોડો પરિચય આપવો અસ્થાને નથી.

બાલવયે પુનિત સાધુ જીવન અંગીકાર કરીને, પોતાના ગુરૂદેવના સહવાસમાંથી સંસ્કાર પામીને, કૃતવિદ્ય બની અભ્યાસ કરીને, સમગ્ર સભ્ય શાસ્ત્ર-સાગરના રત્નોનું આલોડન કરીને, આત્મશક્તિઓને ઇન્દ્રિયદમનથી વિકસાવીને અને વસ્તુના ઉપર અજબ સત્તા મેળવીને આ પુસ્તકના કર્તા શ્રી આજ કેવળ ગુજરાત કે કાઠીયાવાડ, મારવાડ કે મેવાડ યા માળવા કે પંજાબમાં જ નથી જાણીતા થયા પણ સારાય હિન્દુસ્થાન અને જુગધારા પણ એ “રામ નામના સંતથી સુપરિચિત છે. તેઓશ્રીનું આછું ઓળખાણ આપવું ઘટે છે.

હવે આ પુસ્તક નો પરિચય ને તેના સર્જન નિમિત્તનો નિર્દેશ કરવા કરતાં પહેલાં પાઠકગણને લગભગ પાંચ વર્ષ પૂર્વ આપણા

"શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ" તરફથી પ્રકાશિત 'પંચપ્રતિક્રમણ' સૂત્રની બુકની હિન્દીમાં પ્રસ્તાવના લખી હતી આમાં શ્રાવક ને સાધુના દૈનિક આવશ્યકોની કૃતિ, સર્જન કાળ અને કર્ત્તા વિષેની ચર્ચા હતી શાસ્ત્રીય દૃષ્ટિએ એ પ્રસ્તાવના તપાસતા પ્રસ્તુત ગ્રંથના લેખકને તે ભ્રામક ને સત્યથી વેગળી જણાઇ આથી શાસ્ત્ર જેવા ગહન વિષયથી અજ્ઞ માણસો ઉંધે રસ્તે ન દોરાય, ત્હેવી ને તેટલી જ શુભ બુદ્ધિથી આ ગ્રંથના કર્તાશ્રીએ શાસ્ત્રીય મન્તવ્યો ટાંકીને એક વિસ્તૃત લેખ લખી તૈયાર કર્યો

આ લેખ "જૈનધર્મ પ્રકાશ" તથા "આત્માનંદ પ્રકાશ" ના તંત્રીઓને મોકલાયો ને તેઓએ એ બાબતમાં અયોગ્ય વર્તણુકનો આદર કર્યો કહી શકાય અત્યારે એ વિષે લાંબે નહિ જઇએ પણ વાચકો જો જોવા ચાહતા જ હોય તો "વીરશાસન" માસિકના ૩ જા પુસ્તકનો ૧૨ મો અંક જોઇ લેવો લેખ પણ એ જ માસિકમાં છપાએલ છે

એ વાતને વર્ષો વીતી ગયા સુખલાલજીએ મૌન ધારણ કર્યું જો કે, એમને પીછાણનારા એથી એમ તો નહિં જ માની શક્યા હોય કે એથી એમણે સત્યનો સ્વીકાર કર્યો આજકાલના ગુરૂગમ વિના શાસ્ત્રાધ્યયન કરી અજીર્ણના રોગથી પીડાતા પંડિત ને સુધરેલા ગણાતા માણસો ભાગ્યે જ યોગ્યનો આદર કે સત્યનો સ્વીકાર કરતા જોવાય છે મ્હોટાઇ, એ જ જ્હેની દીક્ષા હોય, અહંકાર એજ જ્હેનું સુખસાધન હોય, શ્રીમન્મહાવીરદેવ કરતા મમત્વ જ્હેને વધારે પ્રિય હોય ને શાસ્ત્રકાર મહર્ષિઓ કરતા જે પોતાના ભેજાને વધારે ફળદ્રૂપ (?) માનવાની ધૃષ્ટતા કે નીચતા કરતા હોય ત્હેવાઓ ભાગ્યે જ સત્ય સ્વીકારે છે

હૃદયની તીવ્ર ઇચ્છા રહ્યા કરતી હોય કે સંસારનો એક પણ પામર એ સ્થિતિનો ભોગ ન થઇ પડે ને બીચારો અનન્ત સંસારની વૃદ્ધિ ન કરી બેસે છતાં ય અમારી બુદ્ધિ પંડિત સુખલાલજીને ઉક્ત સ્થિતિના અપવાદ માની શકતી નથી આ પુસ્તકના લેખકશ્રીના એ લેખના ઉત્તરમાં ઘણે દહાડે પંડિત સુખલાલજી જૈન સાહિત્ય સંશોધક

માસિકમાં એક લેખ લખે છે અને અજ્ઞાનોને મુંઝવવા એવો એક વધારે ફુટ પ્રયાસ આદરે છે. આ સહવાસે એ લેખ પણ આ લોપકીના સર્વજ્ઞની આંખ નીચે આવે છે, એના ઉત્તરમાં આ પુસ્તક લખાયું છે, એ આ પુસ્તકના નિમિત્તનો નિર્દેશ છે.

આ ગ્રંથમાં લેખકશ્રીએ પોતાની બહુશ્રુતતાનો ઉપયોગ કર્યો છે, એમ પ્રત્યેક વાંચક સ્વીકારશે જ સ્થળે સ્થળે શાસ્ત્રીય પુરાવા મૂકી તેઓશ્રીએ લેખની મહત્તાને વિસ્તારી દીધી છે બુદ્ધિગમ્ય દલીલો રજુ કરી માત્ર બુદ્ધિવાદમાં વિશ્વાસ રાખનારાને પણ આ પુસ્તકમાંથી યોગ્ય ખોરાક મળી શકે તેમ છે. તેમ જ પંડિત સુખલાલજીની વાણી રચનાઓ કેવી યુક્તિયુક્તતાથી ભરેલી છે તે દર્શાવવાને પણ લેખકશ્રીએ શ્રમ સેવ્યો છે. આમ વિવિધ દૃષ્ટિએ પંડિત સુખલાલજીના લેખની આલોચનાનો લેખ પોતાની હદ વટાવી જતાં ને તેના વિસ્તારવિભાગની અનેક તરફથી માગણી થતાં આ લેખ પુસ્તકાકારે આમારા પ્યારા વાંચકોની સેવામાં ઉપસ્થિત કરીએ છીએ.

પ્રસ્તુત પુસ્તકમાં "આવશ્યક સૂત્રના કર્તા કોણ છે?" તે વિષે વિવેચન કર્યા ઉપરાન્ત આજકાલ યુવાનોને નામે જે કુસંગની સરળભાવવીની અજ્ઞાનતા ભરી ખાત્રીબંધ થયેલી જાય છે તે વિષે પણ જરૂરી વસ્તુ લેખકે વાંચકોને આપી છે. માનીએ છીએ કે આ ગ્રંથ ધર્મીઓને ઉપકારી ને જિજ્ઞાસુઓને આશ્વાસનદાયક થઈ પડશે. આવા સર્વજ્ઞશ્રીની આ કૃતિ તેઓશ્રીની અનેક પ્રવૃત્તિઓની માફક સમાજને સદાની ઋણી બનાવે છે લેખકશ્રી પાસેથી આવાં અનેક સાહિત્ય કૃતિની અહોનિશ વધુના રાખતા હાલ તો વિરમીએ છીએ—

નોંધ—આ સિવાય મુનિ શ્રી "સ્ત્રીઓ પૂર્વ કેમ ભણી ન ભણી શકે નહિ?" એવા સુખલાલજીના વિચારો સામે તથા જૈન યુગના અંકમાંના "મહાવીરનો પરિગ્રહ" શીર્ષક લેખ સામે તથા જૈન સહિત્ય સંશોધકમાં "ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય" સબંધી કરેલ ચર્ચા સામે હવે પછી વિસ્તારથી લખવા ઇચ્છે છે તે તૈયાર થયેથી વાંચક સમક્ષ રજુ કરીશું

લી. શ્રી વીર સમાજના સંચાલકો.

"પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્-
વિજયદાનસૂરીશ્વરજીની સ્તવના"

"શાર્દૂલવિક્રીડિત-૭૬"

"શ્રીમદ્ **દાનવિજયસૂરીશ્વર** મદા, કલ્યાણ ચિંતામણિ,
ગચ્છાકાશ પ્રકાશમાન સવિતા, શ્રી સૌમ્ય નિશામણિ,
ભવ્યારામ વિરામ કલ્પદ્રુમ એ, વાદી ગજે કેશરી,
આધિ વ્યાધિ ઉપાધિ તાપ હર એ, સદ્વૈદ્ય ધન્વંતરી ॥ ૧ ॥

"હરિગીત-૭૬"

વેદો નયન નિધિ ચંદ્ર (૧૯૨૪) સંવત **ઝીંઝુવાડે જન્મ** ત્યાં,
પથરાયલું રણ ત્યાં થકી, કહેવું ઘટે રણ-રત્ન ત્યાં,
દરશન વરણ ભક્તિ ભૂમિ (૧૯૪૬) સંવત્સરે **ચારિત્ર્યને**,
સૌરાષ્ટ્ર **ગોઘા બંદરે** સાગર વધાવે પાત્રને ॥ ૨ ॥
સ્તંભન તીરથ પન્યાસ પદવી, નયન ખટ નિધિ ચંદ્રમા (૧૯૬૨),
ચંદ્ર સિદ્ધિ ખંડ ચંદ્રે (૧૯૮૧), **છાણી સૂરિ-પદ** વંદના,
સૂરિ-ચરણ યુગલે વંદના રણ-રત્ન ભવ રણ કાપતા,
અર્થી મુસાફર સાર્થનાને, પુનિત પંથે સ્થાપતા ॥ ૩ ॥
કાવ્ય વ્યાકરણો અલંકારો થયા છે એમના,
જ્યોતિષ ગ્રહના ગણિતનો છે વાસ વેદે જેમના,
ન્યાય તર્કની ભૂમિકા અસ્થિત પ્રભાવક ચરણમાં,
સિદ્ધાંત પારંગત ભવોદ્ધારક સૂરી-પદ વંદના ॥ ૪ ॥
'વિવિધ-પ્રશ્નોત્તર' રચ્યા કેઈ ગ્રંથ શંકા ટાળતા,
જિનશાસને ડંકા દઈ મિથ્યાત્વ ગાઢ પ્રજાળતા,
પરમાર્થ જીવન વહન સૂત્ર અનૂપ સંત-સ્વભાવમાં,
તરૂવર ફળે સરવર ઢળે, રવિ ઉગતો ત્યાં તાણ ક્યાં ? ॥ ૫ ॥

રાજ્ય સભાસ્થાન માયાભાવના ભાવ ગ્રહ્યો,
વ્યાખ્યાન મેળ્યું અખંડિત સુભગાથી રાજ્ય—નિમગ્રહ્યો,
ગંભીર એ સુરરાજ શુભ ગૌરવ સદા ગ્યા, દેશને,
ગાશે હૃદયથી સભ્ય જે તે ટાળશે ભવ   લેશને ॥ ૬ ॥

D D D D

“ શાર્દૂલવિક્રીડિત—વૃત્ત.

મૂર્તિ શાંત પ્રશાંત જ્ઞાન ભર ભ્યા, ગંભીર ધૈર્યે ભરી,
વૈરાગ્યે વિલસે વિહાર વપુમાં, ચારિત્ર ચૂડામણિ
વક્તૃત્વે વર જ્ઞાન શુભ્ર વપુમાં, વક્તૃત્વ સાચી ભરી,
શુભ શાસનરક્ષક ધ્યાન સદા, વક્તૃત્વ જ્યાં ના જરી ॥ ૭ ॥

× × × ×

“ હરિગીત—વૃત્ત. ”

દષ્ટિ અમી વરસતી સદા વૃષ્ટિ અમી વરસાવતી,
વાણી વિશુદ્ધ નીર વચનની વસુધા સુધા વરસાવતી,
એ વૃત્તિમાં તલ્લીન થઈ નિર્મળ બને છે માનવી,
આશય ગજાથી અનુપમ માનવી આ આનવી ॥ ૮ ॥
સૂરિજીના ઉપદેશથી અધ્યાત્મ કેઈ સાચવે ભવા,
સૂરિજીની છાયા તળે આત્મિને પામી રહ્યા,
કર્મોથી ગાળી તપ કરી નિજ કર્મને બાળી રહ્યા,
સંસારી મિત્રો આજ તેઓ, મહાન કર્મ ખપાવી રહ્યા ॥ ૯ ॥
જયવંત રૂપ શત્રુ જિતેવા શમ એવા શાસને,
સ્વહિતકારી ત્યાગીઓ શોભી રહ્યા જય શાસને,
જ્ઞાની ધ્યાની ને તપસ્વી સાધુ—વૃંદ સેવતી,
દાનસૂરિ આ વચના વિશુદ્ધ દેવ શિવશ્રી ॥ ૧૦ ॥

—“ શીવલાલ છગનલાલ–શાહ. ”



" શ્રીમન્મહાવીરસ્વામિને નમઃ ".

પરમગુરૂ-ઉપાધ્યાય-શ્રીવીરવિજયસદ્‌ગુરૂભ્યો નમઃ."



"સનાતન સત્યનો-સાક્ષાત્કાર".




લેખક—

પ્રખરવક્તા-મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ.



" આવશ્યક સૂત્રના કર્તા કોણ ?"



ઉપરનો પ્રશ્ન સુખલાલજીએ-" શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા-" તરફથી પ્રસિદ્ધ થયેલી 'પંચ-પ્રતિક્રમણ' નામની ચોપડીની પ્રસ્તાવનામાં ઉપસ્થિત કર્યો છે. આ પ્રશ્ન એવો છે કે-શ્રી જિનશાસનના એક સાધારણમાં પણ સાધારણ પરિચિત આત્માના અંતરમાં ન ઉદ્‌ભવે. કારણ કે જે સામાયિક શ્રી જિનશાસનનું મૂળ છે તે શ્રી આવશ્યક-શ્રુતસ્કંધનું પ્રથમ અધ્યયન છે અને સામાયિકની ઉત્પત્તિ શ્રી જિનશાસનની ઉત્પત્તિની સાથે જ થનારી ઉત્પત્તિ છે તથા શ્રી ગણધરદેવો પણ સૌથી પ્રથમ રચના સામાયિકની જ કરે છે.

મુનિમહારાજને લખેલી–જેમાં પ્રતિક્રમણની પ્રસ્તાવના કરી સાથ-ળિને સમજાવવા કરતાં મેં મુનિમહારાજને પ્રશ્ન કર્યો કે—

“ મુનિમહારાજ ભગવાન્ શ્રી સુધર્માસ્વામિજીને પરમાત્મા શ્રી મહાવીરદેવના શાસનમાં માને છે કે નહિ ?, અને માને છે તો ભગવાન શ્રી સુધર્માસ્વામિજી અને તેઓશ્રીનો શિષ્યપરિવાર, પ્રભુશ્રીના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિજી અને તેઓશ્રીનો શિષ્યપરિવાર, પ્રભુશ્રીના બીજા નવ ગણધરો અને તેઓશ્રીનો શિષ્યપરિવાર અને પ્રભુશ્રીના બીજા પણ સન્યાસિ શિષ્યો– આવશ્યક –કરતા હતા કે નહિ ?, જો કરતા જ હતા તો તે ‘આવશ્યક–સૂત્ર કેનું રચેલું ?’”

બાદ આ પ્રશ્નનો મને કે કમને પણ આંશિક સ્વીકાર કરતાં મુનિમહારાજ લખે છે કે—

“ એવી એક પ્રથા રહે છે અને તે એ કે ભગવાન્ શ્રી મહાવીરે પ્રતિક્રમણ ધર્મ ઉપદેશ્યો. જ્યારે ગણધરોએ પોતાના શિષ્ય પરિવારને પ્રતિક્રમણનું વિધાન આવશ્યક કર્તવ્ય તરીકે ઉપદેશ્યું ત્યારે તે શિષ્ય પરિવાર એ વિધાનનું પાલન કરવા ખાતર એમને પાઠ રચ્યો, પાઠો કે જુદા ગોઠવ્યા જ હશે, જો એ શિષ્યપરિવાર પાસ પ્રતિક્રમણવિધાન સૂત્ર પાઠ ન હોય તો તે પ્રતિક્રમણ કરેલ કેવી રીતે ? અને જો સૂત્ર પાઠ હોય તો તે પાઠ ગણધર સિવાય અન્ય રચિત માનવામાં શું પ્રમાણ છે ? અલબત, આ પ્રશ્ન મને પહેલાં પણ નહોતો અને અત્યારે પણ થાય છે.”

આ પ્રમાણે ઉપરની કબૂલાત કર્યા બાદ મુનિમહારાજ પોતે પોતાની માન્યતાનું સમર્થન કરતાં લખે છે કે—

“ હવે જ્યારે સંપૂર્ણ આવશ્યક ગણધર કૃત જ છે એ બાબતનું કોઈ સ્પષ્ટ પ્રમાણ જ નથી મળતું અને ગણધર સિવાયના હોવાના ચોક્કસ ત્યારે સ્પષ્ટ પ્રમાણો મળે છે ત્યારે એમ સમજવા પ્રકારની ફરજ પડે છે કે અત્યારે જે આવશ્યક સૂત્ર પ્રતિક્રમણ સૂત્ર ગણવામાં આવે છે તે આવશ્યક સૂત્ર એ સમજવું જોઈએ કે જેના ઉપર શ્રી ભદ્રબાહુસ્વામીની નિર્યુક્તિ થઈ છે તે.

ઉપરના લખાણમાં મુનિમહારાજ બે વાતો રજૂ કરે છે અને તે એમ કે—

૧–'સંપૂર્ણ આવશ્યક કે જે આવશ્યક ઉપર શ્રી ભદ્રબાહુસ્વામિની નિર્યુક્તિ મળે છે તે ગણધર કૃતજ છે એ મતલબનું કોઇ સ્પષ્ટ પ્રમાણુજ નથી મળતું.'

અને—

૨–'તે ગણુધર ભિન્નકૃત હોવાનાં એકથી વધારે સ્પષ્ટ પ્રમાણો મળે છે.'

સુખલાલજીએ ઉપર જણાવેલી પોતાની બીજી માન્યતાની સાબીતીમાં પોતાને અનુકૂળ આવે તે રીતિએ ચાર પ્રમાણો રજુ કર્યા છે અને તે આ નીચે બતાવવામા આવે છે તે ગ્રંથોના છે—

૧–વાચકવર શ્રી ઉમાસ્વાતિજી વિરચિત તત્ત્વાર્થભાષ્યનું.

૨–શ્રી સિદ્ધસેન ગણિવર વિરચિત તત્ત્વાર્થ ભાષ્યની ટીકાનું.

૩–ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવર વિરચિત તત્ત્વાર્થભાષ્યની ટીકાનું.

૪–શ્રી સેન–પ્રશ્નનું.

આ ચાર પ્રમાણો મૂકવામાં સુખલાલજીએ કેવી ચાલાકી ખેલી છે અને એ ટીકાનાં પ્રમાણો કેવી અસંગત રીતિએ ગોઠવ્યા છે એ બધું સવિસ્તર બતાવવા પહેલા સુખલાલજીએ રજુ કરેલી પ્રથમ વાત કેટલી સત્ય છે તે તપાસી લઇએ, કારણ કે—

"જૈન સાહિત્ય સંશોધક–" ના વાચકોની સમક્ષ તેઓ એવું જાહેર કરે છે કે–"સંપૂર્ણ આવશ્યક ગણુધરકૃત જ છે એ મતલબનું કોઇ સ્પષ્ટ પ્રમાણુ જ નથી મળતુ." તો આની સામે એક નહિ પણ અનેક તદ્દન સ્પષ્ટ પ્રમાણો મળે છે એ પ્રથમ બતાવી દેવાં આવશ્યક છે અને તે આ રહ્યા—

શ્રી વિશેષાવશ્યક ભાષ્યના ટીકાકાર મહર્ષિ મલધારગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ શરૂઆતમાં જ ફરમાવે છે કે—

(१) "इह चरणकरणक्रियाकलापतरुमूलकल्पं सामायिकादिषडध्ययनात्मकश्रुतस्कन्धरूपमावश्यक तावदर्थतस्तीर्थकरैः, सूत्रतस्तु

गणधरैर्विरचितम् । अस्य चातीव गम्भीरार्थतां सकलसाधुश्रावकवर्गस्य नित्योपयोगितां च विज्ञाय चतुर्दशपूर्वधरेण श्रीभद्रबाहुस्वामिनैतद्व्याख्यानरूपा–" आभिनिबोधिकज्ञानं श्रुतज्ञानं चैव अवधिज्ञानं च–" इत्यादि प्रसिद्धग्रन्थरूपा निर्युक्तिः कृता ।"

\+ + + +

આ ઉલ્લેખ આપણને સ્પષ્ટપણે કહે છે કે–સકળ અનુષ્ઠાન ક્રિયા સ્વરૂપ સૂત્રના મૂળ સમાન સામાયિક આદિ છ અધ્યયનાત્મક શ્રુતસ્કંધરૂપ શ્રી આવશ્યક અર્થથી શ્રી તીર્થંકર મહારાજાઓએ અને સૂત્રથી શ્રી ગણધર મહારાજાઓએ રચેલું છે. એની અતિશય ગંભીરતા અને સકલ સાધુ શ્રાવક વર્ગને માટે નિત્યની ઉપયોગિતાને જાણીને ચૌદ પૂર્વના ધરનાર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ એ આવશ્યક સૂત્રની વ્યાખ્યા રૂપ નિર્યુક્તિ–"आभिनिबोधिकज्ञानं श्रुतज्ञानं चैव अवधिज्ञानं च"–ઇત્યાદિ પ્રસિદ્ધ ગ્રન્થરૂપે રચેલી છે.

મુખ્યત્વે આ ઉલ્લેખ ઉપરથી એટલું અને જણાઈ આવે છે કે–એ આવશ્યક સૂત્ર ઉપર ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ નિર્યુક્તિ રચી છે તે જ સંપૂર્ણ આવશ્યક–શ્રુતસ્કંધની સૂત્રરચના સાક્ષાત્ શ્રી ગણધરદેવોની જ છે, પણ અન્ય કોઈ શ્રુતસ્થવિરની નથી.

ઉપરના ઉલ્લેખથી વાચક વર્ગ પણ એ સમજી શકશે કે આ આવશ્યક સૂત્ર એ એક શ્રુતસ્કંધ છે અને તેનાં અધ્યયનો છ છે. ૧–સામાયિક, ૨–ચતુર્વિંશતિસ્તવ, ૩–વંદન, ૪–પ્રતિક્રમણ, ૫–કાયોત્સર્ગ અને ૬–પ્રત્યાખ્યાન. એટલે એવું તો બની જ ન શકે કે એકાદ અધ્યયન અથવા અધ્યયનનું એકાદ સૂત્ર શ્રી ગણધરદેવ રચે અને બીજું કોઈ અન્ય શ્રુતસ્થવિર રચે તથા ત્રીજું વળી કોઈ ત્રીજા જ સ્થવિર રચે. એક અન્તર્મુહૂર્તમાં અનેક કોટાકોટિ પદોથી પરિમિત દ્વાદશાંગીના રચયિતા ભગવાન્ ગણધરદેવો શ્રી આવશ્યક–શ્રુતસ્કંધના માત્ર એક સામાયિક અધ્યયનની રચના કરી બાકીનાં અધ્યયનો બાકી રાખે એ અત્યન્ત જ વચન અસંગત છે. આથી વચન

અશક્ય વાતને વજન આપીને અને સર્વથા અસગત કલ્પનાના વમળમાં પડીને શ્રી આવશ્યક સૂત્રના કર્તાના સબધમા પ્રશ્ન ઉપસ્થિત કરવો એ કોઇ પણ રીતિએ યુક્તિયુક્ત નથી.

વધુમાં આચાર્યદેવ શ્રી મલયગિરિજી મહારાજા અને સૂરિપુરદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા તો ચતુર્વશતિસ્તવ આદિ પાચેય અધ્યયનોને સામાયિકના જ ભેદો તરીકે વર્ણવે છે, તે વર્ણનો ક્રમસર આ રહ્યાં—

(૨) " तत्र प्रथममध्ययनं सामायिकं, प्रथमता चास्य समभावलक्षणत्वाच्चतुर्विंशतिस्तवादीनां च तद्भेदत्वात् ।"

—" श्रीमन्मलयगिर्याचार्य विरचित श्रीआवश्यक सूत्रविवरण, पृ—९० ।"

(૩) " तत्र प्रथममध्ययनं सामायिकं समभावलक्षणत्वात्, चतुर्विंशतिस्तवादीनां च तद्भेदत्वात् प्राथम्यमस्येति ।"

—"श्रीहरिभद्रसूरिसूत्रितवृत्त्यलंकृत–श्रीआवश्यकसूत्र-प्रथम–विभाग, पृ—८४ ।"

× × × ×

આ વર્ણનો વાંચ્યા પછી વાંચકોને તો ખાત્રી જ થઇ જશે કે શ્રી આવશ્યક શ્રુતસ્કધના પ્રથમ અધ્યયન સ્વરૂપ સામાયિકના જે રચયિતા છે, તે જ સામાયિકનાજ ભેદરૂપ 'ચતુર્વિંશતિસ્તવ' આદિ બાકીના પાંચ અધ્યયનોના પણ રચયિતા છે અને એજ કારણે જે નિર્યુક્તિ શ્રી સામાયિક અધ્યયનની છે તે જ નિર્યુક્તિ–' ચતુર્વિંશતિસ્તવ '–આદિ અન્ય અધ્યયનોની પણ છે, એમ નિર્યુક્તિકાર, ભાષ્યકાર અને ટીકાકારો ફરમાવે છે માટે આ નીચે મૂકવામાં આવતા સઘળા ઉલ્લેખો આપણને શ્રી આવશ્યકસૂત્રના કર્ત્તા શ્રી ગણધરદેવો જ છે એજ વાતની પુષ્ટિમા નિર્વિવાદપણે ઉપયોગી થઇ પડશે.

હવે પુનઃ એ બન્નેય–એક શ્રી આવશ્યકસૂત્રના વિવરણકર્તા અને બીજા શ્રી આવશ્યકસૂત્રની વૃત્તિના કર્તા–મહાપુરૂષો વસ્તુત શાસ્ત્ર-

સમ્મત યથાસ્થિત સ્વીકારવું કરતાં સામાયિકનો લોકોત્તર આગમમાં સમવતાર કરી ને લોકોત્તર આગમપ્રમાણના ત્રણ વિભાગો બતાવી ને ત્રણે વિભાગોમાં સામાયિકનો સમવતાર કરતાં કહે છે કે—

(૪) " ननु लोकोत्तरागमस्त्रिधा, तद्यथा—आत्मागमः अनन्तरागमः परम्परागमश्च, ततः क्वेदं समवतरति ?, उच्यते—इदं सूत्रतो गौतमादीनामात्मागमः, तच्छिष्याणां जम्बूस्वामिप्रभृतीनामनन्तरागमः, प्रशिष्याणां तु प्रभव प्रभृतीनां परम्परागमः, तथा अर्थतोऽर्हतामात्मागमः, गणधराणामनन्तरागमः, तच्छिष्याणां परम्परागमः, एवं सूत्रतोऽर्थतश्च त्रिविधे प्रमाणेऽन्तर्भवति ।

—"श्रीमलयगिरिआचार्य विरचित श्रीआवश्यकसूत्र विवरण—

पृ—९१ ।

ꣲ ꣲ ꣲ ꣲ

(५) " तच सामायिकस्य परमर्षिप्रणीतगणिपिटकान्तर्गतत्वात् लोकोत्तरे समवतारः सूत्रार्थरूपत्वाच तदुभय इति, तथेदं गौतमादीनां सूत्रत आत्मागमः, तच्छिष्याणां जम्बूस्वामिप्रभृतीनां अनन्तरागमः, प्रशिष्याणां तु प्रभवादीनां परम्परागम इति, एवमर्थतोऽर्हतामात्मागमः, गणधराणामनन्तरागमः, तच्छिष्याणां तु परम्परागम इति ।"

—"श्रीहरिभद्रसूरि विरचितवृत्तियुक्त-श्रीआवश्यकसूत्र-

प्रथम-विभाग, पृ—८७ ।"

\+ \+ \+ \+

ઉપરનો ઉલ્લેખ કરી બન્ને મહાપુરુષો ફરમાવે છે કે— સૂત્રથી સામાયિક શ્રી ગૌતમસ્વામિજી આદિ ગણધરોને માટે આત્માગમ છે કારણ કે તેની સૂત્રરચના શ્રી ગૌતમસ્વામિજી આદિ ગણધરોએ પોતે કરેલી છે અને એજ સામાયિક સૂત્ર ગણધરોના શિષ્યો શ્રી જમ્બૂસ્વામિજી આદિ માટે અનન્તરાગમ છે અને પ્રશિષ્યો શ્રી જમ્બૂસ્વામિજી આદિના શિષ્યો શ્રી પ્રભવસ્વામિજી આદિ માટે પરમ્પરાગમ છે. તથા એ જ સામાયિક અર્થથી શ્રી

અરિહંતદેવોને આત્મગમ છે, કારણ કે અર્થથી તે સામાયિકની પ્રરૂપણા શ્રી અરિહંતદેવો કરે છે, અને જે સામાયિક શ્રી અરિહંતદેવો માટે આત્માગમ છે તે જ સામાયિક શ્રી ગણધરદેવો માટે અનન્તરાગમ છે અને ગણધરદેવોના શિષ્યો માટે પરમ્પરાગમ છે.

\+ + + +

ભાષ્યકાર ભગવાન્ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી પણ એજ પ્રમાણે ફરમાવે છે. ભાષ્યકાર મહર્ષિનુ એ ફરમાન જોવા માટે મલધારગચ્છીય આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની ટીકા સાથે ભાષ્યની દોઢ ગાથા જોવી જોઇએ અને તે આ રહી—

(६) " आह—नन्वात्मागमा—ऽनन्तरागम—परम्परागमभेदतोऽपि लोकोत्तरागमस्त्रिविधः, तत् क्वेदमवतरति ? इत्याशङ्कयाह—

सुयओ गणहारीणं तस्सिस्साणं तहाऽवसेसाणं ।
एवं अत्ता–णंतर–परपरागमपमाणम्मि ॥ ९४८ ॥
अत्थेण उ तित्थंकर–गणधर–सेसाणमेवमेवेदं ।

यथा जीवगुणादिष्वस्यावतारः, एवमात्मा—ऽनन्तर—परम्परागमेऽप्यवतारो मन्तव्यः, कथम् ? इत्याह—सूत्रतो गणधराणामिदमात्मागमः, तैरेव तत्सूत्रस्य निर्वर्तितत्वात्, अत आत्मन एव सकाशादागमगमस्येति कृत्वा । तच्छिष्याणा तु जम्बूस्वाम्यादीनां सामायिकसूत्रमनन्तरागमः, अनन्तरादेव गणधरादागमनमागमोऽस्येति हेतोः । तथाऽवशेषाणा प्रभव—शय्यंभवादीनामेतत् सूत्रं परम्परागमः, सूरिपरम्परयाऽऽगमनमागमोऽस्येति युक्तेः । तदेव सूत्रतो यथासङ्ख्येन गणधरादीनामात्मागमादित्वयोजना कृता ॥ ९४८ ॥ अर्थतोप्येवमेवेद सामायिक यथासंख्येन तीर्थकर—गणधर—शेष—जम्बूप्रभृतीनामात्मागमा—ऽनन्तरागम—परम्परागमत्वेन वक्तव्यमेवेति ।

ॐ ॐ ॐ ॐ

" केन कृत ? " આ દ્વારમાં પણ સ્પષ્ટપણે ફરમાવ્યું છે કે—સામાયિકના અર્થથી પ્રણેતા શ્રી જિનેશ્વરદેવો છે અને સૂત્રથી શ્રી

અનુસરેલો છે એટલે મુનિશ્રીજી એ સંબંધમાં જેમ કહેવાનો રે જેમ ચેવે છે તે તદ્દન ખોટું છે. હા, એટલું તો સત્ય જ છે કે તે ગ્રન્થમાં વ્યવહારનય અને નિશ્ચયનય એ ઉભયનયદ્વારા સામાયિકના કર્તાનું વર્ણન કર્યું છે, પણ શ્રી જિનશાસનના એદંપર્યને અનુસાર સારી રીતિએ સમજી શકે છે કે—પ્રથમ શાસનની મર્યાદાએ વ્યવહાર-નયને જ આગળ કરીને છે પણ એ સત્ય વસ્તુસ્થિતિ તરફ ધ્યાન કર્યા વિના જ—

“ केण कय ति य ववहारओ जिणिंदेण गणहरेहिं च ।
तस्सामिणा उ निच्छयनयस्स तत्तो अओऽप्पणा ॥”

આ ઉપરની આખની ગાથા મૂકી તેના ખરા અર્થનો વિચાર નહિ કરીને તેનો સાર્થક અર્થ કરતાં મુનિશ્રીજી લખે છે કે—

“ કેમ કૃત દ્વારની પ્રસ્તુત ગાથા સામાયિક અધ્યયનના કર્તાનું પ્રતિપાદન નથી કરતી, પરન્તુ સામાયિક રૂપ આત્મિકગુણના વ્યાવહારિક અને નૈશ્ચયિક કર્તાનું નિરૂપણ કરે છે એને ગ્રન્થના સામાયિક અધ્યયનના કર્તાના નિરૂપણ સાથે કશો જ સંબંધ નથી.”

મુનિશ્રીજીએ આવા કરેલા ઉપરના વિધાનનો નિરાસ કરવા માટે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ મૂળગાથાની અડધી ગાથા મૂકી 'કેમ કૃતં' દ્વારનું કેવું સ્પષ્ટ વિવેચન આપ્યું છે તે તપાસીએ અને તે આ રહ્યું—

(૭) “ केणं ति अत्थओ तं जिणेहिं सुत्तं गणहरेहिं ।”

अधुना द्वितीयद्वारमधिकृत्याह—'केन' इति, केन कृतमित्यत्र निर्वचनम्,'अर्थतः' अर्थमङ्गीकृत्य 'तत्' सामायिकं 'जिनैः' तीर्थकरैः, सूत्रं त्वङ्गीकृत्य गणधरैरिति, व्यवहारनयमतमेतत्, निश्चयनयमतं तु व्यक्तम् येसया यो सह् स्वामी तदनेनेति ।”

\+ + + +

ટીકાકાર મહર્ષિ આચાર્યદેવ શ્રીમલયગિરિજી મહારાજ પણ

મૂળભાષ્યની તે જ અડધી ગાથા મૂકીને 'केन कृतं' દ્વારનું વર્ણન જેવું સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ કર્યું છે તેવું જ કરે છે અને તે પણ આ રહ્યું—

" केनेति–केन कृतमित्यत्र निवर्तनं, 'अर्थतः' अर्थमङ्गीकृत्य सामायिकं जिनवरैस्तीर्थकरैः, सूत्र त्वङ्गीकृत्य गणधरैः कृतं, व्यवहार-नयमेतत्, निश्चयनयमत तु व्यक्त्यपेक्षया यो यत्स्वामी तत्तेनैव । "

\+ \+ \+ \+

ઉપરના ઉલ્લેખદ્વારા ભાષ્યકાર મહર્ષિ અને સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા તથા આચાર્યદેવ શ્રીમલયગિરિજી મહારાજા સ્પષ્ટપણે ફરમાવે છે કે–'વ્યવહારનયના મતે સામાયિક અર્થથી શ્રી તીર્થંકરદેવોએ અને સૂત્રથી શ્રી ગણધરદેવોએ રચ્યું છે અને નિશ્ચય-નયના મતે તો જે જેનો સ્વામી તે જ તેનો કર્તા છે'

ઉપરના ઉલ્લેખો વાંચ્યા પછી એક પણ વાચનાર–જો તે સત્ય-નો જ અર્થી હોય તો–એવો નહીં નીકળે કે જે એમ માનવાને તૈયાર થાય કે–'केन कृत' દ્વારમાં સામાયિક અધ્યયનના કર્તાનુ વર્ણન નથી પણ સામાયિકરૂપ આત્મિકગુણનુ જ વર્ણન કરવામા આવ્યું છે અને શબ્દાત્મક સામાયિક અધ્યયનના કર્તાના નિરૂપણનો તો તે દ્વારમા સંભવ જ નથી." પણ સત્યના સ્વીકારનું જ મત ધરનારા તો સર્વ એ જ વાતનો વગર આનાકાનીએ સ્વીકાર કરશે કે—'केन कृतं' દ્વારમા સ્પષ્ટપણે સામાયિકના કર્તાનુ પ્રતિપાદન કરવામા આવ્યું છે અને તેવુ પ્રતિપાદન કરતા સાફ સાફ કહેવામાં આવ્યુ છે કે–સામાયિકના અર્થરૂપે પ્રણેતા શ્રી જિનેશ્વરદેવો છે અને સૂત્રરૂપે રચયિતા શ્રી ગણધરદેવો છે એમા યતકિંચિત્ પણ શંકાને અવકાશ નથી

ભાષ્યકાર મહર્ષિ અને સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહા-રાજાએ તદ્દન સ્પષ્ટ કરેલી ઉપરની સત્ય પરિસ્થિતિ ઉપર લેશ પણ ખ્યાલ કર્યા વિના જ 'केन कृतं' દ્વારનુ વિવરણ કરતી શ્રી વિશેષા-

વસ્તુ આપની ઉપર શ્રી ગાથાના શબ્દોમાં ધર્મ ઉપરાન્ત કરવા માટે ગુણચંદ્રજી એમ જણાવે છે કે—

“ આ કાળમાં એમ કહેવામાં આવ્યું છે કે સામાયિક કેવું કરું ? અને તેનો ઉત્તર ઉક્ત ગાથામાં એ પ્રમાણે આપેલ છે કે વ્યવહારથી સામાયિક શ્રી વીતરાગે અને ગણધરોએ કહ્યું છે પણ નિશ્ચય દ્રષ્ટિએ સામાયિકના કર્તા તેના સ્વામી અર્થાત્ તેનું અનુષ્ઠાન કરનારાઓ છે. આમાન્ય આચાર્યોએ સાર્વભૌમ અરહંત, પૂર્ણ અવ્યાબાધ નિરાબાધ। એ સર્વવિદિત જ્ઞાન અનુસાર જાહેર એમ માનવા પ્રેરાય કે સામાયિક એ વસ્તુને શ્રી વીતરાગોએ ઉપદેશ્યું અને સૂત્રરૂપે શ્રી ગણધરોએ રચ્યું, પણ તેમ પૂર્ણ કરવી એ ગાથાને એ આશય જ નથી, એનો અર્થ જુદો જ છે. એ ગાથામાં અર્થ દ્વારા સામાયિક કેણે કર્યું અને સૂત્રરૂપે કેણે રચ્યું એ પ્રકારે ઉત્તર નથી, તેમાં તો સામાયિક જે જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્મિક પરિણામ છે તેના વ્યવહાર અને નિશ્ચય દ્રષ્ટિએ કર્તાનું નિરૂપણ છે.

પણ ઉપર દર્શાવેલી આપની ગાથા અને તેના ઉપર સ્વર્ગીય સરિતાકર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની ટીકા વાંચ નાખતા ખુલાસામાં ઉપજેલો ભ્રમ એક ક્ષણ પણ ટકી શકે તેમ નથી, કારણ કે તેમાં સ્પષ્ટપણે અર્થરૂપે અને સૂત્રરૂપે સામાયિકના કર્તાનું વિધાન કરવામાં આવ્યું છે.

આગમમાં કરવામાં આવેલી વ્યવહાર અને નિશ્ચય નયની પ્રરૂપણા ઉપરથી એમ કહી શકાય છે કે જૈન દર્શન કદાપિ “અર્થ દ્વારા સામાયિક કેણે કર્યું ? અને સૂત્રરૂપે કેણે રચ્યું ? એ પ્રશ્નનો ઉત્તર જ નથી ” તો તો શાસ્ત્રોમાં ‘ગુરુ-શિષ્યભાવ, સેવ્ય-સેવકભાવ, ઉપાસ્ય ઉપાસકભાવ’ વિગેરે વિગેરે વસ્તુઓ પણ કેવળ વ્યવહારનયની દ્રષ્ટિએ જ માન્ય કરવામાં આવી છે તે પણ અનુપયોગી જ ગણવી પડશે, કારણ કે નિશ્ચયનયની દ્રષ્ટિએ તો ગુરુશિષ્યાદિ ભાવોની કલ્પના પણ નથી જણાવવામાં આવી છે. તો શું ગુણચંદ્રજી ગુરુશિષ્યાદિ ભાવોને પણ અનાવશ્યક કોટિમાં મૂકવાને તૈયાર છે ? અને જો તેમ કરવાને તૈયાર જ હોય તો તો તેમને માટે—“ એકાંતવાદી તત્ત્વ પામે નહિ ” આ વાક્ય અતિશય ઉચિત જણાતો મોટો સવાલ છે.

વ્યવહારનયની મૂખ્યતા દર્શાવતાં સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પોતાના "પંચવસ્તુ-પ્રકરણ" નામના ગ્રંથમાં સ્પષ્ટપણે ફરમાવે છે કે—

"जइ जिणमयं पवज्जह, ता मा ववहारणिच्छए मुअह।
ववहारणउच्छेए, तित्थुच्छेओ जओ अवस्सं॥ १७२॥"

व्याख्या—यदि जिनमतं मपद्यध्वं यूयं ततो मा व्यवहारनिश्चयौ मुञ्चत–मा हासिष्टाः, किमित्यत्र आह–व्यवहारनयोच्छेदे तीर्थोच्छेदो यतोऽवश्यम्।"

\+ + + +

અર્થાત્–તમે જો જિનમતને અંગીકાર કરતા હો તો વ્યવહાર અને નિશ્ચયનયને છોડી ન દો–અવગણના ન કરો. વ્યવહારનયના ઉચ્છેદમાં તો તીર્થનો અવશ્ય ઉચ્છેદ થાય છે.

માટે કોઇ પણ વાતમા એકાતવાદ ધરવા કરતાં સર્વનયસમ્મત–આ સ્થળે ઉભયનયસમ્મત વસ્તુનો સ્વીકાર કરવો એજ ઈષ્ટ છે. એટલે 'केन कृत' દ્વારમાં ઉભય નયે સામાયિકના કર્તાનું વિધાન દીવા જેવુ સ્પષ્ટ કરવામા આવ્યું છે અને તે એજ છે કે—

"તારણહાર શ્રી તીર્થંકરદેવોએ અર્થરૂપે પ્રરૂપેલા સામાયિકને શાસનના હિતની ખાતર શ્રી ગણધરદેવોએ સૂત્રરૂપે ગુંથ્યું-રચ્યું આ દૃશ્યમાન વ્યવહારનયની દ્રષ્ટિએ સામાયિકના અર્થરૂપે કર્તા શ્રી તીર્થંકરદેવો અને સૂત્રરૂપે શ્રી ગણધરદેવો છે અને એ શ્રી તીર્થંકર પ્રરૂપિત તથા શ્રી ગણધર રચિત સામાયિકનુ અવલંબન લઇ જે આત્માઓ શ્રીતીર્થંકરદેવો અને શ્રી ગણધરદેવોની માફક એ આત્મગુણરૂપ સામાયિકને આત્મસાત્ કરે તે જ આત્માઓ નિશ્ચયનયની દ્રષ્ટિએ સામાયિકના કર્તા ગણાય છે"

જો આ રીતિએ ઉભયનયસમ્મત વસ્તુનો યથાસ્થિત સ્વીકાર કરવામા આવે તો કોઇપણ જાતની ભ્રમણા થવાનો સંભવ નથી અને એથી એ ભ્રમણાના પ્રતાપે ઉપસ્થિત થતા અનેક વિલક્ષણ વિકલ્પો આપોઆપ શમી જાય તેવા છે.

ચૂર્ણિકાર મહારાજ તો 'જૈન સૂત્ર' શાસ્ત્રમાં સામાન્યપણે એટલે વ્યવહાર અને નિશ્ચયની અપેક્ષા કર્તા નીચે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે—

“ કેણ કયં સામાઇયં ?, અત્થં તાવ જિણવરેહિં સુત્તં ગણહરેહિં !”

અર્થાત્—સામાયિક કોણે કર્યું ? ઉત્તરમાં ફરમાવે છે કે અર્થની અપેક્ષાએ શ્રી જિનેશ્વરદેવોએ અને સૂત્રની અપેક્ષાએ શ્રી ગણધરદેવોએ કર્યું.

આથી વધુ સ્પષ્ટ છે કે 'જૈન સૂત્ર' શાસ્ત્રમાં સ્પષ્ટપણે સામાયિક અંગેનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને સાથે સાથે કહેવામાં આવ્યું છે કે—સામાયિકના અર્થથી કર્તા શ્રી જિનેશ્વરદેવો છે, અને સૂત્રથી શ્રી ગણધરદેવો છે. આ રીતે સ્પષ્ટ વર્ણન કરીને મહાપુરુષોએ કર્તાના વિષયમાં શંકા રહે એવું રાખ્યું જ નથી.

વાંચો હવે આગળ—

'આવશ્યક ગણધરકૃત નથી પણ અન્ય શ્રુતસ્થવિર કૃત છે' આ પોતાની માન્યતાના સમર્થન માટે મુખ્યત્વે વાચકવર શ્રી ઉમાસ્વાતિજીને પ્રાચીન હોવાના કારણે પ્રામાણિક માને છે એ અતિશય આનંદની વાત છે. જો આ જ રીતિએ મુખ્યત્વે બીજા સુવિહિત મહાપુરુષોને પ્રામાણિક માની તે પુણ્યપુરુષોના વચનોનો યથાર્થ સ્વીકાર કરે તો તેઓ અત્યારે જે અનેક કુવિકલ્પોથી મુગ્ધજન અનેક ભદ્રિક આત્માઓને મૂંઝવણમાં નાખવાનું કામ કરી રહ્યા છે તેનાથી સહેજે મુક્ત થઈ જાય અને પોતાનું આત્મહિત સાધવા સાથે અનેકના આત્મકલ્યાણમાં સહાયક થવાનું સૌભાગ્ય ઉપાર્જી શકે. અસ્તુ. જ્યારે જ્યારે તેઓ પ્રાચીનતા ઉપર ભાર મૂકી રહ્યા છે ત્યારે તેમની સમક્ષ વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કરતાં પણ પ્રાચીન પ્રમાણ મૂકીએ.

ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજ, વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કરતાં પણ અતિ પ્રાચીન છે એમાં તો બે મત છે જ નહિ. એટલે વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ પ્રાચીન

મહાપુરૂષોએ લખેલી વાતોનો સમન્વય જેમ વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજના વચનોને અનુસરતો જ કરવો જોઇએ તેમ વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજે લખેલી વાતનો સમન્વય પણ ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજના વચનને અનુસરતો જ કરવો જોઇએ એ વાત પણ સુખલાલજી માન્ય રાખશે જ એમ માની લઇને હવે-' આવશ્યક શ્રી ગણુધરદેવોએ જ રચેલું છે ' એ વાતની સાબીતી માટે ઉપરના પ્રમાણો આપ્યા પછી હવે છેલ્લું પ્રમાણ ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિજીનું આપી દેવું એ વધારે ઇષ્ટ છે.

નિર્યુક્તિકાર મહર્ષિ ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા નિર્યુક્તિની ૯૨ મી ગાથામા સ્પષ્ટપણે ફરમાવે છે કે—

" ભગવાન્ અર્હન્ અર્થ માત્ર કહે છે અને ગણુધરો શાસનના હિતની ખાતર સૂક્ષ્મ અર્થોનું પ્રતિપાદન કરનાર સૂત્રને રચે છે તે પછી એટલે ગણુધરોથી જ જગતમાં સૂત્રની પ્રવૃત્તિ થાય છે."

આ વસ્તુને સ્પષ્ટપણે જાણી લેવા માટે નિર્યુક્તિની ૯૨ મી ગાથા અને તેની ઉપર મલધારગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજીની તથા સુવિહિતાગ્રણી સૂરિપુરંદર શ્રી મલયગિરિજી મહારાજાની ટીકા આ નીચે આપવામાં આવે છે—

(૮) **" अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं।
सासणस्स हियट्टाए, तओ सुत्तं पवत्तेइ ॥ ९२ ॥"**

(९) " अर्थमेवाऽर्हन् भाषते, न सूत्रं द्वादशाङ्गरूपम् । गणधरास्तु तत् सूत्रं सर्वमपि निपुणं सूक्ष्मार्थप्ररूपकं बह्वर्थं चेत्यर्थः; अथवा, 'नियताः' प्रमाणनिश्चिता गुणा यत्र तद् नियतगुणं निगुणं ग्रथ्नन्ति । ततः शासनस्य हितार्थं सूत्रं प्रवर्तते ॥ इति निर्युक्तिगाथाक्षरार्थः ॥"

—" मलधारि श्रीहेमचन्द्रसूरि-विरचित-शिष्यहिताख्यबृहद्वृत्ति-विभूषित-श्रीविशेषावश्यक-भाष्य पृ—५०७।"

નિર્યુક્તિકાર મહારાજ તો 'જૈન સૂત્ર' વાક્યમાં સામાન્યપણે એટલે વ્યવહાર અને નિશ્ચયની અપેક્ષા કર્યા વિના સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે કે—

“ કેમ ધર્મ સામાયિકં ?, અર્થે સમાખ્યિત જિનવરૈઃ સૂત્રં ગણધરૈઃ ?”

અર્થાત્—સામાયિક કોણે કહ્યું ?, ઉત્તરમાં જણાવે છે કે અર્થની અપેક્ષાએ શ્રી જિનેશ્વરદેવોએ અને સૂત્રની અપેક્ષાએ શ્રી ગણધરદેવોએ કહ્યું.

આથી વધુ સ્પષ્ટ છે કે 'જૈન સૂત્ર' વાક્યમાં સ્પષ્ટપણે સામાયિકનું કર્તાપણું નિરૂપણ કરવામાં આવ્યું છે અને સાથે સાથે એમાં જણાવ્યું છે કે—સામાયિકના અર્થથી કર્તા શ્રી જિનેશ્વરદેવો છે, અને સૂત્રથી શ્રી ગણધરદેવો છે' આ રીતે સ્પષ્ટ જણાવી કરીને મહાપુરુષોએ કર્તાના વિષયમાં શંકા રહે એવું રાખ્યું જ નથી.

ચાલો હવે આગળ—

'આવશ્યક અનુપ્રવાદ નથી પણ અન્ય મુક્તાશ્રિત સૂત્ર છે' આ પોતાની માન્યતાના સમર્થન માટે મુનિશ્રીજી વાચકવર શ્રી ઉમાસ્વાતિજીને પ્રાચીન લેખક તરીકે પરમપ્રામાણિક માને છે એ અતિશય આનંદની વાત છે. જો આ જ રીતિએ મુનિશ્રીજી બીજા સુવિહિત મહાપુરુષોને પરમપ્રામાણિક માની તે મહાપુરુષોના વચનોનો યથાસ્થિત સ્વીકાર કરે તો તેઓ અત્યારે જે અનેક કુવિકલ્પોથી મુંઝાઈને અનેક અહિત આરંભોને ખડા કરવામાં તત્પર થાય છે તેમ જ જે જોખમ ભરેલી સ્થિતિ છે તેનાથી સહેજે મુક્ત થઈ જાય અને પોતાનું આત્મહિત સાધવા સાથે અનેકોના આત્મકલ્યાણમાં સહાયક થવાનું સદ્ભાગ્ય ઉપાર્જે. અસ્તુ. જ્યારે જ્યારે તેઓ પ્રાચીનતા ઉપર ભાર મૂકી રહ્યા છે ત્યારે તેમની સમક્ષ વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કરતાં પણ પ્રાચીન પ્રમાણ મૂકીએ.

પરંતુ એ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા, વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કરતાં પણ અતિ પ્રાચીન છે એમાં તો બે મત છે જ નહિ. એટલે વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ પ્રાચીન

ત્રણે ટીકાકાર મહર્ષિઓ–મલધારિ આચાર્ય શ્રીમદ્ હેમચંદ્ર સૂરિજી, આચાર્યવર્ય્ય શ્રી મલયગિરિજી અને આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરિજી પણ–" तत्पुनः सूत्र किमादि किं पर्यन्त ?।"

અર્થાત્–'પુન તે સુત્રરચનામાં આદિ શું અને અંતિમ શું ?'

આ પ્રમાણેની એક સરખી અવતરણિકા કરી, તે પછી પૂર્વાર્ધ મૂકી તેની નીચે પ્રમાણે ટીકા કરે છે. આ રહ્યુ તે પૂર્વાર્ધ અને તેના ઉપર કરેલી ત્રણે આચાર્યદેવોની ક્રમસર ટીકા—

※ ※ ※ ※

" सामाइयमाइयं सुयनाणं जाव बिन्दुसाराओ।"

(૧૧) ૧–" तच्च श्रुतज्ञानं सामायिकादि वर्तते, चरणप्रतिपत्तिकाले सामायिकस्यैवादौ प्रदानात् । यावद् विन्दुसारादिति विन्दुसाराभिधान–चतुर्दशपूर्वपर्यन्तमित्यर्थः ।"

* * * *

(૧૨) ૨–तत् श्रुतज्ञानं सामायिकमादिर्यस्य तत् सामायिकादि यावत् बिन्दुसारात्–बिन्दुसारं यावत्, बिन्दुसाराख्यचतुर्दशपूर्वपर्यन्तमित्यर्थः ।"

(૧૩) ૩–"सामायिकमादौ यस्य तत्सामायिकादि, श्रुतं च तज्ज्ञानं च श्रुतज्ञानं 'यावद्बिन्दुसाराद्' इति बिन्दुसारं यावत् बिन्दुसारपर्यन्तमित्यर्थः ।"

ઉપરના વર્ણનથી વાચક વર્ગની ખાત્રી થઈ જશે કે વાચકવર-શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કરતા પણ અતિ પ્રાચીન અને ચતુર્દશ પૂર્વધર ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે કે—

'અર્થની પ્રરૂપણા શ્રી જિનેશ્વરદેવો કરે છે અને સૂત્રની રચના શ્રી ગણધરદેવો કરે છે તથા તે સૂત્ર રચનામાં પણ શ્રી ગણધરદેવો સૌની પ્રથમ સામાયિકની રચના કરે છે

(१०) "अर्थम्—अर्थमात्रमेवार्हन् भाषते, न प्रसूत्रमनास्यगात्मकं ग्रन्थरचनाम्, ततो गणधराः शासनस्य हितार्थं 'निपुणं' बहुसूक्ष्मार्थप्रतिपादकं, निपुणं वा—निपुणगुणं सन्निहितादेयसूत्रमिति विपातद् 'सूत्रं' द्वादशाङ्गरूपं ग्रथ्नन्ति, ततः एव सूत्रं प्रवर्तते इति। क्वचित्पाठान्तरं 'गणहरा निउणा' इति, तत्र गणधराः विशेष्यन्ते, निपुणाः सूक्ष्मार्थदर्शित्वात्, निपुणगुणा निपुणा वा, सन्निहितसमस्तगुणत्वात् ॥

–"श्रीमन्मलयगिर्याचार्यविरचित-श्रीमदावश्यकसूत्र-विवरण-पृ-२ १"

× × × ×

આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તો ઉપરની ગાથા માટે-'गाथेयं भाष्यो निमरसिद्देव।'-આ પ્રમાણે કહી તે ગાથાઓને લગતી શંકા સમાધાન કરે છે.

ઉપરની વાત કહ્યા પછી નિર્યુક્તિકાર મહર્ષિ ૯૩ મી નિર્યુક્તિની ગાથાના પૂર્વાર્ધમાં ગુરુ શબ્દોથી જણાવે છે કે—

"તે સૂત્રની આદિમાં સામાયિક છે અને અંતમાં બિન્દુસાર છે."

એ વાતુ (૯૩) મી ગાથાના પૂર્વાર્ધની અવતરણિકા અને વૃત્તિ કરતાં વૃત્તિકાર મહારાજ લખે છે કે—

"सीसो आह—तं पुण सुत्तं किमादि किं पज्जवसाणं? xxxx सामाइय आईयं बिंदुसार पज्जंते।"

અર્થાત્—શિષ્ય પ્રશ્ન કરે છે કે- જે સૂત્ર શ્રી જિનેશ્વરદેવોએ અર્થથી કહ્યું અને સૂત્રથી શ્રી ગણધરદેવોએ રચ્યું તે સૂત્રમાં પહેલું શું અને છેલ્લું શું? ઉત્તરમાં ફરમાવે છે કે- આદિમાં સામાયિક અને અંતમાં બિન્દુસાર. એટલે કે સામાયિકથી બિન્દુસાર સુધીનું સર્વ શ્રુત અર્થથી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું અને સૂત્રથી શ્રીગણધરદેવોએ રચ્યું

ત્રણે ટીકાકાર મહર્ષિઓ–મલધારિ આચાર્ય શ્રીમદ્ હેમચંદ્ર સૂરિજી, આચાર્યવર્ય્ય શ્રી મલયગિરિજી અને આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરિજી પણ–" तत्पुनः सूत्र क्रिमादि किं पर्यन्त ? । "

અર્થાત્–' પુન તે સુત્રરચનામા આદિ શું અને અતિમ શું ? '

આ પ્રમાણેની એક સરખી અવતરણિકા કરી, તે પછી પૂર્વાર્ધ્ધ મૂકી તેની નીચે પ્રમાણે ટીકા કરે છે, આ રહ્યુ તે પૂર્વાર્ધ અને તેના ઉપર કરેલી ત્રણે આચાર્યદેવોની ક્રમસર ટીકા—

* * * *

" सामाइयमाइयं सुयनाणं जाव विन्दुसाराओ । "

(११) १–" तच्च श्रुतज्ञानं सामायिकादि वर्तते, चरणप्रतिपत्तिकाले सामायिकस्यैवादौ प्रदानात् । यावद् विन्दुसारादिति विन्दुसाराभिधान–चतुर्दशपूर्वपर्यन्तमित्यर्थः । "

* * * *

(१२) २–तत् श्रुतज्ञानं सामायिकमादिर्यस्य तत् सामायिकादि यावत् विन्दुसारात्–विन्दुसारं यावत्, विन्दुसाराख्यचतुर्दशपूर्वपर्यन्तमित्यर्थः ।"

(१३) ३–"सामायिकमादौ यस्य तत्सामायिकादि, श्रुतं च तज्ज्ञानं च श्रुतज्ञानं 'यावद्विन्दुसाराद्' इति विन्दुसार यावत् विन्दुसारपर्यन्तमित्यर्थः ।"

ઉપરના વર્ણનથી વાચક વર્ગની ખાત્રી થઈ જશે કે વાચકવરશ્રી ઉમાસ્વાતિજી મહારાજ કરતાં પણ અતિ પ્રાચીન અને ચતુર્દશ પૂર્વધર ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે કે—

' અર્થની પ્રરૂપણા શ્રી જિનેશ્વરદેવો કરે છે અને સૂત્રની રચના શ્રી ગણધરદેવો કરે છે તથા તે સૂત્ર રચનામાં પણ શ્રી ગણધરદેવો સૌની પ્રથમ સામાયિકની રચના કરે છે

હવે આ બેજ 'સામાયિક' અધ્યયનની પ્રરૂપણા અને રચનાના સંબંધમાં વિશેષ પ્રમાણો તપાસીએ—

ભાષ્ય-કારે'ના પ્રશ્નમાં નીચેનું શંકા સમાધાન કરવામાં આવ્યું છે તે ખાસ જોવા જેવું છે—

(૧૪) "-तित्थयरो किं कारणं भासइ सामाइयं तु अज्झयणं।
तित्थयरणामगोत्तं कम्मं मे वेइयव्वंति ॥ ७४२ ॥

व्याख्या—तीर्थकरणशीलस्तीर्थकरः, तीर्थं पूर्वोक्तं, स 'किं कारणं' किं निमित्तं भाषते सामायिकाध्ययनं ?, तु शब्दादन्यान्यप्यध्ययनानि, तस्य कृतकृत्यत्वादिति हृदयम्, अत्रोच्यते-'तीर्थकर नामगोत्रं' तीर्थकरनामसंज्ञं, गोत्रशब्दः संज्ञायां, कर्म मया वेदितव्यमित्यनेन कारणेन भाषत इति गाथार्थः।"

—" श्रीमद्भद्रबाहुस्वामि-प्रणीत निर्युक्तियुत भाष्यकलित श्रीमद्धरिभद्रसूरीश्वर-सूत्रितवृत्तिविभूषित-श्रीम-दावश्यकसूत्र-पूर्व-विभाग, पृ—२७९ ।

* * * *

ઉપરના ઉલ્લેખમાં ઉઠાવેલી શંકા અને તેના સમાધાનનો સાર નીચે પ્રમાણે છે—

શંકા-તીર્થંકર ભગવાન શ્રી તીર્થસ્થાપન પછી કૃતકૃત્ય હોવાથી 'સામાયિક' નામના અધ્યયનને તેમજ અન્ય 'ચતુર્વિંશતિ સ્તવ' આદિ અધ્યયનોને શા માટે ભાખે-કહે છે ?

સમાધાન-'તીર્થંકર નામ કર્મ' ને વેદવાની ખાતર શ્રી તીર્થંકર દેવ-'સામાયિક'-અધ્યયન અને બીજા 'ચતુર્વિંશતિ સ્તવ' આદિ અધ્યયનો ભાખે છે-કહે છે

ઉપરના શંકા-સમાધાનને સૂચવતી ઉપરની જ નિર્યુક્તિની ગાથા ઉપર બીજા પણ બે ટીકાકાર મહર્ષિઓ ૧-મલધારગચ્છીય આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા ૨-આચાર્ય શ્રી મલયગિરિજી મહારાજ-ક્રમસર નીચે પ્રમાણેની ટીકા કરે છે—

(૧૫) ૧-'तीर्थकरः 'किं कारणं' किं निमित्तं भाषते सामायिकाध्ययनम् ?। तुशब्दादन्यानि चाध्ययनानि, केवलज्ञानोत्पत्ति

स्तस्य कृतकृत्यत्वात् किं तद्भाषणेन ? इत्यभिप्रायः । अत्रोच्यते–तीर्थंकर इति नामगोत्र सञ्ज्ञा यस्य तत् तीर्थंकरनामसंज्ञकं कर्म पूर्वं मया बद्ध तदिदानीमनेन प्रकारेग वेदितव्यम्, इत्यनेन कारणेन स तद् भाषत इति । "

\+ \+ \+ \+

२–"तीर्थं पूर्वोक्तं, तत्करणशीलस्तीर्थंकरः, स 'किं कारणं' किं निमित्त भाषते सामायिकमध्ययन ?, तु शब्दादन्याध्ययनपरिग्रहः, तस्य कृतकृत्यत्वादितिहृदयम् । उच्यते–तीर्थंकरनामगोत्रं तीर्थंकरनामसञ्ज्ञं गोत्रशब्दः संज्ञाया कर्म बद्ध मया वेदितव्यमित्यनेन कारणेन भाषते । "

આ ઉલ્લેખો સ્પષ્ટપણે સાબીત કરે છે કે–' સામાયિક '–નામનું અધ્યયન અને 'ચતુર્વિંશતિસ્તવ' આદિ અન્ય અધ્યયનો પણ શ્રી તીર્થંકરદેવો જ પ્રરૂપે છે

હવે નિર્ગમદ્વારમા ભાવનિર્ગમનું વર્ણન કરતા નિર્યુક્તિકાર મહર્ષિ નીચે મૂકવામાં આવતી નિર્યુક્તિની ગાથાદ્વારા અને તેની ઉપર ટીકાના રચનારા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી, શ્રી મલયગિરિજી અને શ્રી હેમચંદ્રસૂરિજી ક્રમસર ખુલ્લા અક્ષરોમા ફરમાવે છે કે—

'સામાયિક શ્રુત અને બીજુ શ્રુત ક્ષાયિક ભાવે વર્તતા જિનેદ્રદેવ ભગવાન્ શ્રી મહાવીરદેવ પાસેથી નીકળ્યું અને તે સામાયિક તથા બીજુ શ્રુત ક્ષયોપશમભાવે વર્તતા શ્રી ગણધરદેવોએ ગ્રહણ કર્યું, અર્થાત્ એ પ્રમાણે સામાયિકનો અર્થ શ્રી તીર્થંકર ભગવાન્ પાસેથી નીકળ્યો અને સૂત્ર શ્રી ગણધરો પાસેથી નીકળ્યુ.'

આ વાત એ મહાપુરૂષોના અક્ષરોમાં જ જોવા માટે એ નિર્યુક્તિની ગાથા અને એ ગાથા ઉપરની એ ત્રણે મહાપુરૂષોની ટીકા ક્રમસર મૂકવામા આવે છે—

" खइयम्मि वट्टमाणस्स, भगवओ निग्गयं जिणिंदस्स ।
भावे खओवसमियम्मि, वट्टमाणेहिं तं गहियं ॥"

१—"व्याख्या—क्षायिके वर्तमानस्य भगवतो निर्गतं जिनेन्द्रस्य भावे भावश्रुतः उभयथाऽप्यभिसम्बध्यते, भावे क्षायोपशमिके वर्तमानैः 'तद्' सामायिकमन्यच श्रुतं गृहीतं, गणधरादिभिरिति गम्यते । ××××× । एवं सामायिकस्स वि अत्थो भगवओ निग्गओ, सुत्तं गणहरेहिंतो निग्गयं, इत्यलं विस्तरेणेति गाथार्थः । "

×   ×   ×   ×

२—" क्षायिके भावे वर्तमानस्य भगवतो जिनेन्द्रस्य श्रीमन्महावीरस्य सकाशाद्विनिर्गतं सामायिकं, भावश्रुतं उभयथापि संबध्यते । भावे क्षायोपशमिके वर्तमानैस्तत्सामायिकमन्यच श्रुतं गणधरादिभिरिति गम्यते । ×××××। एवं सामायिकस्स अत्थो भगवओ निग्गओ सुत्तं गणहरेहिंतो निग्गयमित्यलं विस्तरेण । "

+   +   +   +

३—" भावश्रुतोऽपि संबध्यते । तथा क्षायिके भावे वर्तमानस्य जिनेन्द्रस्य भगवतः श्रीमन्महावीरस्य निर्गतं सामायिकं, क्षायोपशमिके भावे च वर्तमानैस्तस्मात् सामायिकमन्यच श्रुतं गृहीतम् 'गणधरादिभिः' इति गम्यते । ×××××। एवं सामायिकस्यार्थो भगवतः सकाशात् निर्गतः, सूत्रं तु गणधरेभ्यो निर्गतं, इत्यलं प्रसङ्गेन । "

ॐ   ॐ   ॐ   ॐ

હવે નીચેનું પ્રમાણ આપવું એ પણ જરૂરી લાગે છે કે જે નિર્યુક્તિ સામાયિકની છે તે જ નિર્યુક્તિ ચતુર્વિંશતિસ્તવ આદિ ઈતર અધ્યયનો માટે પણ છે.

મલધારગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ નિર્યુક્તિની ગાથા મૂકી નીચે પ્રમાણે ફરમાવે છે—

" अज्झयणं पि य तिविहं, सुत्ते अत्थे य तदुभये चेव ।
सेसेसु वि अज्झयणेसु, होइ एसेव निज्जुत्ति ॥२६७४॥"

अधीयते विनयादिक्रमेण गुरुसमीप इत्यध्ययनं सामान्येन श्रुतमिह गृह्यते श्रुतसामायिकमित्यर्थः, तदपि त्रिविधं-त्रिभेदम्, 'सुत्तेत्यादि' सूत्रतः अर्थतः तदुभयतश्चेत्यर्थः । उपलक्षणत्वात् अपिशब्दाद् वा सम्यक्त्वसामायिकमप्यौपशमिक-क्षायिक-क्षयोपशमभेदात् त्रिविध द्रष्टव्यम् । अथ प्रक्रान्तोपोद्घातनिर्युक्तेरशेषाध्ययनव्यापितां दर्शयन्नाह-'सेसेसु वीत्यादि,' प्रस्तुतसामायिकाध्ययनात् शेषेष्वपि चतुर्विंशतिस्तवादिष्वन्येषु चाध्ययनेष्वेपैवोद्देश-निर्देशादिका निरुक्तिपर्यवसानोपोद्घातनिर्युक्तिर्भवति । एषैव सर्वत्र द्रष्टव्येत्यर्थः । आह-ननूपोद्घातनिर्युक्तौ सर्वस्यामपि समर्थितायामित्थमतिदेशो दातुं युज्यते, नचेयमद्यापि समर्थ्यते, 'भवागरिसफासण-निरुत्ती' इति निरुक्तिद्वार एव तस्याः समर्थयिष्यमाणत्वात् ?, सत्यम्,-किन्तूपोद्घातनिर्युक्तिमध्यमिदम्, मध्ये चातिदेशः कृतः पर्यन्तेऽपि लभ्यते,-'मध्यग्रहणं आद्यन्तयोर्ग्रहणम्' इति न्यायात् ॥ इति निर्युक्तिगाथाद्वयार्थः ॥ २६७४ ॥"

⁂　⁂　⁂　⁂

ઉપરના ઉલ્લેખથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા-'सेसेसु वि अज्झयणेसु होइ एसेव निज्जुत्ति।' આ ઉત્તરાર્ધદ્વારા સ્પષ્ટપણે ફરમાવે છે કે-'ચતુર્વિંશતિસ્તવ' આદિ અધ્યયનો માટે તે જ નિયુક્તિ છે કે જે નિર્યુક્તિ સામાયિક અધ્યયનની છે

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પણ શ્રી આવશ્યક સૂત્રની વૃત્તિમા ભાષ્યની ગાથાના-'सेसेसु वि अज्झयणेसु होइ एसेव निज्जुत्ति।' આ ઉત્તરાર્ધની ટીકા કરતા નીચે પ્રમાણેનો ઉલ્લેખ કરે છે—

"—मकारान्तोपोद्घातनिर्युक्तेरशेषाध्ययनव्यापितां दर्शयन्नाह- 'सेसेसुवि' चतुर्विंशतिस्तवादिष्वन्येषु चाध्ययनेषु भवति एवैव निर्युक्तिः-उद्देशनिर्देशादिका निरुक्तिपर्यवसानेति।"

× × × ×

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી મલયગિરિજી મહારાજ પણ એ ઉત્તરાર્ધની ટીકા કરતાં એજ પ્રમાણે ફરમાવે છે—

"—मकारान्तोपोद्घातनिर्युक्तेरशेषाध्ययनव्यापितां दर्शयति-शेषेष्वपि' चतुर्विंशतिस्तवादिष्वध्ययनेषु भवत्येषैव उद्देशादिका निरुक्ति पर्यवसाना निर्युक्तिः।"

'सेसेसु वि अज्झयणेसु होइ एसेव निज्जुत्ति।' આ નિર્યુક્તિના ઉત્તરાર્ધની વ્યાખ્યા કરતાં ભાષ્યકાર મહર્ષિ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ મહારાજ પણ વધુ સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે—

"चउवीसत्थयाइसु सव्वज्झयणेसु वाणुयोगम्मि।
एस चिय निज्जुत्ती उद्देसाई निरुत्तंता ॥ २९७८ ॥"

આ ગાથાની ટીકામાં તેના ફલિતાર્થરૂપે મલધારગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ લખે છે કે—

"—शेषेष्वपि चतुर्विंशतिस्तवादिषु, न सामायिक एव, सकलशास्त्राध्ययनेष्वनुयोगे विधीयमान आद्यावेवैवोद्देशादिका निरुक्त्यन्तोपोद्घातनिर्युक्तिर्द्रष्टव्या।"

\+ \+ \+ \+

ઉપરનાં સચોટ પ્રમાણોનું શુદ્ધબુદ્ધિપૂર્વક અવલોકન કર્યા પછી કોઈ પણ, મુનિરાજશ્રીના કહેવા મુજબ કબુલ કરશે કે—"ચઉવ્વિસત્થો આવશ્યક કે જે આવશ્યક ઉપર શ્રી ભદ્રબાહુસ્વામિની નિર્યુક્તિ બની છે તે અપ્રમાણભૂત જ છે એ મતલબનું કોઈ સ્પષ્ટ પ્રમાણ જ મળતું નથી." અર્થાત્ કોઈજ નહિ.

ઉપર જણાવ્યાં તે અને બીજા અનેક પ્રમાણોની હયાતિ છતાં મુનિરાજશ્રી પોતાની— "ઉપલબ્ધ ચઉવ્વિસત્થો આવશ્યકસૂત્ર અપ્રમાણભૂત છે, પણ અન્ય કોઈ સ્વનિર્મિત છે." આ માન્યતાના સમર્થનમાં લખે છે કે—

" પ્રસ્તાવના પ્રસિદ્ધ થયે આટલા વર્ષ વ્યતીત થયા, તે દરમીયાન આવશ્યક સૂત્રના કર્તા સબંધી મુદ્દાઓને અગે મે પોતે પણ વિચાર કર્યો છે અન્ય વિદ્વાન્ મિત્રો સાથે પણ નિષ્પક્ષપાત ચર્ચા કરી છે અને મતભેદ ધરાવનાર ટીકાકારના પ્રમાણો પર પણ જિજ્ઞાસાપૂર્વક વિચાર કર્યો છે, ગ્રથનો પૂર્વાપર સબધ પણ વિચાર્યો છે અને તેમ છતા મને મારો અભિપ્રાય બદલવાને કારણ મળ્યુ નથી "

સુખલાલજીના ઉપરના કથનનો ઉત્તર આપવા માટે તો હરેક વિચારશીલ વાંચક એમ જ કહી શકે કે–આવશ્યક સૂત્રના કર્તા સંબંધી મુદ્દાઓનો વિચાર કરતી વખતે તમે જો ઈરાદાપૂર્વક શાસ્ત્રદૃષ્ટિને દૂર ન રાખી હોત, નિષ્પક્ષપાત ચર્ચા કરતી વખતે શાસ્ત્રના જ્ઞાતા સમર્થ મહાપુરૂષોનો શ્રદ્ધાપૂર્વક આશ્રય લીધો હોત, મતભેદ ધરાવનાર ટીકાકારે આપેલા પ્રમાણોપર જિજ્ઞાસાપૂર્વક વિચાર કરતા સત્યનો સ્વીકાર કરવાનો જ અભિલાષ ધર્યો હોત અને ગ્રંથના પૂર્વાપર સંબધનો વિચાર કરતી વખતે છતી ભૂલનો ઈકરાર કરવામા પ્રતિષ્ઠા માની હોત તો જરૂર અભિપ્રાય બદલવાને એક નહિ પણ અનેક કારણો મળત, અને '–આવશ્યક શ્રીગણધરદેવકૃત નહિ પણ ગણધર ભિન્નકૃત છે' આ ખોટી માન્યતાના સમર્થન માટે પ્રમાણો ઉભા કરવાનો જે શ્રમ ઉઠાવવો પડચો છે તે અવશ્ય ન ઉઠાવવો પડત

હવે સુખલાલજીએ પોતાની "–આવશ્યક ગણધરભિન્નકૃત હોવાનાં એકથી વધારે સ્પષ્ટ પ્રમાણો મળે છે " આ બીજી જાહેરાતના સમર્થનમાં

"–સપૂર્ણ આવશ્યક શ્રુતસ્કધ એ ગણધરકૃત નથી, પણ ગણધરભિન્ન અન્ય પ્રાચીન અને પ્રતિષ્ઠિત શ્રુતસ્થવિરકૃત છે એવો મારો અભિપ્રાય જે પ્રમાણોના આધારે મે પ્રકટ કર્યો છે તે પ્રમાણો નીચે પ્રમાણે છે, " આ પ્રમાણેનુ અવતરણ કરી શરૂઆતમા જ જણાવી ગયા પ્રમાણે ૧–વાચકચન્દ્ર શ્રી ઉમાસ્વાતિજીએ રચેલ ' શ્રીતત્વાર્થભાષ્યનુ, ૨–તે જ ' શ્રીતત્ત્વાર્થ ભાષ્ય ઉપર શ્રીસિદ્ધસેનગણીશ્રીએ રચેલી ટીકાનુ, ૩–તે જ શ્રી તત્ત્વાર્થભાષ્ય ઉપર ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીગણિવરે રચેલી ટીકાનુ અને ૪–શ્રીસેનપ્રશ્નનું આ રીતિએ ચાર પ્રમાણો આપ્યા છે. એ પ્રમાણોનુ અવલોકન જો કોઇ મધ્યસ્થદૃષ્ટિનો તટસ્થ વિચારક

કરવા બેસે તો તેને પણ એમ લખ્યા વિના ન રહે કે મુખબાંધાઓ કેવળ પોતાના અભિમાનની સિદ્ધિ માટે અપીલ બની બેઠા છે, અને એ અપીલમાં તેઓ પોતે શું લખે છે તેની પણ પોતાને ખબર નથી રહી. મુખબાંધાઓએ પાઠ મૂકવામાં આ વખતે પણ ભારે કરી છે સત્યવક્તાપણાનો અભ્યાસી, જે મુખબાંધાઓએ પ્રમાણ મૂકવા માટે કરેલી અવતરણિકામાં લખેલી વાતો પ્રમાણમાં લેવા બેસે તો તે લાગે જ તેના લેવામાં આવે. ન્યાયાચાર્ય શ્રીયશોવિજયજી ગણિ વાળી ટીકાના નામે મૂકેલા પાઠની શરૂઆતની શેષ પંક્તિ જે આપેલી તેઓશ્રીની ટીકામાં શોધવા બેસીએ તો તે જડે જ નહિ પણ સત્યનો અભ્યાસી શોધી શકે કે તે શેષ પંક્તિ તેઓશ્રીની ટીકામાં તો નથી પણ શ્રીજિનસેનસૂરિજીની ટીકામાં છે. પ્રસ્તુત સૂત્રને સ્પષ્ટ કરનારા બે શ્લોકો બન્ને ટીકાકાર મહર્ષિઓએ કર્યા છે તે શ્લોકો બેને લખ્યું નહિ કરતાં તેમાંના એક શ્લોકમાંથી માત્ર શેષ જ પંક્તિ અને તે પણ અન્ય ટીકાના નામે લખી કરી ભારે ઉતાવળ પાઠક કરી છે. ચર્ચામાં જે પાઠની ઉપયોગિતા જ નહિ તે પાઠ લખ્યું કરીને પોતે પ્રમાણપુરસ્સર વાતો કરનાર છે એવો અર્થ દેખાવ કર્યો છે ઉત્તરાધ્યયનના પ્રારંભથી ચર્ચાના વિષયમાં ખાસ પ્રકાશ પાડનારા અક્ષરોના ભાવને ઉકેલી દેવાનો પ્રયાસ કરવામાં પણ મુખબાંધાઓએ કસુર નથી કરી. આ અને એવી બીજી અનેક ભૂલો હવે આપણે એમના બીજા સૂત્ર ઉપર વિચાર ચલાવતાં જોઈશું છે.

મુખબાંધાઓએ પોતાના તે (આવશ્યક) સૂત્રના વિભાગ વિષે-વાનાં એક થી વધારે સ્પષ્ટ પ્રમાણો મળે છે. " આ સૂત્રના સમર્થનમાં આપેલાં ચાર પ્રમાણો પૈકી પ્રથમ પ્રમાણ નીચલી રીતે કહ્યું છે—

૧-પાના શ્રી ઉમાસ્વાતિજી જેવાના શ્રીતત્ત્વાર્થસૂત્ર ભાષ્યમાં ગુપ્તિ અને સમિતિ અને અનગાર એ બેનું વર્ણન આપતાં અનગાર ના અનેક પ્રકાર જણાવે છે તેમાં તેઓએ સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ આવશ્યકના અભ્યાસોને આવશ્યક તરીકે ગણાવ્યાં છે. ભાષ્યનો પાઠ આ પ્રમાણે છે—

अङ्गबाह्यमनेकविधम् । तद्यथा–सामायिकं, चतुर्विंशतिस्तवः, वन्दनम्, प्रतिक्रमणं, कायव्युत्सर्गः, प्रत्याख्यानं, दशवैकालिकं, उत्तराध्यायाः, दशाः, कल्पव्यवहारौ, निशीथमृषिभाषितानीत्येवमादि ।

"–दे० ला० पु० प्रकाशित तत्त्वार्थभाष्य–पृ–९० ।"

* * * *

ત્યાર બાદ તેઓશ્રી પોતે જ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એ બન્ને પ્રકારના શ્રુતની ભિન્નતાના કારણ વિષે પ્રશ્ન ઉઠાવી કહે છે જે તીર્થંકર ભગવાનના ઉપદેશને આધારે તેઓના સાક્ષાત્ શિષ્ય ગણધરોએ રચ્યુ તે અંગપ્રવિષ્ટ અને જે ગણધર અનન્તર ભાવી વગેરે અર્થાત્ ગણધરવંશજ પરમમેધાવી આચાર્યોએ રચ્યુ તે અંગબાહ્ય આ મતલબનો ભાષ્યનો પાઠ આ પ્રમાણે છે.

"अथ श्रुतज्ञानस्य द्विविधमनेक द्वादशविधमिति किं कृतः प्रतिविशेष इति ? ।

वक्तृविशेषाद् द्वैविध्यम् । यद् भगवद्भिः सर्वज्ञैः सर्वदर्शिभिः परमर्षिभिरर्हद्भिस्तत्स्वाभाव्यात् परमशुभस्य च प्रवचनप्रतिष्ठापनफलस्य तीर्थकरनामकर्मणोऽनुभावादुक्त भगवच्छिष्यैरतिशयवद्भिरुत्तमातिशयवाग्बुद्धिसम्पन्नैर्गणधरैर्दृब्ध तदङ्गप्रविष्टम् । गणधरानन्तर्यादिभिस्त्वत्यन्तविशुद्धागमैः परमप्रकृष्टवाङ्मतिबुद्धिशक्तिभिराचार्यैः कालसहननायुर्दोषादल्पशक्तीना शिष्याणामनुग्रहाय यत् प्रोक्तं तदङ्गबाह्यमिति ।"

"–ते ज–तत्त्वार्थ–भाष्य–पृ–९०–९२ ।"

\+ \+ \+ \+

વાચકશ્રીનો આ ઉલ્લેખ બીજા બધા ઉલ્લેખો કરતાં વધારે પ્રાચીન અને મહત્ત્વનો છે. અન્ય પ્રમાણોનું બળાબળ તપાસતી વખતે પણ એટલુ તો ધ્યાનમાં રાખવુ જ જોઈએ કે વાચકશ્રી પોતે જો આવશ્યકને ગણધરકૃત માનતા હોત અગર ગણધર તથા અન્ય સ્થવીર એમ ઉભયકૃત માનતા હોત

કરવા બેસે તો તેને પણ એમ લાગ્યા વિના ન રહે કે મુખબાંધજી કેવળ પોતાના અભિપ્રાયની સિદ્ધિ માટે અધીરા બની ગયા છે અને એ અધીરાઈમાં તેઓ પોતે શું લખે છે તેની પણ પોતાને ખબર નથી રહી. મુખબાંધજીએ પાઠ મૂકવામાં આ વખતે પણ ભૂલ કરી છે. સત્સૂત્રપાઠનો અભ્યાસી, જે મુખબાંધજીએ પ્રમાણ મૂકવા માટે કેટલી અવતરણિકામાં લખેલી વાતો પ્રમાણમાં જોવા બેસે તો તે જાણે જ તેના જોવામાં આવે. ન્યાયાચાર્ય શ્રીયશોવિજયજી મહિ-વાળી ટીકાના નામે મૂકેલ પાઠની શરૂઆતની બેત પંક્તિ જે આપેલી તેઓશ્રીની ટીકામાં ટીપણ મેળવીએ તો તે જડે જ નહિ પણ તત્ત્વનો અભ્યાસી શોધી કાઢે કે તે બેત પંક્તિ તેઓશ્રીની ટીકામાં તો નથી પણ શ્રીસિદ્ધસેનસૂરિજીની ટીકામાં છે. પ્રસ્તુત સૂત્રને સ્પષ્ટ કરનારા જે શ્લોકો અન્ને ટીકાકાર મહર્ષિઓએ કર્યા છે તે શ્લોકોને સ્પર્શ નહિ કરતાં તેમાંના એક શ્લોકમાંથી માત્ર બેત જ પંક્તિ અને તે પણ અન્ય ટીકાના નામે રજુ કરી ત્યારે ઉપર પાઠ કરી છે ચર્ચામાં જે પાઠોની ઉપયોગિતા જ નહિ તે પાઠ રજુ કરીને પોતે પ્રમાણપુરસ્સર વાતો કરનાર છે એવો આડંબર કેળવ કર્યો છે ઉત્તરાધ્યયનના સારમાંથી લખેલા વિવરણમાં પાઠ પ્રકટ કરનારા મહર્ષિના સારને ઉડાવી દેવાનો પ્રયાસ કરવામાં પણ મુખબાંધજીએ ચૂક નથી કરી. આ અને એવી બીજી અનેક બાબતો હવે આપણે એમના બીજા મુદ્દા ઉપર વિચાર ચલાવતાં જોવાની છે.

મુખબાંધજીએ પોતાના તે (આવશ્યક) સંબંધ વિસ્તૃત લેખવાળો એક જ વધારે સ્પષ્ટ પ્રમાણો મળે છે." આ લખાણના સમર્થનમાં આપેલાં ચાર પ્રમાણો પૈકી પ્રથમ પ્રમાણ નીચેની રીતે રજુ કર્યું છે—

૧—વાચક શ્રી ઉમાસ્વાતિજી પોતાના શ્રીતત્ત્વાર્થસૂત્ર ભાષ્યમાં શ્રુતના અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એ બે ભેદ વર્ણન કરતાં અંગબાહ્યના અનેક પ્રકારો બતાવે છે તેમાં તેઓએ 'સામાયિક ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ આવશ્યકના અધ્યયનોને અંગ બાહ્ય તરીકે ગણાવ્યા છે જુઓ પાઠ આ પ્રમાણે છે—

તરફથી પ્રસિદ્ધ થયેલ-' પંચ-પ્રતિક્રમણ ' નામના પુસ્તકની પ્રસ્તાવનામાં " १ आवश्यक सूत्र ' न तो तीर्थंकर की कृति है और न गणधर की। " २- 'आवश्यक सूत्र ' गणधर श्री सुधर्मा स्वामिके बादके किसी आचार्यका रचित माना जाना चाहिये। " આ શાસ્ત્ર વિરૂદ્ધ વાતની જાહેરાત કરી એટલે સુખલાલજીએ તો એવું સ્પષ્ટ પ્રમાણ રજુ કરવું જોઈતું હતું કે-'દ્વાદશાંગી શિવાયનું કોઈ પણ શ્રુત શ્રી ગણધરદેવોથી રચેલું હોઇ જ ન શકે '-પણ એવું તો એક પણ પ્રમાણ સુખલાલજી બતાવી જ નથી શક્યા.

વાચકચંદ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજના ઉલ્લેખોની પ્રાચીનતા અને મહત્ત્વતાના વિષયમાં સિદ્ધાંતાનુસારી પક્ષને વાંધો હોય જ નહિ આ વાત સુખલાલજીએ ખ્યાલમાં રાખવી ઘટે ' એવા એક શાસનના ધોરી મહાપુરૂષ આડું અવળું લખે ' એવી કલ્પના કરવી એ પણ મહાપાપ છે શ્રી જૈનશાસનના મહાપુરૂષો તે છે કે જેઓ શ્રી જિનશાસનની શૈલિ અને પ્રણાલિકાનું રક્ષણ પોતાના ગમે તે ભોગે કરવા તૈયાર હોય છે, તે મહાપુરૂષોએ શ્રી જિનેશ્વરદેવના શાસનને જ પોતાનું સર્વસ્વ માનેલું હોય છે,-એટલે પોતાનું સર્વસ્વ શ્રી જિનેશ્વરદેવના શાસનને જ સમર્પેલું હોય છે તેઓએ પોતાના વિચારો અને ઉચ્ચારોને શ્રી જિનેશ્વરદેવના શાસનને અનુસરતા બનાવી આચારોને પણ તેવા જ બનાવવાનો નિર્ધાર કરેલો હોય છે. વાચકચંદ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા પણ તે મહાપુરૂષો પૈકીના જ એક છે, એટલે તેઓ શાસ્ત્રસિદ્ધપણે ચાલી આવતી કોઇ પણ માન્યતાથી વિરૂદ્ધ વિચાર સરખો પણ ન કરે તો પછી વિરૂદ્ધ લખવાની તો કલ્પના જ કોઇ વિરોધિથી પણ-જો તે પ્રમાણિક હોય તો-કેમ થઇ શકે ?

વાચકચંદ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા સુખલાલજીના કહેવા મુજબ આગમના ખાસ અભ્યાસી જ નહિ પણ ગુરૂકુળવાસમાં વસી ગુરૂઓની જ નિશ્રામાં રહી આગમોનો આગમવિધિ અનુસાર વિશિષ્ટ અભ્યાસ કરી, તેના ઐદંપર્યના સમર્થ જ્ઞાતા બની, સિદ્ધાંતસાગરમાંથી ઉદ્ધરી ઉદ્ધરીને પાંચસો પાંચસો પ્રકરણ રત્નોના પોતાની

તો તેઓ માત્ર—' સમવાયપ્રમાણાદિ વગેરે આચાર્યકૃત શ્રી કહેવ નહિ ભગ ગાથામાં મહાન આગમ સ્વરૂપિ ઉદાહરણ, નહિ સંઘના કર્તા સત્યની ભીન્ન ભગ કરતા તેઓશ્રીને જ વધારે સ્પષ્ટ સાબિત થવાનો સંભવ છે કેમકે (૧) તેઓશ્રી આગમના ખાસ અભ્યાસી હતા, (૨) તેઓશ્રી અને ભગવાન્ શ્રી મહાવીર વચ્ચે બહુ લાંબુ અન્તર નહિ અને (૩) જૈન પરંપરામાં તે વખતે જૈનશાસનના કર્તા સત્યથી ? વાસ્તવ માની આવતી તેથી જરા પણ આડું અવળું લખવાને તેમને કશુ જ સબબ થઈ નથી. આ કારણોથી વાચકશ્રીનો જરા પણ સંદેહ વિનાનો ઉદ્દેશ અને સાચો અભિપ્રાય બતાવવામાં પ્રથમ નિમિત્તભૂત થયો છે. "

આ રીતિએ પહેલા પ્રમાણ તરીકે કરેલી અવતરણિકાઓ, ટીકાઓ એ પ્રમાણો અને તેના ઉપરનું વિવેચન જોતાં આપણે સમજી શકીએ તેમ છીએ કે મુનિમહારાજે શ્રી તત્ત્વાર્થ ભાષ્યના બે ઉલ્લેખો—એક ૯૦ મા પૃષ્ઠનો અને બીજો ૯૨ મા પૃષ્ઠનો—લીધા છે અને એ ઉલ્લેખો જ એમના અભિપ્રાયમાં શોધી પ્રથમ નિમિત્તભૂત થયા છે

હવે મુનિમહારાજે ૯૨ મા પૃષ્ઠના ભાષ્યના ઉલ્લેખ ઉપર કરેલા વિવેચનની વિચારણામાં ઉતરીએ તે પહેલાં એટલું કહી દેવું આવશ્યક છે કે—તેમણે ૯૦ મા પૃષ્ઠનો ભાષ્યનો ઉલ્લેખ આ સ્થળે ન ઉતારી દીધો હોત તો ચાલી શકત, કારણ કે 'સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન સ્વરૂપ શ્રી આવશ્યક સૂત્રના અર્થ રૂપે પ્રણેતા શ્રી તીર્થંકરદેવો છે અને સૂત્રરૂપે રચયિતા શ્રી ગણધરદેવો છે' આ વાત જેટલી શાસ્ત્રસિદ્ધ છે તેટલી જ સર્વસિદ્ધ વાત તે છે કે 'એ સામાયિકાદિ છ અધ્યયન સ્વરૂપ શ્રી આવશ્યક સૂત્ર અંગબાહ્ય શ્રુત છે, એટલે એ તો સિદ્ધ જ છે કે- છ અધ્યયન સ્વરૂપ શ્રી આવશ્યક સૂત્ર અંગબાહ્ય શ્રુત છે માટે આ વાત સાબીત કરવાની મુનિમહારાજને કંઈજ જરૂર ન હતી. કારણ કે સિદ્ધાન્તાનુસારી પક્ષે, મુનિમહારાજ સાથે વિરોધ તો ત્યારે જ ઉભો છે કે જ્યારે તેમણે— છ અધ્યયન સ્વરૂપ—શ્રી આવશ્યક સૂત્ર—અંગબાહ્ય શ્રુત છે.' આ વાત સિદ્ધ કરવાનું અવલંબન લઈને સંવત્ ૧૯૭૮ ની સાલમાં—" આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા—"

તરફથી પ્રસિદ્ધ થયેલ-' પંચ-પ્રતિક્રમણ ' નામના પુસ્તકની પ્રસ્તાવનામાં " १ आवश्यक सूत्र ' न तो तीर्थंकर की कृति है और न गणधर की। " २- 'आवश्यक सूत्र ' गणधर श्री सुधर्मा स्वामिके बादके किसी आचार्यका रचित माना जाना चाहिये। " આ શાસ્ત્ર વિરૂદ્ધ વાતની જાહેરાત કરી એટલે સુખલાલજીએ તો એવું સ્પષ્ટ પ્રમાણ રજુ કરવું જોઈતું હતું કે-'દ્વાદશાંગી શિવાયનું કોઈ પણ શ્રુત શ્રી ગણધરદેવોથી રચેલું હોઇ જ ન શકે '-પણ એવું તો એક પણ પ્રમાણ સુખલાલજી બતાવી જ નથી શક્યા.

વાચકચંદ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજના ઉલ્લેખોની પ્રાચીનતા અને મહત્ત્વતાના વિષયમાં સિદ્ધાંતાનુસારી પક્ષને વાંધો હોય જ નહિ આ વાત સુખલાલજીએ ખ્યાલમાં રાખવી ઘટે ' એવા એક શાસનના ધોરી મહાપુરૂષ આવું અવળું લખે ' એવી કલ્પના કરવી એ પણ મહાપાપ છે. શ્રી જૈનશાસનના મહાપુરૂષો તે છે કે જેઓ શ્રી જિનશાસનની શૈલિ અને પ્રણાલિકાનું રક્ષણ પોતાના ગમે તે ભોગે કરવા તૈયાર હોય છે, તે મહાપુરૂષોએ શ્રી જિનેશ્વરદેવના શાસનને જ પોતાનું સર્વસ્વ માનેલું હોય છે,-એટલે પોતાનું સર્વસ્વ શ્રી જિનેશ્વરદેવના શાસનને જ સમર્પેલું હોય છે. તેઓએ પોતાના વિચારો અને ઉચ્ચારોને શ્રી જિનેશ્વરદેવના શાસનને અનુસરતા બનાવી આચારોને પણ તેવા જ બનાવવાનો નિર્ધાર કરેલો હોય છે. વાચકચંદ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા પણ તે મહાપુરૂષો પૈકીના જ એક છે, એટલે તેઓ શાસ્ત્રસિદ્ધપણે ચાલી આવતી કોઇ પણ માન્યતાથી વિરૂદ્ધ વિચાર સરખો પણ ન કરે તો પછી વિરૂદ્ધ લખવાની તો કલ્પના જ કોઇ વિરોધિથી પણ-જો તે પ્રમાણિક હોય તો-કેમ થઇ શકે ?

વાચકચંદ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા સુખલાલજીના કહેવા મુજબ આગમના ખાસ અભ્યાસી જ નહિ પણ ગુરૂકુળવાસમાં વસી ગુરૂઓની જ નિશ્રામાં રહી આગમોનો આગમવિધિ અનુસાર વિશિષ્ટ અભ્યાસ કરી, તેના ઐદંપર્યના સમર્થ જ્ઞાતા બની, સિદ્ધાંતસાગરમાંથી ઉદ્ધરી ઉદ્ધરીને પાંચમો પાંચસો પ્રકરણ રત્નોનો પોતાની

પાછળ વારસો મૂકી જનારા એક સિદ્ધાંતવેદી હતા, એ સમર્થ સિદ્ધાંતવેદી વાચકવર્યને ભગવાન્ શ્રી મહાવીરદેવથી ઝાઝું અંતર પણ નહિ એ વાત પણ સાચી હવે એ પણ વાત એટલી જ સાચી છે કે પ્રભુ શ્રી મહાવીરદેવના શાસનમાં ચોથા શ્રુત કેવળી તરીકે મનાતા ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજ કે જેઓ વાચકવર શ્રી ઉમાસ્વાતિજી કરતાં પણ પ્રાચીન હતા અને તેઓ શ્રીની નિર્યુક્તિ કે જે આજે સિદ્ધાંતની પંચાંગી પૈકીનું એક બીજું અંગ મનાય છે તે નિર્યુક્તિના પણ સમર્થ જ્ઞાતા અને તે નિર્યુક્તિને પણ આગમવત્ સમજનાર હતા, એ વાચકવરે જે કાંઈ લખ્યું હોય તેનો ભાવ આપણે તે જ કહી શકીએ કે જે નિર્યુક્તિકાર શ્રુતકેવળી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીના કથનને અનુસરતો હોય.

આટલી સત્ય વસ્તુસ્થિતિથી માહિતગાર થયા પછી સંપાદકે સારી રીતિએ સમજી શકશે કે શ્રી તત્ત્વાર્થભાષ્યના ૯૨ મા પૃષ્ઠનો ઉલ્લેખ કરી તેના ઉપર ઉહાપોહ કર્યો—

"અન્ય પ્રમાણોનું બલાબલ તપાસી જઈએ પણ એટલું તો ધ્યાનમાં રાખવું જ જોઈએ કે વાચકજી પોતે તે અત્યારે ગણધર કૃત જ માનતા હોય અગર ગણધર તથા અન્ય સ્થવીર એમ ઉભયકૃત માનતા હોય તે તેઓ માત્ર અવતરણમાત્રથી નિશ્ચિત આચાર્યકૃત તો કહે જ નહિ."

આ પ્રમાણે લખવામાં મુખ્યતાએ આપણી શીતની ભીત ભૂલ્યા છે કારણ કે વાચકવરને પણ પરમમાન્ય અને શ્રુતજ્ઞાનના સાગર ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજ શ્રી આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં સ્પષ્ટપણે જણાવે છે કે—

"સામાયિક આદિ શ્રુત અર્થથી શ્રી અરિહંતદેવો પ્રરૂપે છે અને સૂત્રથી શ્રી ગણધરદેવો રચે છે તથા જે નિર્યુક્તિ સામાયિક અધ્યયનને લાગુ પડે છે તેજ નિર્યુક્તિ શ્રી ચતુર્વિંશતિસ્તવ આદિ અધ્યયનોને પણ લાગુ પડે છે, એટલે કે જેમ સામાયિકની અર્થ પ્રરૂપણા શ્રી અરિહંતદેવો અને સૂત્ર રચના શ્રી ગણધરદેવો કરે છે તેમ ચતુર્વિંશતિસ્તવ આદિની પણ પ્રરૂપણા શ્રી અરિહંતદેવો અને સૂત્ર રચના શ્રી ગણધરદેવો કરે છે"

આ વાત આપણે ઉપર આધાર સાથે જોઇ લીધી છે એટલે ફરીથી એ આધારો ટાંકીને આ લેખના શરીરમાં વધારો કરવાની કશી જ આવશ્યકતા નથી.

સુખલાલજી તરફથી મૂકવામાં આવેલા એ ૯૧-૯૨ મા પૃષ્ઠના ભાષ્યના ઉલ્લેખમાં વાચકચન્દ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ માત્ર અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતનું સામાન્ય લક્ષણ જ આલેખ્યું છે. તેમાં એવું કંઇ છેજ નહિ કે શ્રી આવશ્યક સૂત્ર અંગબાહ્ય શ્રુત હોવાના કારણે તે ગણધરભિન્ન સ્થવિરોએ જ રચેલુ છે, અને શ્રુતકેવળી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીના ઉપરોક્ત ઉલ્લેખોની હયાતિમા વાચકચંદ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા એ પ્રમાણે લખે જ નહિ એ પણ નિર્વિવાદ છે. વધુમા ભાષ્યના એ ઉલ્લેખમાથી સુખલાલજી પોતાના અભિપ્રાયની પુષ્ટિ માટે જે અર્થ કાઢવા માગે છે, તે નીકળી પણ નથી શકતો, એ વાતની સાબીતી માટે સુખલાલજીએ પોતે પણ ખાસ પ્રમાણિક તરીકે માની બીજા અને ત્રીજા પ્રમાણ તરીકે જે મહાપુરૂષોની ટીકાના અધુરા અને ગેરસમજ ઉભા કરનારા ઉલ્લેખો રજુ કર્યા છે તે જ ટીકાના સંપૂર્ણ ઉલ્લેખો જ આપણે જોવાના છે, કારણ કે તે જોવાથી સહેલાઇથી સમજી શકાશે કે પ્રમાણો મૂકવામા સુખલાલજીએ વાચકોને ભ્રમિત કરવા માટે ભારે સાહસ ખેડયું છે.

સુખલાલજીએ બીજા અને ત્રીજા પ્રમાણ તરીકે કરેલા લખાણને અક્ષરશ રજુ કરી તેનો ઉચિત પ્રતિકાર કરવાની શરૂઆત કરવા પૂર્વે જણાવી દેવું જોઇએ કે પ્રથમ પ્રતિકારમા જણાવ્યુ તેમ પ્રમાણો તરીકે કંઇક મૂકયા વિના કામ ન ચાલે એ દૃષ્ટિએ જ પ્રમાણો મૂકવામા આવ્યા છે, અન્યથા જે વસ્તુમા વિવાદ જ નથી તે વસ્તુને અંગે પ્રમાણો મૂકવાની આવશ્યકતા શી?, બન્નેય ટીકાનાં પ્રમાણો રજુ કરતાં તેઓએ ૯૧-૯૨ મા પૃષ્ઠમાનો જે ભાષ્યનો ઉલ્લેખ રજુ કર્યો છે તેની ટીકા જો મૂકવામા આવી હોત તો તે સમુચિત ગણાત, પણ તે ટીકા રજુ કરવામા તો સુખલાલજીને પોતાનો અભિપ્રાય -જે બાંધી લઇને જાહેર કરી દીધો છે તે-છોડી દેવો પડે તેમ છે.

પાછળ થએલા મૂર્તિ ઉત્થાપક એક સિદ્ધાંતલોપી હતા, એ સર્વ સિદ્ધાંતલોપી વ્યાખ્યાકારને ભગવાન્ શ્રી મહાવીરદેવથી લાંબુ અંતર પણ નહિ એ વાત પણ સાચી. હવે એ પણ વાત એટલી જ સાચી છે કે પ્રભુ શ્રી મહાવીરદેવના શાસનમાં થયેલા શ્રુત કેવલી તરીકે ઓળખાતા ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજ કે જેઓ વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી કરતાં પણ પ્રાચીન હતા અને તેઓશ્રીની નિર્યુક્તિ કે જે આજે સિદ્ધાંતની પંચાંગી પૈકીનું એક અંગ ગણાય છે તે નિર્યુક્તિના પણ સમર્થ જ્ઞાતા અને તે નિર્યુક્તિને પણ આગમવત્ પ્રમાણભૂત ગણનાર હતા, એ વાચકવરે જે કાંઈ લખ્યું હોય તેનો ભાવ આપણે તે જ કહી શકીએ કે જે નિર્યુક્તિકાર શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીના કથનને અનુસરતો હોય.

આટલી સત્ય વસ્તુસ્થિતિથી માહિતગાર થયા પછી વાંચકવર્ગ સારી રીતિએ સમજી શકશે કે શ્રી તત્ત્વાર્થભાષ્યના કર આ સૂત્રનો ઉલ્લેખ રજુ કરી તેના ઉપર ઉહાપોહ કરતાં—

" જૈન પ્રમાણેનું નયાત્મક તપાસણી વખતે પણ એટલું તો ધ્યાનમાં રાખવું જ જોઈએ કે વાચકશ્રી પોતે એ આગમોને ગણધર કૃત જ માનતા હોય અગર ગણધર તથા અન્ય સ્થવીર એમ ઉભયકૃત માનતા હોય તો તેઓ માત્ર— ગણધરપ્રામાણ્યવાદી—વિગેરે આચાર્યકૃત શ્રી એવ નહિ "

આ પ્રમાણે લખવામાં મુખ્યતાએ આપેલી શ્રી તની ભીંત મૂળ છે કારણ કે વાચકવરને પણ પરમમાન્ય અને શ્રુતજ્ઞાનના સાગર ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજ શ્રી આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં સ્પષ્ટપણે જણાવે છે કે—

" સામાયિક આદિ શ્રુત અર્થથી શ્રી અરિહંતદેવો પ્રરૂપે છે અને સૂત્રથી શ્રી ગણધરદેવો રચે છે તથા જે નિર્યુક્તિ સામાયિક અધ્યયનને લાગુ પડે છે તેજ નિર્યુક્તિ શ્રી ચતુર્વિંશતિસ્તવ આદિ અધ્યયનોને પણ લાગુ પડે છે એટલે કે જેમ સામાયિકની અર્થ પ્રરૂપણા શ્રી અરિહંતદેવો અને સૂત્ર રચના શ્રી ગણધરદેવો કરે છે તેમ ચતુર્વિંશતિસ્તવ આદિની પણ પ્રરૂપણા શ્રી અરિહંતદેવો અને સૂત્ર રચના શ્રી ગણધર દેવો કરે છે

कार्यः कस्मै च नेति यत्र वर्ण्यते तत् वन्दनम् । असंयमस्थानं प्राप्तस्य यतेस्तस्मात् प्रतिनिवर्त्तनं यत्र वर्ण्यते तत् प्रतिक्रमणम् । कृतस्य पापस्य यत्र कायपरित्यागेन क्रियमाणेन विशुद्धिराख्यायते स कायव्युत्सर्गः । प्रत्याख्यानं यत्र मूलगुणा उत्तरगुणाश्च धारणीया इत्ययमर्थः ख्याप्यते तत् प्रत्याख्यानम् ।"

" दे० ला० पु० प्रकाशित तत्त्वार्थ–पृ–९० ।"

* * * *

કેટલાક એવી દલીલ કરે છે કે ભાષ્યમાં **'સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, પ્રત્યાખ્યાન'** આદિ, શબ્દો છે તે આવશ્યકના અધ્યયન બોધક નહિ પરન્તુ તે તે અધ્યયનની નિર્યુક્તિના બોધક છે, અર્થાત્ અંગબાહ્યમાં આવશ્યક ગણવું ન જોઇએ પણ આવશ્યક નિર્યુક્તિ જ ગણવી જોઇએ, તેઓની આ દલીલ કેટલી ટકી શકે તેમ છે તે પણ જોઇએ

(क) જો વાચકશ્રીને સામાયિક આદિ પદોથી સામાયિક અધ્યયન આદિની નિર્યુક્તિ જ વિવક્ષિત હોત તો તેઓશ્રી પોતે જ નિર્યુક્તિનું સ્પષ્ટ કથન ન કરતા લાક્ષણિક પ્રયોગ શા માટે કરે?

(ख) કોઇપણ શબ્દનો લાક્ષણિક અર્થ કરવામાં મૂળ અર્થનો બાધ હોવોજ જોઇએ, જ્યાં સુધી શબ્દનો મૂળ અર્થ બાધિત ન થતો હોય ત્યાં સુધી તેનો લાક્ષણિક અર્થ માનવો યા કરવો એ શબ્દશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, અને ન્યાયશાસ્ત્રના નિયમોનું ઉત્થાપન કરવા જેવું છે.

(ग) ઘડીવાર મૂળ અર્થના બાધ વિના પણ લાક્ષણિક અર્થ કરવાની ધૃષ્ટતા કરી લઇએ, તો પણ, એ પ્રશ્ન તો થાય જ છે કે શ્રી સિદ્ધસેનગણિ જેઓ પોતાના પૂર્વ ટીકાકારોને અનુસર્યા છે તેઓ શું તેવો લાક્ષણિક અર્થ કરવાનું નહોતા જાણતા અથવા બીજી કોઇપણ રીતે ભાષ્યના એ શબ્દો નિર્યુક્તિ બોધક છે એવું સાબીત કરી શકતા ન હતા?

(घ) ઘડીવાર એમ પણ માની લઇએ કે વાચકશ્રી શબ્દ પ્રયોગ કુશળ ન હતા, ટીકાકાર શ્રી સિદ્ધસેનગણિ પણ ભૂલ્યા પરંતુ એટલું બધું માન્યા પછી પણ સામાયિક આદિ પદોનો નિર્યુક્તિપરક અર્થ કાઢવા જતાં એક મહાન્ વિરોધ ઉપસ્થિત થાય છે જે નિર્યુક્તિના લાક્ષણિક અર્થની દલીલને ક્ષણમાત્ર પણ ટકવા દેતો જ નથી તે વિરોધ તે આ—

અંગબાહ્યમાં વાચકશ્રીએ 'આવશ્યક' પ્રથમ ગણાવ્યું છે, અને આવશ્યકનો અર્થ વિરોધિ ટીકાકારો 'આવશ્યક નિર્યુક્તિ' કરે છે એટલે તેઓના કથન

એટલે એક કોઇ પંક્તિ સિવાય—અને તે પણ કોઇની પંક્તિ કે નામે રજુ કરી છે તે સિવાય—બાકીની બધીએ પ્રમાણ તરીકે રજુ કરેલ ટીકાની પંક્તિઓ ૬૦ મા પૂછના બાબના ઉલ્લેખની છે કે જે પણ પ્રથમ જણાવી ગયા તે પ્રમાણે પ્રસ્તુત ચર્ચાને અંગે જરૂરી ન ગણી શકાય.

" સુખલાલજીએ રજુ કરેલ ૨-૩ જું પ્રમાણ. "

"(૨) તત્ત્વાર્થના ઉપર ટીકા ભાષ્ય ઉપર શ્રી સિદ્ધસેનગણિની મોટી ટીકા છે જે હજાર શ્લોક પ્રમાણ વધારે જુની એટલી જુની છે જે તે પહેલાં પણ તત્ત્વાર્થભાષ્ય પર બીજી ટીકાઓ હતી તેનું પ્રમાણ મળે છે. પ્રાચીન ટીકાઓને આધારે જ ઉક્ત ભાષ્યની વ્યાખ્યા તેઓશ્રીએ કરેલી છે એમ જણાય. એ પ્રાચીન ટીકાઓ કરતાં તેમનો મત જુદો હોય તો એમ તત્ત્વાર્થભાષ્યના અમુક સ્થળમાં પ્રાચીન મત જણાવી પછી પોતાનો મતભેદ જણાવે છે તેમ પ્રસ્તુત ભાષ્યની ટીકામાં પણ તેઓ પ્રાચીન ટીકાકારોનો મત ટાંકત, પણ તેઓએ તેમ કર્યું નથી. તે ઉપરથી એ તો સ્પષ્ટ જ છે કે શ્રી સિદ્ધસેનગણિને પ્રસ્તુત ભાષ્ય ઉપરની પ્રાચીન ટીકાઓમાં જોએલ અર્થ કરવા ધારે છે તે કરતાં કાંઈપણ મતભેદવાળું જણાવેલું નહિ, આમ પ્રસ્તુત શ્રી સિદ્ધસેનગણિનું પ્રસ્તુત ભાષ્યનું વિવેચન એ એમના વખત સુધી અત્યાવિધ અને આ વાતના એક સંબંધી ચાલતી એમ પરંપરાનું સ્પષ્ટ નિર્દેશક છે એમ માનવામાં કાંઇ ચિંતા આવતું નથી. શ્રી સિદ્ધસેનગણિ ભાષ્યના 'સામાયિક.......પ્રત્યાખ્યાન આદિ શબ્દોનો અર્થ સ્પષ્ટ રીતે—'સામાયિક...... પ્રત્યાખ્યાન અધ્યયન'—એ પ્રમાણે જ કરે છે અને 'દશવૈકાલિકમુત્તરાધ્યયન'—એ પદનો અર્થ સ્પષ્ટપણે લખનાર ભિન્ન જ છે, પ્રસ્તુત ગ્રંથ એકલો જ કરે છે અને તે દ્વારા તેઓશ્રી ને જેમનું નામ ઉત્તમ ગુણ છે કે આવશ્યક જેવા સર્વમાન્ય આવશ્યક સંબંધિત છે તે નવકારમંત્ર નહિ પણ લખનાર ભિન્ન જ છે તથા પ્રથમ આદિ બધા આચાર્યકૃત છે. તેઓ પ્રસ્તુત ભાષ્યની ટીકા આ પ્રમાણે છે—

—"समभावो यत्राभ्यसने गम्यते तथेन वर्ण्यमानेनार्थेन निर्दिष्टं सामायिकमिति । एवं सर्वेषु वक्ष्यमाणेष्वर्थसम्बन्धात् व्यपदेशः न्यपः । चतुर्विंशतीनां पुरस्तारादुपकारिणो यत्र स्तवः तेषामो तार्थकृतां वर्ण्यते स चतुर्विंशतिस्तव इति । वन्दनम्—प्रणामः स वर्ण

कार्यः कस्मै च नेति यत्र वर्ण्यते तत् वन्दनम् । असंयमस्थान मासस्य यतेस्तस्मात् प्रतिनिवर्त्तनं यत्र वर्ण्यते तत् प्रतिक्रमणम् । कृतस्य पापस्य यत्र कायपरित्यागेन क्रियमाणेन विशुद्धिराख्यायते स कायव्युत्सर्गः । प्रत्याख्यान यत्र मूलगुणा उत्तरगुणाश्च धारणीया इत्ययमर्थः ख्याप्यते तत् प्रत्याख्यानम् । ”

“ दे० ला० पु० प्रकाशित तत्त्वार्थ–पृ–९० । ”

* * * *

કેટલાક એવી દલીલ કરે છે કે ભાષ્યમાં **‘સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, પ્રત્યાખ્યાન’** આદિ શબ્દો છે તે આવશ્યકના અધ્યયન બોધક નહિ પરન્તુ તે તે અધ્યયનની નિર્યુક્તિના બોધક છે, અર્થાત્ અંગબાહ્યમા આવશ્યક ગણવું ન જોઈએ પણ આવશ્યક નિર્યુક્તિ જ ગણવી જોઈએ, તેઓની આ દલીલ કેટલી ટકી શકે તેમ છે તે પણ જોઈએ

(क) જો વાચકશ્રીને સામાયિક આદિ પદોથી સામાયિક અધ્યયન આદિની નિર્યુક્તિ જ વિવક્ષિત હોત તો તેઓશ્રી પોતે જ નિર્યુક્તિનુ સ્પષ્ટ કથન ન કરતાં લાક્ષણિક પ્રયોગ શા માટે કરે?

(ख) કોઈપણ શબ્દનો લાક્ષણિક અર્થ કરવામા મૂળ અર્થનો બાધ હોવોજ જોઈએ, જ્યાં સુધી શબ્દનો મૂળ અર્થ બાધિત ન થતો હોય ત્યા સુધી તેનો લાક્ષણિક અર્થ માનવો યા કરવો એ શબ્દશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, અને ન્યાયશાસ્ત્રના નિયમોનુ ઉત્થાપન કરવા જેવુ છે

(ग) ઘડીવાર મૂળ અર્થના બાધ વિના પણ લાક્ષણિક અર્થ કરવાની ધૃષ્ટતા કરી લઈએ, તો પણ, એ પ્રશ્ન તો થાય જ છે કે શ્રી સિદ્ધસેનગણિ જેઓ પોતાના પૂર્વ ટીકાકારોને અનુસર્યા છે તેઓ શું તેવો લાક્ષણિક અર્થ કરવાનુ નહોતા જાણતા અથવા બીજી કોઈપણ રીતે ભાષ્યના એ શબ્દો નિર્યુક્તિ બોધક છે એવુ સાબીત કરી શકતા ન હતા?

(घ) ઘડીવાર એમ પણ માની લઈએ કે વાચકશ્રી શબ્દ પ્રયોગ કુશળ ન હતા, ટીકાકાર શ્રી સિદ્ધસેનગણિ પણ ભૂલ્યા પરંતુ એટલું બધુ માન્યા પછી પણ સામાયિક આદિ પદોનો નિર્યુક્તિપરક અર્થ કાઢવા જતા એક મહાન્ વિરોધ ઉપસ્થિત થાય છે જે નિર્યુક્તિના લાક્ષણિક અર્થની દલીલને ક્ષણમાત્ર પણ ટકવા દેતો જ નથી તે વિરોધ તે આ—

અંગબાહ્યમા વાચકશ્રીએ ‘આવશ્યક’ પ્રથમ ગણાવ્યુ છે, અને આવશ્યકનો અર્થ વિરોધિ ટીકાકારો ‘આવશ્યક નિર્યુક્તિ’ કરે છે એટલે તેઓના કથન

પ્રમાણે જ ગ્રન્થમાં પ્રથમ આવશ્યક નિર્યુક્તિ આવે છે. હવે આ ગ્રન્થના રચયિતા તરીકે ભાષ્યકાર અને ટીકાકાર બન્ને-'ગણધરાનન્તર્યાદિભિઃ'-એ પદથી શ્રી જમ્બુસ્વામી તથા શ્રી પ્રભવસ્વામીનો નિર્દેશ કરે છે. એટલે, આ ગ્રન્થમાં પ્રથમ ગ્રહણ કરેલ આવશ્યક નિર્યુક્તિ એ શ્રી જમ્બુસ્વામી કે પ્રભવસ્વામીકૃત હોય એવું ભાન થાય છે કે જે અસંગત છે. કારણ કે નિર્યુક્તિકાર તો શ્રી ભદ્રબાહુ સ્વામી જ છે એ વાત પ્રસિદ્ધ જ છે. એટલે, આવશ્યક પછી આવશ્યક નિર્યુક્તિ લિખિત હોય તો શ્રી ભદ્રબાહુસ્વામીનું નામ છેક લીધાં તો આવ્યું જ. તેથી, કે જે અર્થ પણ નિશ્ચિત નથી.

+ + + +

[૩] ભાષ્ય અને તેની ટીકા એ બન્નેના ઉપર ટીકા પ્રમાણે જે મત દર્શાવે છે તે જ મત ભાષ્યના ઉદ્ધરણમાં તેમજ અને બોધાર્થે બોધ ટીકાકાર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પણ સ્વીકારે છે એ તેઓની ભાષ્ય ઉપરની વૃત્તિ જોતાંથી સ્પષ્ટ થાય છે. તેઓ પોતાની ભાષ્ય ઉપરની વૃત્તિમાં-'સામાયિક'.. ..'પ્રત્યાખ્યાન'-આદિ આવશ્યકના છએ અધ્યયનોનો-'આવશ્યક શ્રુતસ્કન્ધ'-એ પ્રકારે અર્થ સ્પષ્ટ કરેલો છે અને આ ગ્રન્થ એટલે તેઓથી પણ પ્રથમ જ-'આવશ્યક સૂત્રો'નો સમાવેશ કરે છે તેને અનુસાર ગણધરો શ્રી જમ્બુસ્વામી આદિ વડે રચાયેલ પ્રતિપાદન કરે છે. તેઓની વૃત્તિનો તે ભાગ નીચે પ્રમાણે છે—

—" गणधरा इन्द्रभूत्यादय तेषामनन्तरे ये साधवस्तेऽनन्तर्याः शिष्या इत्यर्थः । ते गणधरानन्तर्याः जम्बूनामादय आदिर्येषां प्रभ वादीनां ते गणधरानन्तर्यादिय ।

सामायिकं समभावो यत्राध्ययने वर्ण्यते । चतुर्विंशतीनां पूरण स्यादाद्युपकारिणो यत्र स्तवः शेषाणां च तीर्थकृतां स चतुर्विंशतिस्तवः । वन्दनं गुणवतः प्रणामो यत्र वर्ण्यते तद् वन्दनम् । अशुभयस्थानं प्रमादस्य वशेस्तस्मात् प्रतिनिवर्तनं यत्र वर्ण्यते तद् प्रतिक्रमणम् । कृतस्य पापस्य यत्र स्थानमौनध्यानरूपकायस्यागेन विशुद्धिराधीयते स का यत्सर्गः । मूलोत्तरगुणधारणीयता यत्र ख्याप्यते तद् प्रत्याख्यानम् । एतैरध्ययनैराचारश्रुतस्कन्ध उक्ता । "

—* मनसुखभाई-प्रकाशित श्रीयशोविजयजीकृत तत्त्वार्थ-व्याख्या पृ १ ।

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી જેવા શાબ્દિક, આલંકારિક, નૈયાયિક અને આગમિક વિષે કોઈપણ એમ કહેવાનુ સાહસ ભાગ્યે જ કરશે કે તેઓ ચાલતી શ્રુત પરંપરા કરતા કાંઇ નવુ જ લખી ગયા છે અથવા તો તેઓને લાક્ષણિક અર્થ કરવાનું સુઝયુ નહિ ઉપાધ્યાયજી વિશેષ આવશ્યક ભાષ્ય વગેરે અન્ય સમગ્ર આગમ ગ્રંથોના ઉંડા અભ્યાસી હતા અને વળી મલધારી શ્રી હેમચન્દ્રની વૃત્તિ પણ તેઓની સામે હતી તથા જો તેઓને આવશ્યકનો અર્થ નિર્યુક્તિપરક કરવાનુ યોગ્ય લાગ્યું હોત તો તેઓશ્રી પોતાની શ્રી તત્ત્વાર્થભાષ્યની વૃત્તિમાં તે પ્રમાણે જરૂર કરત, પરંતુ તેમ ન કરતાં જે સીધો અર્થ કર્યો છે તે વાચકશ્રીના ભાષ્ય અને શ્રી સિદ્ધસેન ગણિની ટીકાના વિચારનો પોષક છે. એમ કબુલ કરવુજ પડશે—"

શરૂઆતથી ધ્યાનપૂર્વક લેખ વાંચીને વસ્તુસ્થિતિ તથા ચર્ચાના વિષયને સમજનાર વિચક્ષણ વાંચક તો વિના મહેનતે સમજી શકશે કે સુખલાલજીએ બીજા અને ત્રીજા પ્રમાણ તરીકે એવા ઉલ્લેખો ગોઠવી દીધા છે કે જે પ્રસ્તુત ચર્ચાને અંગે બીલકુલ ઉપયોગી નથી હા, માત્ર શોધવા જઈએ તો એક દોઢ પંક્તિ કંઈક પ્રસ્તુત ચર્ચાને સ્પર્શ કરે તેવી મળી શકે તેમ છે પણ તે આગળ પાછળનો સંબંધ છોડી દઇ વચમાંથી ઉપાડી લઇને ગોઠવવામાં આવી છે, અને તે છે શ્રી સિદ્ધસેનગણિવરની ટીકાની, ત્યારે મૂકી છે શ્રી ઉપાધ્યાયજી મહારાજની ટીકાના નામે—અસ્તુ, ગમે તે હો પણ આપણે તો એ પ્રમાણો મુકવા માટે કરેલી અવતરણિકાઓ અને તેના ઉપર કરેલ વિવેચનોની ક્રમસર તપાસ કરીએ—

બન્નેય પ્રમાણોની અવતરણિકા કરતાં જાણે એ બન્ને ટીકાકાર મહર્ષિઓ પોતાના જ અભિપ્રાયનુ સમર્થન કરતા ન હોય એમ બતાવવાનો જે આડંબર સુખલાલજીએ કર્યો છે તે તો આપણે જ્યારે તેમણે પ્રથમ પ્રમાણ તરીકે રજુ કરેલો પૃ—૯૧—૯૨ નો ભાષ્યનો ઉલ્લેખ અને તેના ઉપરની બન્નેય ટીકાના ઉલ્લેખો અક્ષરશઃ જોઇશું ત્યારે આપોઆપ ઉડી જશે

બીજા અને ત્રીજા પ્રમાણને રજુ કરતાં તેને લગતી જે અવતરણિકા રજુ કરી છે તે અવતરણિકામા લખેલી બીના જો કોઇ સુખલાલજીએ

આપેલા પ્રમાણમાંથી કદાચ મળે તો તે મળે જ નહિ એટલી વાત વિદ્વાન્ સુખલાલજીએ કરેલી અવતરણિકામાં જિજ્ઞાસુઓને જડી શકશે.

બીજા અને ત્રીજા પ્રમાણ તરીકે મૂકેલા બન્ને ટીકાના ઉલ્લેખો એમાં આપેલું ઉત્કૃષ્ટ રૂપક જોઈએ તો તેમાંથી આપણને કમસર એટલું જ મળી આવે છે—

શાસ્ત્રમાં આવેલા સામાયિક આદિ શબ્દો તે તે અધ્યયનના બોધક છે યા નહિ? સામાયિક આદિનું સ્વરૂપ, 'ગણધરાનન્તર્યાદિભ્યઃ'– આ પદનો અર્થ અને સામાયિક આદિ છ અધ્યયનોના સમૂહને આવશ્યકશ્રુતસ્કન્ધ કહી શકાય યા નહિ?'

આ વસ્તુમાં તો સિદ્ધાંત પક્ષને અણુમાત્ર પણ વિરોધ નથી. કારણ કે શાસ્ત્રકાર મહર્ષિએ ભગવાન કૃતની ગણના કરતાં બતાવેલા સામાયિકથી આરંભીને પ્રત્યાખ્યાન સુધીના શબ્દો તે તે અધ્યયનના જ બોધક છે, એ છ અધ્યયનોના સમૂહનું જ નામ શ્રી આવશ્યકશ્રુતસ્કન્ધ છે, અને 'ગણધરાનન્તર્યાદિભ્ય' પદનો જે અર્થ કર્યો છે તે પણ યથાર્થ જ છે. આ વસ્તુ સામે કોઈ પણ સિદ્ધાન્તવાદીઓને શક ઉઠતી જ નથી.

વધુમાં સુખલાલજીએ પૂજ્યપાદ શ્રી સિદ્ધસેન ગણિવરજી અને ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરની ટીકાનો ઉતારો કરતાં કમસર નીચેની અવતરણિકાઓ કરી છે—

૧–"ગણધરાનન્તર્યાદિભિઃ" એ પદનો અર્થ સ્પષ્ટપણે જ સુધર્મશિષ્ય જંબૂ પ્રભવ વગેરે એટલો જ કરે છે, અને તે દ્વારા તેઓશ્રી તે પોતાનો ભાવ અન્તમાં સૂચવે છે કે ભગવાન જેમાં પ્રથમ આવશ્યક પણ સન્નિહિત છે તે સુધર્મકૃત નહિ પણ સુધર્મશિષ્ય જંબૂ તથા પ્રભવ આદિ અન્ય આચાર્યકૃત છે."

૨ "ભગવાન જેમાં તેઓશ્રી પોતે પ્રથમ જ આવશ્યક શ્રુતસ્કન્ધનો સમાવેશ કરે છે તેને સુધર્મ પટ્ટધરશ્રી જંબૂ સ્વામી આદિ વડે રચાયાનું પ્રતિપાદન કરે છે"

આ ઉપરની વાતો એની એની અવતરણિકામાં મૂકી છે તેના અવતરણમાંથી સુખલાલજી બતાવી શકશે ખરા!

સુખલાલજીએ ખુબ ધ્યાનમા રાખવુ જોઇએ કે નિર્મળ નેત્રના વિચારક વાંચકોને આવા પ્રકારના વિચિત્ર શબ્દ છળથી કદી જ નહિ ઠગી શકાય

પૂજ્યપાદ શ્રી સિદ્ધસેનગણિવરની ટીકાનુ પ્રમાણુ ગોઠવી, તેની ઉપર વિવેચન કરતા સુખલાલજીએ કરેલું લખાણુ તો જ સગત થાય કે જો કોઇ પણુ સિદ્ધાન્તપક્ષના અનુયાયિએ "ભાષ્યમા જે 'સામાયિક, ચતુર્વિંશતિસ્તવ...પ્રત્યાખ્યાન' આદિ શબ્દો છે તે આવશ્યકના અધ્યયનબોધક નહિ, પરંતુ તે તે અધ્યયનની નિર્યુક્તિના બોધક છે; અર્થાત્ અગબાહ્યમાં આવશ્યક ગણુવું ન જોઇએ," આવી સુખલાલજીએ ઉપજાવી કાઢેલી દલીલ કરી હોય, આવશ્યક શ્રુતને નિર્વિવાદપણે અંગબાહ્યશ્રુત તરીકે સ્વીકારનાર સિદ્ધાન્તાનુસારી પક્ષને શા માટે એવી અસગત દલીલ કરવી પણુ પડે?, અર્થાત્ શ્રી આવશ્યકસૂત્ર એ અગબાહ્યશ્રુત છે. આ વાત સિદ્ધાંતપક્ષને સર્વ પ્રકારે માન્ય છે અને 'ભાષ્યમા આવેલા 'સામાયિક' આદિ શબ્દો આવશ્યક સૂત્ર ગત અધ્યયનોના જ બોધક છે, પણુ નિર્યુક્તિના બોધક નથી' આ પણુ સિદ્ધાત પક્ષને સર્વથા માન્ય છે. એટલે હવે એમના 'क–ख–ग–घ–' માંના આક્ષેપો એ અસ્થાને છે એમ કહેવામા શી હરકત છે? ભાષ્યકાર મહર્ષિ જેવા પરમ પ્રામાણિક પુરૂષપ્રવર ઉપર કલ્પના ખાતર પણુ–"વાચક શ્રી શબ્દ પ્રયોગ કુશળ ન હતા,"–આવો ભયકર આક્ષેપ કરવાનુ કાર્ય સુખલાલજી જેવાને જ શોભી શકે.

૯૧–૯૨ મા પૃષ્ઠનો ભાષ્યનો ઉલ્લેખ અને તેના ઉપરની બન્ને ટીકાઓનો અક્ષરશ ઉતારો કરવા પૂર્વે સુખલાલજીએ પોતાની માન્યતાની સિદ્ધિ માટે આપેલું એક દોઢ પકિત જેટલુ પ્રમાણુ તેમની માન્યતાથી કેટલું બધું વિરૂદ્ધ જાય છે એ જોઈ લેવા જેવું છે.

સુખલાલજી કહે છે કે—

"હું સંપૂર્ણ મૂળ આવશ્યકને ગણુધરકૃત નથી માનતો, પણુ તેના કર્તા સ્થવિરોને લગભગ ગણુધર સમકાલીન અગર લગભગ તેટલા જ પ્રાચીન માનુ છુ," અને—"गणधरा इन्द्रभूत्यादय तेषामनन्तरे ये साधवस्तेऽन-

न्यपी: टिप्पा इत्यादि । ते गणधरानन्तर्यो जम्बूनामादयो आदिर्येषां प्रभवादीनां ते गणधरानन्तर्यादयः । આ પ્રમાણદ્વારા સિદ્ધ થાય છે કે આવશ્યક સૂત્રાદિ ગણધર ભગવંતોની શ્રી જંબૂસ્વામી આદિએ રચ્યું છે.

જો મુનિશ્રીજી પોતે આપેલા પ્રમાણને જ પોતે માન્ય રાખતા હોત તો "તેના કર્તા સ્થવિર ભગવંત ગણધર સમકાલીન અગર લગભગ તેઓના જ સમકાલીન છે" આવી ગોળ ગોળ વાત કરવા કરતાં સ્પષ્ટપણે એમ જ કહી દેત કે શ્રી આવશ્યકસૂત્રાદિના કર્તા સ્થવિર અન્ય કોઈ નહિ પણ જંબૂસ્વામીજી વા પ્રભવસ્વામીજી વિગેરે જ છે.

પણ આ કહેવું એ એમને પાલવે તેમ નથી કારણ કે જો તેઓ એમ કહે કે શ્રી આવશ્યકસૂત્રના કર્તા શ્રી જંબૂસ્વામીજી વા પ્રભવસ્વામીજી છે તો તો—" શું ગણધર મહારાજાઓ અને તેમનો શિષ્યપરિવાર વિગેરે પ્રતિક્રમણ કર્યા વગર જ રહેતો હતો?—" આ પ્રશ્ન એમની સામે એવી રીતિએ ઉભો રહે છે કે તેમની ઉત્તર આપવાની જરાયે શક્તિ રહેવા ન પામે. કારણ કે પ્રભુ શ્રી મહાવીરદેવે તીર્થની સ્થાપના કરી ત્યારે તો શ્રી જંબૂસ્વામીજીનો જન્મ થયો છે અને તે પછી વર્ષો બાદ શ્રી જંબૂસ્વામીજીએ પરમાત્મા શ્રી મહાવીરદેવના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામીજી પાસે દીક્ષા અંગીકાર કરી છે તો પછી ત્યાં સુધી શ્રી ગણધરદેવાદિ ચાર પ્રકારનો સંઘ ઉભયકાલ આવશ્યક—પ્રતિક્રમણ શાના આધારે કરતો હતો? અને અનેક મહાપુરુષોએ 'સામાયિક આદિ અગીઆર અંગો' નો અભ્યાસ શી રીતિએ કર્યો? વિગેરે પ્રશ્નોના ઉત્તર આપવા એ મુનિશ્રીજીને ભારે પડે તેમ છે. એટલે પોતે માને છે બીજું અને પ્રમાણો આપે છે બીજાં!. અસ્તુ.

ચાલો હવે આગળ ચાલો—

૬૧-૬૨ આ પૃષ્ઠનો આખો લેખ અને તેના ઉપરની અને ટીકાઓનો આધાર. (લેખ કહીને આપણું એટલું કહેવું છે કે અને ટીકાકાર-મહાર્ષિઓ કેવી સ્પષ્ટ રીતિએ શાસ્ત્રસિદ્ધ વસ્તુનું સમર્થન કરે છે.

૯૧-૯૨ મા પૃષ્ઠનો-સુખલાલજીએ રજુ કરેલા ભાષ્યનો ઉલ્લેખ—

"अथ श्रुतज्ञानस्य द्विविधमनेक द्वादशविधमिति किंकृतः प्रतिविशेप इति ?। अत्रोच्यते-वक्तृविशेपाद् द्वैविध्यम् । यद् भगवद्भिः सर्वज्ञैः सर्वदर्शिभिः परमर्पिभिरर्हद्भिस्तत्स्वाभाव्यात् परमशुभस्य च प्रवचनप्रतिष्ठापनफलस्य तीर्थकरनामकर्मणोऽनुभावादुक्तं भगवच्छिष्यैरतिशयवद्भिरुत्तमातिशयवाग्बुद्धिसम्पन्नैर्दैब्ध तदङ्गप्रविष्ट । गणधरानन्तर्यादिभिस्त्वत्यन्तविशुद्धागमैः परमप्रकृष्टवाङ्मतिबुद्धिशक्तिभिराचार्यैः कालसंहननायुर्दोपादल्पशक्तीना शिष्याणामनुग्रहाय यत् प्रोक्त तदङ्गबाह्यमिति ।"

*　　*　　*　　*

હવે આ ઉપરના ભાષ્ય ઉપરની બન્ને ટીકાઓના ઉલ્લેખો—

—તેમાં—

૧—પ્રથમ-પરમર્ષિ શ્રીસિદ્ધસેનગણિવરની ટીકાનો ઉલ્લેખ

—: નીચે પ્રમાણે —

"पुनश्चोदयति-अवगतो विशेप एतयोः, अथ श्रुतज्ञानस्य द्विविधादि भेदः किं कृत इति ? सर्वं तद् द्रव्यश्रुतं भावश्रुतस्य निमित्तमिति शक्य वक्तुम् । एवमुक्ते सूरिराह-वक्तृविशेपादित्यादिना । वक्तारः तस्य ग्रन्थराशेर्निबन्धकास्तेपां विशेपो भेदस्तस्माद् द्वैविध्यं-द्विविधत्व-द्विभेदताऽनुमातव्या । यद्भगवद्भिरित्यादि । अथ पिण्डार्थः-तीर्थकृद्भिरर्थः कथितः स गणधरैर्गणधरशिष्यादिभिश्च रचित इति गणधरास्तद्वंशवर्तिनश्च द्वये वक्तारस्तद्भेदाद् द्विविधमिति । एतदाह-यद् उक्त तैर्भगवद्भिरैश्वर्यादिगुणान्वितैः, सर्वद्रव्यपर्यायान् जानद्भिः विशेपतः सर्वज्ञैः, तानेव सामान्यतः पश्यद्भि. सर्वदर्शिभिरिति । सामान्यकेवलिनो हि प्रधानभावं बिभ्रति ऋपयः, प्रधानास्तीर्थकराः परमर्पिभिः इत्याह, पूजां त्रिदशादीनामर्हद्भिरित्यतोऽर्हद्भिः (सम्बन्ध-का० ७)।

किमर्थं कृतकृत्या अर्हन्तो गणधरेभ्यः कथयन्त्यर्थमिति ?। उच्यते–तत्स्वाभाव्यादिति । तेषामेष एव स्वभावस्तीर्थकृतां यतः सत्त्व दिव्यध्वनिर्गणधरादिभ्यः प्रकाशनीयः सोऽर्थः इति, न च स्वभावेऽस्ति पर्यनुयोगो, भास्करप्रकाशवत्, किमर्थमयमंशुमाली जगत्–प्रकाशयतीति न कश्चित् प्रश्नयति। अथवा भव्यार्थं एव तदा भगवान्, किमिति ? कर्मोदयमाहात्म्यात् । कस्य कर्मण इति चेत् ? उच्यते–तीर्थकरनामाख्यस्य । तद् इहविशेषणमुपक्षिपति परमशुभस्येत्यादि । परमं च तच्छुभं च परमशुभं तस्य। कथं परमशुभमेतेति चेत् यतस्तत्रिभुवनेऽप्यन्या असातादिकाः प्रकृतय उदिता अपि न स्वविपाकं प्रकटं दर्शयितुं प्रभवः, क्षीरकुम्भापूरितकुम्भे पिचुमन्दरसबिन्दुवदिति । एवं परमशुभस्य, प्रवचनं द्वादशाङ्गं ततोऽनन्यभाविनी संघस्तस्य प्रवचनस्य प्रतिष्ठापनं–निर्वर्तनं प्रयोजनमस्य तत्प्रवचनप्रतिष्ठापनफलं तस्य, तीर्थं तदेव गणिपिटकं सङ्घः, सम्यग्दर्शनादित्रयं वा तद् कुर्वन्ति–उपदेशयन्ति ये ते तीर्थंकराः, तान् भावयति–करोति यत् तद् तीर्थंकरनाम तस्य तदेवार्हदादिपूजाकरणादेतोः किल मार्गं कर्मैस्यभिनीयते तस्यानुभावात्, पश्चात् विपाकादिस्पर्शः । अतस्तस्मादनुभावात् यदुक्तं–प्रतिपादितं तीर्थकृद्भिः तदेव तीर्थकरम विपादितवर्णमात्रं उत्पन्नमिति वा विगतमिति वा ध्रुवमिति वा इत्येवं तत् सूचित्वा गणधरैः तेषां निजगं विशेषणमुपक्षिपति–भगवज्जिनेरित्यादिना स्वयं परिविछिन्नं निरस्यति। पुनश्च सामान्यबुद्ध्या न भवन्तीति दर्शयति–अमितबुद्धिभिरिति । अतिशयाः विविधाः वाङ्मय । यथा–
"पद् पं पञ्चदशपूर्वी पदस्तो (को ?) पदसहस्सं पदाणो पदसहस्सं"।
इत्येवमादयः, ते येषां सन्ति तेऽक्षिपबुद्धयस्तैरिति । तथा तत्पापि पवस्यादिना कुर्म्यं निरस्यति, यत पापमा अक्षिपपाः (बीजकोष्ठादि बुद्धयः) प्रसाधसपमः गाम्भिपश्चिपार्थप्रतिपादिका बुद्धि' बीजकोष्ठकादि, यावद् मन्यते तद् सर्वमसौ सूचाति न किञ्चित् न स्मयति विस्मृयनाम

मपीत्यर्थः। आभिरुत्तमाः अतिशयवाग्बुद्धिभिः सम्पन्नाः—अन्विता-स्तैः साधुवृन्दोपदेशनप्रवृत्तैर्गणधारिभिर्यत् दृब्धं—रचितं तदङ्गप्रविष्टमाचारादि भण्यते, अङ्गबाह्य सम्मतितनैः कृतमिति तदुच्यते। गणधरा इन्द्रभूत्यादयः तेपामनन्तरे ये साधवस्तेऽनन्तर्याः शिष्या इत्यर्थः ते गणधरानन्तर्याः जम्बूनामादयः आदिर्येपां प्रभवादीना ते गणधरानन्तर्यादयः, तैरत्यन्तनिर्मलागमैः परमप्रकृष्टा वाङ्मतिबुद्धिशक्तयो येपा तैरिति, वाग्-भाषा—स्पष्टवर्णा—सकलदोपरहिता मतिः, बुद्धिश्चतुर्विधा, शक्तिः वादलब्ध्यादि। एवंविधैरपि नोज्झितचारित्रैरित्येतदाह—आचार्यैः ज्ञानाद्याचारानुष्ठायिभिरिति। किमर्थं तैस्तत एव प्रवचनादुद्धृत्य दशवैकालिकादि राचतम्? उच्यते—अल्पशक्तिनामनुग्रहार्थम्। कस्मादल्पशक्तय इति चेत्? उच्यते—कालसहननेत्यादि। कालदोपात् कालस्य दुःपमाभिधानस्य स्वभावात् पुरुपा अल्पशक्तयो भवन्ति, संहननच्छेदवर्ति स एवदोपस्तद्वाऽल्पसामर्थ्यम्, आयुः—जीवितं तदल्प यः सर्वचिर जीवेत् स वर्पशतमिति अत एतस्मात् कालादिदोपादल्पशक्तयः प्रुमासो भविष्यन्तीत्येवं मन्यमानैर्गणधरवशजैः सूरिभिः शिष्याणां अनुग्रहाय—उपकारायाल्पेनैव ग्रन्थेन सुबहुमर्थमूहिष्यन्त इति मन्यमानैर्यत् प्रोक्तं दशवैकालिकादि तदङ्गबाह्यमिति।"

* * * *

બીજી—ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરની—ટીકાનો ઉલ્લેખ
—:નીચે પ્રમાણે:—

"अथ श्रुतज्ञानस्य द्विविधत्वादिकं किमुपाधिकृतमित्याशङ्कते-'गृ-हीम' इत्यादिना, उत्तरमाह—उच्यते वक्तृविशेपादित्यादि, वक्तारस्तस्य ग्रन्थराशेर्निबन्धकास्तेपा विशेपो भेदस्तस्माद् द्वैविध्य द्विभेदता परिभापणीया, यद्भगवद्भिरित्यादेरय समुदायार्थः। तीर्थकृद्भिरर्थः कथितः स गणधरैर्गणधरशिष्यादिभिश्च रचित इति गणधरास्तद्वशवर्तिनश्च ये वक्तारस्तद् भेदाद् द्विविधमिति इदमेव यदुक्तं तैर्भगवद्भिरैश्चर्यादिमद्भिः,

सर्वद्रव्यपर्यायान् जानन्ति विशेषतस्ते सर्वज्ञाः, तान् पश्यन्ति सामान्यतस्ते सर्वदर्शिनः, अथवा सामान्यकेवलिनस्तेभ्यः परमे परमर्षिभिः, पूर्वा भिसवादिनामर्हन्ति देवेन्द्रैः, कृतपूजा अर्हन्तः कुतोऽर्हं ममप ऐभ्यः कथमन्तीत्यत्र हेतुमेतामाह—यस्मात्सामान्यापोर्थिकत्व ज्ञानमहान अर्थं प्रकाशयन्त्येतेवेति तेषां स्वभावात् । नहि स्वभावे पर्यनुयोगोऽस्ति मारकरमकाक्षवत्, किमर्थमयमुष्णाली भवत् प्रकाशयतीति प्रमानकम धात् । नित्ये स्वभावे नास्ति पर्यनुयोगोऽनित्ये तु क्व इति हेतुमयो यमस्येव, निष्ठावचित्करकार्योत्पत्तिः स्वभावस्य कारणनियम्यत्वात्, अत एव "हेतुभूति निषेधो न, स्वानुपाख्यविधिर्न च ॥ स्वभाववर्णना-नैवमवधेर्नियतत्वतः ॥" इत्युदयनकारिकायां स्वभावस्यावाप्यक-स्मात्त्वपक्षो योऽपोऽङ्गितो दृष्टिव इत्यसत आह परमधर्मस्योत्कृष्टस्या-त्मनो यस्मिन्ननुविधेयाऽतावा अपि महत्यो श्रमा न स्वनिपात कृतं सर्वमितिमर्थ, क्षीराद्रविकृम्भे पिचुमन्दरसबिन्दुवत् । तथा प्रवचने भुतं सङ्घे वा करमविज्ञापने फलं यस्य तास्यस्य, तीर्थकरनामकर्मणोऽनु भावाद्विपाकोदयात् । एवं यदुक्तं तीर्थकृद्भिस्तदेवार्थमात्रं गृहीत्वा गणधरैर्भगवद्भिर्व्यः, मनु स्वयं गृहीतविद्भिः भवितुमर्हिर्पेठात् पर सहस्रनिर्माणापुष्पकस्मितिविधिप्रकल्पुषेदः । तथमाः भगाना भविप्रया मसाधारणया यामापी बुद्धिय बीजकोष्ठादिका तामिः समधरन्निवेः, हर्षं रचितं सदाममितिं मन्यते । भगवान् गणोर्मैमिः कृतमिति वतुष्पदे मजमरा इन्द्रियसुखादयस्तेषामानन्त्यं येषां ते अन्त्यान्दयस्ते आदिर्येषां ते ममताममयस्तैः, अत्यन्तविशुद्धागमैरविनिर्मयमपोपदमे, परमप्रकृष्टा वाङ्मयविशकथा येषां तैः आचार्यैः यमविपाकारात् हापितिमिः, कामा दुर्गममाभिधानाः, धीरनर्थ छन्दति, आयुरस्त्री वितम्, येषां द्वेपत्कापरिणामत्वस्मात्, अतदाकीनां हीनसामर्थ्या मात्, मिथ्यावाद्द्वारापारल्येनैव प्रयोजन ग्रहणं सर्वमिति अपारम्याधिनीच्-या, यत् मोक्ष भवनादुद्भूय इत्येऽभिहारि, तदद्भावम् ।"

વાચકવર શ્રી ઉમાસ્વાતિ વિરચિત શ્રી તત્ત્વાર્થભાષ્યના બન્ને ટીકાકારોને પરમ પ્રામાણિક તરીકે સુખલાલજીએ સ્વીકાર્યા છે, ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરને તો તેઓ ભાષ્યના છેલ્લામા છેલ્લા અને મોટામા મોટા ટીકાકાર તરીકે સ્વીકારી તેઓશ્રી ઉપર પૂરતો આધાર રાખી તેઓશ્રીના સબંધમા લખે છે કે—

"ઉપાધ્યાય શ્રીયશોવિજય જેવા શાબ્દિક, આલંકારિક, નૈયાયિક અને આગમિક વિષે કોઈ પણ એમ કહેવાનું સાહસ ભાગ્યે જ કરશે કે તેઓ ચાલતી શ્રુતપરંપરા કરતા કાંઈ નવુ જ લખી ગયા છે અથવા તો તેઓને લાક્ષણિક અર્થ કરવાનું સુઝયું નહિં ઉપાધ્યાયજી વિશેષાવશ્યક ભાષ્ય વગેરે અન્ય સમગ્ર આગમ ગ્રથોના ઉંડા અભ્યાસી હતા અને વળી મલધારી શ્રીહેમચદ્રની વૃત્તિ પણ તેઓની સામે હતી, તેથી જો તેઓને આવશ્યકનો અર્થ નિર્યુક્તિપરક કરવાનું લાગ્યું હોત તો તેઓશ્રી પોતાની શ્રીતત્ત્વાર્થભાષ્યની વૃત્તિમાં તે પ્રમાણે જરૂર કરત, પરતુ તેમ ન કરતાં જે સીધો અર્થ કર્યો છે તે વાચકશ્રીના ભાષ્ય અને શ્રીસિદ્ધસેન ગણિની ટીકાના વિચારનો પોષક છે એમ કબુલ કરવું જ પડશે."

આ રીતિએ સુખલાલજીએ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરને પોતાના અભિપ્રાયની સિદ્ધિના હેતુથી પણ પરમ પ્રામાણિક તરીકે સ્વીકાર્યા છે, તેઓએ પણ ઉપર ટાંકેલા ઉલ્લેખમા 'આવશ્યક શ્રુતસ્કધ અંગબાહ્યની ગણુનામા હોવા છતાં તે શ્રી ગણધરદેવોએ રચેલો છે.' એ શાસ્ત્રસિદ્ધ માન્યતાને સૂચિત કરનારો ઉલ્લેખ નીચે પ્રમાણે કર્યો છે—

"अङ्गबाह्यं ततोऽर्वाग्भिः कृतमिति तदुच्यते। गणधरा इन्द्रभूत्यादयस्तेषामानन्तर्यं येषा ते जम्ब्वादयस्ते आदिर्येषां ते प्रभवादयस्तैः, अत्यन्तविशुद्धागमैरतिनिर्मलक्षयोपशमैः, परमप्रकृष्टा वाग्मतिशक्तयो येषां तैः, आचार्यैः पञ्चविधाचारानुष्ठायिभिः, कालो दुःषमाभिधानः, संहननं छेदवर्ति, आयुरल्पजीवितम्, तेषां दोषस्तथापरिणामस्तस्मात्, अल्पशक्तीनां शिष्याणामनुग्रहायाल्पेनैव ग्रन्थेन सुबहुमर्थमेतेऽवगाहन्तामितीच्छया यत् प्रोक्त प्रवचनादुद्धृत्य दशवैकालिकादि, तदङ्गबाह्यम्।"

સારાંશ—ગણધરોએ પછી થયેલા આચાર્યોએ જે અનંગબાહ્ય શ્રુત રચ્યું છે તે કહીએ છીએ—'ઇન્દ્રભૂતિ આદિ ગણધરો પછી થયેલા અત્યન્ત વિશુદ્ધ આગમના જ્ઞાતા, અતિ નિર્મલબુદ્ધિબલના ધરનાર, પરમોત્કૃષ્ટ વાણી, બુદ્ધિ અને શક્તિના સ્વામી અને જ વિવિધ આચાર્યના પાઠક શ્રી જંબૂસ્વામી, શ્રી પ્રભવસ્વામી આદિ આચાર્યોએ, કાલ, સંહનન અને આયુષ્યના દોષથી શક્તિહીન થયેલા શિષ્યોના ઉપકાર માટે તેઓ અલ્પ બોધવાળા થયા અર્થનું અવગાહન કરે' આવા પ્રકારની ઇચ્છાએ પ્રવચનમાંથી ઉદ્ધાર કરીને રચ્યું જે દશવૈકાલિક આદિ શ્રુત તે અનંગબાહ્ય શ્રુત કહેવાય છે.'

\+ \+ \+ \+

ટીકાકાર શ્રી સિદ્ધસેનગણિવરે પણ ઉપર પ્રમાણે કહ્યું છે. આ બેઉ ટીકાનાં પ્રમાણો ઉપર આધાર રાખી મુગ્ધજીવોએ કરેલી કલ્પના સર્વથા અસંગત છે એ સ્પષ્ટ જ છે

હવે એક શ્વેતાંબરની વાત કરે છે. શ્વેતાંબરમાં તો ગ્રન્થના ગ્રહ પૈકી એમ જણાવ્યું છે કે—

" भद्रबाहुस्वामिनाऽऽवश्यकान्तर्भूतचतुर्विंशतिस्तवरचनमपराव-श्यकरचनं च निर्युक्तिरूपतया कृतमिति साक्षी श्रीमदाचाराङ्ग-वृत्तौ तवैताधिकारेऽस्तीति बोध्यमिति। "

અર્થાત્— આવશ્યકાન્તર્ગત ચતુર્વિંશતિસ્તવ અને અપર આવશ્યકની રચના શ્રી ભદ્રબાહુસ્વામિજીએ નિર્યુક્તિરૂપે કરી છે' આનો સાક્ષી શ્રી આચારાંગસૂત્રની વૃત્તિમાંથી નીકળે છે

* * *

આ સ્થળે એક પ્રશ્ન મુગ્ધજીવો ઉપસ્થિત કરી શકે તેમ છે અને તે એમ કે—

જો શ્વેતાંબરશાસ્ત્રનો આશય 'આખું આવશ્યક નિર્યુક્તિરૂપે જ શ્રી ભદ્રબાહુસ્વામિજીએ રચ્યું છે' આ પ્રમાણે કહેવાનો હોત તો ચતુર્વિંશતિસ્તવ અને અપર આવશ્યક એમ બન્નેને ભિન્ન ભિન્ન વર્ણવી શું કામ લખત ?

પણ આ પ્રશ્ન વિચાર કરતાં ટકી શકે તેમ નથી, કારણ કે કોઈ અલ્પમતિની " ચતુર્વિંશતિસ્તવ શ્રી ભદ્રબાહુસ્વામિનું રચેલું છે. "

આ ખોટી માન્યતાનો નિરાસ કરવાની ખાતર જ 'ચતુર્વિંશતિસ્તવ', અને 'અપર-આવશ્યક' આ પ્રમાણે ભિન્ન ભિન્ન ઉલ્લેખ કરી તેની નિર્યુક્તિરૂપે રચના શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામિજીએ કરી છે એમ જણાવવામા આવ્યુ છે

આથી વાચનાર સારી રીતિએ સમજી શકશે કે સુખલાલજીએ આપેલા ચારેય પ્રમાણો પૈકી એક પણ પ્રમાણ એવું બલવત્તર નથી કે જેના બળે સુખલાલજી પોતાની 'તે (આવશ્યક) ગણધર ભિન્ન-કૃત હોવાનાં એકથી વધારે સ્પષ્ટ પ્રમાણો મળે છે" આ બીજી માન્યતાનુ પ્રામાણિકપણે સમર્થન કરી શકે પ્રત્યુત સુખલાલજીએ આપેલા પ્રમાણો તો તેમની "સંપૂર્ણ આવશ્યક કે જે આવશ્યક ઉપર શ્રી ભદ્રબાહુસ્વામિની નિર્યુક્તિ મળે છે તે ગણધરકૃત જ છે એ મતલબનું કોઇ સ્પષ્ટ પ્રમાણ જ મળતું નથી" આ પ્રથમ માન્યતાનો ગર્ભિતપણે વિરોધ કરે છે અને ઉપર બતાવેલા સઘળા પ્રમાણોનુ નિરીક્ષણ કર્યા પછી તો એ ચારેય પ્રમાણો "**આવશ્યક-શ્રુતસ્કંધના અર્થથી પ્રણેતા શ્રી તીર્થંકરદેવ અને સૂત્રથી રચનાર શ્રી ગણધરદેવ છે" આ શાસ્ત્રીય સત્યનું જ સમર્થન કરે છે.**

છેવટે સુખલાલજીએ પોતાના અભિપ્રાયની સિદ્ધિ અર્થે ભાષ્યકાર ભગવાન્ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીની ૫૫૦ મી ભાષ્યની ગાથા અને તેના ઉપરની મલધારગચ્છીય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજની ટીકા, પોતાના તેની ઉપરના વિવેચન સાથે નીચેની રીતિએ રજુ કરી છે—

" **गणहर-थेरकयं वा आएसा मुक्क वागरणओ वा ।**
धुव-चल-विसेसओ वा अंगा-णंगेसु नाणत्तं ॥ "

" विशेषावश्यक सूत्र—गा० ५५० । "

व्याख्या—"अङ्गाऽनङ्गप्रविष्टश्रुतयोरिदं नानात्वमेतद् भेदकारणं । किम्?, इत्याह—गणधरा गौतमस्वाम्यादयः, तत्कृत श्रुतं द्वादशाङ्गरूपमङ्गप्रविष्ट-मुच्यते । स्थविरास्तु भद्रबाहुस्वाम्यादयः, तत्कृत श्रुतमावश्यकनिर्युक्त्या-

दिकमन्यदङ्गप्रविष्टम्—अङ्गबाह्यमुच्यते। अथवा सर्वदा गणधरपृष्टस्य तीर्थकरस्य संबन्धी य आदेशः प्रतिवचनमुत्पाद–व्यय–ध्रौव्यवाचकं पदत्रयमित्यर्थः, तस्माद् यद् निष्पन्नं तदङ्गप्रविष्टं द्वादशाङ्गमेव, मुक्तं मुक्तं अप्रश्नपूर्वकं च यद् व्याकरणमर्थप्रतिपादनं, तस्माद् निष्पन्नमङ्गबाह्यमभिधीयते, तच्चावश्यकादिकम्। वा शब्दोऽत्राङ्गानङ्गप्रविष्टत्वे पूर्वोक्तभेदकारणान्तरसूचकः। तृतीयभेदकारणमाह–" 'ध्रुव–चल विसेसओ वा' ध्रुवं सर्वतीर्थकरतीर्थेषु नियतं निश्चयभावि श्रुतमङ्गप्रविष्टमुच्यते द्वादशाङ्गमिति। यत् पुनरध्रुवमनियतभावि तत् तन्दुलवैकालिकप्रकरणादिश्रुतमङ्गबाह्यम्। वा शब्दोऽपि भेदकारणान्तरसूचकः, इदमुक्तं भवति–गणधरकृतं, पदत्रयलक्षणतीर्थकरादेशनिष्पन्नं, ध्रुवं च यच्छ्रुतं तदङ्गप्रविष्टमुच्यते, तच्च द्वादशाङ्गीरूपमेव। यत्पुनः स्थविरकृतं, मुत्कलार्थाभिधानं, चलं च तदावश्यकप्रकीर्णादिश्रुतमङ्गबाह्यमिति।"

× × × ×

"આ ટીકામાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતના લક્ષણો એક બીજાના સ્પષ્ટીકરણ ઉપરાંત બંને આગમોનાં જુદાં જુદાં ત્રણ ઉદાહરણો છે જે ખાસ ધ્યાન ખેંચે છે.

"[ક] પહેલી વ્યાખ્યામાં અંગપ્રવિષ્ટને શ્રી ગૌતમ આદિ ગણધરકૃત તરીકે ઓળખાવી તેના ઉદાહરણ તરીકે દ્વાદશાંગશ્રુતને ગણ્યું છે અને અંગબાહ્યને શ્રી ભદ્રબાહુ આદિ સ્થવિરકૃત તરીકે ઓળખાવી તેના ઉદાહરણ રૂપે આવશ્યક નિર્યુક્તિ વગેરે ગણ્યું છે.

"[ખ] બીજી વ્યાખ્યામાં ગણધરના પ્રશ્નના ઉત્તરમાં તીર્થંકરના ઉપદેશથી નિષ્પન્ન ત્રિપદી ઉપરથી રચાયેલ શ્રુતને અંગપ્રવિષ્ટ તરીકે ઓળખાવી તેનું ઉદાહરણ આપ્યું એ શ્રુત તે દ્વાદશાંગીરૂપ જ છે એમ ખાસ ભાર મૂકી [illegible] દ્વાદશાંગીને અંગપ્રવિષ્ટ કહ્યું છે અને [illegible] પ્રશ્ન વિના જે અર્થપ્રતિપાદન થયું હોય તેના ઉપરથી રચાયેલ શ્રુતને અંગબાહ્ય તરીકે ઓળખાવી તેના ઉદાહરણમાં આવશ્યક આદિ શ્રુત અંગબાહ્ય [illegible]

"[ग] ત્રીજી વ્યાખ્યામાં દરેક તીર્થંકરોના તીર્થમાં અવસ્યભાવી તરીકે બતાવીને જ અંગપ્રવિષ્ટ કહેવામાં આવ્યું છે અને દરેક તીર્થમાં નિયમથી ન હોનાર શ્રુતને અંગબાહ્ય તરીકે ઓળખાવી તેના ઉદાહરણમાં તન્દુલવૈકાલિક આદિને મૂક્યું છે.

"પહેલી વ્યાખ્યાના ઉદાહરણમાં શ્રી ભદ્રબાહુસ્વામી આદિ અને આવશ્યક નિર્યુક્તિ આદિ એ બે પદો ખાસ ધ્યાન ખેંચે છે, જ્યાં સુધી સંપૂર્ણ આવશ્યક સૂત્ર શ્રી ભદ્રબાહુસ્વામીકૃત છે એ મતલબનું સાધક પ્રમાણ ન મળે ત્યાં સુધી આવશ્યક નિર્યુક્તિ એ સામાસિક પદનો દ્વન્દ્વ સમાસને બદલે સામા પક્ષને અનુકૂળ એવો તત્પુરૂષ સમાસ જ લેવો જોઇએ, અને એ સમાસ લેતાં તેનો અર્થ એટલો જ થાય કે આવશ્યક નિર્યુક્તિ વગેરે જે શ્રુત શ્રી ભદ્રબાહુસ્વામી વગેરેનું બનાવેલું છે તેને અંગબાહ્ય સમજવું, નિર્યુક્તિ શ્રી ભદ્રબાહુસ્વામીની હોવાની પ્રસિદ્ધિ આબાલવૃદ્ધ પર્યંત જાણીતી છે તેથીજ તેનું ઉદાહરણ આપ્યું છે આ પ્રથમ વ્યાખ્યાના ઉદાહરણ ઉપરથી મૂળ આવશ્યક સૂત્રના કર્તા વિષે કશો જ પ્રકાશ પડતો નથી. બીજી વ્યાખ્યામાં અંગબાહ્યના ઉદાહરણ તરીકે આવશ્યકને મુખ્યપણે મૂકેલું છે, અને એને છુટાછવાયા કે પ્રશ્ન વિનાના જ ભગવાનના ઉપદેશ ઉપરથી રચાયેલું કહેવામાં આવ્યું છે જ્યાં સુધી ગણધરને આવશ્યકના કર્તા તરીકે અસંદિગ્ધપણે સાબીત કરતો પ્રાચીન ઉલ્લેખ મળી ન આવે ત્યાં સુધી આવશ્યક સૂત્રને અર્થરૂપે શ્રી તીર્થંકર કથિત માનવા છતા તેને શબ્દરૂપે ગણધરકૃત કેમ માની શકાય ? અને વળી જ્યારે ઉલટા અનેક વિરોધી પ્રમાણો આવશ્યક સૂત્રને ગણધરભિન્ન આચાર્યપ્રણીત બતાવનારા મળતાં હોય ત્યારે એમ માનવુ એ તો સ્પષ્ટ પ્રમાણોની અવમાનના કરવા જેવુ થાય અલબત્ત, સ્થવિર શબ્દ ગણધરને પણ લાગુ પડે છે, પણ તેથી આવશ્યક સૂત્ર ગણધરકૃત જ છે એમ કાંઇ ફલિત થતું નથી મલધારીશ્રીની ટીકાના ઉલ્લેખ ઉપરથી (તત્ત્વાર્થ ભાષ્ય આદિના ઉલ્લેખોને ધ્યાનમાં લઇ) અર્થ કાઢવા જઈયે તો સરલપણે એટલો જ અર્થ નીકળી શકે કે વગર પ્રશ્ને જ તીર્થંકરના ઉપદેશ ઉપરથી રચાયેલ જે આવશ્યક વગેરે શ્રુત તે અંગબાહ્ય આટલો અર્થ આવશ્યકના કર્તા તરીકે કોઇ વ્યક્તિનો નિર્ણય કરવા બસ નથી તેવા નિર્ણય માટે તો વિવાદગ્રસ્ત સ્થળમાં સ્પષ્ટ પ્રમાણો જોઇયે જો તત્ત્વાર્થભાષ્ય આદિના ઉપર ટાંકેલા ચાર સ્પષ્ટ પ્રમાણો આપણી સામે ન હોત તો મલધારીશ્રીની ટીકાનો અધ્યાહારવાળો ઉલ્લેખ ગણધરને આવશ્યકના કર્તા તરીકે મનાવવા આપણને લલચાવત ત્રીજી વ્યાખ્યા અને તેનાં ટાંકેલ ઉદાહરણ આપણને પ્રસ્તુત ચર્ચામાં કાંઇ ઉપયોગી નથી, તેથી

તે પર વિચાર કરવો એ આવશ્યક છે એટલે ઉપર જણાવેલ મલધારીશ્રી હેમચન્દ્રની ટીકા આવશ્યકને અનુસરતું સાબીત કરવા એમ સ્પષ્ટ પુરાવો છે આપતી નથી, તેથી શ્રુત નિર્યુક્તિ, તેનું ભાષ્ય અને મલધારીજીકૃત ટીકા એ ત્રણે તત્ત્વાર્થ ભાષ્ય આદિના પ્રથમ ટીકાકર્મીઓને અનુસરી બને એ રીતિએ ઘટાવવાં જોઈએ.

કદાચ વાંચકને એમ શંકા વિના નહિ રહે કે— મુનિશ્રી સાગરજી એ પોતાના અભિપ્રાયની સિદ્ધિ માટે આગ્રહી ન બન્યા હોત તો ભાષ્યકાર ભગવાન્ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીની એ ૫૫ મી ગાથા અને તેના ઉપરની મલધારી શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સ્પષ્ટ ટીકાનું અવલોકન કર્યા પછી જે અતિનું વિવેચન કર્યું છે તે ન કરી શકત.'

જવાબ—

પહેલી વ્યાખ્યામાં જે ગણધરકૃત તે અંગપ્રવિષ્ટ અને સ્થવિરકૃત તે અંગબાહ્ય આ લક્ષણ બાંધ્યું અને ઉદાહરણમાં અંગબાહ્ય તરીકે સ્પષ્ટ રીતિએ આવશ્યક નિર્યુક્તિને જ આદિમાં મૂકી.

બીજી વ્યાખ્યામાં—'શ્રી ગણધરદેવના પ્રશ્નોના ઉત્તરમાં શ્રી તીર્થંકરદેવદ્વારા ઉપદેશાયેલ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય' રૂપ ત્રિપદી ઉપરથી રચાયેલ જે શ્રુત તે અંગપ્રવિષ્ટ અને વિના પ્રશ્ને શ્રી તીર્થંકરદેવોએ કરેલ અર્થ પ્રતિપાદન ઉપરથી રચાયેલ જે શ્રુત તે અંગબાહ્ય આ પ્રકારનું લક્ષણ બાંધી અંગબાહ્ય શ્રુતના ઉદાહરણમાં આદિ તરીકે શ્રી આવશ્યક-સૂત્ર ને મૂક્યું.

ત્રીજી વ્યાખ્યામાં— સર્વ તીર્થંકરોના તીર્થમાં અવશ્ય હોનારું જે શ્રુત તે અંગપ્રવિષ્ટ અને સર્વ તીર્થંકરોના તીર્થમાં નિયમથી નહિ હોનારું જે શ્રુત તે અંગબાહ્ય આ રીતનું લક્ષણ બાંધી તેમાં અંગબાહ્ય શ્રુતના ઉદાહરણ તરીકે તંદુલવૈચારિક આદિમાં મૂક્યું છે

આ ત્રણેય વ્યાખ્યાઓ દ્વારા મલધારી શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ તો એજ ધ્વનિત કરે છે કે આવશ્યક સૂત્રકર્તા શ્રી ગણધરદેવોએ જ રચેલ છે

પહેલી વ્યાખ્યામા શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી આદિ સ્થવિરોએ રચેલ અંગબાહ્ય શ્રુતના ઉદાહરણ તરીકે આવશ્યક નિર્યુક્તિ આદિને મૂકી મલધારી મહારાજ એજ જણાવે છે કે—

'શ્રી આવશ્યકસૂત્ર અંગબાહ્ય પણ છે અને સ્થવિરકૃત પણ છે છતાં તે કોઈ અન્ય સ્થવિરકૃત નહિ પણ સ્થવિર-વિશેષણથી વિશિષ્ટ એવા શ્રી ગણધરદેવથીજ રચાયેલું છે, અને એજ કારણે 'આવશ્યકનિર્યુક્તિ' આ પદ તત્પુરૂષ સમાસથી જ સમસ્ત છે'

આ સત્યની સામે સુખલાલજી એમ કહેવા માગે છે કે—

"જ્યાં સુધી સંપૂર્ણ આવસ્યક સૂત્ર શ્રી ભદ્રબાહુસ્વામીકૃત છે એ મતલબનુ સાધક પ્રમાણુ ન મળે ત્યાંસુધી આવસ્યક નિર્યુક્તિ એ સામાસિક પદનો દ્વન્દ્વ સમાસને બદલે સામા પક્ષને અનુકૂળ એવો તત્પુરૂષ સમાસ જ લેવો જોઇએ,"

પરન્તુ સુખલાલજીની એ વક્રોક્તિ એક ક્ષણ પણ ટકી શકે તેમ નથી. કારણ કે 'આવશ્યક—નિર્યુક્તિ' આ સામાસિક પદના લખનારા મલધારી મહારાજ પોતે તો સ્પષ્ટ અક્ષરોમા જણાવે છે કે—

'સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન' આ છ અધ્યયન સ્વરૂપ શ્રી આવશ્યક સૂત્રની રચના શ્રી ગણધરદેવોએ કરી છે અને તેની નિર્યુક્તિ ચૌદ પૂર્વના ધરનાર શ્રી ભદ્રબાહુસ્વામિજીએ કરી છે.

'આવશ્યકનું એક પણ સૂત્ર શ્રી ભદ્રબાહુસ્વામિજીએ રચ્યું છે' એવું એક પણ પ્રમાણુ સુખલાલજી પાસે મોજુદ નથી એ દશામા સુખલાલજી કઈ ન્યાયબુદ્ધિના બળે જનતા સમક્ષ એમ બતાવવા મથી રહ્યા છે કે—

'મલધારી શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પહેલી વ્યાખ્યામાં અંગબાહ્યના ઉદાહરણુ તરીકે મૂકેલા 'આવસ્યકનિર્યુક્તિ' આ સામાસિક પદનો દ્વન્દ્વ સમાસ કરી શકાય તેમ છે પણ કેવળ સામા પક્ષની અનુકૂળતા ખાતર તત્પુરૂષ કરવો જોઈએ'

શું ગ્રંથોમાં આવતા શબ્દોના અર્થો ગ્રંથકારોના અભિપ્રાયને અનુસરવા કરવાનું મુખવાલાઓને રુચતું નથી? અને જો રુચતું જ હોય તો આવી મનકલ્પિત લાંબી લાંબી વિચારણાઓ કરવા બહાર આવેલા તે, સ્પષ્ટ અક્ષરોમાં લખાયેલી હકીકતોને પ્રેમપૂર્વક લક્ષ્યમાં નથી લેતા? અને જો તેઓ એક એક હકીકતને લક્ષ્યમાં લીધા પછી જ વાત કરે છે તો પુનરુક્તિના દોષને ત્યાગીને પણ હું કહું છું કે—શ્રી વિશેષાવશ્યક ભાષ્ય ઉપર 'શિષ્યહિતા' નામની બૃહદ્‌વૃત્તિની શરૂઆતમાં જ મલધારી શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ સ્પષ્ટ અક્ષરોમાં લખેલી—

" इह चरणकरणक्रियाकलापतरुमूलकल्पं सामायिकादिषडध्ययनात्मकश्रुतस्कन्धरूपमावश्यकं तावदर्थतस्तीर्थकरैः, सूत्रतस्तु गणधरैर्विरचितम्। अस्य चातीव गम्भीरार्थतां सकलसाधु-श्रावकवर्गस्य नित्योपयोगितां च विज्ञाय चतुर्दशपूर्वधरेण श्रीमद्भद्रबाहुस्वामिनैतद्व्याख्यानरूपा—" आभिणिबोहियनाणं सुयनाणं चेव ओहिनाणं च " इत्यादिप्रसिद्धग्रन्थरूपा निर्युक्तिः कृता। "

× × ×

આ હકીકત શું તેઓ પોતાના અનુભવમાં નથી લઈ શક્યા? અને જો લઈ શક્યા છે તો પછી તેઓ આ આધારે આવતા તો આ પ્રકારે કહેવા બહાર આવ્યા છે કે—

"આ પ્રથમ વ્યાખ્યાના ઉદાહરણ ઉપરથી મૂળ આવશ્યક સૂત્રના કર્તા વિષે કોઈ જ પ્રમાણ મળતું નથી."

ખરું કે સત્ય વસ્તુસ્થિતિથી પરિચિત થયેલો વિચારક તો નિઃશંકપણે નિહાળી શકે છે કે—

પ્રથમ વ્યાખ્યાના ઉદાહરણ ઉપરથી મૂળ આવશ્યક સૂત્રના કર્તા શ્રી ગણધરદેવો જ છે. આ વાત ઘણી જ સુસ્પષ્ટતાથી પ્રમાણિત થાય છે.

નવાંગીવૃત્તિકાર આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા પણ ફરમાવે છે કે—

"प्रवचनपुरुपस्याङ्गानीवाङ्गानि तेषु प्रविष्टं-तदभ्यन्तरं तत्स्वरूपमित्यर्थः, तच्च गणधरकृतं-'उपन्नेइ वे'त्यादि मातृकापदत्रयप्रभवं वा ध्रुवश्रुतं वा आचारादि, यत्पुनः स्थविरकृतं मातृकापदत्रयव्यतिरिक्तव्याकरणनिबद्धमध्रुवश्रुत मोत्तराध्ययनादि तदङ्गबाह्यमिति।"

સારાંશ—પ્રવચન રૂપ પુરૂષના અગરૂપ જે આચારાંગ આદિ અગપ્રત તે ગણધરકૃત છે,—'उपन्नेइ वा, विगमेइवा, धुवेइ वा'- આ ત્રણ માતૃકાપદથી ઉત્પન્ન થયેલું છે અને ધ્રુવ છે. વળી જે શ્રી ઉત્તરાધ્યયનાદિ અગબાહ્ય શ્રુત છે તે સ્થવિરકૃત છે, ત્રણ માતૃકાપદથી ભિન્ન વ્યાકરણ-અર્થપ્રતિપાદનના આધારે રચેલું છે અને અધ્રુવ શ્રુત છે.

× × × ×

ભગવાન શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજે કરેલા ઉપરના ઉલ્લેખ ઉપરથી પણ એજ સિદ્ધ થાય છે કે શ્રી આવશ્યક સૂત્ર અગબાહ્ય હોવા છતા તે ગણધરકૃત નથી એમ નથી—અર્થાત્ ગણધરકૃત છે.

આ સ્થળે સુખલાલજી જરૂર આ પ્રશ્ન કરવા લલચાશે કે—અગબાહ્યના ઉદાહરણમાં મૂકેલા 'उत्तराध्ययनादि' આ પદમા રહેલા આદિ શબ્દથી 'શ્રી આવશ્યક-સૂત્ર' નુ ગ્રહણ કેમ ન થઇ શકે ?.

પણ એ તેમનો પ્રશ્ન આગમના જ્ઞાતાઓ પાસે તદ્દન નકામો છે માટે એ ઉપરનો પ્રશ્ન કરવા પહેલાં તેમણે નીચેની વસ્તુસ્થિતિ ખાસ ધ્યાનમા લેવા જેવી છે

આપણે ઉપર નવાંગવૃત્તિકાર આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજે કરેલો જે ઉલ્લેખ જોયો તે ઉલ્લેખ તે મહર્ષિએ 'સ્થાનાગ' નામનું ત્રીજુ અગસૂત્ર-કે જે શ્રી ગણધરદેવનું જ રચેલું છે એમ સુખલાલજીને પણ ઇચ્છાયે કે અનીચ્છાયે હવે તો કબુલ જ રાખવું પડે તેમ છે—તેની વૃત્તિમા કર્યો છે અને તે શ્રી 'સ્થાનાગ' નામના અગસૂત્રમા અંગબાહ્ય શ્રુતને બે પ્રકારે બતાવવામા આવ્યું છે. એક

આવશ્યક અને બીજું આવશ્યકથી અતિરિક્ત એટલે શ્રી ઉત્તરા
ન સૂત્રની ગણના શ્રી આવશ્યકથી અતિરિક્તમાં કરવામાં
છે, એથી 'उत्तराध्ययनादि' આ પદમાં રહેલા આદિ શ
તેજ સૂત્રો ગ્રહણ થાય છે કે જે સૂત્રોની ગણના શ્રી આવશ્યકથી
રિક્ત તરીકે કરવામાં આવી હોય, અર્થાત્ 'उत्तराध्ययनादि'
પદમાં રહેલા આદિ શબ્દથી શ્રી આવશ્યકસૂત્રને તો કોઈપણ રી
ગ્રહણ જ ન થાય.

આથી આપણે તો નક્કીમાં એમ કહેવા પણ તૈયાર છીએ
શાસનની મર્યાદાના આધારે જેમ શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્ર
સ્વામી મહારાજાએ શ્રી આવશ્યકસૂત્રને તીર્થંકરકથિત અને ગ
રચિત તરીકે દર્શાવ્યું તેમ સુવિહિતાગ્રણી શ્રી હરિભદ્રસૂરીશ્વર
મહારાજાએ અને સમર્થ ટીકાકાર મહર્ષિ આચાર્યદેવ શ્રી મલયગિ
મહારાજાએ પણ શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામીજીના ક
મુજબ શ્રી આવશ્યકસૂત્રને તીર્થંકરકથિત અને ગણધરરચિત
દર્શાવ્યું. તથા કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વ
મહારાજાએ પણ એજ રીતિએ વર્ણવ્યું. તત્ત્વાર્થભાષ્યના ટીકા
તરીકે શ્રી સિદ્ધસેનગણિવરે તથા ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય
શ્રી યશોવિજયજી ગણિવરે પણ એ રીતિએ સૂચવ્યું તેજ રી
નવાંગીવૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ
સમવાયાંગના ટીકાગ્રન્થમાં 'उत्तराध्ययनादि' આ પદ મૂકીને
આવશ્યક સૂત્રને તીર્થંકરકથિત અને ગણધરરચિત તરીકે જ
વ્યું છે.

પણ મુગ્ધાત્માઓ આ પ્રશ્ને જો પ્રશ્ન કરતા જણાય
કે જેમ શ્રુતના ૧-એક અંગપ્રવિષ્ટ અને ૨-બીજો અનંગપ્રવિ
અંગબાહ્ય આમ બે ભેદ પાડવામાં આવ્યા છે તે રીતિએ અન
વિષ્ટ—અંગબાહ્યના ૧-એક આવશ્યક અને ૨-બીજો આવશ્યક
તિરિક્ત' આ પ્રમાણેના ભેદ કેમ કરવામાં આવ્યા છે?

ઉત્તરમાં આપણે તેમની બાબતને સમજી દેવાને શુભ ઉદ્દે
ધ્યાનમાં આણવી રહ્યું જોઈએ છે—શ્રી સ્થાનાંગ નામના ત્રીજા અં

સૂત્રમાં બીજા સ્થાનના પહેલા ઉદ્દેશાના બાવીસમા સૂત્રમાં એ ભેદો નીચે પ્રમાણે વર્ણવ્યા છે—

" अंगबाहिरे दुविहे पं० त०—आवस्सए चेव आवस्सयवइरित्ते चेव २२ । "

સારાંશ—" અંગબાહ્ય શ્રુત બે પ્રકારે પ્રરૂપ્યું છે અને તે આ પ્રમાણે–' એક આવશ્યક અને બીજું આવશ્યકવ્યતિરિક્ત '

\+ \+ \+ \+

શ્રી નંદીસૂત્રમાં પણ ઉપરની જ રીતિએ અંગબાહ્ય શ્રુતને બે પ્રકારે વર્ણવ્યું છે.

આ વાતની વધુ સ્પષ્ટતા માટે આપણા મહામહોપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજી ગણિવરે લોકપ્રકાશમાં આ વિષયને અંગે કરેલું વિવેચન ખાસ જોવા જેવું છે.

મહામહોપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજી ગણિવર પોતાના ' લોકપ્રકાશ ' નામના ગ્રંથમાં દ્રવ્યલોકના ત્રીજા સર્ગમાં આ વિષયનું વિવેચન કરતા લખે છે કે—

" सम्यक्श्रुतं जिनप्रोक्तं, भवेदावश्यकादिकम् ।
तथा मिथ्याश्रुतमपि, स्यात्सम्यग्दक्परिग्रहात् ॥ ८७ ॥
आवश्यकं तदपर–मिति सम्यक्श्रुत द्विधा ।
षोढा चावश्यक तत्र, सामायिकादिभेदतः ॥ ८८ ॥
तथाहि–सामाइयं चउवीसत्थओ वंदणयं
पडिक्कमणं काउस्सग्गो पच्चक्खाणं इति ।
आवश्यकेतरच्चाङ्गा–नङ्गात्मकतया द्विधा ।
अङ्गान्येकादश दृष्टि–वादश्चाङ्गात्मकं भवेत ॥ ८९ ॥
आचाराङ्ग सूत्रकृतं, स्थानाङ्गं समवाययुग् ।
पञ्चमं भगवत्यङ्गं, ज्ञाताधर्मकथापि च ॥ ९० ॥
उपासकान्तकृदनु–त्तरोपपातिकादशाः ।

प्रश्नव्याकरणं चैव, विपाकश्रुतमेव च ॥ ९१ ॥
परिकर्म १ सूत्र २ पूर्वानुयोग ३ पूर्वगत ४ चूलिका: पञ्च ।
स्युर्दृष्टिवादभेदाः, पूर्वाणि चतुर्दशापि पूर्वगते ॥ ९२ ॥

तानि चैवम्—

उत्पादपूर्वमग्रायणीयमथ वीर्यतः प्रवादं स्यात् ।
अस्तेर्ज्ञानात्सत्यात्तदात्मनः कर्मणश्च परम् ॥ ९३ ॥
प्रत्याख्यानं विद्याप्रवादकल्याणनामधेये च ।
प्राणावायं च क्रियाविशालमथ लोकबिन्दुसारमिति ॥९४॥
दृष्टिवादः पञ्चधाऽप्य-ङ्गं द्वादशमुच्यते ।
उपाङ्गमूलसूत्रादि, स्यादनङ्गात्मकं च तत् ॥ ९५ ॥

एवं च—

यदुक्तमर्थतोऽर्हद्भिः, संदृब्धं सूत्रतश्च यत् ।
महाधीभिर्गणधरै-स्तत्स्यादङ्गात्मकं श्रुतम् ॥ ९६ ॥
ततो गणधराणां यत्-पारम्पर्यपरीक्षणात्मपैः ।
शिष्यप्रशिष्यैराचार्यैः, प्राप्तवाङ्मतिशक्तिभिः ॥ ९७ ॥
कालसंहननायुर्दोषा-दल्पशक्तिमतीस्तथाम् ।
अनुग्रहाय संदृब्धं, तदनङ्गात्मकं श्रुतम् ॥ ९८ ॥

અર્થાત્—આ બાર શ્લોક પૈકીના ૮૭ મા શ્લોકમાં સમ્યક્શ્રુતનું સ્વરૂપ દર્શાવતાં– શ્રી જિનેશ્વરદેવોએ કહેલું આવશ્યકાદિશ્રુત સમ્યક્શ્રુત છે અને સમ્યક્ત્વવિના અન્ગીકાર કરવાથી મિથ્યા શ્રુત પણ સમ્યક્શ્રુત થાય છે. આ પ્રમાણે કહેવામાં આવ્યું છે, ૮૮ મા શ્લોકમાં ઉભયશ્રુતને '૧–એક આવશ્યક અને ૨–બીજું આવશ્યકેતર આ રીતિએ બે વિભાગમાં વ્હેંચીને સામાયિકાદિ છએથી આવશ્યક સૂત્ર છ પ્રકારે છે. એમ કહેવામાં આવ્યું છે તે પછી આવશ્યક સૂત્રના છ ભેદોનો નામનિર્દેશ કરી ૮૯ મા શ્લોકમાં–' આવશ્યકેતર શ્રુત અંગરૂપ અને અનંગરૂપ એમ બે પ્રકારનું છે તથા અંગ પણ બાર

પ્રકારે છે' એમ નિરૂપ્યું છે ૯૦ અને ૯૧ મા શ્લોકમા અગીઆર અગોના નામોની નોંધ છે, ૯૨ મા શ્લોકમા 'દષ્ટિવાદ નામના બારમા અંગના પાચ ભેદો અને એ પાચ ભેદો પૈકીના 'પૂર્વગત' નામના ચોથા ભેદમાં ચૌદે પૂર્વો છે' એમ સુચવ્યું છે. ૯૩ અને ૯૪ મા શ્લોકમા ચૌદે પૂર્વના નામ દર્શાવ્યા છે, ૯૫ મા શ્લોકમા એમ સૂચવ્યું છે કે 'પાચે પ્રકારનો દષ્ટિવાદ એ બારમું અગ છે અને ઉપાગ આદિ જે સૂત્રો તે અનગાત્મક શ્રુત છે.' આ પછી ૯૬, ૯૭ અને ૯૮ એમ ત્રણે શ્લોકોદ્વારા એ અગશ્રુત અને અનગશ્રુતના કર્તાનુ નિરૂપણ કર્યું છે

\+ \+ \+ \+

વધુ સ્પષ્ટતા ખાતર એ બારે શ્લોકોનો સારરૂપ અર્થ આપણે જોઈએ—

૮૭–શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલુ આવશ્યક આદિશ્રુત અને સમ્યક્દ્રષ્ટિએ અગીકાર કરેલુ મિથ્યાશ્રુત પણ સમ્યક્શ્રુત છે.

૮૮–સમ્યક્શ્રુતના બે પ્રકાર છે, એક–શ્રી આવશ્યક અને બીજો આવશ્યકેતર–આવશ્યકથી ભિન્ન આ બે પ્રકાર પૈકીના પ્રથમ પ્રકારરૂપ આવશ્યક સામાયિકાદિ ભેદથી છ પ્રકારનું છે.

તે છએ ભેદનાં નામો નીચે પ્રમાણે—

૧–સામાયિક, ૨–ચતુર્વિંશતિસ્તવ, ૩–વદનક, ૪–પ્રતિક્રમણ, ૫–કાયોત્સર્ગ અને ૬–પચ્ચખાણ

૮૯–આવશ્યકેતર–આવશ્યક ભિન્ન શ્રુતના બે પ્રકાર, એક–અગશ્રુત અને બીજો અનંગશ્રુત, તેમાં અગશ્રુતના બાર ભેદ–૧૧ અગીઆર અગ અને ૧–દ્રષ્ટિવાદ.

૯૦–૯૧–૧ આચારાગ, ૨–સૂત્રકૃતાગ, ૩–સ્થાનાંગ, ૪–સમવાયાંગ, ૫–ભગવતીજી, ૬–જ્ઞાતાધર્મકથા, ૭–ઉપાસકદશાગ, ૮–અન્તકૃદ્દશાગ, ૯–અનુત્તરોપપાતિકદશાગ, ૧૦–પ્રશ્નવ્યાકરણ અને ૧૧–વિપાકશ્રુત.

૯૨– બારમું અગ દ્રષ્ટિવાદ, તેના પાંચ ભેદ—

૧–પરિકર્મ, ૨–સૂત્ર, ૩–પૂર્વાનુયોગ, ૪–પૂર્વગત અને ૫–ચૂલિકા. ચૌદે પૂર્વો દ્રષ્ટિવાદ નામના બારમા અગના ઉપર દર્શાવેલા

प्रश्नव्याकरणं चैव, विपाकश्रुतमेव च ॥ ९१ ॥
परिकर्म १ सूत्र २ पूर्वानुयोग ३ पूर्वगत ४ चूलिकाः पञ्च
स्युर्दृष्टिवादभेदाः, पूर्वाणि चतुर्दशापि पूर्वगते ॥ ९२ ॥

तानि चैवम्—

उत्पादपूर्वमग्रायणीयमथ वीर्यतः प्रवादं स्यात् ।
अस्तेर्ज्ञानात्सत्यात्तदात्मनः कर्मणश्च परम् ॥ ९३ ॥
प्रत्याख्यानं विद्याप्रवादकल्याणनामधेये च ।
प्राणावायं च क्रियाविशालमथ लोकबिन्दुसारमिति ॥९४
दृष्टिवादः पञ्चधाप्य-मङ्गं द्वादशमुच्यते ।
उपाङ्गमूलसूत्रादि, स्यादनङ्गात्मकं च तत् ॥ ९५ ॥

एवं च—

यदुक्तमर्थतोऽर्हद्भिः, सदर्थं सूत्रतश्च यत् ।
महाधीभिर्गणधरै-स्तत्स्याद्द्वादशात्मकं श्रुतम् ॥ ९६ ॥
ततो गणधराणां यत्-पारम्पर्याश्रयादपि ।
शिष्यप्रशिष्यराचार्यैः, प्राग्यथाऽऽमतिशक्तिभिः ॥ ९७ ॥
कालसंहननायुर्दोषा-दल्पशक्तीन्प्रपश्यताम् ।
अनुग्रहाय संदृब्धं, तदनङ्गात्मकं श्रुतं ॥ ९८ ॥

અર્થાત્—આ ચાર શ્લોક પૈકીના ૮૭ મા શ્લોકમાં સમ્યક્શ્રુત
સ્વરૂપ દર્શાવ્યું–'શ્રી જિનેશ્વરદેવોએ કહેલું આચારાદિશ્રુત સમ્યક્શ્રુ
છે અને સમ્યગ્દૃષ્ટિના અંગીકાર કરવાથી મિથ્યા શ્રુત પણ સમ્યક્શ્રુ
થાય છે. આ પ્રમાણે કહેવામાં આવ્યું છે, ૮૮ મા શ્લોકમાં સ
મ્યક્શ્રુતને ૧–એક આવશ્યક અને ૨–બીજું આવશ્યકેતર' આ
રીતિએ બે વિભાગમાં વહેંચીને સામાયિકાદિ ભેદથી આવશ્યક સૂ
૭ પ્રકારે છે. એમ કહેવામાં આવ્યું છે તે પછી આવશ્યક સૂત્ર
૭ ભેદોનો નામનિર્દેશ કરી ૮૯ મા શ્લોકમાં- આવશ્યકેતર શ્રુત અ
ંગપ્ર અને અનંગપ્ર એમ બે પ્રકારનું છે તથા અંગ પણ આ

આજ વાત આપણને ઉપરોક્ત મહર્ષિના સમકાલીન જ નહિ પણ સહાધ્યાયી મહર્ષિ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીગણિપુગવે શ્રી તત્ત્વાર્થભાષ્યની ટીકામાં કહી છે, તેજ ટીકામા શ્રી સિદ્ધસેનગણિવરે પણ એજ વાત સમજાવી છે એ આપણે ઉપર સમ્યક્પ્રકારે જોઈ ગયા છીએ

હવે બીજી વ્યાખ્યામા ભાષ્યકાર મહાપ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી અને ટીકાકાર મહાપ મલધારી શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી, એ વસ્તુ સ્પષ્ટ કરે છે કે—

" શ્રી તીર્થંકરદેવોએ ઉત્તરરૂપે ઉપદેશેલી "उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा" આ ત્રિપદી ઉપરથી જે શ્રુત શ્રી ગણધરદેવોએ રચ્યું તે અગપ્રવિષ્ટ અને પ્રશ્ન વિના જ શ્રી તીર્થંકરદેવોએ કરેલા અર્થ પ્રતિપાદન ઉપરથી તેજ પરમર્ષિઓએ રચેલું જે શ્રુત તે અગબાહ્ય "

આ વાતની પુષ્ટિમા પ્રાચીનમા પ્રાચીન પ્રમાણ શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીની નિર્યુક્તિનુ છે અને તે આપણે ઉપર ઘણી જ સ્પષ્ટતાથી જોઈ ગયા છીએ.

વધુમાં આ પણ નિશ્ચિત છે કે–શ્રી આવશ્યક–સૂત્રને ગણધરભિન્ન આચાર્યપ્રણીત તરીકે બતાવનારૂ એક પણ વિરોધી પ્રમાણ મળતું નથી તત્ત્વાર્થભાષ્ય આદિના ઉલ્લેખો પણ મલધારી મહારાજશ્રીની તરફેણમા જ ઉભા છે કારણ કે એ હરેકનો આધાર એક નિર્યુક્તિ ઉપર છે અને નિર્યુક્તિ તો સ્પષ્ટપણે આવશ્યકશ્રુતસ્કધને શ્રી ગણધરદેવોથી રચિત જણાવે છે. એજ કારણે ભાષ્યકાર ભગવાન્ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ વિશેષાવશ્યકભાષ્યમાં, ચૌદશો ચુવાલીસ ગ્રથરત્નોના પ્રણેતા સૂરિપુરદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી આવશ્યકસૂત્રની વૃત્તિમાં અને સમર્થ ટીકાકાર આચાર્યદેવ શ્રી મલયગિરિજી મહારાજાએ શ્રી આવશ્યકસૂત્રના વિવરણમા " શ્રી આવશ્યકસૂત્ર ગણધરદેવોથી રચિત છે " આ સિદ્ધ વસ્તુની સાધનામાં અબાધિત પ્રમાણરૂપ અનેક ઉલ્લેખો 'કેન કૃત દ્વાર, અને નિર્ગમદ્વાર' આદિ સ્થળોએ ઘણા જ સ્પષ્ટ સ્વરૂપમા કર્યા છે તે પણ આપણે ઉપર ઘણીજ કાળજીપૂર્વક જોઇ ગયા છીએ,

પાંચ ભેદો દૃષ્ટિમાંના પૂર્વગત નામના ચોથા ભેદમાં આવેલ.
તે ચૌદે પૂર્વોનાં નામ નીચે પ્રમાણે—

૬૩-૬૪–૧-ઉત્પાદપૂર્વ ૨-અગ્રાયણીય, ૩-વીર્યપ્રવાદ, ૪-અસ્તિનાસ્તિપ્રવાદ, ૫-જ્ઞાનપ્રવાદ, ૬-સત્યપ્રવાદ, ૭-આત્મપ્રવાદ, ૮-કર્મપ્રવાદ, ૯-પ્રત્યાખ્યાનપ્રવાદ, ૧૦-વિદ્યાપ્રવાદ, ૧૧-કલ્યાણ, ૧૨-પ્રાણાવાય, ૧૩-ક્રિયાવિશાલ અને ૧૪-લોકબિન્દુસાર.

૬૫–૧-પરિકર્મ ૨-સૂત્ર, ૩-પૂર્વાનુયોગ, ૪-પૂર્વગત અને ૫-ચૂલિકા. આ પાંચ પ્રકારનો દૃષ્ટિવાદ એ બારમું અંગ કહેવાય છે અને જે 'ઉપાંગ' આદિ સૂત્રો છે તે અનંગરૂપ શ્રુત તરીકે ઓળખાય છે.

આ રીતિએ અંગ અને અનંગશ્રુતની વ્યવસ્થા હોવાથી તેના કર્તાનો વિભાગ નીચે પ્રમાણે—

૬૬–શ્રુ છે કે-શ્રી અરિહંતદેવોએ અર્થથી અને મહાબુદ્ધિશાળી ગણધરદેવોએ સૂત્રથી રચેલું જે શ્રુત તે અંગરૂપ શ્રુત, અને—

૬૭-૬૮–તે પછી ગણધરોની પરમ્પરાથી આગમને પામેલા, અને પરમપ્રાપ્ત વાણી, મતિ અને શક્તિને ધરનાર શિષ્યપ્રશિષ્ય આચાર્યોએ, કાલ, સંહનન અને આયુષ્યના દોષથી અલ્પ શક્તિ અને બુદ્ધિવાળા આત્માઓના ઉપકાર માટે રચેલું જે શ્રુત તે અનંગરૂપશ્રુત.

※ ※ ※ ※

આ રીતનું સ્પષ્ટતાપૂર્વક વર્ણન કરીને મહામહોપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજીમહારાજ આપણને સુન્દર સ્પષ્ટ કરીને સમજાવે છે કે—

ગણધરદેવોના શિષ્ય પ્રશિષ્યોએ રચેલું જે શ્રુત તે અંગબાહ્ય શ્રુત એમ જ્યાં જ્યાં કહેવામાં આવે છે ત્યાં ત્યાં ઉપાંગાદિશ્રુતને જ અંગીકાર કરવું પણ આવશ્યકને અંગીકાર ન કરવું; કારણ કે આવશ્યક તો શ્રીજિનેશ્વરદેવોએ શરૂઆતમાં જ ફરમાવ્યું છે એટલે ગણધરદેવોએ રચ્યું તે શરૂઆતમાં જ રચ્યું છે

આજ વાત આપણને ઉપરોક્ત મહર્ષિના સમકાલીન જ નહિ પણ સહાધ્યાયી મહર્ષિ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીગણિપુગવે શ્રી તત્ત્વાર્થભાષ્યની ટીકામા કહી છે, તેજ ટીકામા શ્રી સિદ્ધસેનગણિવરે પણ એજ વાત સમજાવી છે એ આપણે ઉપર સમ્યક્પ્રકારે જોઈ ગયા છીએ

હવે બીજી વ્યાખ્યામા ભાષ્યકાર મહાપ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી અને ટીકાકાર મહાપ મલધારી શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી, એ વસ્તુ સ્પષ્ટ કરે છે કે—

"શ્રી તીર્થંકરદેવોએ ઉત્તરરૂપે ઉપદેશેલી "उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा" આ ત્રિપદી ઉપરથી જે શ્રુત શ્રી ગણધરદેવોએ રચ્યું તે અગપ્રવિષ્ટ અને પ્રશ્ન વિના જ શ્રી તીર્થંકરદેવોએ કરેલા અર્થ પ્રતિપાદન ઉપરથી તેજ પરમર્ષિઓએ રચેલું જે શ્રુત તે અગબાહ્ય."

આ વાતની પુષ્ટિમા પ્રાચીનમા પ્રાચીન પ્રમાણ શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીની નિર્યુક્તિનું છે અને તે આપણે ઉપર ઘણી જ સ્પષ્ટતાથી જોઈ ગયા છીએ.

વધુમા આ પણ નિશ્ચિત છે કે–શ્રી આવશ્યક–સૂત્રને ગણધરભિન્ન આચાર્યપ્રણીત તરીકે બતાવનારૂ એક પણ વિરોધી પ્રમાણ મળતુ નથી તત્ત્વાર્થભાષ્ય આદિના ઉલ્લેખો પણ મલધારી મહારાજશ્રીની તરફેણમા જ ઉભા છે કારણ કે એ હરેકનો આધાર એક નિર્યુક્તિ ઉપર છે અને નિર્યુક્તિ તો સ્પષ્ટપણે આવશ્યકશ્રુતસ્કધને શ્રી ગણધરદેવોથી રચિત જણાવે છે. એજ કારણે ભાષ્યકાર ભગવાન્ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ વિશેષાવશ્યકભાષ્યમા, ચૌદશો ચુવાલીસ ગ્રથરત્નોના પ્રણેતા સૂરિપુરદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી આવશ્યકસૂત્રની વૃત્તિમાં અને સમર્થ ટીકાકાર આચાર્યદેવ શ્રી મલયગિરિજી મહારાજાએ શ્રી આવશ્યકસૂત્રના વિવરણમા **"શ્રી આવશ્યકસૂત્ર ગણધરદેવોથી રચિત છે."** આ સિદ્ધ વસ્તુની સાધનામાં અબાધિત પ્રમાણરૂપ અનેક ઉલ્લેખો 'કેન કૃત દ્વાર, અને નિર્ગમદ્વાર' આદિ સ્થળોએ ઘણા જ સ્પષ્ટ સ્વરૂપમા કર્યા છે તે પણ આપણે ઉપર ઘણીજ કાળજીપૂર્વક જોઇ ગયા છીએ.

પાંચ ભેદો પૈકીમાંના પૂર્વગત નામના ચોથા ભેદમાં આવેલ.
તે ચૌદે પૂર્વોનાં નામ નીચે પ્રમાણે—

૪૩-૪૪-૧-ઉત્પાદપૂર્વ ૨-અગ્રાયણીય, ૩-વીર્યપ્રવાદ, ૪-અસ્તિનાસ્તિપ્રવાદ, ૫-જ્ઞાનપ્રવાદ, ૬-સત્યપ્રવાદ, ૭-આત્મપ્રવાદ, ૮-કર્મપ્રવાદ, ૯-પ્રત્યાખ્યાનપ્રવાદ, ૧૦-વિદ્યાપ્રવાદ, ૧૧-કલ્યાણ, ૧૨-પ્રાણાવાય, ૧૩-ક્રિયાવિશાલ અને ૧૪-લોકબિન્દુસાર.

૪૫-૧-પરિકર્મ ૨-સૂત્ર, ૩-પૂર્વાનુયોગ, ૪-પૂર્વગત અને ૫-ચૂલિકા. આ પાંચ પ્રકારનો દૃષ્ટિવાદ એ બારમું અંગ કહેવાય છે અને જે ઉપાંગ' આદિ સૂત્રો છે તે અનંગપ્રવિષ્ટ શ્રુત તરીકે ઓળખાય છે.

આ રીતિએ અંગ અને અનંગશ્રુતની વ્યવસ્થા હોવાથી તેના કર્તાનો વિભાગ નીચે પ્રમાણે—

૪૬-જે છે તે-શ્રી અરિહંતદેવોએ અર્થથી અને મહાબુદ્ધિશાળી ગણધરદેવોએ સૂત્રથી રચેલું જે શ્રુત તે અંગપ્રવિષ્ટ શ્રુત, અને—

૪૭-૪૮-તે પછી ગણધરોની પરંપરાથી આગમને પામેલા, અને પરમપ્રકૃષ્ટ વાણી, મતિ અને શક્તિને ધરનાર શિષ્યપ્રશિષ્ય આચાર્યોએ, કાલ, સંહનન અને આયુષ્યના દોષથી અલ્પ શક્તિ અને બુદ્ધિવાળા આત્માઓના ઉપકાર માટે રચેલું જે શ્રુત તે અનંગપ્રવિષ્ટ શ્રુત.

* * * *

આ રીતનું સ્પષ્ટતાપૂર્વક વર્ણન કરીને મહામહોપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજીગણિવર આપણને જુદે જુદુ કરીને સમજાવે છે કે—

ગણધરદેવોના શિષ્ય પ્રશિષ્યોએ રચેલું જે શ્રુત તે અંગબાહ્ય શ્રુત એમ જ્યાં જ્યાં કહેવામાં આવે છે ત્યાં ત્યાં ઉપાંગાદિશ્રુતને જ અંગીકાર કરવું પણ આવશ્યકને અંગીકાર ન કરવું; કારણ કે આવશ્યક તો શ્રીજિનેશ્વરદેવોએ સાક્ષાતમાં જ ફરમાવ્યું છે એટલે ગણધરદેવોએ પણ તે સાક્ષાતમાં જ રચ્યું છે

શ્રી આવશ્યકશ્રુતસ્કંધ સર્વ તીર્થંકરોના તીર્થમાં અવશ્ય હોનાર છે અને તે કારણે પણ તેની રચના શ્રી ગણધરદેવોએ કરેલી છે '

અને આ વાતની પુષ્ટિમા શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીની રચેલી–

" अत्थं भासइ अरहा सुत्त गंथंति गणहरा निउणं।
सासणस्स हियट्ठाए तओ सुत्तं पवत्तइ ॥ ९२ ॥
सामाइयमाईयं सुयनाणं जाव विन्दुसाराओ । "

આ નિર્યુક્તિનુ પ્રમાણ સર્વવ્યાપી અને ત્રિકાલાબાધિત છે સૂત્રરચનાની આદિમા મૂકેલું 'સામાયિક' એ 'ચતુર્વિંશતિસ્તવ, વન્દન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન ' આ પાચે અધ્યયનોનુ પ્રતિપાદક છે એ આપણે ઉપર સ્પષ્ટપણે જોઇ આવ્યા છીએ અને એજ કારણે કોઈ પણ તીર્થપતિના તીર્થમા થયેલા કોઇ પણ મુનિ અગીઆર અંગના કે બાર અંગના પાઠી થયા એમ કહેવું હોય ત્યા એમ લખવામા આવ્યું છે કે–

" सामाइयमाईयाइं एक्कारस अंगाइं अहिज्जइ–सामाइयमाईयाइ चोद्दस पूव्वाइं अहिज्जइ । "

અર્થાત્—સામાયિક આદિ અગીઆર અંગોને ભણે છે અથવા સામાયિક આદિ ચૌદ પૂર્વોને ભણે છે.

\+ \+ \+ \+

આ વિષયની સાબીતીમા પણ આપણે કેટલાંક પ્રમાણો મૂકી દઈએ કે જેથી સુખલાલજીને પુન પ્રશ્ન કરવાપણું ન રહે.

પરમાત્મા શ્રી મહાવીરદેવનો જીવ, નયસારના ભવમા સમ્યક્ત્વ પામ્યા પછી ત્રીજાજ ભવમા ભગવાન્ શ્રી ઋષભદેવસ્વામિના પૌત્ર તરીકે અને ભરત ચક્રવર્તિના પુત્ર તરીકે ' મરિચિ ' નામે ઉત્પન્ન થયો. તેમણે શ્રીઋષભદેવસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરીને સામાયિક–આદિ અગીઆર અંગસૂત્રોનો અભ્યાસ કર્યો તે વાતની નોંધ લેતા શ્રીઆવશ્યક સૂત્રની બૃહદ્વૃત્તિમા નિર્યુક્તિકાર મહારાજા,

આ અપૂર્વ છતાં મુખવાટિકા રૂપ મુહપત્તિના પેટે—

“ બીજા અધ્યાયમાં અંગબાહ્યના ઉદાહરણ તરીકે આવશ્યકને મુખ્યપણે મૂક્યું છે અને એને પૂર્વાચાર્યો કે પ્રથમ જિનરાજ અંગબાહ્યના ઉલ્લેખ ઉપરથી રચાયેલું એકમાં માન્યું છે ત્યાં સુધી ગણધરને આવશ્યકના કર્તા તરીકે નિર્વિવાદપણે સાબીત કરતો પ્રાચીન ઉલ્લેખ મળી ન આવે ત્યાં સુધી આવશ્યકસૂત્રને અર્થરૂપે શ્રી તીર્થંકરકથિત માનવા છતાં તેને શબ્દથી ગણધર કૃત કેમ માની શકાય? અને જ્યારે બીજા અનેક વિવિધ પ્રમાણો આવશ્યકસૂત્રને ગણધરભિન્ન આચાર્યપ્રણીત બતાવનારાં મળતાં હોય ત્યારે એમ માનવું એ તો સ્પષ્ટ પ્રમાણોની અવગણના કરવા જેવું થાય. આગમ રચિત શબ્દ ગણધરને પણ લાગુ પડે છે પણ તેથી આવશ્યકસૂત્ર ગણધરકૃત જ છે એમ કાંઈ સૂચિત થતું નથી. સર્વાર્થસિદ્ધિની ટીકાના ઉલ્લેખ ઉપરથી (તત્ત્વાર્થભાષ્ય આદિના ઉલ્લેખોને ધ્યાનમાં લઈ) અર્થ કરવા જઈએ તો સરળપણે એટલો જ અર્થ નીકળી શકે કે ગણધર પ્રણીત જ તીર્થંકરના ઉપદેશ ઉપરથી રચાયેલ જે આવશ્યક વિગેરે શ્રુત તે અંગબાહ્ય. આટલો અર્થ આ વચનના કર્તા તરીકે કોઈ વ્યક્તિનો નિર્ણય કરવા બસ નથી. તેવા નિર્ણય માટે તો નિઃસંદેહ સ્વતંત્ર સ્પષ્ટ પ્રમાણો જોઈએ. જો તત્ત્વાર્થભાષ્ય આદિ ઉપર ટીકાકાર સ્પષ્ટ પ્રમાણો આપવા પામે ન હોત તો સર્વાર્થસિદ્ધિની ટીકાનો આધારમાત્રથી ઉલ્લેખ ગણધરને આવશ્યકના કર્તા તરીકે મનાવવા આગ્રહને અસ્થાન.

આ પ્રમાણે લખવાનું સાહસ કરી શક્યા છે ?

‘ શ્રી આવશ્યકસૂત્રની રચના શ્રી ગણધરદેવોએ કરી છે ’ આ વાતને બતાવનારાં અનેક પ્રમાણો વિદ્યમાન છતાં શા કારણે તેનો અપલાપ કરવા તેઓ તૈયાર થયા છે ? અને ‘ શ્રી આવશ્યકસૂત્ર ગણધરભિન્ન આચાર્ય પ્રણીત છે. ’ આવું એક પણ પ્રમાણ નહિ હોવા છતાં તે અનેક છે અનેક છે આવી વચન જોડી ઉઠાવણી પણ તેઓ શા ઇરાદાથી કરતા હશે ? આ બધું વિચારક માટે અજાણ્યું નથી.

બીજા અધ્યાયમાં— દરેક તીર્થમાં નિયમથી નહિ હોનાર જે શ્રુત તે અંગબાહ્ય શ્રુત આ પ્રમાણે કહી તેના ઉદાહરણમાં અનુત્તરોપપાતિક આદિને મૂકી મલયગિરિજી મહારાજ એમ સૂચિત કરે છે કે—

'શૈલક-જ્ઞાત' નામના પાંચમા અધ્યયનમાં બાવીસમા તીર્થપતિ શ્રીનેમિનાથસ્વામિના તીર્થમાં થયેલા શ્રી થાવચ્ચાપુત્ર, શુકપરિવ્રાજક અને શૈલકરાજાએ સંયમી થઇને સામાયિક આદિ જે શ્રુતનો અભ્યાસ કર્યો તેની નોંધ કરતા શ્રીસુધર્માસ્વામિજીએ નીચે પ્રમાણે ફરમાવ્યુ છે–

(१) "तते णं से थावच्चापुत्ते अरहतो अरिट्ठनेमिस्स तहारूवाणं थेराण अंतिए सामाइयमायाइयाति चोद्दस पुव्वाइं अहिज्जति।"

અર્થાત્—તે વાર પછી તે 'શ્રી થાવચ્ચા-પુત્ર' નામના મહર્ષિ શ્રીનેમિનાથસ્વામિ નામના અરિહંતદેવના તે તે ગુણવિશિષ્ટ સ્થવિર મહર્ષિઓ પાસે સામાયિક આદિ ચૌદ પૂર્વોનો અભ્યાસ કરે છે

\+ \+ \+ \+

(२) "तएणं से सुए परिव्वायए थावच्चापुत्तस्स अंतिए धम्मं सोच्चा णिसम्म एवं वदासी–इच्छामि णं भंते! परिव्वायगसहस्सेणं सद्धिं संपरिवुडे देवाणुप्पियाण अंतिए मुंडे भवित्ता पव्वइत्तए, ××××× मुंडे भवित्ता जाव पव्वत्तिए सामाइयमातियाइं चोद्दस पुव्वाइं अहिज्जति।"

સારાંશ—'શુક' નામના પરિવ્રાજકે 'થાવચ્ચાપુત્ર'–નામના મહર્ષિ પાસે ધર્મનું શ્રવણ કરીને કહ્યું કે હે ભગવન્! દેવાનુપ્રિય એવા આપની પાસે હું મારા હજાર પરિવ્રાજકોની સાથે મુંડ થઇને પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું....... ..તે પછી મુંડ થઇને દીક્ષા અંગીકાર કરીને તે 'શુક' નામના મહર્ષિ 'સામાયિક આદિ ચૌદપૂર્વો-નો અભ્યાસ કરે છે.

\+ \+ \+ \+

(३) "जाव सामातियमातियातिं एक्कारस अंगाइं अहिज्जति।"

ભાષ્યકાર મહારાજ અને વૃત્તિકાર સૂત્રિપુરંદર શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ લખે છે કે—

" दट्ठूण कीरमाणिं महिमं देवेहिं खत्तिओ मरिई।
सम्मत्तलद्धबुद्धी धम्मं सोऊण पव्वइओ ॥ ३४७ ॥

व्याख्या—सम्यक्त्वेन लब्धा-प्राप्ता बुद्धिर्येन स तथाविधः शेषं सुगममिति × × × ॥

× × ×

मरिई वि सामिपासे विहरइ तवसंजमसमग्गो ॥३५॥
सामाइयमाईयं इक्कारसमाउ जाव अंगाउ।
उज्जुत्तो भत्तिगओ अहिज्जिओ सो गुरुसगासे ॥३६॥

व्याख्या—मरीचिरपि स्वामिपार्श्वे विहरति तपःसंयमसमग्रः। स च सामायिकादिकमेकादशकं यावत् उद्युक्तः क्रियायां, भक्तिगतो भक्तिमान् श्रुते वा, अधीतवान् स गुरुसकाशे इत्युपन्यस्तगाथार्थः।"

અર્થાત્—દેવોએ કરેલા મહિમાને જોઈને, સમ્યક્ત્વના પ્રતાપે પ્રાપ્ત થઈ છે બુદ્ધિ જેને એવા મરીચિ નામના ક્ષત્રીયે ધર્મનું શ્રવણ કરીને પ્રવ્રજ્યા–દીક્ષા અંગીકાર કરી.

\+ + + +

તપ અને સંયમથી પરિપૂરિત એવા મરીચિ સ્વામિની સાથે વિચરે છે. ક્રિયામાં ઉદ્યમવાન, ભક્તિવાન યા શ્રુતજ્ઞાન ઉપર ભક્તિવાળા એવા તે મરીચિ મુનિ ગુરુની પાસે સામાયિકથી આરંભીને અગીઆર અંગો સુધી ભણ્યા.

\+ + + +

શ્રીજ્ઞાતાધર્મ–કથા નામના છઠ્ઠા અંગસૂત્રમાં પરમાત્મા શ્રીમહાવીરદેવના પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિજીએ તે અંગસૂત્રના પાંચમા 'શૈલક–જ્ઞાત' નામના અધ્યયનમાં, 'તેતલિ જ્ઞાત' નામના ચૌદમા અધ્યયનમાં, 'નંદીફલ–જ્ઞાત' નામના પંદરમા અધ્યયનમાં, 'અપરકંકા–જ્ઞાત' નામના સોળમા અધ્યયનમાં અને જ્ઞાતા–ધર્મકથાના બીજા શ્રુતસ્કંધ માં નીચેના ઉલ્લેખો કર્યા છે—

'શૈલક-જ્ઞાત' નામના પાંચમા અધ્યયનમાં બાવીસમા તીર્થ-પતિ શ્રીનેમિનાથસ્વામિના તીર્થમાં થયેલા શ્રી થાવચ્ચાપુત્ર, શુકપરિ-વ્રાજક અને શૈલકરાજાએ સંયમી થઇને સામાયિક આદિ જે શ્રુતનો અભ્યાસ કર્યો તેની નોંધ કરતા શ્રીસુધર્માસ્વામિજીએ નીચે પ્રમાણે ફરમાવ્યું છે–

(१) "तते ण से थावच्चापुत्ते अरहतो अरिट्ठनेमिस्स तहारूवाणं थेराण अंतिए सामाइयमायाइयाति चोद्दस पुव्वाइं अहिज्जति।"

અર્થાત્—તે વાર પછી તે 'શ્રી થાવચ્ચા-પુત્ર' નામના મહર્ષિ શ્રીનેમિનાથસ્વામિ નામના અરિહંતદેવના તે તે ગુણવિશિષ્ટ સ્થવિર મહર્ષિઓ પાસે સામાયિક આદિ ચૌદ પૂર્વોનો અભ્યાસ કરે છે

+ + + +

(२) "तएणं से सुए परिव्वायए थावच्चापुत्तस्स अंतिए धम्मं सोच्चा णिसम्म एव वदासी–इच्छामि ण भंते ! परि-व्वायगसहस्सेणं सद्धिं सपरिवुडे देवाणुप्पियाण अंतिए मुंडे भवित्ता पव्वइत्तए, ××××× मुंडे भवित्ता जाव पव्वत्तिए सामाइयमातियाइं चोद्दस पुव्वात्ति अहिज्जति।"

સારાંશ—'શુક' નામના પરિવ્રાજકે 'થાવચ્ચાપુત્ર'—નામના મહર્ષિ પાસે ધર્મનું શ્રવણ કરીને કહ્યું કે હે ભગવન્ ! દેવાનુપ્રિય એવા આપની પાસે હું મારા હજાર પરિવ્રાજકોની સાથે મુંડ થઇને પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું...... તે પછી મુંડ થઇને દીક્ષા અંગીકાર કરીને તે 'શુક' નામના મહર્ષિ 'સામાયિક આદિ ચૌદપૂર્વો-નો અભ્યાસ કરે છે.

+ + + +

(३) "जाव सामातियमातियार्ति एक्कारस अंगाइ अहिज्जति।"

ભાવાર્થ—'ગેહક' નામના શબ્દ પણ 'દૂત' નામના મહર્ષિ પાસે ધર્મનું શ્રવણ કરીને દીક્ષા અંગીકાર કર્યા પછી શાસ્ત્ર સામાયિક આદિ અગીઆર અંગોનો અભ્યાસ કર્યો છે.

× ×

તેતલિ-જ્ઞાત નામના ચૌદમા અધ્યયનમાં નીચેનો ઉલ્લેખ છે—

"तते णं तस्स तेयलिपुत्तस्स सुभेणं परिणामेणं जाइ सरणे समुप्पन्ने, तते णं तस्स तेयलिपुत्तस्स अयमेयारूवे अज्झत्थिए ५ समु० एवं खलु अहं इहेव जम्बुद्दीवे २ महाविदेहे वासे पोक्खलावतीविजये पोंडरीगिणीते रायहाणीए महापउमे नामं राया होत्था। तते णं अहं थेराणं अंतिए मुंडे भवित्ता जाव चोद्दसपुव्वाति० बहूणि वासाणि सामण्णपरियाए मासियाए संलेहणाए महासुक्के कप्पे देवे, तते णं अहं ताओ देवलोयाओ आउक्खएणं इहेव तेयलिपुरे तेयलिस्स अमच्चस्स भद्दाए भारियाए दारगत्ताए पच्चायाते, तं सेयं खलु मम पुव्वदिट्ठाइं महव्वयाइं सयमेव उवसंपज्जित्ताणं विहरित्तए, एवं संपेहेति २ सयमेव महव्वयाइं आरुहेति २ जेणेव पमयवणे उज्जाणे तेणेव उवा० २ असोगवरपायवस्स अहे पुढविसिलापट्टयंसि सुहनिसन्नस्स अणुचिंतेमाणस्स पुव्वाहीयाति सामाइयमातियाइं चोद्दस पुव्वाइं सयमेव अभिसमन्नागयाइं, तते णं तस्स तेतलिपुत्तस्स सुभेणं परिणामेणं जाव तयावरणिज्जाणं कम्माणं खओवसमेणं कम्मरयविकरणकरं अपुव्वकरणं पविट्ठस्स केवलवरणाणदंसणे समुप्पन्ने (सूत्रं १०१)।"

ભાવાર્થ—ત્યાર પછી તે 'તેતલીપુત્ર' નામના મંત્રીશ્વરને શુભ પરિણામના યોગે જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું તેથી તે તેતલીપુત્રને એવા પ્રકારનો અભિપ્રાય-ખ્યાલ થયો કે—આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રની પુષ્કલાવતી વિજયમાં આવેલી પુંડરિકિ

ણી ' નામની રાજધાનીમા હુ મહાપદ્મ નામનો રાજા હતો ત્યાથી મ્હે સ્થવિરોની પાસે દીક્ષા અગીકાર કરી, સામાયિકથી માંડીને ચૌદપૂર્વ સુધીનો અભ્યાસ કર્યો, ઘણા વર્ષો પર્યંત શ્રમણપર્યાયનુ પાલન કર્યું અને એક માસની સલેખના કરી મહાશુક્રકલ્પ નામના દેવલોકમા દેવ તરીકે હુ ઉત્પન્ન થયો તેવાર પછી હું તે દેવલોકમાથી આયુષ્યના ક્ષયે કરીને આ તેતલીપુર નામના નગરમા તેતલિનામના અમાત્યની ભદ્રા નામની ભાર્યાના પુત્ર તરીકે ઉત્પન્ન થયો તે કારણથી ' હવે પૂર્વે અનુભવેલાં મહાવ્રતોનો સ્વયં સ્વીકાર કરીને વિહરવું એજ મારા માટે કલ્યાણકર છે ' આ પ્રમાણેનો વિચાર કરી, તે મહાવ્રતોનો સ્વયમેવ સ્વીકાર કરી, ' પ્રમદવન ' નામના ઉદ્યાનમાં આવી તે વનમાં રહેલા ' અશોક ' નામના ઉત્તમ વૃક્ષની નીચે સુખ-પૂર્વક બેસીને વિચાર કરતા તે મહાત્માને પૂર્વે ભણેલાં સામા-યિકઆદિ ચૌદે પૂર્વો સ્વયમેવ સ્મૃતિપથમાં આવી ગયાં. તે પછી શુભ પરિણામના યોગે તે તે ગુણને આવરિત–આચ્છાદિત કરનાર કર્મોના ક્ષયોપશમે કરીને કર્મરજને વિખેરી અપૂર્વકરણમા પ્રવેશ કરનાર તે 'તેતલીપુત્ર' નામના અણગારને ઉત્તમ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું

*　　*　　*　　*

' નદીફળ–જ્ઞાત ' નામના પંદરમા અધ્યયનમા પણ નીચેનો ઉલ્લેખ ગણધરદેવ શ્રી સુધર્માસ્વામિજીએ કર્યો છે

" ते णं कालेणं २ थेरागमणं धणगे धम्मं सोच्चा जेट्ठ-पुत्तं कुडुंबे ठवेत्ता पव्वइए, एक्कारस सामाइयाति अंगाति बहूणि वासाणि जाव मासियाए स० अन्नतरेसु देवलोएसु देवत्ताए उववन्ने महाविदेहे वासे सिज्झिहिति जाव अंतं करेति । "

સારાંશ—તે કાળ અને તે સમયમા સ્થવિર મહર્ષિઓ પધાર્યા, ધન સાર્થવાહે ધર્મનુ શ્રવણ કરી પોતાના જ્યેષ્ઠ પુત્રને કુટુબનોભાર સોપી પ્રવ્રજ્યા અગીકાર કરી અને સામાયિક આદિ અગીઆર અ-

એનો અભ્યાસ કરી ઘણાં વર્ષો પર્યંત શ્રામણ્ય પાળી યાવત્ એક માસની સંલેખના કરી બાર દેવલોકમાંથી કોઇ પણ એક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવીને મહાવિદેહ-ક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે, યાવત્ સકળ દુઃખનો અંત કરશે.

'અમરકંકા-જ્ઞાત' નામના સોળમા અધ્યયનમાં 'યુધિષ્ઠિર' આદિ પાંચ પાંડવો અને દ્રૌપદીને ઉદ્દેશીને ભગવાન્ શ્રી સુધર્મસ્વામિજી નીચે પ્રમાણે ફરમાવે છે કે—

"तते णं ते जुहिट्ठिलपामोक्खा पंच अणगारा सामाइयमातियाति चोद्दस पुव्वाइं बहूणि वासाणि दोमासियाए संलेहणाए अत्ताणं झोसित्ता जस्सट्ठाए कीरति णग्गभावे जाव तमट्ठमाराहेंति २ अणंते जाव केवलवरणाणदंसणे समुप्पन्ने जाव सिद्धा (सूत्रं ११०) तते णं सा दोवती अज्जा सुव्वयाणं अज्जियाणं अंतिए सामाइयमाइयाई एक्कारस अंगाइं अहिज्जति २ बहूणि वासाणि मासियाए संलेहणाए आलोइयपडिक्कंता कालमासे कालं किच्चा बंभलोए उववन्ना ।"

ભાવાર્થ—તે વાર પછી 'યુધિષ્ઠિર' પ્રમુખ પાંચે અણગારો સામાયિક આદિ ચૌદ પૂર્વોનો અભ્યાસ કરી ઘણાં વર્ષો પર્યંત શ્રામણ્યપર્યાયનું પાલન કરી બે માસની સંલેખનાથી આત્માને શુદ્ધ બનાવી જે અર્થ માટે નગ્નભાવ હોય તે અર્થની સાધના કરી અનંત અને ઉત્તમ એવા કેવલજ્ઞાન અને કેવલદર્શનને પામી સિદ્ધિપદને પામ્યા. તે વાર પછી તે દ્રૌપદી નામના આર્યા-સાધ્વી, સુવ્રતા નામના આર્યા સાધ્વીજી પાસે સામાયિક આદિ અગીઆર અંગોનો અભ્યાસ કરી, ઘણાં વર્ષો સુધી શ્રામણ્યપર્યાયનું પાલન કરી એક માસની સંલેખનાદ્વારા આલોચના પ્રતિક્રમણ કરી કાળ સમયે કાળ કરીને બ્રહ્મલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં.

\+ + + +

ત્રેવીસમા તીર્થપતિ શ્રી પાર્શ્વનાથસ્વામિના સમયમાં 'આમલકલ્પા' નામની નગરીમાં કાળ નામના ગાથાપતિની કા

લસિરિ ' નામની ભાર્યાની પુત્રી તરીકે ઉત્પન્ન થયેલી અને શ્રી પાર્શ્વનાથસ્વામિએ પોતે ' પુષ્પચૂલા ' નામની આર્યાને શિષ્યા તરીકે સોપેલી ' શ્રીકાલી ' નામની આર્યાએ કરેલા અધ્યયનની નોંધ લેતા શ્રી જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કધમાં ભગવાન્ શ્રી સુધર્મા-સ્વામિજી ફરમાવે છે કે—

" तते णं सा काली-अज्जा पुप्फचूला-अज्जाए अंतिए सामाइयमाइयाति एक्कारस अंगाइं अहिज्जइ । "

સારાંશ—તે વાર પછી તે ' શ્રીકાલી ' નામની આર્યા શ્રી-મતી ' પુષ્પચૂલા ' નામની આર્યા પાસે સામાયિક આદિ અગીઆર અગોનુ અધ્યયન કરે છે

× × × ×

તેરમા તીર્થપતિ શ્રી વિમળનાથસ્વામિના શાસનમાં થયેલા ' શ્રીબલ ' નામના નરપતિના ' શ્રી મહાબલ ' નામના કુમારે શ્રી વિમળનાથસ્વામિના પૌત્ર એટલે શિષ્યના શિષ્ય ' શ્રી ધર્મઘોષ ' નામના અણુગાર પાસે પ્રવ્રજ્યા-દીક્ષા અગીકાર કરીને અભ્યાસ કર્યો તેનો ઉલ્લેખ કરતાં 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતી' નામના પાંચમા અગ-સૂત્રમા ભગવાન્ શ્રી સુધર્માસ્વામિજી ફરમાવે છે કે—

" तए णं से महव्बले अणगारे धम्मघोसस्स अणगारस्स अंतियं सामाइयमाइयाइं चोद्दस पुव्वाइं अहिज्जति ।

સારાંશ—તે વાર પછી તે ' મહાબલ ' નામના અણુગાર ' શ્રી ધર્મઘોષ ' નામના અણુગારની પાસે સામાયિક આદિ ચૌદ પૂર્વનો અભ્યાસ કરે છે

* * * *

'શ્રી ભગવતીસૂત્ર' નામના પાચમા અગસૂત્રના બીજા શતકના પ્રથમ ઉદ્દેશામા આવતા ' સ્કદક-ચરિત ' માં ભગવાન્ શ્રી સુધ-ર્માસ્વામિજી ફરમાવે છે કે—

"तए णं से खंदए अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ।"

ભાવાર્થ—તે ખંદક નામના અણગાર શ્રમણ ભગવાન મહાવીરસ્વામિના સ્થવિરોની પાસે સામાયિક આદિ અગીયાર અંગોને ભણે છે

ઉપરનાં પ્રમાણો વાંચવાથી એ સ્પષ્ટ થાય છે કે તમામ ભરત અને મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થતા દરેક તીર્થંકરોના શાસનમાં દ્વાદશાંગીની માફક આવશ્યકસૂત્રાદિ પણ અવશ્ય હોનાર છે અને એજ કારણે તેની રચના શ્રી ગણધરોએ જ કરેલી છે પણ અન્ય સ્થવિર મહર્ષિઓએ નહિ.

શ્રી નંદીસૂત્રના ચૂર્ણિકાર મહર્ષિ અને ટીકાકાર મહર્ષિ પણ નીચે પ્રમાણેના ઉલ્લેખો કરીને દ્વાદશાંગીની સાથે શ્રી આવશ્યકસૂત્રોની સહવર્તિતા જ સુચવતા હોય એમ લાગે છે, જુઓ તે ઉલ્લેખો આ રહ્યા—

"चूर्णिः—'सुतनिस्सितं ति—सुतंति सुतं,—तं च सामाइयादि बिंदुसारपज्जवसाणं।"

"वृत्ति—द्विविधं मत्यादि, तद्यथा—श्रुतनिश्रितं चाश्रुतनिश्रितं च। ची पूर्ववत्, श्रुतमिह सामायिकादिलोकबिन्दुसारान्तं।"

ભાવાર્થ—મતિજ્ઞાન બે પ્રકારનું છે એક શ્રુતનિશ્રિત અને બીજું અશ્રુતનિશ્રિત. આ બે પ્રકાર પૈકીના પ્રથમ પ્રકારના આપવા શ્રુત શબ્દથી ગ્રહણ કરવા જેવાં સામાયિક આદિ છે અને લોકબિંદુસાર અંતિમ છે

વસ્તુસ્થિતિ આ રીતની હોવાથી મુખવસ્ત્રિકાનું "બીજી વ્યાખ્યા અને તેના રચિત ઉપકરણ આવશ્યકને પ્રસ્તુત બાબતમાં કાંઇ ઉપયોગી નથી, તેથી તે પર વિચાર કરવો એ અસ્થાને છે." આ કથન કોઈ રીતિએ યોગ્ય કહી શકાય તેમ નથી. કારણ કે એ વ્યાખ્યા અને

તેમાં અંગબાહ્યશ્રુત તરીકેનું મૂકેલું દૃષ્ટાંત તો આપણને ખાસ સુચવે છે કે—

"શ્રી આવશ્યક અંગબાહ્યશ્રુત હોવા છતાં તે હરેક તીર્થપતિના તીર્થમાં નિયત હોવાના કારણે શ્રી ગણધરદેવોથી જ રચાયેલું છે"

આથી ભાષ્યની ૫૫૦ મી ગાથા ઉપરની મલધારી શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની ટીકા આવશ્યકશ્રુતસ્કંધને ગણધરકૃત સાબીત કરવામાં મજબૂતમા મજબૂત પુરાવા પૂરા પાડે છે. એટલે સુખલાલજીના કહેવા મુજબ "મૂળ નિર્યુક્તિ, તેનું ભાષ્ય અને મલધારી શ્રી કૃત ટીકા એ બધા તત્ત્વાર્થભાષ્ય આદિના પ્રથમ ટાંકેલ ઉલ્લેખોને સંવાદી બને એ રીતે જ ઘટાવવા" એ યોગ્ય નથી, પણ સઘળા ઉલ્લેખો મૂળ નિર્યુક્તિને સંવાદી બને એ રીતે ઘટાવવા યોગ્ય છે, કારણ કે સઘળા ઉલ્લેખોનો-તત્ત્વાર્થભાષ્ય સુદ્ધાનો—આધાર એ મૂળ નિર્યુક્તિ જ છે. અને એજ કારણે ભાષ્યકાર મહર્ષિ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ, સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ આચાર્યદેવ શ્રી મલયગિરિજી મહારાજાએ, અને મલધારગચ્છીય આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ મૂળ નિર્યુક્તિના કથનને અનુસરતી રીતિએ સ્પષ્ટ અક્ષરોમા એમજ ફરમાવ્યું કે—

"શ્રી આવશ્યક સૂત્ર અર્થથી શ્રી તીર્થંકરદેવે કહ્યું છે અને સૂત્રથી શ્રી ગણધરદેવે રચ્યું છે"

વધુમા ખુદ તત્ત્વાર્થભાષ્યના ટીકાકારો—મહર્ષિ શ્રી સિદ્ધસેન ગણિજી અને ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે પણ ગણધરદેવ ભિન્ન સ્થવિરોએ રચેલા અંગબાહ્યશ્રુતના ઉદાહરણમાં 'આવશ્યક' નો ઉલ્લેખ નહિ કરતા 'દશવૈકાલિક' આદિનો જ ઉલ્લેખ કર્યો છે.

આપણે ઉપર જોઈ ગયા તે મુજબ દ્વાદશાંગીની માફક આવશ્યકસૂત્ર હરેક તીર્થપતિના તીર્થમા નિયત હોય છે, કારણ કે તેની આવશ્યકતા જે દિવસે તીર્થની સ્થાપના થાય તેજ દિવસથી

હોય છે પણ એટલો ફેર પડે છે કે—પહેલા અને છેલ્લા તીર્થપતિના શાસનમાં વર્તતા દરેક સાધુ–સાધ્વીને આવશ્યકની આવશ્યકતા હોય અને બાવીસ તીર્થપતિના શાસનમાં અને મહાવિદેહક્ષેત્રમાં વિચરતા તીર્થપતિઓના શાસનમાં જે જે સાધુ–સાધ્વીને અતિચાર લાગે તેમને આવશ્યકસૂત્રની આવશ્યકતા હોય. પણ દરેક દરેક તીર્થપતિના શાસનમાં આવશ્યકસૂત્રની આવશ્યકતા તો જે દિવસે તીર્થની સ્થાપના થાય તેજ દિવસથી હોય છે.

પહેલા અને છેલ્લા તીર્થપતિના શાસનમાં આવશ્યકનું વિધાન દોષોને માટે એક કારણ જ છે અને એ દરેકમાં શ્રી ગણધરદેવોનો પણ સમાવેશ થઈ જાય છે. શ્રી ગણધરદેવો પણ જે દિવસથી શાસન સ્થાપન તેજ દિવસથી આવશ્યકનું સેવન કરે છે. એજ કારણે પ્રશ્નોત્તરસમુચ્ચયમાં આવેલો નીચેનો પ્રશ્નોત્તર સંમત થાય છે.

“गणधराः प्रतिक्रमणं कुर्वाणाः स्थापनां कुर्वन्ति न वा ?, कुर्वाणा अपि तीर्थङ्करस्यान्यस्य वा ? इति प्रश्नः, अत्रोत्तरम्–तीर्थङ्करस्य देवगुरुत्वेन तत्समीपे प्रतिक्रमणादि कुर्वतां स्थापनाप्रयोजनं न स्यात्। जिनपरोक्षे कुर्वतां तु स्थापनाकरणमस्माकमिव संभाव्यते ॥ १ ॥

ઉપરનો પ્રશ્નોત્તર ‘પ્રશ્નોત્તર–સમુચ્ચય’ નામના ગ્રંથના ત્રીજા પ્રસ્તાવમાં છે. પ્રશ્નકાર પંડિત–નર્મવિજય છે અને ઉત્તરદાતા જગદ્ગુરુ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજ છે. એ પ્રશ્નોત્તરનો સાર નીચે પ્રમાણે છે—

પ્રશ્ન—પ્રતિક્રમણ કરતાં શ્રી ગણધરદેવો સ્થાપના કરે છે કે નહિ ?, અને કરે છે તો શ્રી તીર્થંકરદેવની કે અન્યની ?

ઉત્તર—શ્રી તીર્થંકરદેવ, દેવ અને ગુરુ એમ ઉભયસ્વરૂપ હોવાથી તેઓશ્રી પાસે પ્રતિક્રમણ આદિ ક્રિયાને કરતાં શ્રી ગણધરદેવોને સ્થાપના કરવાનું પ્રયોજન હોતું નથી પરંતુ શ્રી જિનેશ્વરદેવની પરોક્ષમાં પ્રતિક્રમણ આદિને કરતા શ્રી ગણધરદેવોને પણ આપણી માફક જ સ્થાપના કરવાનું સંભવે છે.

આ રીતિએ જે દિવસે તીર્થની સ્થાપના થઇ તેજ દિવસે શ્રી આવશ્યકસૂત્રની આવશ્યકતા હોવાના કારણે—

'પંચ પ્રતિક્રમણમા પહેલું પ્રતિક્રમણ દૈવસિક કેમ મૂક્યું ?'

આ પ્રશ્નનો ઉત્તર જ આપના હોય એ સ્વરૂપના ઉલ્લેખો સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે, તેમાના કેટલાક આ રહ્યા—

" देसिय राइय पक्खिय चाउम्मासे तहेव वरिसे य। इक्किक्के तिन्नि गमा नायव्वा पचसेएसु " ॥ १ ॥ इति कायोत्सर्गनिर्युक्तिसत्कचतुर्नवतितमगाथायाः कोऽर्थः? इति प्रश्नः,अत्रोत्तरम्–कायोत्सर्गनिर्युक्तिचतुर्नवतितमगाथार्थो हारिभद्र्या वृत्तौ यथा–'देसिय त्ति' दैवसिके प्रतिक्रमणे दिवसेन निर्वृत्त दैवसिकं, 'राइय त्ति' रात्रिके, 'पक्खिय त्ति' पाक्षिके,'चाउम्मासे त्ति' चातुर्मासिके; 'तहेव वरिसे य त्ति' तथैव वार्षिके च, वर्षेण निर्वृत्तं वार्षिकं, सांवत्सरिकमिति भावना। एकैकस्मिन् प्रतिक्रमणे दैवसिकादौ त्रयो गमा ज्ञातव्याः। पञ्चस्वेतेषु दैवसिकादिषु कथं त्रयो गमाः ?, सामायिकं कृत्वा कायोत्सर्गकरणम्, सामायिकं कृत्वा प्रतिक्रमणम्, सामायिकमेव कृत्वा पुनः कायोत्सर्गकरणम्, इह यस्माद्दिवसादि तीर्थं दिवसप्रधान च तस्माद्दैवसिकमादाविति गाथार्थः ॥ १ ॥

*　　*　　*　　*

ઉપરનો પ્રશ્નોત્તર પણ 'પ્રશ્નોત્તર-સમુચ્ચય' નામના ગ્રંથનો ત્રીજા પ્રકાશમા છે. પ્રશ્નકાર પંડિત શ્રી કાન્હર્ષિ છે અને ઉત્તરદાતા જગદ્ગુરૂ શ્રીમદ્ હીરવિજયસૂરીશ્વરજી મહારાજ છે એ પ્રશ્નોત્તરનો સાર નીચે પ્રમાણે છે.

પ્રશ્ન—શ્રી આવશ્યકસૂત્રના 'કાયોત્સર્ગ' નામના પાંચમા અધ્યયનની નિર્યુક્તિની ચારસો નવ્વાણુમી ગાથાનો અર્થ શો ?

ઉત્તર—એ ચારસો નવ્વાણુમી ગાથાનો અર્થ શ્રી હરિભદ્રસૂરિની વૃત્તિમાં નીચે પ્રમાણે કર્યો છે

"દિવસે કરેલું દૈવસિક, રાત્રિએ કરેલું રાત્રિક, પક્ષે કરેલું પાક્ષિક, ચોમાસીએ કરેલું ચાતુર્માસિક અને વર્ષે કરેલું વાર્ષિક–સાંવત્સરિક. આ દૈવસિક આદિ એક એક પ્રતિક્રમણમાં ત્રણ ગમા જાણવા યોગ્ય છે—એક તો–સામાયિક કરીને કાયોત્સર્ગ કરવો, બીજો–સામાયિક કરીને પ્રતિક્રમણ કરવું અને ત્રીજો–સામાયિક કરીને ફરીથી કાયોત્સર્ગ કરવો. અર્હંતના તીર્થે દિવસ પ્રધાન છે એટલે તીર્થની ઉત્પત્તિ દિવસમાં થાય છે તે કારણથી પ્રથમ પ્રતિક્રમણ પણ દૈવસિક જ હોય છે"

× × × ×

આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે તીર્થની સ્થાપના દિવસની થતી હોવાથી અને જે દિવસે તીર્થ સ્થાપન છે તેજ દિવસે પ્રતિક્રમણ કરવાનું હોવાથી પાંચ પ્રતિક્રમણની ગણનામાં પ્રથમ ગણના દૈવસિક પ્રતિક્રમણની કરવામાં આવે છે

આ જ વસ્તુને સમર્થનાર્થે પાઠ કે જે ઉપરના પ્રશ્નોત્તરમાં આપી ગયો છે તેનો તેજ પાઠ ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ રચેલી શ્રી આવશ્યકસૂત્રની બૃહદ્વૃત્તિમાં કાયોત્સર્ગ નામના ચોથા અધ્યયનમાં મૂળ સાથે નીચે પ્રમાણે છે—

"देसिय राइय पक्खिय चाउम्मासे तहेव वरिसे य ।
इक्किक्के तिन्नि गमा नायव्वा पंचसेएसु ॥

व्याख्या—'देसिय त्ति' दैवसिके प्रतिक्रमणे दिवसेन निर्वृत्तं दैवसिकं, 'राइय त्ति' रात्रिके, 'पक्खिए त्ति' पाक्षिके, 'चाउम्मासे त्ति' चातुर्मासिके 'तहेव वरिसे य त्ति' तथैव वार्षिके च, वर्षेण निर्वृत्तं वार्षिकं–सांवत्सरमित्यर्थः, एकैकस्मिन् प्रतिक्रमणे दैवसिकादौ त्रयो गमाः ज्ञातव्याः। पञ्चस्वेतेषु दैवसिकादिषु कथं त्रयो गमाः ?, सामायिकं कृत्वा कायोत्सर्गकरणं, सामायिकमेव कृत्वा प्रतिक्रमणं, सामायिकमेव कृत्वा पुनः कायोत्सर्गम्, इह च

यस्माद् दिवसादि तीर्थं दिवसप्रधानं च तस्माद् दैवसिकमादाविति गाथार्थः ।"

\+ + + +

ચૂર્ણિકાર મહર્ષિ પણ—

"किं निमित्तं दिवसगहणं ?, दिवसादीयं तित्थं ।"

આ પ્રમાણોનો ઉલ્લેખ કરી એજ ફરમાવે છે કે—

"તીર્થ સ્થપાયા પછી તેજ દિવસે સાંજના પ્રતિક્રમણ કરવાનો પ્રસંગ પ્રથમ આવે છે માટે પ્રથમ દૈવસિક અને પછી ક્રમસર બીજા "

\+ + + +

આથી પણ સ્પષ્ટ જ છે કે **શ્રી આવશ્યકસૂત્રની રચના શ્રી ગણધરદેવોએ જ કરી છે.** હવે જે મહર્ષિઓ શ્રી ગણધરદેવોથી રચાયેલ એકે એક વચનને કંઠસ્થ રાખવામાં કલ્યાણ સમજે છે અને એજ કારણે સંપૂર્ણ દ્વાદશાંગીને કંઠસ્થ કરવા અને સદાને માટે કંઠસ્થ રાખવાનો ભગીરથ પ્રયત્ન સતત–નિરંતર સેવ્યા કરે છે તે મહર્ષિઓ શરૂઆતમાં જ રચાયેલા અને નિત્યના ઉપયોગી શ્રી આવશ્યકસૂત્રને કંઠસ્થ ન રાખે અથવા કોઇ પણ સ્થવિર મહર્ષિ, સાક્ષાત્ ગણધરદેવે રચેલા શ્રી આવશ્યકસૂત્રને ભૂલાવી દઇ–મૂકી દઇ પોતે જુદુ આવશ્યક રચે એ કલ્પના જ શ્રી જિનશાસનમાં ન છાજે તેવી છે એટલે આ વિષયમાં અર્થ વિનાના ઉહાપોહો નહિં કરતા સુખલાલજી પોતે '**સંપૂર્ણ આવશ્યકસૂત્ર ગણધરકૃત છે**' એ સનાતન સત્યને સાબીત કરનારા એક નહિં પણ અનેક સ્પષ્ટ ઉલ્લેખો, જે ઉપર મૂકવામાં આવ્યા છે તેના ઉપર પ્રતિજ્ઞા મુજબ પૂર્વગ્રહનો ત્યાગ કરી, શુદ્ધ બુદ્ધિથી વિચારણા ચલાવી, આ શુદ્ધ અને કોઈપણ જાતના વિરોધ વિનાના સત્યના સેવક બની, પોતે ઉભી કરેલી ભ્રમણાના ભોગ બનેલા અન્યનો પણ ઉદ્ધાર કરવાનો સુવિશુદ્ધ પ્રયત્ન સેવી, સ્વ–પર ઉભયનું કલ્યાણ સાધે એજ એક મંગળ કામના વર્તે છે.





"नमोऽस्तु भगवते श्रीमहावीराय।"



આધુનિક તુલનાત્મક પ્રથા સ્હામે—

અમારૂં વક્તવ્ય.



શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડલ- આગ્રા' તરફથી પ્રકાશિત થયેલી પંચપ્રતિક્રમણ નામની ચોપડીની પ્રસ્તાવનામાં સુખલાલજીએ કરેલી તુલનાની પદ્ધતિ સામે જ સમીક્ષા કરતાં મેં લખેલું કે—

"સમાનતા અને એકાકારપણાનો દંભ કરતાં સત્યને અસત્યની સાથે બેસાડી દેવાનો પ્રયત્ન પણ થયો જ થયો છે તેવો પ્રયાસ કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના "पाप्यस्यममपि दोषस्याय" ના કથનને બીલકુલ વીસારી દેવામાં આવ્યું છે"

ઉપર પ્રમાણે લખ્યા પછી મેં સુચવેલું કે—

"સર્વનયમયી અને સ્યાદ્વાદ સિદ્ધાંતથી સુસ્થિત માટે જ સર્વપ્રધાન એવા શ્રી જૈન દર્શનની સાથે બૌદ્ધ, વૈદિક વિગેરે સંપ્રદાયોની સમાનતા દર્શાવવાના ઉદ્દેશથી સુખલાલજીએ 'વિચારના મૂળની એકતા' બતાવવાને વધો જ આડમ્બર કર્યો છે સુખની ચાહના એક સરખી હોવા છતાં શ્રી સર્વજ્ઞ દર્શનથી ભિન્ન સંપ્રદાયોમાં તત્વની કે વિચારની સમાનતા ન હોવાથી મૂળની એકતા બતાવવા મથવું એ એક જાતનો દંભ છે એ સુખલાલજીએ સૂઝવું જોઈતું ન હતું"

ઉપરની હકીકતની સામે બચાવમા સુખલાલજી જણાવે છે કે—

" મારે ટીકાકારોને એટલું જ કહેવુ જોઇએ કે આજે જે તુલનાત્મક પદ્ધતિએ અભ્યાસ શરૂ થયો છે અને જે લગભગ સાર્વત્રિક થતો જાય છે તેથી ડરવાને કશુ જ કારણુ નથી જો આપણી વસ્તુ સર્વોત્તમ હોય તો તુલનામાં તે બતાવી શકાય, અને જો તેવી સર્વોત્તમ વસ્તુને એક અભ્યાસી બરાબર સરખામણી કરી તેની સર્વોત્તમતા સાબીત ન કરી શકે તો તે કાર્ય કોઇ બીજો કરે, પરન્તુ જ્યાં સુધી સરખામણીમા કોઈ વસ્તુને ઉતારવામા ન આવે ત્યાં સુધી તેની સર્વોત્તમતા એ તો માત્ર પોતાની માની લીધેલી સર્વોત્તમતા જેવી જ માત્ર છે અને વળી આપણી પ્રાચીન પ્રથામાં પણુ સરખામણીને અવકાશ ક્યાં ઓછો છે ?, જ્યારે સાધુઓ વ્યાખ્યાન વાંચે છે ત્યારે જાણ્યે અજાણ્યે પણુ પોતાના ધર્મતત્ત્વોનું બીજા ધર્મતત્ત્વો સાથે યથાશક્તિ તોલન કરે જ છે, અલબત્ત, એ ખરૂં છે કે પ્રાચીન પ્રથા અનુસારી તોલનનો ઉદ્દેશ ગમે તે રીતે પોતાની વસ્તુને શ્રેષ્ઠ અને બીજાની વસ્તુને કનિષ્ટ બતાવવાનો હોય છે, ત્યારે આ આધુનિક પ્રથામાં એ એકાંગીપણું કાંઇક દૂર થયેલું જોવામાં આવે છે આચાર્યશ્રી હરિભદ્રજી અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની કૃતિઓમાથી એવા સંખ્યાબધ વિચારો તારવી શકાય એમ છે કે જે માત્ર તટસ્થ તુલનાત્મક દૃષ્ટિએ કરાયેલા છે વળી આપણે પ્રાચીનકાળમાં થયેલું એજ બધુ ક્યાં કરીયે છીયે ? ઘણુંએ જુનું છોડીયે છીયે અને નવુ સ્વીકારીયે છીયે, જો તુલનાત્મક પદ્ધતિ સર્વગ્રાહ્ય થતી જતી હોય તો તે દૃષ્ટિએ આવશ્યક ક્રિયાનુ તોલન કરવામા હુ તેનું મહત્ત્વ જોઉં છુ સમભાવ એ મુખ્ય જૈનત્વ છે, તેનો આવિર્ભાવ માત્ર કુળ જૈન કે રૂઢ જૈનમાં જ હોય અને અન્યત્ર ન હોય એમ તો જૈનશાસ્ત્ર કહેતું જ નથી જૈનશાસ્ત્ર ઉદાર અને સત્યગ્રાહી છે, તેથી તે જાતિ, દેશ, કાળ કે રૂઢિનું બન્ધન ન ગણુકારતાં જ્યાં જેવુ તત્ત્વ સભવે ત્યાં તેવુ જ વર્ણવે છે. આ કારણુથી જૈન આવશ્યક ક્રિયાની જૈનેતર નિત્યકર્મ કે સન્ધ્યા આદિ સાથે તુલના કરવામા જે બીજાઓ દૂષણુ માને છે તેને જ હું ભૂષણુ માનું છુ અને આ વાતને વધારે તો સમય જ સિદ્ધ કરશે. "

સુખલાલજીના ઉપરોક્ત કથનની સામે પ્રથમ તો આધુનિક તુલનાત્મકવાદની સમીક્ષા કરતો જે એક ટુંકો લેખ મે ૧૯૮૦ ની સાલના ' શ્રીવીર–શાસનના દીપોત્સવી સાહિત્ય અક ' મા મૂકેલો તેનો સુધારા વધારા સાથે કેટલોક ઉતારો હુ નીચે મૂકુ છુ—

" આધુનિક તુલનાત્મકવાદની હિતાવહ સમીક્ષા—

" त्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः।
विषेण तुल्यं पीयूषं, तेषां हन्त हतात्मनाम् ॥ "

ભાવાર્થ—હે વીતરાગ! તારા આર્હત શાસનની સમાનતા જેઓ સાંખ્ય અને વૈશેષિકાદિ અન્ય શાસનોની સાથે કરે છે તેઓના અજ્ઞાનથી હણાયેલા આત્માઓને માટે, અફસોસ કે અમૃત અને ઝેર સરખુ છે. અર્થાત્—અજ્ઞાનતાથી તારા શાસનને કોઈ અન્ય શાસનની તુલ્ય માનનારાઓ આ પૃથ્વી ઉપર અમૃતને જ ઝેર તુલ્ય માને છે.

" તુલનાત્મક દૃષ્ટિના બહાનાના આશ્રયથી અજ્ઞાની જનતાઓ માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના ઉપર્યુક્ત કથન ઉપર શાંત ચિત્તે વિચાર કરવાની જરૂર છે. આજે તુલના શબ્દનો ખૂબ પ્રચાર થઇ ગયો છે. જ્યાં ત્યાં તુલનાની જ વાતો અને તુલનાના જ વિચારો. પરિણામે તુલનાના આશકોએ 'કોની તુલના કોની સાથે થઇ શકે?' એ સમજવાની પણ તાકાત ગુમાવી બેઠા છે. અને તેઓ એવા એ માંડ્યું છે કે તેઓ ચિંતામણીને કાચના કકડા સાથે, ક્ષીરને રક્ત સાથે, કથિરને સુવર્ણ સાથે અને ઐરાવણ હસ્તિને રાસભ સાથે સરખાવવા બેઠે છે અને એ સરખામણીના આવેશમાં જ તેઓ પોતાની શક્તિઓનો નિરર્થક વ્યય કરી નાખે છે.

" ચિંતામણિને કાચના કકડા સાથે જોડનાર, ક્ષીરને રક્ત સાથે મૂકનાર, કથિરને સુવર્ણ સાથે સરખાવનાર અને ઐરાવણ હસ્તિને રાસભ સાથે ઉભો રાખનાર જેમ જનતાની હાંસીને પાત્ર બને છે, તેમ લોકોત્તર વસ્તુઓની લૌકિક વસ્તુઓ સાથે મેળવણી કરનાર જ્ઞાની પુરુષોની દૃષ્ટિએ હાંસીપાત્ર તો નહિ પણ દયાપાત્ર બને છે, કારણ કે જ્ઞાની પુરુષો અજ્ઞાની આત્માઓની હાંસી નથી કરતા પણ દયા ચિંતવે છે—જ્ઞાનીઓનો એ સ્વભાવસિદ્ધ ધર્મ છે.

"લૌકિક અને લોકોત્તર જનતાની વાત કરવા પૂર્વે તેનું યતકિંચિત સ્વરૂપ સમજી લેવુ ખાસ જરૂરનું છે **વીતરાગના શાસનને શક્તિના પ્રમાણમાં વિચાર, વાણી અને વર્ત્તનદ્વારા અનુસરનારી જનતા જ્યારે લોકોત્તર જનતા કહેવાય છે ત્યારે તેનાથી વિપરીત માર્ગે જતી જનતા લૌકિક જનતા તરીકે સંબોધાય છે.**

"લૌકિક જનતા પણ એ તો સારી રીતિએ સમજી શકે છે કે ચિંતામણિની સરખામણી તો ચિંતામણિની સાથે અગર તેની જ જાતિના પદાર્થો જેવા કે સુરતરૂ, કામધેનુ અને કામકુંભ વિગેરે સાથે થઈ શકે પણ નહિ કે તેનાથી સર્વથા ભિન્ન સ્વરૂપના પદાર્થો સાથે. આથી લૌકિક જનતાના નાયકો પણ જ્યારે પોતાને કે પોતાને આશ્રિત રહેલી જનતાની સાથે સંબંધ ધરાવતા કોઇ પણ વિષયમાં કોઇ પણ વ્યક્તિ તેવી જાતની અનુચિત અઘટિત અને અસંભવિત યોજના ઘટના કે સંભાવના કરવા મથે કે તરત જ તેને રોકવા કટિબદ્ધ થાય છે અને જનતા પણ પોતાના નેતાઓનો ઉત્સાહભેર સાથ પુરે છે, તો પછી તેવી પરિસ્થિતિ ઉભી થતા એટલે કે લૌકિકને અલૌકિકરૂપે કે અલૌકિકને લૌકિકરૂપે યોજવાની, ઘટાવવાની કે સંભવિત બનાવવા જેવી વિષમ પરિસ્થિતિ કોઈ ઉભી કરવા મથે તો તેની અટકાયત માટે લોકોત્તર જનતાના નેતાઓ પ્રયત્નશીલ બને અને જનતા પોતાના પૂજ્ય નેતાઓના પ્રયત્નને પહોચી વળે અગર પહોચી વળવા પ્રયત્નશીલ થાય એ સર્વથા સુસંભવિત છે, એટલું જ નહિ પરંતુ તદ્દન સ્વાભાવિક છે.

"જ્યારે લૌકિક જનતા કે તેના નેતાઓ અજ્ઞાનના પરિબળે અગર ભયંકર સ્વાર્થની લાલચે ઉચિત કે અનુચિત, કરણીય કે અકરણીય અને સંભવિત કે અસંભવિતનો વિવેક કરવાનું વિસરી જાય છે, ત્યારે તેઓને કેટલુ વિમાસવું અને શોષવું પડે છે એ આપણા અનુભવ બહારની વસ્તુ નથી આ અનુભવોમા ઉછરતી લોકોત્તર જનતા અને તેના નાયકો પણ જો વિવેકને બાજુપર રાખે તો એની વિષમ સ્થિતિનું વર્ણન વચનાતીત થઇ જાય એમા અશક્ય શું છે?

“ તુલના કરનાર સમષ્ટ શક્તિ કે આમ કહીને આપવું ' તુલના ખાતર તુલનાત્મક દ્રષ્ટિ ' નો વિરોધ નથી કરતા કિંતુ અયોગ્ય તુલના કે તુલનાત્મક દ્રષ્ટિના નામે થતા અસત્ય અન્યાયની સામે અમારો પ્રબળ વિરોધ જાહેર કરીએ છીએ અને વીતરાગ દર્શનના અનુયાયીઓને એ અન્યાય સામે પ્રામાણિકપણે તુલનાનું માન વધુ આમ જણાવીએ છીએ

“ એકાંત દર્શનની તુલનાઓ જો અનેકાંત દર્શનની સાથે થઈ શકતી હોત તો પરમજ્ઞાની પુરુષોએ એકાંત દર્શનોને કદી જ મિથ્યારૂપે ન ઓળખાવ્યાં હોત. વસ્તુની એક બાજુને જ જાણી લેનાર કદી જ વસ્તુના સત્ય સ્વરૂપને જાણી શકતો નથી—વસ્તુના સત્ય સ્વરૂપને સમજવા માટે વસ્તુના એક એક સ્વરૂપને સમજવાની અનિવાર્ય આવશ્યકતા છે એમ જ્ઞાની પુરુષોએ કિંતુના દર્શનોને ઉપદેશ્યું છે. તુલનાત્મક દ્રષ્ટિમાં જ શ્રેય માનનારાઓએ તો જ્ઞાની પુરુષોના એ પરમ ઉપદેશને ખાસ હૃદયમાં ઉતારવાની અને અમલમાં મૂકવાની જરૂર છે. તુલના કરનારાઓ પોતાના જ હસ્તે તુલનામાં મૂકાતી વસ્તુઓના જ સ્વરૂપને યથાવત્ ન સમજે એ બીચારાઓ તુલના કરીને અસત્યપૂર્ણ સિદ્ધિઓની વિડંબના સિવાય બીજું શું કરી શકે !....

“ ....શ્રીજિનેશ્વરદેવોના એકેએક સિદ્ધાંતો લોકોત્તર અને ઉચ્ચ ભાવીત તેમ જ સ્યાદ્વાદ જેવી સર્વોત્તમ નીતિથી યુક્ત અને સુસ્થિત છે તો તેની સાથે લૌકિક સિદ્ધાન્તોની તુલના અગર લૌકિક સિદ્ધાન્તો સાથે તે લોકોત્તર સિદ્ધાન્તોની તુલના કરનાર પરમાર્થને કેમ જ પામી શકે !

“ વસ્તુસ્થિતિ આવી છતાં તુલનાત્મકવાદના વિનોદમાં પરમાનંદને લેનારાઓ પ્રથમ શ્રી સર્વજ્ઞભાષિત સિદ્ધાન્તોનું સૂક્ષ્મબુદ્ધિપૂર્વક મૂળ પરિશીલન કરે અને તે પછી મર્યાદામાં-એટલે શ્રીવીતરાગદેવોની આજ્ઞારૂપ સીમામાં—રહીને સત્યને ક્ષતિ ન પહોંચે તેવી રીતિએ, વસ્તુની અપેક્ષાને હાનિ ન પહોંચે એનો સંપૂર્ણ ખ્યાલ રાખીને એવી સત્યની તુલનાઓ કરે કે જે તુલનાઓ એકાંતે સત્ય અને પરમ શ્રેયમાં જ પરિણામ પામે. તુલનાને અપાત્રના ક્ષેત્રમાં પરિણમાવવાના પ્રયત્નમાં મૂળ વસ્તુ

(ભાગવતી આજ્ઞા) ને તો મક્કમપણે વળગી રહી, આદિમાં ને અંતમાં વસ્તુનું યથાસ્થિત વર્ણન તો અવશ્ય મુકવુ જ રહ્યુ તે વિનાની તુલનાઓ એ વાસ્તવિક તુલનાઓ નથી પણ વસ્તુ સ્વરૂપની આબાદ-ન સાંખી શકાય તેવી-ત્રુટીઓ છે ત્રુટી વિનાની સાચી તુલનાઓ કરવા માટે આધુનિક તુલનાત્મક વાદોના મોહપાશમાથી છુટવા સિવાય છુટકો જ નથી આજના મોહકવાદોની મુગ્ધતાથી બચવા માટે અને વસ્તુમાત્રના વાસ્તવિક સ્વરૂપથી સુપરિચિત થવા માટે આપણે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી, કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચદ્રસૂરીશ્વરજી તથા વાચકવર શ્રીમદ્ યશોવિજયજી ગણિવર વિગેરે પુરૂષપુગવોએ કરેલ એકાતવાદના નિરસનપૂર્વક અવિરુવાદી અનેકાતવાદનુ મડન અને ઘટતી તુલનાઓનો પ્રેમપૂર્વક સૂક્ષ્મ બુદ્ધિથી અભ્યાસ કરવો જોઇએ "-

ઉપર પ્રમાણેની "આધુનિક તુલનાત્મકવાદની હિતાવહ સમીક્ષા" નુ વાચન કર્યા પછી જનતા સમજી શકશે કે-

"મારે ટીકાકારોને એટલુ જ કહેવુ જોઇએ કે આજે જે તુલનાત્મક પદ્ધતિએ અભ્યાસ શરૂ થયો છે અને જે લગભગ સાર્વત્રિક થતો જાય છે તેથી ડરવાને કશુ જ કારણુ નથી "

આ પ્રમાણે શરૂઆતમા સુખલાલજીને કહી નાખવાની કશી જ જરૂર ન હતી કારણુ કે સુખલાલજી જેઓને પોતાના ટીકાકારો સમજે છે, તેઓ આજના તુલનાત્મક પદ્ધતિએ થતા જતા સાર્વત્રિક અભ્યાસથી લેશમાત્ર ડરતા નથી, ડરવાનુ તેમને કારણુ નથી કારણુ કે તેઓ શ્રીજિનેશ્વરદેવના અનુયાયિ છે અને શ્રીજિનેશ્વરદેવે પ્રરૂપેલો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ એવો અજબ છે કે જેની સરસાઇ કરી શકે તેવો બીજો એક પણુ માર્ગ આ વિશ્વમા હયાતિ ભોગવતો નથી

માર્ગની ઉત્તમતા યા અધમતાનો આધાર તેના પ્રણેતા ઉપર હોઇ શકે છે 'આ વિશ્વમા જો ઉત્તમોત્તમ આત્મા કોઇ હોય તો તે એક શ્રીજિનેશ્વરદેવ જ છે' અને આ વાતના કહેનાર તે વાચકચદ્ર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા અને ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર પણુ છે કે જે પુરૂષપ્રવરોને પોતાની માન્યતાના સમર્થન ખાતર પરમપ્રમાણિક તરીકે સુખલાલજીને પણુ સ્વીકારવા પડયા છે

આ વિષયમાં ઉત્તમોત્તમ અને વિશ્વપૂજ્ય એ કોઈ હોય તો તે શ્રીજિનેશ્વરદેવ એક જ છે. આ વાત વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ શ્રી તત્ત્વાર્થસૂત્રની આદિમાં રચેલી એકત્રીસ કારિકાઓ પૈકીની છઠ્ઠી અને સાતમી કારિકામાં તથા ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે તે કારિકાઓની ટીકામાં કહી છે, તે કારિકાઓ અને તેની ટીકા આ રહી—

" यस्तु कृतार्थोऽप्युत्तम-मवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स उत्तमेभ्यो-ऽप्युत्तम इति पूज्यतम एव ॥ ६ ॥

व्या०—यस्त्वित्यादिना । यः पुनः कृतार्थोऽपि-केवलज्ञानप्राप्त्या सिद्धप्रयोजनोऽपि उत्तमं धर्मं-क्षमादिकम्, अवाप्यापि प्राप्य, परेभ्य उपदेशनकर्मद्वारा स्वाभिमायविनेयेभ्यो मोक्तुभ्यः उपदिशति नित्यमपार्थप्रमादात् प्रथमपरमपोरुष्योः, स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम इत्यादिविशेषेण पूज्य एव । × × × ॥ ६ ॥

× × ×

तस्मादर्हति पूजा-मर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षिनरेन्द्रेभ्यः, पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ॥ ७ ॥

व्या०—तस्मादित्यादि । यस्मात् कृतार्थोऽप्युपदिशति तस्मादर्हन्नेव यथार्थनामा, उत्तमोत्तमो लोके-जगति नैकदेशे पूजामर्हति अन्यसत्त्वानां पूज्येभ्योऽपि देवेभ्य ऋषिभ्यो नरेन्द्रेभ्यश्च । अन्यसत्त्वानां देवादयः पूज्यास्तेभ्योऽप्यर्हति पूजामर्हन्नित्यन्येभ्यः सुतरां पूजामर्हतीति व्याख्यानमेव । यदि रागादि समुपस्थिति सर्वज्ञत्वानि मति विकल्प × × × ॥ ७ ॥"

× × ×

ઉપરની કારિકાઓ દ્વારા વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજ અને તે કારિકાઓ ઉપરની વ્યાખ્યા દ્વારા મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે સ્પષ્ટ રીતિએ ફરમાવ્યું છે કે—

'તેજ પુરૂષ ઉત્તમોત્તમ અને પૂજ્યતમ છે કે જે કેવલજ્ઞાનની પ્રાપ્તિથી કૃતાર્થ થવા છતા પણ કેવલજ્ઞાન થાય છે ત્યારથી આરભીને દરરોજ નિયમિતપણે પહેલી અને છેલ્લી એમ બે પોરિસીમા ક્ષમાદિ દશ પ્રકારના ઉત્તમ ધર્મનો પરને ઉપદેશ આપે છે.

અને—

કૃતાર્થ હોવા છતા પણ જે ધર્મના સેવનથી પોતે કૃતાર્થ બન્યા તેજ ધર્મનો ઉપદેશ અન્યને આપે છે તે કારણથી સમગ્ર લોકમા ઉત્તમોત્તમ એવા અરિહત જ, અન્ય જીવોને પૂજ્ય એવા દેવો, ઋષિઓ અને નરેદ્રોની પણ પૂજાને યોગ્ય છે અર્થાત વિશ્વપૂજ્ય છે.

* * * *

આ રીતિએ શ્રી જિનેશ્વરદેવના સ્વરૂપથી સુપરિચિત થયેલા એકે એક મહર્ષિએ સર્વોત્તમતા એક શ્રી જિનેશ્વરદેવમા જ નિરખી છે અને પ્રશસી છે વધુમા એ સર્વોત્તમતાને નિરખવાની તેમ જ પ્રશસવાની શક્તિનો પોતામા આવિર્ભાવ થયેલો જોવાથી એ મહર્ષિઓ મગરૂર પણ થયા છે એ મગરૂરીનો યથાર્થ સાક્ષાત્કાર કરવાની ઇચ્છા રાખનારાઓએ તો તાર્કિકશિરોમણિ શ્રી સિદ્ધસેનદિવાકર આદિ મહાપુરૂષોએ રચેલી કૃતિઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે

શ્રી વીતરાગદેવના સ્તુતિકાર થવાનુ સદ્ભાગ્ય પ્રાપ્ત થવાથી પોતાને કૃત્યકૃત્ય માનતા અને શ્રી જિનેશ્વરદેવની લોકોત્તરતાનો યથાર્થ સાક્ષાત્કાર થવાથી પરમતોષ પામેલા કળિકાળસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચદ્રસૂરીશ્વરજી મહારાજા કે જેઓ સર્વતત્રસ્વતત્ર અને એક કવિસમ્રાટ્ છે, તેઓશ્રી નિ શકપણે આહ્વાનપૂર્વક 'શ્રી વીતરાગ સ્તોત્ર' ના 'મહિમ–સ્તવ' નામના અગીઆરમા પ્રકાશમા ફરમાવે છે કે—

"सर्वे सर्वात्मनान्येपु, दोषास्त्वयि पुनर्गुणाः ।
स्तुतिस्तवेयं चेन्मिथ्या, तत्प्रमाणं सभासदः ॥ ७ ॥

હે ભગવન્ ! ક્ષમા આદિ જે સર્વ ગુણો અન્યતીર્થિક દેવોમાં દોષ તરીકે પરિણામ પામ્યા તેજ તારામાં સર્વ રીતિએ ગુણ તરીકે પરિણામ પામ્યા. જો આ સાચી સ્તુતિ પણ મિથ્યા-અસત્ય લાગતી હોય તો મધ્યસ્થ સભાસદો જ પ્રમાણરૂપ છે, અર્થાત્ મધ્યસ્થ અને સત્યગ્રાહી સભાસદોની સમક્ષ અમે ઉપરની સ્તુતિની સત્યતાનું પ્રતિપાદન કરવાને સર્વ પ્રકારે સજ્જ છીએ.

* * * *

ઉપર પ્રમાણેનું આખ્યાન કર્યા પછી તેજ શ્રી વીતરાગસ્તોત્રના અઢારમા-સ્તવમાં શ્રી જિનેશ્વરદેવની ઓળખાણ આપતાં તેઓશ્રી ફરમાવે છે કે—

"यदेव सर्वसंसारि-जन्तुरूपविलक्षणम् ।
परीक्षन्तां कृतधिय-स्तदेव तव लक्षणम् ॥ ९ ॥
क्रोधलोभभयाक्रान्तं, जगदस्माद्विलक्षणः ।
न गोचरो मृदुधियां, वीतराग ! कथञ्चन ॥ १० ॥"

સર્વ સંસારી જીવોના સ્વરૂપથી જે વિલક્ષણતા તેજ હે સ્વામિન્ ! તારું લક્ષણ છે માટે બુદ્ધિમાનો તેની જ શોધ કરો. પરંતુ હે વીતરાગ ! આ જગત્ ક્રોધ, લોભ અને ભય આદિ આંતર શત્રુઓથી ઘેરાયેલું છે અને તું તેનાથી વિલક્ષણ છે એ કારણથી બહિરાત્માઓની દૃષ્ટિમાં તું કોઈ પણ રીતિએ આવી શકે તેમ નથી.

× × ×

આ રીતિએ શ્રી વીતરાગદેવના સ્વરૂપને દર્શાવનાર મહર્ષિ, શ્રી મહાવીરદેવની સ્તુતિરૂપ 'અયોગ-વ્યવ' એ નામની દ્વાત્રિંશિકામાં અપક્ષપાતિપણું સૂચવતા વદે છે કે—

"न श्रद्धयैव त्वयि पक्षपातो, न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तत्वपरीक्षया तु, त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्मः॥२९॥"

હે વીર ! કેવળ શ્રદ્ધાના યોગે જ તારા ઉપર અમને પક્ષપાત નથી અને દ્વેષમાત્રથી જ કપિલ આદિ અન્ય દેવો ઉપર અરુચિ નથી પરંતુ

આપ્તપણાની યથાર્થ પરીક્ષા કરીને જ પ્રભુ તરીકે તારો અમે આશ્રય કર્યો છે અર્થાત્ પ્રભુ તરીકેનો ભાવ અમારા હૃદયમા તારા પ્રત્યે જ જાગૃત થયો છે, કારણ કે, યથાસ્થિત આપ્તતાનો આવિર્ભાવ તારામા જ અમને દેખાય છે

* * * *

અને એજ કારણે અમે કહીએ છીએ કે—

क्षिप्येत वान्यैःसदृशीक्रियेत वा,तवाङ्घ्रिपीठे लुठनं सुरेशितुः
इदं यथावस्थितवस्तुदेशन, परैः कथङ्कारमपाकरिष्यते ॥१२॥

હે નાથ ! ‘ તારામા રહેલી યથાર્થ આપ્તતાના અવલોકનથી ઈંદ્ર તારા ચરણમા લોટતો હતો, અર્થાત્ આપશ્રીના અનતાનત લોકોત્તર ગુણોથી રજિત થયેલા ઈંદ્રાદિ દેવતાઓ પણ આપશ્રીની વિવિધ પ્રકારે સેવા કરતા હતા ’ આ એકાત સત્ય, યુક્તિસિદ્ધ અને સર્વથા સુસગત તથા મહિમાવતી વાતને પરવાદીઓ ઇર્ષ્યા આદિ મિથ્યા ભાવોના યોગે ‘ સભવી જ ન શકે ’ એમ કહીને ખોટી ઠરાવવાનો અથવા ‘ બુદ્ધાદિની ચરણસેવા ઇંદ્રાદિ કરતા હતા એમા વિશેષતા શી ? ’ આ પ્રમાણે કહીને હલકી પાડવાનો પ્રયત્ન કરી શકશે પણ હે નાથ ! તે યથાર્થપણે બતાવેલા વસ્તુના સ્વરૂપનુ ખડન તે પરવાદીઓ કઇ રીતિએ કરી શકવાના છે ? અર્થાત્ અન્ય વાતોના સબધમા તેઓ ધારશે તો યદ્વા તદ્વા પ્રલાપ કરી શકશે પણ તારી યથાર્થ વસ્તુની દેશના સામે તો એક અક્ષર પણ ઉચ્ચારવાની તેમનામા તાકાત નથી

અને એ રીતની હે નાથ ! તારા શાસનની મહત્તાથી મગરૂર બનેલા અમે કહીએ છીએ કે—

“प्रादेशिकेभ्यः परशासनेभ्यः, पराजयो यत्तव शासनस्य ।
खद्योतपोतद्युतिडम्बरेभ्यो, विडम्बनेयं हरिमण्डलस्य ॥८॥”

હે નાથ ! ‘ પ્રાદેશિક–એટલે એક એક નયના જ અવલબનથી ઉત્પન્ન થયેલ–પરશાસનોથી તારા ગાસનનો જે પરાભવ કહેવો તે ખજવાના બચ્ચાની કાતિના આડબરથી સૂર્યમડળની વિડબના થઇ ’ એમ કહેવા જેવું છે અર્થાત્ જો ખજવાના પ્રકાશથી સૂર્યમડળ આખુ

પછી ભલે તે જ વસ્તુના એક એક દેશને જ વળગીને વસ્તુને સર્વથા નાશ પમાડનારાઓથી કેમ નાશ! સર્વનયમયી હોવાને જ કારણે સર્વજ્ઞ ભગવાન એવા તારા શાસનનો પરાજય થાય. એટલે કે ભાનુના પ્રકાશથી સૂર્યમાં કાળાશ થવાની વાત જેટલી અશક્ય છે તેટલી જ અન્ય શાસનોથી તારા શાસનનો પરાજય થવાની વાત પણ અશક્ય છે.

ઉપર સમજાવેલા પરમશુદ્ધ અબાધિત અને શાશ્વત શાસનના સ્થાપક હોવાના કારણે જ પરમ આપ્ત પુરુષ શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલ ત્રિકાલાબાધિત સિદ્ધાંતોને અન્ય દર્શનના સિદ્ધાન્તોની સાથે સરખામણીમાં તો જ ઉતારી શકાય કે શ્રી જિનેશ્વરદેવની સાથે સરખામણી થઈ શકે તેવો કોઈ પણ પુરુષ વિશેષ અન્ય દર્શનકાર તરીકે થયો હોય. શ્રી જિનેશ્વરદેવની અન્ય કોઈ પણ પુરુષવિશેષની સાથે સરખામણી કરવા જેવા પ્રયત્નોનો આદર કરવો એ પણ અનર્થકર વસ્તુ છે. કારણ કે તેમ કરવાથી શ્રી જિનેશ્વરદેવની ઘોર આશાતના થાય છે.

આ વિષયને કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી વીતરાગ-સ્તોત્રના 'વિપક્ષનિરાસ' નામના છઠ્ઠા પ્રકાશમાં ઘણી જ સુંદર રીતિએ સમજાવ્યો છે. તે પ્રકાશમાંના માત્ર ત્રણ જ શ્લોકો વિવરણ સાથે આ સ્થળે વાંચકોને ખાસ જોઈ લેવા જેવા છે અને તેથી તે જ શ્લોકો વિવરણ સાથે નીચે મૂકવામાં આવે છે—

"एवं यथार्थरूपस्य परमात्मनो ज्ञानादिसम्पदोत्समधिकत्वानवि प्रयत्नमभिधाय सांप्रतं तत्प्रतिपक्षेणापि पक्षिणामपि रूपम् तेषामात्मगुणसमारोप्य यस्मिन् समयादि ये विपक्षतामुपस्थितापि तानिर सिद्धिर्विपक्षनिरासं स्तविकृतः—

लावण्यपुण्यवपुषि त्वयि नेत्रामृताञ्जने ।
माध्यस्थ्यमपि दौःस्थ्याय किं पुनर्द्वेषविप्लवः ॥ १॥

वि०—हे भगवन्नर्हन्नमात्य ! त्वयि लावण्यपुण्यवपुषि निख पामिपुरनिसर्गमभिमयग्नपमिमाने त्व एव नेत्रामृतांजने सम्य

लोकलोचनामृतवर्तिंप्रमेये। कैश्चिदनभिगृहीतमिथ्यात्वमुकुलितविशेपविचारैर्माध्यस्थ्यमितरदेवसाधारणा देवबुद्धिर्ध्रियते। तदपि तावत्त्वद्गुणज्ञान दृष्टं श्रुतं च महते दौःस्थ्याय मनःखेदाय जायते। यत्तु तेभ्योऽप्यतिमूढैः कैश्चित्त्वय्यपि विश्वजनीने द्वेपविप्लवो मत्सरो विप्लवः प्रतन्यते स त्वशेपविशेपविदुपा सुतरामरुन्तुद इति भावः॥

एवं तावत्त्वयि द्वेपो विप्लवोऽपि जघन्यः। केचित्तु तद्वशादेव सकलजनसामान्यव्यवहृतीनपि देवास्त्वत्प्रतिपक्षतया तुलयतीत्यतः स्तुतिकृत्तदुद्देशेन साक्षेपमाह—

तवापि प्रतिपक्षोऽस्ति, सोऽपि कोपादिविप्लुतः।
अनया किंवदंत्यापि, किं जीवन्ति विवेकिनः?॥ २॥

वि०—परमकारुणिकत्वेन वीतरागत्वेन सर्व्वज्ञत्वेन परमार्हन्त्यसंपदुद्भासितत्वेन च जगद्विलक्षणस्य तवापि किं कोऽपि प्रतिपक्षोऽस्ति। अपि तु तथैवानुपपन्नः कदाचित्त्वद्विध एव स्यादित्याह—सोऽपि त्वद्विपक्षतया स्थितोऽपि कोपादिभिः—क्रोधकामलोभादिभिः प्राकृतजनेभ्योऽप्यतितरां विप्लवमस्वास्थ्यमापादितः। अस्य चार्थस्य साक्षात्करणं तावद्दूरत एव, किं त्वनया त्वद्विपक्षास्तित्वप्रतिबद्धया किंवदंत्यापि विमूढलोकोक्त्यापि विवेकिनस्तव त्वदितरदेवानां च पृथग्भावज्ञाः किं कदापि जीवंति?। किमुक्तं भवति। किल तथाविधसामग्रीवैकल्यादेवमसमंजसप्रलापिनो यदि निग्रहीतुमशक्तास्तत्किं स्वायत्तत्वात् प्राणानपि ते न मोक्तुं क्षमाः। अश्रोतव्यार्थश्रवणात् प्राणत्यागः श्रेयानेवेति भावः॥

पूर्वोक्तमेवार्थं पुनर्दृष्टांतेन स्पष्टयन्नाह—

विपक्षस्ते विरक्तश्चेत्, स त्वमेवाथ रागवान्।
न विपक्षो विपक्षः किं, खद्योतो द्युतिमालिनः॥ ३॥

वि०—हे प्रक्षीणांतरविपक्ष! प्रेक्षावद्भिर्निपुणमपि निरीक्ष्यमा-

नैस्त्वद्विपक्ष' क्वापि न मेऽसि। तथाहि—यदि नाम ते विपक्षो निरवकाशतया नूनं न विपक्ष' किंतु वीतरागत्वेन स त्वमेव। अथ रागवे-स्तस्याप्यवीतरागत्वेन त्वत्तोऽत्यंतविलक्षणत्वान्न विपक्षः। उभयथा-प्रप्राक्रमयोरेव भावः सपक्षविपक्षयोरुपपत्तेः। अथ दृष्टांतमाह—'विषम किं समावः पुष्पमालिनः' किं समोतः—कीटविशेषो पुष्पमालिनि—सदृशमानोऽकिं कनकविशेषे काके विपक्षो भवेदेवं यथा खद्योतस्य यमस्तिमालिना तुला दुर्लभा तथा सरागस्य वीतरागेणेति भावः।

\+ \+ \+ \+

ઉપરના મૂળ ગ્રંથ દ્વારા પ્રસિદ્ધ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા અને જિનપ્રભાસ ' શ્રી પ્રધાન ઈ' નામના મુનિ આપણને સ્પષ્ટ રીતિએ સમજાવે છે કે—

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માના સ્વરૂપથી અનભિજ્ઞ લોકો જ દેવત્વવિનાના દેવાભાસ દેવોને તે દેવાધિદેવની તુલામાં મૂકવાનું સાહસ કરી શકે છે, કારણ કે દેવાધિદેવના સ્વરૂપથી સુજ્ઞાત બનેલા આત્માઓ તો તે સમાનતાને જોવાથી પણ દુઃખી થાય છે. અર્થાત્ દેવત્વવિનાના દેવોને શ્રી અરિહંત પરમાત્માની સમકોટિમાં મૂકવા જેવી મૂર્ખતા તેઓને મુખ્યરૂપ નથી લાગતી પરન્તુ દુઃખરૂપ લાગે છે અને જ્યારે તે દેવાધિદેવ પ્રત્યે પણ કોઈ અતિમૂઢ આત્માઓને દ્વેષ કરતા જુએ છે ત્યારે તે એકાંત સત્યના પૂજારીઓને અતિશય દુઃખ થાય છે. પરિણામે તે મૂઢ આત્માઓ પ્રત્યે દયા આવે છે.

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માના સ્વરૂપનો યથાસ્થિત સાક્ષાત્કાર કરનાર વિવેકી આત્માઓ તો—

ક્રોધ કામ અને લોભાદિ આંતર શત્રુઓથી રીબાતા આત્માઓ, આંતર શત્રુઓ ઉપર વિજય મેળવી વીતરાગ થઈ અરિહંત બનેલા શ્રી દેવાધિદેવ પરમાત્માના વિપક્ષી તરીકે ઉભા છે; અર્થાત્ સરખામણી કરવા સજ્જ થયા છે.'

આ વાતની ચિન્તની સાથેની ઉત્પાદ પણ નહી ઉપજતા અર્થાત્ એવી નહિ સાંભળવા યોગ્ય હકીકત સાંભળ કરવા કરતાં પ્રાણોનો પણ ત્યાગ કરવો એ વધુ બેહતર માને છે.

પણ સમ્યક્ત્વના પ્રતાપે સુવિશુદ્ધ બુદ્ધિને ધરનારા તે આત્માઓને દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માનો વિપક્ષી શોધ્યો પણ જડતો નથી-નિપુણતાથી નિરીક્ષણ કરવા છતા દેખાતો નથી કારણ કે વિપક્ષી તરીકે ઉભેલો જો વિરક્ત હોય તો તો તે દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માથી ભિન્ન નથી અને જો એ ભગવાન્ જણાતો હોય તો તો તે વિપક્ષ જ નથી કારણ કે-કોઇ પણ દેશમા કે કોઇપણ કાલમા સૂર્યના વિપક્ષી તરીકે ખદ્યોત-ખજવા નામનો કીટ વિશેષ ઉભો રહી શકતો નથી. અર્થાત જેમ સૂર્ય સાથે ખજવાની તુલના દુ શક્ય છે તેમ દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્માની સાથે રાગાદિકથી કલુષિત અને એટલા જ માટે દેવત્વવિનાના દેવાભાસોની તુલના દુ.શક્ય છે.

આથી તદ્દન સ્પષ્ટ છે કે સુખલાલજીના કથન મુજબ તેમના ટીકાકારો લગભગ સર્વત્ર પ્રસરી રહેલા આજના તુલનાત્મક પદ્ધતિના અભ્યાસથી લેશમાત્ર ડરતા નથી કારણ કે પોતાના એકના એક અને અનન્ય કર્ણધાર શ્રીજિનેશ્વરદેવના સિદ્ધાતોની તુલનામા મૂકાયેલો એક પણ સિદ્ધાત તેના પોતાના સ્વરૂપમાં સ્થિર રહી શકે તેમ છેજ નહિ એવી તેઓને સપૂર્ણ ખાત્રી છે તુલના કરવાનો જો પ્રસગ જ આવી પડે તો પોતાની વસ્તુને તુલનામા બતાવવાને કશી જ હરકત નથી કોઈ પણ વ્યક્તિ શ્રીજિનેશ્વરદેવના સિદ્ધાતોને તુલનામા મૂકી તે સિદ્ધાતોની સર્વોત્તમતા સાબીત કરી બતાવે એ તો હિતાવહ જ છે અને એ કારણે સદાને માટે ઇચ્છિવા યોગ્ય છે શ્રીજિનેશ્વરદેવના સિદ્ધાતોની સર્વોત્તમતા એટલી બધી સુપ્રતિષ્ઠિત છે કે તેને દાર્શનિકોના રગમડપમા ઉપસ્થિત કરવામા ભીતિનો અવકાશ જ નથી પણ તે કામ મિથ્યામતિઓના સહવાસમા મુંઝાઇ રહેલા પુદ્ગલાનદીઓનુ નથી આજે સુખલાલજી પોતે કોના સહવાસમા રીબાય છે એ ખાસ તપાસવા જેવું છે જે વ્યક્તિ અહિંસાના નામે ઘોર હિંસા પ્રવર્તાવી રહી છે, ધર્મભૂમિના ગર્ભમા રહેલા ધર્મબીજને બાળી નાખવાનુ સાહસ ખેડી રહી છે અને એક પોતાની મહત્તા ખાતર જ સારી દુનિયાને અવનતિના ઉંડા ગર્તમાં ઉતારી રહી છે, સુખલાલજી તો આજે તે વ્યક્તિના

અનન્ય ઉપાસક બની ચુકેલા છે સમગ્ર જૈનસમાજને તે વ્યક્તિના દર્શન કરાવવા માટે આજથી વર્ષો પૂર્વે એટલે સંવત ૧૯૭૭ ની ઉપર્યુ તેમણે (મુનશાહજીએ) લખેલું કે—

" हिंदुस्थानमें क्या सारी दुनियामें महात्मा गांधीसे बढ़कर कोई समभावशील पुरुष समय में सुना गया ×××× अगर हम ऐसे महात्मासे फायदा न उठा सकें तो फिर यह भी समझ लेना चाहिए कि हमारी बुद्धि इतनी भारी हो गई है कि न हम भगवानकी मूर्तिसे ही फायदा उठा सकते हैं न तीर्थसे और न शास्त्रसे ही । "

પોતે માનેલા એ મહાત્માની ઉપર પ્રમાણેની સ્તુતિ મુનશાહજીએ કરી છે તેની કારણમીમાંસા કરવા માટે આ સ્થાન નથી. અલબત્ત મુનશાહજીના મહાત્માની ઉપાસના કઇ કોટીની કેવી પ્રકારની હતી તેની નહીં. ત્રિભુવન વિખ્યાત પુરુષોએ તો એ મહાત્માની પ્રથમથી જ પીછાણ કરી લીધી હતી અને જાતિના નેતા સાથે પણ આ નાસ્તિક સરકારના ક્રુરતાભર્યા પ્રસંગે એ મહાત્માને સારી રીતિએ ઓળખી લીધા છે. એટલે હું તો આ સ્થાને એટલું જ બતાવવા ઇચ્છું છું કે મુનશાહજી અને તેમના જેવા બીજાઓ કે જેઓમાં વ્યક્તિને ઓળખવાની તાકાત નથી અને જેઓ સદા તથા માત્ર મનસ્વી વિચારોને પ્રકટ કરવામાં જ ધર્મત્વ માનનારા છે તેઓ વ્યક્તિના સિદ્ધાંતોની તુલના કરવાનું કામ કેમ પણ પ્રકારે કરી શકતા નથી. તેઓ તો માત્ર તુલનાના નામે સ્વચ્છંદ મિથ્યાત્વ ફેલાવવા સાથે શુદ્ધ સિદ્ધાંતોની સારી રીતિએ નિંદના કરવા સિવાય બીજું કંઈ જ કરી શકતા નથી.

આથી આપ વાચક સમજી શકશો કે જ્યારે જ્યારે શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાંતોને શાસ્ત્રનિષ્ઠાના રૂપમાં ઉલ્લેખિત કરી તે સિદ્ધાંતોની સર્વોત્તમતાના પ્રતાપે અન્ય દર્શનના સિદ્ધાંતોની ન્યૂનતાઈ વિચારક આત્માઓને જાહેર કરવી શ્રી સર્વજ્ઞદેવોના પુણ્યકર શાસન તરફ આકર્ષિત કરવાના જ એક શુભ આશયથી તે સિદ્ધાંતોને દ્રષ્ટિમાં ઉતારવાને—તુલનામાં મુકવાને કંઈ જ હરકત નથી. અને તેવા પ્રકારની દ્રષ્ટિએ અથવા તુલના અનેક મહાત્માઓએ અનેક પ્રસંગે અને

અનેક સ્થળે કરી છે. આ વાતનો સ્વીકાર કરતા સુખલાલજી પણ લખે છે કે—

" અને વળી આપણી પ્રાચીન પ્રથામાં પણ સરખામણીને અવકાશ ક્યાં ઓછો છે? જ્યારે સાધુઓ વ્યાખ્યાન વાંચે છે ત્યારે જાણ્યે અજાણ્યે પણ પોતાના ધર્મતત્ત્વોનું બીજા ધર્મતત્ત્વો સાથે યથાશક્તિ તોલન કરેજ છે. "

ઉપરના સત્યનો સ્વીકાર કરતા પણ સાધુપુરૂષો ઉપર આક્ષેપ કરવાની પોતાની સ્વાભાવિક યા તો સંસર્ગજન્ય પદ્ધતિનો ઉપયોગ કર્યા વિના તેઓ રહી શક્યા નથી સાધુપુરૂષો આપણે ઉપર જોઇ ગયા તેજ એક શુભ ઇરાદાથી પોતાના એટલે શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલા ધર્મતત્ત્વોનું બીજા ધર્મતત્ત્વો સાથે તોલન કરી અન્યના ધર્મતત્ત્વોમા રહેલી ત્રુટી યા તો વિપરીતતા દર્શાવી શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલા તદ્દન નિર્દોષ અને એકાંત હિતકર તથા અવશ્ય ઉપાદેય ધર્મતત્ત્વો તરફ શ્રોતૃવર્ગને આકર્ષી તે શ્રોતૃવર્ગ પૈકીના જે આત્માઓ સત્ય ધર્મતત્ત્વને ન પામી શક્યા હોય તેઓને સત્યધર્મતત્ત્વની પ્રાપ્તિ કરાવે છે, જેઓ પામેલા હોવા છતા મિથ્યામતિઓની મુઝાવી મારનારી પ્રવૃત્તિઓથી ચલચિત્ત થયા હોય તેઓને સ્થિર ચિત્ત બનાવે છે અને જે આત્માઓ સત્ય-ધર્મતત્ત્વનો સ્વીકાર કરવા જેટલુ કૌવત ન ધરાવતા હોય તેઓને સત્ય ધર્મ તરફ સદ્ભાવ ધરાવતા અને અનેક રીતિએ સત્ય ધર્મતત્ત્વની પ્રશંસા કરતા બનાવી માર્ગાભિમુખ કરે છે આ વાત સુખલાલજીને ખટકે છે અને એ ખટકાનો પડઘો પાડતા સુખલાલજી લખે છે કે—

" અલબત્ત, એ ખરૂ છે કે પ્રાચીન પ્રથા અનુસારી તોલનનો ઉદ્દેશ અમે તે રીતે પોતાની વસ્તુને શ્રેષ્ઠ અને બીજાની વસ્તુને કનિષ્ઠ બતાવવાનો હોય છે, ત્યારે આ આધુનિક પ્રથામા એ એકાંગીપણું કાંઇક દૂર થયેલું જોવામાં આવે છે

ઉપર પ્રમાણેનો ઉલ્લેખ કરી સુખલાલજી કેવો અસત્ય અને ભયંકર આક્ષેપ પૂજ્ય પુરૂષો ઉપર કરે છે એ સહજમા સમજી શકાય તેમ છે વસ્તુને વસ્તુના યથાસ્થિત સ્વરૂપમા બતાવનારા મહર્ષિઓ શ્રેષ્ઠને શ્રેષ્ઠ તરીકે અને કનિષ્ઠને કનિષ્ઠ તરીકે બતાવે એ પણ આજના

આધુનિક પ્રથાના પૂજારીઓને નથી પાલવતું એમ પણ સુખવાદી આપણને ઉપરના કથનદ્વારા જણાવે છે એ પણ સમજી શકાય તેમ છે સુખવાદીઓએ સમજવું જોઈએ કે—

સત્ય વસ્તુ પ્રત્યે એકાંગીપણું એ તો તુલનાત્મક દૃષ્ટિના ઉપાસકનું ભૂષણ છે સત્ય વસ્તુ પ્રત્યે પણ એકાંગીપણાનો અભાવ એજ આધુનિક પ્રથાનું મ્હોટામાં મ્હોટું દૂષણ છે અને એજ કારણે એ પ્રથાની સામે સત્યના ઉપાસકોનો વિરોધ છે

સત્યના એકાંગીપણા વિના સત્યનું પ્રતિપાદન સર્વથા અશક્ય છે એ પણ સુખવાદીઓએ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે અને એ સત્યના એકાંગીપણાના યોગે જ પ્રાચીન પ્રથા સર્વમાન્ય થયેલી છે અને એણે એક સત્યના પારદર્શિ પરમર્ષિએ અવિચ્છિન્નપણે સાચવી રાખી છે અને સાચવી રાખવામાં જ જગતનું શ્રેય છે. અને સત્યના એકાંગીપણા વિનાની આધુનિક પ્રથાને અનુસરવું એ તો ખરેખર જગતની એક વિનાશક પ્રથાને નોતરવા જેવું છે.

સત્યના એકાંગીપણાથી સર્વસાધારણમાં સુપ્રતિષ્ઠિત થયેલી અને ઉપર આલેખેલા સ્વરૂપવાળી પ્રથા એ કેવલ પ્રાચીન જ નથી પણ સર્વતઃ સાધ્યથી ઉ-નિરાબાધિત છે અને એનું એજ કારણ છે કે પ્રથમ સત્યનું યથાસ્થિત પ્રતિપાદન કર્યું અને તે પછી એ વસ્તુનો વૈદિક સ્વીકાર કરી સંપૂર્ણ સત્યનો વિરોધ કરનાર દર્શનકારોએ આત્મા અર્થ અને કામ આદિને સ્વતંત્ર શાસ્ત્ર રચી વિધાને તેમાં મુખ્ય કરવા ઇચ્છનારા અર્થશાસ્ત્ર અને કામશાસ્ત્ર આદિના પ્રણેતાઓએ કામ પોતાના સ્વાર્થ ખાતર સ્વીકાર કરવાની જરૂર લાગી હોય તે કારણથી અથવા તો સ્વાભાવિક રીતિએ જ સત્યના કરેલા આંશિક અને આગમ સ્વીકારને દર્શાવી ઉન્માર્ગે પડેલાઓને ધર્મમુખ કર્યા તરફ આકર્ષિ સ માર્ગે વાળવા અને સન્માર્ગની સેવામાં અસ્થિર અને શિથિલ મનવાળાઓને સ્થિર અને સતેજ કરવા.

વસ્તુસ્થિતિ આવી હોવાથી જ ઉપર મૂકેલા આધુનિક તુલનાત્મકવાદની હિતાવહ સમીક્ષા નામના લેખમાં મે લખ્યું છે કે—

તુલનાત્મકવાદના વિનોદમાં પરમાનંદ જોનારાઓ પ્રથમ શ્રી સર્વજ્ઞપ્રણીત સિદ્ધાંતોનું ગુરૂકુળવાસમાં રહીને ખૂબ પરિશીલન કરે અને તે પછી મર્યાદામાં-એટલે શ્રી વીતરાગદેવોની આજ્ઞારૂપ કિલ્લામાં રહીને સત્યને ક્ષતિ ન પહોંચે તેવી રીતિએ, નયવાદની અપેક્ષાને હાનિ ન પહોંચે એનો સંપૂર્ણ ખ્યાલ રાખીને એવી જાતની તુલનાઓ કરે કે જે તુલનાઓ એકાંતે સ્વ અને પરના શ્રેયમાં જ પરિણામ પામે. તુલનાને સ્વ-પરના શ્રેયમાં પરિણમાવવા ઇચ્છનારે મૂળ વસ્તુ (ભાગવતી આજ્ઞા) ને તો મક્કમપણે વળગી રહી, આદિમાં ને અંતમાં વસ્તુનું યથાસ્થિત વર્ણન તો અવશ્ય મૂકવું જ રહ્યું; તે વિનાની તુલનાઓ એ વાસ્તવિક તુલનાઓ નથી પણ વસ્તુસ્વરૂપની આબાદ-ન સાંધી શકાય -તેવી ત્રુટિઓ છે. ત્રુટી વિનાની સાચી તુલનાઓ કરવા માટે આધુનિક તુલનાત્મકવાદોના મોહપાશમાંથી છુટવા શિવાય છુટકો જ નથી ”

આ વાતના સમર્થનમા આપણે એક બે વિષયો જોઇએ-આપણે જોવા ઇચ્છેલા બે વિષયમા એક છે ‘ મૈથુન-અબ્રહ્મનો-ત્યાગ ’ અને બીજો વિષય છે ‘ સ્યાદ્વાદ-સિદ્ધિ ’

‘મૈથુન-અબ્રહ્મ-ત્યાગ’-ની સામે કામશાસ્ત્ર ઉભું છે ‘મૈથુન-અબ્રહ્મ-ત્યાગ ’ નો ઉપદેશ આપતુ સર્વજ્ઞશાસ્ત્ર તેનાથી થતી હાનિઓ બતાવી તેનાથી વિશ્વને બચાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેની સામે ‘ કામશાસ્ત્ર ’ અને તેના પ્રણેતા ‘ વાત્સ્યાયન ’ કામને કેવી રીતિએ સેવવો ? તે બતાવવા સાથે અમુક અમુક રીતિએ સેવવાથી અમુક અમુક ફાયદાઓ થાય છે એમ બતાવવાનો પ્રયત્ન કરે છે આથી સહેજે કામાસક્ત દુનિયાને કામશાસ્ત્ર અને તેના પ્રણેતા તરફ રૂચિ ઉત્પન્ન થાય છે તેની સામે બ્રહ્મચર્યનો મહિમા અને અબ્રહ્મ-મૈથુનથી થતી હાનિ બતાવવી એ તો તદ્દન જરૂરનુ છે એ ન્યાયે કલિકાળ સર્વજ્ઞ

ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગશાસ્ત્રમાં બ્રહ્મચર્યનો મહિમા અને અબ્રહ્મ એટલે મૈથુન સેવનથી થતી હાનિ વિગેરે જણાવી છે. પણ કામશાસ્ત્રના ફંદામાં ફસેલી દુનિયાને કામથી વિરક્ત બનાવવા માટે કોઈ એવી મહત્ત્વની વસ્તુ–કે જે વસ્તુનો સ્વીકાર કામશાસ્ત્ર પ્રણેતાને પણ ગમે તે કારણે કરવો જ પડ્યો હોય તે જણાવવી જોઇએ કે જેથી પરમ સત્ય વસ્તુ તરફ એ કામાસક્ત દુનિયાનું ધ્યાન ખેંચાય અને પરિણામ એકદમ નહિ તો આસ્તે આસ્તે તે કામાસક્ત દુનિયામાંના કેટલાક ભાગ્યવાન ભવિ આત્માઓ કામથી વિરક્ત બની ધર્મરસિક બનીને આત્મકલ્યાણના યોજક થઈ શકે. પરન્તુ સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે તેમ કરવા જતાં 'કામશાસ્ત્ર' નો કે તેના પ્રણેતાનો સહેજ પણ મહિમા વધી ન જાય. નહિ તો મૈથુન પરાયણ દુનિયા તો અળગી દૂર રહી પણ ધર્મરસિક દુનિયાને તેના ફંદામાં ફસતાં વાર નહિ લાગે, કારણ કે આ સંસારમાં કામરસ ઘણો જ બળવાન છે અને તે અનાદિનો પરિચિત છે.

અહિંસા પરમો ધર્મ: આ સિદ્ધાંતને દુનિયા બાહ્યરૂપે તો અ-જ સ્વીકાર્યો જ છે. એટલો પણ સ્વીકાર કર્યા વિના તો કોઈ પણ મતના શાસ્ત્રપ્રણેતાને ચાલી શકે તેમ નથી અને મૈથુનક્રિયામાં જે અહિંસાનો પણ નાશ થયા વિના રહેતો જ નથી એ વાત પણ એકાંત સત્ય જ છે એટલે એ સત્યને પ્રકાશિત કરી મૈથુન-ક્રિયામાં રક્ત બનેલી દુનિયાને મૈથુનથી મુક્ત કરવાના જ એક શુભ ઉદ્દેશથી પ્રભાવક સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પોતે સર્વજ્ઞ દેવના કથનાનુસાર પ્રકાશિત કરેલા સત્યમાં કામશાસ્ત્રકારની પણ સમ્મતિ કેવી કુશળતાપૂર્વક બતાવે છે તે આ મૈથુન–અબ્રહ્મ–ત્યાગ નામના પ્રથમ વિભાગમાં આપેલું જોવાય છે.

શ્રી યોગશાસ્ત્ર ના બીજા પ્રકાશમાં પ્રતિભાશાળી સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ઉપરની વસ્તુ નીચે પ્રમાણે કહે છે—

–अहिंसाविरोधित्वादब्रह्मवतां मैथुने अहिंसाया एवाभावमाह–

" योनियन्त्रसमुत्पन्नाः, सुसूक्ष्मा जन्तुराशयः ।
पीड्यमाना विपद्यन्ते, यत्र तन्मैथुनं त्यजेत् ॥ ७९ ॥

"योनिः प्रसवमार्गः सैव यन्त्राकारत्वाद्यन्त्रं, तत्र समुत्पन्नाः –संमूर्च्छनेनोत्पन्नाः, ते च न चक्षुर्ग्राह्या इत्याह–सुसूक्ष्माः जन्तुराशयो जन्तुसमूहाः, पीड्यमाना मृत्यमानाः पुध्वजेनेति शेषः, रूतनालिकायां तप्तायःकणकप्रवेशे रूतानीव विपद्यन्ते विनश्यन्ति यत्र मैथुने तन्मैथुन त्यजेत् ॥ ७९. ॥

योनौ जन्तुसद्भावं संवादेन द्रढयति—

जन्तु सद्भाव वात्स्यायनोऽप्याह ।

वात्स्यायनः कामशास्त्रकारः । अनेन च वात्स्यायनसवादाधीनमस्य प्रामाण्यमिति नोच्यते, नहि जैन शासनमन्यसंवादाधीनप्रामाण्यं किन्तु येऽपि कामप्रधानास्तैरपि जन्तुसद्भावो नापह्नुत इत्युच्यते।

वात्स्यायनश्लोको यथा—

रक्तजाः कृमयः सूक्ष्माः, मृदुमध्याधिशक्तयः ।
जन्मवर्त्मसु कण्डूर्तिं, जनयन्ति तथाविधाम् ॥ ८० ॥

रक्तजा–रक्तोद्भवाः, कृमयो–जन्तुविशेषाः, सूक्ष्माः–अप्रत्यक्षाः, मृदुमध्याधिशक्तयः–मृदुशक्तयो मध्यशक्तयोऽधिशक्तयश्च, तथाविधां–मृदुमध्याधिमात्रशक्त्यनुरूपा मृदुशक्तयो मृद्वीं, मध्यशक्तयो मध्या, अधिकशक्तयोऽधिकां कण्डूर्तिं–कण्डू जन्मवर्त्मसु–योनिषु जनयन्ति ॥ ८० ॥

\+ \+ \+ \+

અર્થાત્—સત્ય આદિ વ્રતો એ અહિંસાનો પરિવાર એટલે અહિંસાનુ રક્ષણ કરનાર હોવાથી મૈથુનક્રિયામા અહિંસાનો જ અભાવ બતાવતા કહે છે કે—

જે મૈથુનક્રિડામા યોનિરૂપ યન્ત્રની અંદર ઉત્પન્ન થયેલા અતિસૂક્ષ્મ સમૂર્છિમ જીવોના સમૂહો પુરૂષચિન્હના યોગે પીડા પામતા થકા–રૂની નળીમા રહેલુ રૂ, તપાવેલા લોઢાના કણીઆનો પ્રવેશ થતા જેમ બળી જાય છે તેમ–નાશ પામે છે ૭૯

ઇતરના કથનદ્વારા યોનિમા જીવોના સદ્ભાવની સાબીતી કરતાં કહે છે કે—

'વાત્સ્યાયન' નામના કામશાસ્ત્રકાર પણ યોનિમાં જીવોના સદ્ભાવનો સ્વીકાર કરે છે

શંકા—શું તમે આ પ્રકારથી એમ નથી સૂચવતા કે "યોનિયંત્રની અંદર સૂક્ષ્મ જીવોના સમૂહો ઉત્પન્ન થાય છે." આ શ્રી જિનશાસનના કથનની પ્રામાણિકતા 'વાત્સ્યાયન' નામના કામશાસ્ત્રના કથનને આધીન છે ?

સમાધાન—નહિ જ. અમે એવું સૂચવતા જ નથી, કારણ કે શ્રી જૈન શાસનની પ્રામાણિકતા કોઈ અન્યના કથનને આધીન નથી પરંતુ આ સ્થળે અમે તો એ સૂચવવા ઇચ્છીએ છીએ કે જે લોકો કામને પ્રધાન માનનારાઓ છે તે લોકોએ પણ (યોનિમાં) જીવોના સદ્ભાવનો ઇન્કાર કર્યો નથી.

'વાત્સ્યાયન' યોનિમાં જીવોનો સદ્ભાવ નીચેની રીતિએ જ સૂચે છે—

લોહીમાં ઉત્પન્ન થયેલા અલ્પ મધ્યમ અને અધિક શક્તિવાળા કૃમિ નામના સૂક્ષ્મ જીવવિશેષો યોનિઓની અંદર અલ્પ મધ્યમ અને અધિક ખરજને ઉત્પન્ન કરે છે.

૨—સ્યાદ્વાદ-સિદ્ધિ

હવે આપણે જોઈએ છે "સ્યાદ્વાદ-અનેકાંતવાદ" ની સિદ્ધિને. એક પણ દર્શનકાર અનેકાંતવાદના આશ્રયથી વસ્તુતઃ પરિચિત નથી અને એક કાળે એક એક દર્શનકાર અનેકાંતવાદની સામે ઊભા છે એટલું જ નહિ પણ તેઓએ તો આગળ વધીને એકાંતવાદના સ્થાપનદ્વારા અનેકાંતવાદનું ઉન્મૂલન થયું માન્યું છે પણ ખરું! વસ્તુસ્થિતિ જ તેઓનાથી વિપરીત છે.

આમ છતાં પણ એકાંતવાદની ઉપાસનામાં જ એમ માનનારા આત્માઓને એ દર્શનોની સ્યાદ્વાદ-અનેકાંતવાદ તરફ વક્ર દૃષ્ટિની ખાતર એ સમજાવીએ તો

'તમારા દર્શનકારો કે જેઓ અનેકાંતવાદના ઉન્મૂલનમાં જ પ્રવૃત્ત થયેલા છે તેઓને મને કે કમને પણ વસ્તુસ્થિતિને આધીન થઇને અજ્ઞાતપણે પણ એ અનેકાંતવાદનો સ્વીકાર કર્યા વિના ચાલી શક્યુ નથી ' અને એ બતાવી શકાય તેવુ તો છે જ કારણ કે તે સર્વ-વ્યાપી સિદ્ધાંતની સહજ પણ છાયા કોઈ પણ રીતિએ પડયા વિના રહે જ નહિ પણ અમુક આત્માઓના હિતની ખાતર અથવા સત્ય-વસ્તુની સર્વવ્યાપિતા દર્શાવવા ખાતર એ પડેલી છાયાનુ દિગ્દ-ર્શન કરાવતા એ સાવધતા બરાબર રાખવાની છે કે–એ અણીશુદ્ધ એકાંતવાદના પ્રચારકો અનેકાંત જેવા અનુપમ અને અદ્વિતીય વાદના પ્રચારક તરીકેની પૂજા ન પામી જાય, અન્યથા ઉન્માર્ગે પડેલાઓને સન્માર્ગે લાવવાનુ ધ્યેય સફળ થવાને બદલે પરિણામ એવુ વિપરીત આવે કે સન્માર્ગમા રહેલા આત્માઓ ઉન્માર્ગ તરફ ખેચાઇ જાય એટલે સમ્યક્ત્વના પ્રચારને બદલે મિથ્યાત્વનો અસ્ખલિત પ્રચાર થઇ જાય

પ (જુઓ ૧૭૨મી) કે રાજા હુવિષ્કના નામનો અને મહારાજાધિરાજ પદ સાથેનો એક શિલાલેખ આક ૨૮ની સાલનો મળી આવ્યો છે. તે વાત સત્ય ઠરે તો તે ૨૮ની સાલ, પોતે જ્યારે કાશ્મિર પતિ તરીકે સ્વતત્ર અધિકારપદે હતો તે સમયનો સમજવો.

કિન્તુ તે હકીકત સિદ્ધ થયેલ ન હોવાથી તેનો ઉલ્લેખ અગત્યના બનાવ તરીકે કરવાનો નથી.

કનિષ્ક પહેલો વઝેષ્ક—હુષ્ક હુવિષ્કનું અભીક્ષક અને તે બાદ કનિષ્ક બીજો.

(૨) પ્રિયદર્શિની નામાવલિનો અનુક્રમ[૫૪] ના પ્રમાણે અનુક્રમે કનિષ્ક પહેલો—વઝેષ્ક—હુષ્કનું અભીક્ષક; પછી હુવિષ્ક અને તે બાદ કનિષ્ક બીજો.

કનિષ્ક બીજાનું નામ કૈસર હોય તેમ તેણે પોતે કોતરાવેલ લેખ ઉપરથી સમજાય છે. મિ. સ્ટેન કોનાવ (Sten Konow) કૃત તેના નામના ખરોષ્ટી શિલાલેખો નામના તથા કોર્પસ પુસ્તક ૨ પૃ ૧૬૨ ઉપર આરા નામે ગામના શિલાલેખમાં આ પ્રમાણે લખ્યું છે—[૧] મહારાજસ રાજતિરાજસ દેવપુત્રસ કૈસરસ વઝેષ્ક પુત્રસ કનિષ્કસ એટલે સ્પષ્ટ થાય છે કે ઉપરના વાક્યમાં ટીકા સમો વઝેષ્કના પુત્ર કનિષ્ક બીજાને લાગુ પડતાં લિખ્યું છે તે આધાર કનિષ્ક બીજાનું નામ કૈસર હોવાનું આપણે માનવું રહે છે.

ઉપરના સંબંધમાં જણાવવાનું એટલું જ કે તેના પિતા વઝેષ્કના મરણ સમયે તે ૧૨ વયનો હશે તેની ઉમર ૪ થી માંડીને ૧૦—૧૧ વર્ષની હોય અને તે પૂરી બિનઅનુભવી રાખીએ ત્યાં તે સગીર હતો એટલું તો ચોક્કસ છે એટલે તેનો જન્મ ૨૫ થી ૧૮ સુધીના સાત વર્ષમાં થયેલો ગણવો પડશે અને તેનું મરણ તો ૬૩માં નીપજ્યું છે એટલે તે હિસાબે તેનું આયુષ્ય ૪૫થી ૭૫ સુધીનું ગણવું થાશે. જ્યારે તેનો સમય રાજ્યાભિષેક ગાદીએ બેઠો ત્યારથી જ ગણવામાં આવે તો ૬૩—૨૯=૩૪નો અને ૪ મા (જે તેની આસપાસ છે તો તે હિસાબે તેટલો સુધારો કરવો પડશે) રાજ્યાભિષેક થયો ત્યારથી ગણીએ તો ૬૩ ૪૫ના વર્ષનો ગણો થાશે.

કનિષ્ક બીજાનું રાજ્ય ખરેખર રીતે તો જ્યારથી તેનો રાજ્યાભિષેક થયો ત્યારથી જ આરંભિત થયું ગણવું ઉચિત લેખાય. તેથી સાલ રાજ્યના અંકો અત્યાર સુધી તો આપણે ૪ની ગણ્યા છે પરંતુ તેના જન્મ ગણવું ઉચિત વિચારતાં અને તે અંકોનો ઉપયોગ ઉતારતાં, કારણ તે સાલને બે ચાર વર્ષ આગળ પાછળ કરી જવાની જરૂર પડે. તે સાલ ગમે તે પ્રમાણ ૪ પ્રમાણ રાખીને જ ગણવાનું છે. તે સાલ ઐતિહાસિક દૃષ્ટિએ અતિ ઉપયોગી છે કારણ તે સાલમાં જેમ કનિષ્ક બીજાનું જન્મ થઈ ગયું દેખાય છે અને પોતાને મહારાજાધિરાજ તરીકે ઓળખાવતો દેખાય છે તેમ ક્ષહરાટપતિ હુવિષ્ક પણ પોતાને તેજ પદ નોંધીને એક સ્વતંત્ર સમ્રાટ હોવાની ઉદ્ઘોષણા જગત સન્મુખ કરેલી જણાય છે. વળી બીજી બાજુ, ચષ્ટનના સમયમાં અને રુદ્રદામનમાં પણ તેજ સમયે ફેરફાર કરાયો હતો. વિશ કરવા કરણ છે. અત્યાર સુધી તે તેના પિતા ક્ષત્રપતિની પેઠે કેવળ ક્ષત્રપજ ગણાતો હતો તેના બદલે અત્યારથી મહાક્ષત્રપની પદવીએ તેને ગણવામાં આવ્યો હતો. અને જરનલ ઑફ ધી રૉયલ એશિયાટીક સોસાયટીના પુ ૨ ભાગ ૧ પૃ ૬૨ માં ટીકા કર્યો પ્રમાણે The statues of Kanishka and Chashthana being found together કનિષ્ક અને ચષ્ટનની પુતળી સાથે મળી આવી છે તો પ્રતિતિ થાય છે કે ખુદ કનિષ્ક જ પોતાની પછી

---

(૫૪) આ અનુક્રમ અને તેના સમયના નિર્ણયની હકીકત વાચક (જુઓ પૃ. ૧૬૨ થી આગળ) ને ખાસ ભલામણ છે તો તેનું અમુક અભ્યાસીને હવે તેમ જ આવશ્યક સમજ ગણાતા ભાગે તેનું છે ઘણી વિશેષ ખુલાસાની અપેક્ષા રહેતી નથી.

(૧) જુઓ ૧૯૦૫ના જુલાઈ માસિકનો માર્કંડેય ભા૦ ૫. ૧૫માં "અનુક્રમ વગ સાથ" નામનો લેખ તેમાં મૂળ ધાતુઓ સાથે આપણી નિર્ણય કરવા જણાવ્યું છે કે ... ભાગે કેમકે ત્યાં કુશાનવંશ કામ ૯, ઉપ ધાતુ ભાગ ૧૫ ઉપરથી વઝેષ્કપુત્ર હુવા હૈ। જિસકી માલુમ હોતા હૈ કિ કનિષ્ક કા પિતા વઝેષ્ક થા, કિન્તુ અભી તક યહ નિશ્ચિત નહીં હૈ કિ પિતા કા નામ પ્રાયઃ લિખિત હોતા હૈ

આ હકીકત ભાવનગર ઈ. સ. ૧૯ની હકીકત પરથી જાણવો. (જો તે વિષે કે વિષયનો મેળ છે).

તેને બેમારીને તે—પુતળાં—કોતરાવ્યા હશે, તેમજ તે સમયે ચષ્ઠણ પોતાના શહેનશાહનું કૃપાપાત્ર હોવાનેજ જોઈએ જ્યારે તેને મહાક્ષત્રપ પદે નિયુક્ત કર્યો છે ત્યારે તેને વિશેષ પ્રદેશ ઉપર અધિકાર ભોગવવાની સત્તા કદાચ અપાઈ હોય, અથવા છેવટે ક્ષત્રપ ધ્યમોતિક જે ભૂમિ ઉપર રાજ્ય ચલાવતો હતો તેટલીજ ભૂમિ ઉપર, પણ તેને સ્વતંત્ર અખત્યાર આપીને તે પદ સમર્પિત થયુ હોય પરંતુ સ્વતંત્ર અખત્યાર અપાયો હોય તે સ્થિતિ ચષ્ઠણ મહાક્ષત્રપના વૃત્તાંત ઉપરથી વધારે બંધબેસતી આવે છે એટલે સાર એ પયો છે, કનિષ્ક બીજાએ જેમ મથુરા પ્રદેશ ઉપર પોતાનું સ્વામિત્વ સ્વીકાર્યું તેમ તેણે રાજા હુવિષ્કનું કાશ્મિર ઉપર અને રાજપુતાના—તથા સિંધ દેશ ઉપર મહાક્ષત્રપ ચષ્ઠણનું સ્વામિત્વ હોવાનું જગતને મનાવ્યુ છે આ પ્રમાણે સ્થિતિ પોતે પોતાની રાજી ખુશીથી ઉભી કરી છે કે પોતાને તેમ કરવાની ફરજ પાડવામાં આવી છે તે પ્રશ્ન અલગ રાખીએ (કેટલીક પરિસ્થિતિનું વર્ણન આ નવમખંડે છુટું છવાયુ આપ્યુ પણ છે) પરંતુ એટલુ નક્કી થયું કહેવાય કે કનિષ્ક પહેલાના સમયે જે ભૂમિવિસ્તાર મથુરાપતિની આણમા હતો તેમાથી ઘણા અંશે ઓછો, આ કનિષ્ક બીજાની આણમા હતો, બલ્કે એમ કહીએ કે મથુરાની મૂળ ગાદિ તો નામશેષ જેવી જ થઈ ગઇ હતી તો પણ ખોટુ નથી સંલગ્ન આ સ્થિતિમાં, રાજા હુવિષ્કના મરણ બાદ, પાછા પંજાબ કાશ્મિર આદિ દેશો મથુરાની આણમાં ઉમેરાયલા હોવાથી કાંઈક સ્થિતિ વધારે મજબુત થવા પામી હતી ખરી આ પ્રમાણે રાજકીય સ્થિતિનો ખ્યાલ આપ્યો છે સામાજીક અને ધાર્મિક સ્થિતિ વિશે પણ બે અક્ષર કહી શકાય તેમ છે બૌદ્ધ ધર્મગ્રંથોને આધારે એમ નોંધ થયેલી દેખાય છે[૬૧] કે, Fourth council at Kundalvana near Shrinagar under presidentship of Parsva= પાર્શ્વ નામના આચાર્યના પ્રમુખપદે શ્રીનગરની પાસેના કુંડલવનમા ચોથી ધર્મસભા ભરવામાં આવી હતી. આ સભા બૌદ્ધધર્મીઓની ગણાય છે એટલે તેણે બૌદ્ધધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો એમ કહી શકાય પણ તેથી કરીને કેટલાકનું જે એમ માનવુ થાય છે કે, તેના વંશના રાજપુરૂષો બૌદ્ધ ધર્માનુયાયિઓ હતા, એ કાંઇ પુરવાર થતું નથી એમ તો બૌદ્ધ ગ્રંથોમાં રાજા અજાતશત્રુને પણ આ ધર્મના કાર્ય માટે અમુક દાન કરતો બતાવાયો છે છતાં તે અન્યધર્મનોજ ભકત પુરવાર થયો છે એટલે માનવુ રહે છે કે, આ કુશાનવંશીઓ પોતે ભલે બૌદ્ધધર્મી નહીં હોય, પરંતુ જેમ દરેક રાજાની ફરજ છે કે, તેણે પોતાની પ્રજાના દરેક ધર્મ પ્રત્યે સમભાવે જોતા રહેવુ, તેમ તેમણે પણ, પોતાની બૌદ્ધ પ્રજાએ જે અધિવેશન ભર્યું હોય તે પ્રત્યે પોતાની દીલસોજી તથા હમદર્દી બતાવી હોય. આપણા આ પ્રકારના અનુમાનને, ઉપરના તેજ ગ્રંથકારના કથનથી, પાછુ સમર્થન પણ મળી આવે છે કેમકે આ રાજાઓએ કોતરાવેલ દેવદેવીઓના અનેક વર્ણનો આપીને છેવટે તેમણે લખ્યુ છે કે "But no figure and name of Buddha=[૬૨] પરંતુ બુદ્ધદેવની કોઈ આકૃતિ કે નામ સુદ્ધા પણ તે ઉપર નથી" આ શબ્દ જ સૂચવે છે કે ગ્રંથકારને પોતાને પણ તેઓ બૌદ્ધધર્મી હોવાની શંકા ઉદ્ભવી છે અત્રે એક વાતની યાદ આપીએ કે, વિદ્વાનોનો અભિપ્રાય એમ બંધાતો ગયો છે કે, જ્યા બૌદ્ધધર્મીઓને ધાર્મિક સંસ્મરણ ઉભા કરવાનો પ્રસંગ આવતો ત્યાં હમેશાં અથવા મુખ્ય અંશે, બુદ્ધદેવની મૂર્તિ જ પધરાવતા હતા અને આ સ્થાને તો તે પ્રમાણે કોઈ મૂર્તિ પણ નથી મળી આવતી તેમજ બુદ્ધદેવનું નામોચ્ચારણ પણ થયું નથી એટલેજ તેમને ઉપર પ્રમાણે પોતાનો અભિપ્રાય કદાચ સભાળપૂવક ઉચ્ચારવો પડયો હશે એમ સમજાય છે પરંતુ આ સભા વિષે પ્રખ્યાત સંશોધક મિ વિન્સેન્ટ સ્મિથ પોતાના વિચાર વ્યકત કરતા જણાવે છે કે (જુઓ અ હિં ઇં આવૃત્તિ ૩ પૃ ૨૬૭) Buddhist council Kanishka's council which is

(૬૧) જુઓ હિં હિ પૃ ૬૫૬

(૬૨) હિં હિ પૃ ૬૫૬

Ignored by the Ceylonese chroniclers who probably never heard of it, is known only from the traditions of Northern India as preserved by the Tibetan, Chinese and Mongolian writers. The accounts of this assembly like those of the earlier councils are discrepant and the details are obviously legendary—બૌદ્ધ ધર્મની જે સભા–પ્રિયદર્શિનની સભા–વિશે સિંહાલીઝ ઇતિહાસકારો અજાણ છે અને તેમણે તે વિશે કાંઈ લક્ષ્ય આપ્યું પણ નથી. તેની માહિતી તિબેટના ચીનના તથા મોંગોલિયાના લેખકોએ જાળવી રાખ્યા પ્રમાણે માત્ર ઉત્તર હિંદમાં ચાલી આવે છે. આગલી સભાઓની પેઠે આ સભાનો હેવાલ પણ વિરોધાભાસી જણાય છે અને તેની વિગતો પણ સ્પષ્ટ રીતે દંતકથારૂપ છે. તેમની કહેવાની મતલબ એ છે કે ત્રણે બૌદ્ધ સભાઓ વિષેની માહિતી ગમે તેટલી આશ્ચર્યકારક રીતે અવ્યવસ્થિત રહેલી હોય તો પણ તે બહુ વિશ્વસનીય ગણાય એવી નથી; આ અભિપ્રાયનો વિચાર કરવો રહે છે. વાસ્તવિકપણે કુણાલથી રાજ્યમાંનું ધાર્મિક વાતાવરણ જે થઈ તે તો આપણે આગળ આવતી કથા જોઈએ. આ પ્રમાણે ધાર્મિક પરિસ્થિતિ તેના રાજ્યે હતી.

સામાન્ય નજરનો વિચાર કરતાં એમ સમજાય છે કે તેનું આયુષ્ય જીવન બહુજ શાંતિમય પસાર થયું હશે. કેમકે તેને જો લડાઇઓ જ લડવી હોત અને અનેક મુલકોની જ જીત કરવી હોત તો, જે ઓળખાણ પડેલી તેણે ગાદી ઉપર આવતાં જ પોતાના કામ કુશળ અને સત્તા આપણી પ્રજાને કરી આપી હતી—એટલે કે જેનેતેને કરી જ નહોત પરંતુ આનો કે નિરુપણે ત્યાં તક થઈ હતી. આમ તો આપ જ તે કે જો તેની ઇચ્છા હોત તો પોતાના ઉપર ઉપકાર પણ તેણે કોઈ પ્રકારનો પ્રસંગ લેવો હોત જ. જ્યારે ઇતિહાસને પાને તેની કોઈ નોંધ જણાઈ રહેલી નથી જ. ઉલટું એવો પ્રસંગ ઉપસ્થિત થયો દેખાય છે કે જ્યારે તેની તરીકેનું હતા અને શાંતિ જેવો પ્રસંગ મળે એવો મળ્યા ત્યાં તેમ હતું. વળી એમ જ ગણાય કે સન સવેનચોક બીજાભીષણ જીવનમાં (જુઓ પૃ. ૩૪૮ નું દૃષ્ટાંત) ચાર મેતારી–કે નવવાઈ ઘણી હતી અને ચર્ચાવિષયની સત્તા ત્યાં આપવા લીધી હતી, તેમ આ પ્રિય જીવનમાં પણ તેનું જ અનુકરણ થયું હતું. પરિણામે તેનામાં સત્યાર અસામાન્ય ધર્મવૃત્તિ બનતા પામ્યો હતો જે કદાચ આપણે આગળના પરિચ્છેદે આલોચનાના છીએ. મતલબ કે તેણે કોઈ જાતની યુદ્ધિકળા જેવી વાતથી નથી. વળી તેનું મોટું વાંચો મન પાત્ર તો બોધપૂર્ણ છે જેમાં પોતે કંઈ નવો કે પરાક્રમીન પામ હતો એમ પણ પુરવાર થતું નથી. આ પ્રમાણે દરેક પરિસ્થિતિ વિચારતાં સમ જ છે કે તે નવજ શાંતિપ્રિય જીવન ગાળનાર આત્મી હોવો જોઈએ. જ્યારે શાંતિપૂર્વક જીવન ગાળ્યું છે ત્યારે તેને કશા તરફ સમય ગાળવાનો અવકાશ મળ્યો હોય તે સ્વાભાવિક છે. આ સ્થિતિ તેણે પોતાના ધર્મ પ્રત્યે બનાવેલી ભક્તિ અને ધ્યાન બતાવતાં જે અનેક વસ્તુ, મૂર્તિઓ વિ. તેના રાજ્યપાટ મથુરા શહેર અને તેની આસપાસની કાંઠી હિસ્સામાંથી મળી આવ્યાં છે તે ઉપરથી પુરવાર થતી ચાલે છે. પ્રથમ એમ લક્ષિત કરાય કે ઉપરની વસ્તુઓમાં પ્રિયદર્શિનનું નામ જે કોતરાયેલું નજરે પડે છે તે તો પ્રિયદર્શિ પદેથાનું પણ પડતી થી છે. અલબત્ત એમ છે પરંતુ પ્રિયદર્શિ પદેથાનું દૃષ્ટાંત આપવા કોઈ આગ્રહ જોઈએ કે તેણે તો પોતાના જીવનનો સર્વે ઉપર ભાગ હિંદની બહાર જ ગાળ્યો છે; ત્યાં જે બાપિકનું વર્ષો તે હિંદમાં રહ્યો હતો તેમાંય પણ ભાગ તો રજપુતાના અને સિંધ જેવા દેશો તરફ મથાઈ થઈ જવામાં જ ગાળ્યો હતો. એટલે સાબિત થાય છે કે પ્રિયદર્શિનની નામવાળી વસ્તુઓ નિર્માતા મુખ્ય ભાગે પ્રિયદર્શિ બીજો જ હોઈ શકે અને તેમ હતો.

૧ ૧૫૪ માં મથુરાથી આ મૂર્તિઓ લઈ આવવાનું નમ્રતાપૂર્વક સ્વીકારવામાં આવ્યું છે અને મિ. મૂર્તિઓ જે પ્રિયદર્શિ અને બીજો–મિત્ર બન્નેની સમયની સ્થાપનાનું વર્ણન અને સરખામણી કરવાનો છે તે વિચારીશું.

બન્નેના નામ અને આયુષ્ય લગભગ સરખા હોવા છતાં સ્વભાવમા તેમજ અન્ય હકીકતે તેઓ ઘણાજ ભિન્ન પડી જતા દેખાય છે

બન્ને કનિષ્કની સરખામણી પહેલાનો રાજ્યકાળ ટૂંકો છે. બીજાનો દીર્ઘકાલિન છે, બલ્કે સારાયે વંશમા સર્વથી લાંબો છે પહેલો આધેડવયે રાજ્યાસને આરૂઢ થયો છે, બીજો ઉગતી યુવાનીમાજ રાજપદને પામ્યો છે એટલે પહેલો સ્વાનુભવને લીધે સાહસિક નીવડ્યો છે, જ્યારે બીજો તદન નિરપેક્ષા વૃત્તિ સેવતો દેખાયો છે પહેલાનું, આખુયે જીવન કહો કે લડાઈઓ લડવામાજ પસાર થયું છે એટલે તેને લોક કલ્યાણના માર્ગો વિચારવાનો, કે પોતાનું તેમજ પ્રજાનું સામાજીક અથવા આધ્યાત્મિક જીવન ગાળવા માટે, પરિસ્થિતિ રચવાનો કોઈ અવકાશજ રહ્યો નહોતો જ્યારે બીજાનું જીવન શાંતપણે વીતેલ હોવાથી તેણે આ સર્વે બાબતમાં ઠીકઠીક કાળવ્યતીત કર્યો લાગે છે જેથી બીજાએ જે કળારસિકતા બતાવીને પોતાનું નામ અનેક સસ્મરણોદ્વારા ભવિષ્યની પ્રજામાં અમર કરી બતાવ્યુ છે તેમાંનું અલ્પાશે પણ પહેલાએ કરી બતાવ્યું કહેવાશે નહીં

રાજકીય જીવનમા પહેલાનું જેટલું પરાક્રમશીલ ગણાય તે પ્રમાણમા અનેકાશે બીજાનું પરાક્રમવિહિન કહેવાય પહેલાના રાજ્યકાળે કુશાનવંશનો રાજ્યવિસ્તાર સૌથી મોટામા મોટો હતો એટલે સુધી કે તેના કાડાબળે એવી સ્થિતિ ઉભી કરી હતી કે તેના નામનો શક તેના રાજ્યના આરંભથી ચલાવવામાં આવ્યો છે, જ્યારે બીજાના રાજ્યકાળે રાજ્યના ભાગલા પડી ગયેલા દેખાય છે અને તેમાં પોતેજ કેમ જાણી જોઈ ને હથિયાર રૂપ બનવા પામ્યો હોય તેવુ વર્તન તેણે દાખવ્યુ છે

એટલે આખા વંશની અપેક્ષાએ રાજકીય દૃષ્ટિથી વિચારતા કનિષ્ક પહેલાનો રાજ્યકાળ જેમ ઉન્નત સ્થાને મૂકાય તેવો છે, તેમ શાંત અને લોક કલ્યાણકારી જીવન ગાળવાની દૃષ્ટિએ કનિષ્ક બીજાનું સ્થાન તેટલું જ ઉચ્ચકોટિનું ગણાય તેવુ છે તેથી કરીને પહેલાએ રાજકારણમા જેમ નામ કાઢયુ કહેવાય તેમ બીજાએ સામાજીક જીવનમાં નામ કાઢયુ કહેવાય.

(૫) વાસુદેવ પહેલો

કનિષ્ક બીજા પછી મથુરાની ગાદી ઉપર તેનો પુત્ર વાસુદેવ પહેલો આવ્યો છે તેનું રાજ્ય ૪ સ. ૧૯૬ થી ૨૨૪=૩૮ વર્ષ સુધી ચાલ્યુ છે જો કે તેનું રાજ્ય સામાન્ય રીતીએ જોતા બહુ લાંબુ ચાલ્યુ ગણાય, એટલે એમ કહી શકાય કે એકતો પોતે નાની ઉમરે અથવા તો ભરયુવાન વયે ગાદીએ બેઠો હશે અથવા તો કદાચ તે બહુ પરાક્રમી હોય કે જેથી ગમે તેવા હુમલા બહારથી આવ્યે રહ્યા હોય તોપણુ તે સર્વેને પહોચી વળવા જેટલુ પોતે સામર્થ્ય ધરાવતો હોય આ બેમાથી બીજુ અનુમાન દોરવાને આપણે પ્રથમ લલચાઈએ છીએ, પરતુ જયારે શિલાલેખ આપણને એમ જણાવે છે કે[૧૭] Inscriptions of Vasudev I at Mathura certainly range in date from 78 to 94 = વાસુદેવ પહેલાના મથુરાના શિલાલેખો ખરેખર ૭૮ થી ૯૪ સુધીના માલૂમ પડયા છે ત્યારે કબૂલ કરવુ પડે છે કે તેનું રાજ્ય મથુરાની આસપાસ અને બહુતો તેનાથી થોડેક દૂર આવીને અટકી રહ્યું હશે અને આ પ્રમાણેજ બનવા પામ્યુ હોય તો તેને ઘણો નબળો રાજા કહેવો પડશે પરતુ જયારે કાઈજ તે વિશે જાણવાનું સાધન નથી ત્યારે આપણે પ્રથમના અનુમાન ઉપર જવુજ પડે છે એટલે કે તે નાની ઉમરે જ ગાદીએ આવ્યો હોવો જોઈએ તો તેના શિલાલેખો માત્ર મથુરામાંથી જ કાં સાંપડયા કરે છે? તે પ્રશ્ન ઉકેલ માગે છે તે સમયે ઉત્તર હિંદમા કોઇ બીજા એવા રાજવીઓ નથી થયા કે જેઓએ તેના ઉપર ચઢી જઇને મુલક જીતી લીધો હોય, તેમજ બીજી બાજુએ પજાબ કે કાશ્મિરની લગોલગના કોઈ રાજકર્તાએ તેની હદમા આવી જઇને તે પ્રાતો ખુચાવી લીધા હોય. આવી પરિસ્થિતિમાં એકજ કલ્પના કરવી રહે

(૧૭) અ હિ ઈ ત્રીજી આવૃત્તિ પૃ ૨૭૨

છે કે તે પણ તેના પિતાની પેઠે મહુ શાંતિથી રાજ્ય ચલાવનાર રાજવી હોય એમ લાગે છે. એટલે જ તેનું રાજ્ય ઉપદ્રવહીન હોવા છતાં તેમાં કોઈપણ બનાવનો નોંધવા જેવો બનાવ નીકળતો નથી. બનવા જોગ છે કે તેવા બનાવ બન્યા પણ હોય, પરંતુ ઇતિહાસને પાને ચઢવા રહી ગયા હોય. અને તેમ હોય ત્યારે તો એટલું જ કહી શકાય કે તેના રાજ્યે કોઈ મહત્ત્વનું કાર્ય થયું નજરે આવતું નથી.

તેના સિક્કાઓ તેના પૂર્વજોના કરતાં ભાગ્યે જ વધારે દેખાય છે. તે જોતાં કહી શકાય કે તેણે પોતાનો ભારતીય ધર્મનો પક્ષ કર્યો હતો. તેનું નામ પણ ખાસ તે પ્રકારની સાક્ષીરૂપ ગણાય. મિ. વિન્સેંટ સ્મિથ લખે છે કે[14] "Vasudev I, whose thoroughly Indian name, a synonym of Vishnu. Testimony to the same fact is borne by his coins, almost all of which exhibit on the reverse, the figure of the Indian God Siva attended by his bull Nandi and accompanied by the noose, trident and other insignia of Hindu iconography=વાસુદેવ પહેલો જેનું સંપૂર્ણ હિંદી નામ, વિષ્ણુ શબ્દનો પર્યાય થાય છે. આ બાબતની સાક્ષી તેના સિક્કા ઉપરથી મળી આવે છે. લગભગ સર્વે સિક્કામાં અવળી બાજુ ઉપર હિંદુ-દેવ શિવની આકૃતિ હોય છે તેની સાથે તેમનો પોઠિયો નંદી તથા પાશ ત્રિશૂળ અને હિંદુમૂર્તિઓનાં અન્ય ચિહ્નો પણ નજરે પડે છે. આ પ્રમાણે સિક્કા જેવા આધારભૂત પુરાવાથી માલૂમ પડે છે કે તે પોતે શિવભક્ત બની ગયો હતો. એટલે, તેના રાજ્યે રાજકીય દૃષ્ટિએ કોઈ અસાધારણ બનાવ ભલે બન્યા ન હોય તો પણ ધાર્મિક ક્ષેત્રમાં કાંઈક ક્રાંતિકારક સ્થિતિ ઊભી થવા પામી હોવી જોઈએ નહીં તો તેનું ધર્મપરિવર્તન થયું ન હોત. આ સ્થિતિ આપણને તે સમયના બૌદ્ધધર્મના કોઈ ગ્રંથમાંથી માહિતી મળે છે કે કેમ, તે બાબતની પૂર્ણ ખાત્રી થતી નથી. પરંતુ જૈનધર્મના સાહિત્ય ગ્રંથમાં એક સ્થિતિ નોંધાયેલી આવી છે કે આશરે વિ. સં. ૨ થી આશરે બારેક સદી સુધી, જે મુખ્ય આચાર્યો થયા છે તેમણે વસતીમાં રહેવાને બદલે વનમાં રહેવાનું[15] પસંદ કર્યું હોવાથી તેમના ગચ્છનું નામ વનવાસી ગચ્છ પડ્યું હતું. બનવા જોગ છે કે આ ધર્મક્રાંતિ કુશાનવંશી તકરીમાં આવેલ નેપાળ-તિબેટ તરફથી આવી ગઈ હોય, કેમકે તે બાજુના બૌદ્ધ ધર્મપતિઓ ધર્મ પાળવામાં અગ્રેસર છે તેમજ આ કુશાનવંશી રાજાની સમાધિ જે સુમનગીરી પહાડોમાં આવેલી છે તેઓ પણ તે પ્રદેશમાંથી જ ઉતરી આવેલ હોવાનું છે. એટલે પ્રમાણપૂર્વક અન્ય કોઈ હકીકત જ્યાંસુધી તેની વિરુદ્ધ જણાવવામાં ન આવે ત્યાંસુધી એટલું અનુમાન કરવું રહે છે કે ઈ. સ. ની બીજી સદીના પાછલા ભાગમાં, ઉત્તર હિંદમાં જૈન ધર્મનું જોર શિથિલ બનવાપામ્યું હતું અને પરિણામે કુશાનવંશી ભૂપતિઓએ તે ધર્મ અંગીકાર કર્યો હતો અને જૈનધર્મને ઉત્તર હિંદમાંથી જ તિલાંજલિ મળી હતી.

ઉપર પ્રમાણે અમે નિર્ણય બાંધ્યા પછી, પરંતુ વચમાં ગયા પહેલાં તેમના ધર્મ વિષે પ્રકાશ પાડતી કોઈક નવું વિગતો મળી આવી છે

તેના ધર્મ વિષે જે ખાસ ઉપયોગી થઈ પડવા સંભવ છે તે માટે નીચે રજૂ કરી છે

કુમારીલ ભટ્ટે ડિસ્ટ્રી ઓફ પ્રતિમાના લેખક જણાવે છે કે[16] "To the Buddhist

(૧૪) અ. હિ. ઈ. ચોથી આવૃત્તિ પૃ. ૨૮૫.

(૧૫) આ બાબત તેમણે આ સ્થિતિ સ્વીકાર કરી હતી તથા તે પહેલાં તેમનો મુખ્ય વિહાર ક્યાં થયેલ હતો તે ચોક્કસ રીતે જણાયું નથી. બનવા જોગ છે કે ત્યાં વિહાર ન

થઇ શક્યો હોય. એ કે વનવાસી ગચ્છ નામ પડ્યું તે પહેલાના આચાર્યો, આર્યમહાગિરિ તથા આર્યસુહસ્તિ વિગેરે જેવા હતા તેમ લાગે છે

(૧૬) જુઓ તે પુસ્તક પૃ. ૭૧

Kanishka was as great a figure as Asoka, but unfortunately no early historian mentions him and his date is very much disputed=બૌદ્ધધર્મીઓ ને (તો) કનિષ્ક, અશોકના જેટલો જ પ્રભાવિક પુરૂષ હતો, પરંતુ કમભાગ્યે પૂર્વના કોઈ ઇતિહાસ લેખકે તેનું નામ જણાવ્યું નથી વળી તેનો સમય ઘણો વાદાસ્પદ ગણાય છે" એટલે તેમનું કહેવું એમ છે કે, અશોકના જેટલો જ પ્રભાવ—ફાળો—બૌદ્ધધર્મની કીર્તિ વધારવામાં ભલે કનિષ્કનો હશે, પરંતુ કોઈ પ્રાચીન લેખકોએ તેના નામ વિશે નોંધ કરી તેમના જોવામાં આવી નથી છતા બનવા જોગ છે કે કનિષ્કનો સમય જે ચોક્કસ રીતે જણાતો નથી તે કદાચ તેના કારણ (કનિષ્કનું નામ જે માલૂમ પડતું નથી તે બાબતનું) રૂપ પણ હોય મતલબ કે પોતાની માન્યતા તો અમુક પ્રકારે બંધાઈ ગઈ છે જ, પરંતુ કોઈ શકા ઉઠાવે તેના કરતા પોતે જ તેના મનનું સમાધાન કરવા માટે પ્રત્યુત્તરે ખુલાસારૂપે પાછુ જણાવે છે કે[૬૭] " It must be remembered however that, while there is no doubt about the existence of the Buddhist Council and the work it did, Kanishka's connection with it is not absolutely certain Parmarth, for example, who is the earliest and perhaps the most reliable authority does not mention Kanishka etc =છતા યાદ રાખવાનું છે કે, બૌદ્ધ ધર્મસભાના અધિવેશન વિશે તથા તેમાં થયેલ કાર્ય વિશે, જો કે કોઈ જાતનો સંશય નથી જ પરંતુ તેથી તે સાથેનો કનિષ્કનો સંબંધ કાંઈ ચોક્કસ થતો નથી જ (કેમકે) દાખલા તરીકે, પરમાર્થ, જે એકદમ પ્રાચીન અને સાથે સાથે અતિ વિશ્વસનીય આધાર રૂપ ગણાય છે, તે તો કનિષ્કનું નામ ઉચ્ચારતો પણ નથી ૪ ૪ " તેમના કહેવાનું તાત્પર્ય એમ છે કે, ભલે ધર્મસભા મળી હતી અને તેમા જે જે કામ થયુ છે તે પણ સર્વ સાચી વાત છે, તેમા શકા નથી જ પરંતુ તેથી એમ સિદ્ધ થતું નથી કે તે સભાનો બોલાવનાર કે તે સાથે કોઈ પ્રકારે સબંધ ધરાવનાર આ કુશાનવંશી કનિષ્ક જ હતો વળી આ પ્રમાણે પોતે જે અભિપ્રાય રજુ કરે છે તેનું કારણ જણાવતા કહે છે કે, પરમાર્થ જેવો પ્રાચીનમાં પ્રાચીન અને પહેલા નબરે વિશ્વાસ મૂકી શકાય તેવો પુરૂષ તો રાજા કનિષ્કના નામનો ઉચ્ચાર સરખો પણ કરતો નથી એટલે કે જો કનિષ્કનું નામ કોઈ પ્રકારે કિંચિત્ દરજ્જે પણ તેમાં જોડાયું હોત તો તે વિશેની નોધ તે કર્યા વિના રહેત ખરો ? મતલબ એ થઈ કે, બીજી બધી વાત ખરી, પરંતુ બૌદ્ધ ધર્મસભા સાથે કનિષ્કનુ નામ કોઇ રીતે જોડાયું નથી જ એટલે કે રાજા કનિષ્ક બૌદ્ધધર્મી નથી એવો નકારાત્મક પુરાવો રજુ થયો તેમ બીજી બાજુ પેશાવર જીલ્લામાં આવેલ શાહીજી કી ધેરી ગામેથી મળી આવેલ પેટી ઉપરના ચિત્ર વિશે[૬૮] તેમણે જે લખ્યું છે તેમાંથી હકારાત્મક આધાર મળતો હોય એમ જણાય છે તે વાક્ય આ પ્રમાણે છે " Kanishka, standing between the sun and the moon=સૂર્ય અને ચદ્રની વચ્ચે કનિષ્ક ઉભો છે" એટલે કે તે પેટી ઉપર રાજા કનિષ્કનું ચિત્ર છે અને તેની એક પડખે સૂર્ય અને બીજે પડખે ચદ્રની નિશાનીઓની કોતરેલી છે આપણે સિક્કાચિત્રના અભ્યાસથી હવે જાણીતા થયા છીએ કે, વિદ્વાનો તે ચિહ્નને Star and Crescent તરીકે સંબોધે છે અને તેને ચષ્ઠણવંશવાળાઓ પોતાના સિક્કા ઉપર હમેશાં કોતરાવતા રહ્યા છે આ નિશાની જૈનધર્મનું દ્યોતક ગણાય છે જે હકીકત પુ ૨ સિક્કાચિત્ર નં ૪૭ માં તથા પુ ૩ સિક્કાચિત્ર નં ૧૦૨ માં વિગતવાર સમજાવવામા આવી છે તેમજ આગળનો તૃતિય પરિચ્છેદ જે, ચષ્ઠણવંશના વર્ણન માટે જ ખાસ રોક્યો છે તેમાં પણ તેની સમજૂતિ આપવામાં આવી છે.

આ પ્રમાણે—નકાર તથા હકારમાં નોંધાતા—

(૬૭) જુઓ મજકુર પુસ્તક પૃ. ૭૮.

(૬૮) મજકુર પુસ્તક પૃ. ૭૫.

બંને ભાગના પુરાણથી સાબિત થઈ શકે છે કે કુશાનવંશી રાજાઓ જૈન મતના અનુયાયીઓ જ હતા. વાસુદેવ પહેલો જ તેમાંથી પલટી કરીને પ્રથમ વૈદિક મતાવલંબી બન્યો હતો.

(૬ થી ૧૩) બાકીના આઠ રાજાઓ

વાસુદેવ ૩૮ વર્ષ સુધી રાજ્ય કરી મ. સ. ૨૩૪ માં મરણ પામ્યા બાદ કોણે કોણે અને કેટલા કેટલા વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું? તે કહેવા જેવી સ્થિતિમાં આપણે નથી જ. પરંતુ સંયોગાનુસાર એમ જણાય છે કે, તે બાદ ૪૧ વર્ષ એટલે ઈ. સ. ૨૮ સુધી તે વંશની સત્તા ચાલુ રહી છે. પ્રાયઃ વધારે કે ઓછા સમય પ્રાંત[૬૯] ભાગ ને ચાલુ રહ્યો હોય, કેમકે તેમનો મુદ્દો જે રાજાઓ હિંદી ઇતિહાસમાં કુશાનવંશી તરીકે ઓળખાય છે તેમણે ઠીક ઠીક જણાયો છે અને તેઓનો ઉતાર ક્યારે થયો હતો તે નિશ્ચયપૂર્વક કહેવાતું નથી. આ વંશનો અંત કે રાજ્ય, સંપૂર્ણ પલટો થઈ ગયેલ કહેવાય છે તે મ. સ. ૩૧૯ માં આંધ્રપતિની ગાદી, અવંતીની ક્ષત્રપો, એને આપણે ચષ્ટણવંશી રાજાઓ તરીકે ઓળખાવાનું જાહેર કર્યું છે તેમની પાસેથી મેળવી હતી; અને તેના સ્મારકમાં પોતાનો ગુપ્ત સંવત્સર[૭૦] પ્રવર્તમાન કર્યો છે. આ નોંધે રાજા છે એટલે તેની પૂર્વે બે વર્ષ વધુ ગણાય. તે અન્વયે ક્ષત્રપ રાજ્યકાળ વીસ વીસ વર્ષ ગણ્યો તો ૪૦ વર્ષનો ગાળો કહેવાય અને તે હિસાબે ૩૧૯–૪૦=૨૭૯ મ. સ.ની આસપાસમાં કુશનવંશી પ્રથમ વંશનો કુશાનવંશી સત્તાને ઉપર અંત મેળવી શકાય કહેવાય. ડૉ. વિ. વિન્સેન્ટ સ્મિથના અભિપ્રાય પ્રમાણે આ વંશનો અંત સ્વાભાવિક રીતે આવ્યો હોવાનું નોંધાયું છે. તે વિદ્વાન એવો મત ધરાવે છે કે[૭૧] The decay ...must have been hastened by the terrible plague of A.D 167 which desolated Roman and Parthian empires for several years = ઈ. સ. ૧૬૭ ની જે ભયંકર મહામારીએ, રોમ અને પાર્થિઆના સામ્રાજ્યને કેટલાંક વર્ષો સુધી નિર્જન કરી નાંખ્યા હતા તે, પ્રજા મરીને ઓછી થઈ પ્રાયઃ (તેમનો અંત)-પાયમાલી તેમાંથી બની રહી હોય. એટલે એમનું ધાર્યું એમ થાય છે કે યુરોપમાં જે મહામારી-પ્લેગ, રોમ રાજ્યે ઈ.સ. ૧૬૭ માં ફાટી નીકળી હતી તે પ્લેગનાચો રોગચાળો પૂર્વ તરફ વધતો વધતો પ્રથમ પાર્થિઆ-ઈરાનના રાજ્યને આવી મળ્યો હતો અને તેમાંથી આગળ વધી આપણા ભારતમાં નહીં હોય, એટલે તે હિંદમાં આવી પહોંચ્યો હશે અને કુશાનવંશી રાજ્યની સમાપ્તિ કરી દીધી હશે. આ અનુમાન ઉપર આવવાને તેમને શું કારણ મળ્યું હશે તે ઉપર પ્રકાશ પાડ્યો નથી. એટલે સમજાય છે કે, હિંદી ઇતિહાસના પાછલી આકસ્મિકતાના આ અંધાધૂંધ પ્રકરણમાં જે પ્રમાણે એન્ટિઅલ્કિડાસ, એન્ટિમાર્કસ, વગેરે, હરમીઅસ અને પરમાણુ ઈ. સ.ની પૂર્વેની ઓળખ થઈ ન શક્યાથી વિદ્વાનોએ એકબીજાની ભેળસેળ કરી દીધી છે અને આપી પોતાની કલ્પના પ્રમાણે વર્ણન કરવામાં આવેલ નથી, કેમ કે હકીકત ઊભી થતી ત્યારે તેમણે અંગ્રેજ્યાના ખુલાસા એવી કરવા પડ્યા છે તે પ્રમાણે આ કિસ્સામાં પણ બનવા પામ્યું હશે. નહીંતર ક્યાં યુરોપ ને ક્યાં હિંદ, તે બેને સંબંધ શો? વળી ક્યાં ૧૬૭ ની સાલ અને ક્યાં ૨૮ ની સાલ? વળી હિંદમાંથી ઍન્ટિઓકસ નામના રાજ્યનું મ. સ. ૪૧ માં અવસાન થયું ક્યાં? તેમજ રીતે ઍન્ટિ-ઓકસનો અંત ઈ. સ. પૂ. ૫ માં થયો છે તે ક્યાં? આમ એક બીજાને સંબંધ ન હોય તેવી બાબતો જોડાણ કરવાનું હોય શા?

આ કુશાનવંશી રાજાઓના સિક્કામાં જે પાર્થિઅન અંશ જેવું દેખાય છે તે કોઈ પાર્થિઅનો કુશાન-

(૬૯) જુઓ નીચેની ટીકા નં. ૭૦.

(૭૦) આ ટાઇમ વિભાગનો સમય આરે નક્કી થયો નથી પણ મારા મતે પહેલાનો સમયગાળો ઈ. સ. ૩૧૯ થયો છે એટલે તે સમયથી આ ગુપ્ત સંવત્સરનો પ્રચાર થયો હોવાનું જણાય છે. મતલબ કે તે વંશનો સમય ૩૧૯ ની પછી જ હતો.

(૭૧) જુઓ તેમનું રચેલું અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૭૭.

વંશની હકુમત ઉપર ચડી આવ્યા તેના પરિણામરૂપ નથી પણ આ કુશાનવંશીઓ પોતે જ ઇન્ડોપાર્થિઅનની હકુમતની પાછળ પાછળ, હિંદની ભૂમિ ઉપર ચડી આવ્યા હતા તેની અસરનું તે દ્યોતક છે મતલબ કે તેમના કથન પ્રમાણે પ્રથમ કુશાન અને પછી પાર્થિઅન એમ નથી બન્યું, પણ પ્રથમ પાર્થિઅન અને પછી કુશાન આવ્યા છે

ઉપર જણાવ્યા પ્રમાણે આ ગર્વ નં ૬ થી ૧૩ સુધીના માતથી આઠ નીર્વીન અને નામધારી રાજાઓનો અંત આવ્યો કહી શકાશે તેમના નામો કેવા હતાં તે જણાયું નથી જ પણ આ વંશના પાંચમા રાજાને જ્યારે વાસુદેવ પહેલા તરીકે સંબોધ્યો છે, ત્યારે કહી શકાય કે, આ નામધારીમાંથી એકાદ રાજાનું નામ વાસુદેવ બીજો હશે જ, અને કદાચ વાસુદેવ ત્રીજો, ચોથો ઇત્યાદિ પણ હોય તે બહુ અગત્યનો સવાલ નથી એટલે હાલ તો સ્મિથ સાહેબનું મંતવ્ય રજુ કરીને આ પરિચ્છેદની સમાપ્તિ કરીશું તેમણે સાફ શબ્દોમાં નોંધ કરી છે કે, So much, however is clear that Vasudev I was the last Kushan King, who continued to hold extensive territories in India, after his death there is no indication of the existence of a paramount power in Northern India=જ્ના એટલું સ્પષ્ટ છે કે વાસુદેવ પહેલાને છેલ્લો જ કુશાનવંશી રાજા કહેવાય કે જેણે હિંદમાં બહોળા પ્રદેશ ઉપર સ્વામિત્વ ટકાવી રાખ્યું હતું તેના મરણ બાદ ઉત્તર હિંદમાં કોઇએ એક છત્રી રાજ કર્યાનું કોઈ ચિહ્ન નજરે પડતું નથી



અને મતના પુરાણામાં સંમિલિત થઈ ગયો છે કે કુશાનવંશી રાજાઓ જૈન મતના અનુયાયીઓ જ હતા. વાસુદેવ પહેલો જ તેમાંથી પલટો કરીને પ્રથમ વૈદિક મતવાળો બન્યો હતો.

(૬ થી ૧૩) બાકીના આઠ રાજાઓ

વાસુદેવે ૩૮ વર્ષ સુધી રાજ્ય કરી ઇ સ. ૧૩૪ માં મરણ પામ્યા બાદ કેટલા રાજાએ અને કેટલા વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું? તે કહેવા જેવી સ્થિતિમાં આપણે નથી. પણ સંયોગાનુસાર એમ લાગે છે કે તે બાદ ૪૦ વર્ષ એટલે ઇ સ ૨૮ સુધી તે વંશની સત્તા ચાલુ રહી છે. આમ ધારવા કે એમને સમય પર્યંત[૯૪] પણ તે ચાલુ રહી હોય, કેમકે તેમનો કુષાણ જે રાજ્યો હિંદી પ્રતિમાઓમાં કુષાણવંશી તરીકે ઓળખાયા છે તેમણે છેલ્લી લીધા મનાયો છે અને તેઓનો વિસ્તાર ક્યારે થયો હતો તે નિશ્ચયપૂર્વક શોધાયું નથી. આ વંશનો બીજો રાજા, કનિષ્ક પહેલો કહેવાય છે. તેણે ઇ સ. ૧૧૬ માં ભગવતીની માતા, જેને આપણે શકવંશી રાજાઓ તરીકે ઓળખાવ્યો જાહેર કર્યું છે. તેમની ચલણી મળતી હતી, અને તેના સ્મારકમાં પોતાનો શક સંવત્સર[૯૫] પ્રવર્તમાન કર્યો છે. આ બીજો રાજા છે એટલે તેના પૂર્વે બધા અમાત્ય તથા તેનો સત્તાકાળ વીસ ત્રીસ વર્ષ ગણો તો ય વધારે થયો કહેવાય અને તે હિસાબે ૩૧૦-૪૦=૨૭૦ ઇ.સ.ની આસપાસમાં કુષાણવંશ પ્રથમ વંશના કુષાણવંશી રાજાઓ ઉપર સત્ત બેસતી થઈ કહેવાય. ડૉ. વિ. વિન્સેન્ટ સ્મિથના અભિપ્રાય પ્રમાણે આ વંશનો અંત સ્વાભાવિક રીતે આવ્યો હોવાનું નોંધાયું છે. તે વિદ્વાન લેખે એમ કહે છે કે[૯૬] The decay ...must have been hastened by the terrible plague of A D 167 which desolated Roman and Parthian empires for several years=ઇ સ. ૧૬૭ ની જે ભયંકર મહામારીએ, રોમ અને પાર્થિઅન સામ્રાજ્યને કેટલાંયે વર્ષો સુધી નિર્જન કરી નાંખ્યાં હતાં તે, મહામારીને લીધે નાશ, (તેમનો અંત)-પડતી ત્વરિત બની રહી હોય." એટલે એમનું ધારવું એમ થાય છે કે યુરોપમાં જે મહામારી-પ્લેગ, રોમ રાજ્યે ઇ.સ. ૧૬૭માં ફાટી નીકળી હતી તે પ્લેગરોગ હિંદમાં પણ ઉતરી આવ્યો હતો અને કુષાણવંશી રાજ્યને ભાંગી પાડ્યો હોય અને તેથી વધુ કોઈ ખબર મળતી નથી હોય, એટલે તે હિંદમાં ફેલાઈ પડ્યો હતો અને કુષાણવંશી રાજ્યની સમાપ્તિ કરી દીધી હતી. આ અનુમાન ઉપર આવવાને તેમને શું કારણ મળ્યું હતું તે ઉપર પ્રકાશ પાડ્યો નથી. એટલે સંભવ છે કે હિંદી પ્રતિમાના પરદેશી આક્રમણોના અધિકારમાં પ્રાપ્ય થયો જે પ્રમાણે કનિષ્કિઅન, હુવિષ્કિઅન, વાસુદેવ અને બલાત ઇ. સ. ની પૂર્વેની ઓળખ થઈ ન શકવાથી વિદ્વાનોએ કુષાણોની એકબીજા કરી દીધી છે અને પછી પોતાની મરજી પ્રમાણે વર્ણન કરવાથી આપણ વખતે, જ્યારે યુરોપીય ઇતિહાસ તરફ નજર નાંખી ત્યારે તેમનું અંતકાળના પ્રમાણ મેળવી પ્રાપ્ત થયા છે તે પ્રમાણે આ હિસાબ પણ ચાલતો થયો હશે. નહિતર ક્યાં યુરોપ ને ક્યાં હિંદ, તે બંને વચ્ચે શું? વળી ક્યાં ૧૬૭ની સાલ અને ક્યાં ૨૮ ની સાલ? વળી હિંદમાંથી ઇન્ડોપાર્થિઅન રાજ્યસત્તાનું ઇ. સ. ૪૫ માં પતન થયું ક્યાં? તથા ઇન્ડોસિથિઅનોનો અંત ઇ સ. પૂ. ૫ માં થયો છે કે ક્યાં? આમ એક બીજાને સંબંધ ન હોય તેવી વસ્તુઓ એકમાં ભેળવી દેવાનું હોય ખરું?

આ કુષાણવંશી રાજાઓના હિસાબે જે પાર્થિઅન અંત એવું જણાય છે કે કોઈ પાર્થિઅનો કુષાણ-

(૯૪) જુઓ નીચેની ટીકા નં. ૯૫.

(૯૫) આ શક સંવત્સરનો પ્રથમ વર્ષ ઇ સ. ૭૮ નથી. પણ શકસંવત પહેલાનો રાજ્યકાળ ઇ. સ. ૭૮માં થયો છે. હેતુથી તે સંવતમાં આ શક સંવત્સરનો પ્રથમ વર્ષ કહેવાયું જણાય છે, અસલમાં તે તો ૭૮માં વર્ષ ૩૧૦ ની પૂર્વે જ હતો.

(૯૬) જુઓ તેમણે રચેલ અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૭૩.

વંશની હકુમત ઉપર ચડી આવ્યા તેના પરિણામરૂપ નથી, પણ આ કુશાનવંશીઓ પોતેજ ઇન્ડોપાર્થિઅનની હકુમતની પાછળ પાછળ, હિંદની ભૂમિ ઉપર ચડી આવ્યા હતા તેની અસરનું તે દ્યોતક છે મતલબ કે તેમના કથન પ્રમાણે, પ્રથમ કુશાન અને પછી પાર્થિઅન એમ નથી બન્યું, પણ પ્રથમ પાર્થિઅન અને પછી કુશાન આવ્યા છે

ઉપર જણાવ્યા પ્રમાણે આ સર્વ નં ૬ થી ૧૩ સુધીના સાતથી આઠ વીર્યહીન અને નામધારી રાજાઓનો અંત આવ્યો કહી શકાશે તેમના નામો કેવા હતાં તે જણાયું નથી જ પણ આ વંશના પાંચમા રાજાને જ્યારે વાસુદેવ પહેલા તરીકે સંબોધ્યો છે, ત્યારે કહી શકાશે કે, આ નામધારીમાંથી એકાદ રાજાનું નામ વાસુદેવ બીજો હશે જ, અને કદાચ વાસુદેવ ત્રીજો, ચોથો ઇત્યાદિ પણ હોય. તે બહુ અગત્યનો સવાલ નથી એટલે હાલ તો સ્મિથ સાહેબનું મંતવ્ય રજુ કરીને આ પરિચ્છેદની સમાપ્તિ કરીશું તેમણે સાફ શબ્દોમાં નોંધ કરી છે કે, So much, however is clear that Vasudev I was the last Kushan King, who continued to hold extensive territories in India, after his death there is no indication of the existence of a paramount power in Northern India=એટલું સ્પષ્ટ છે કે વાસુદેવ પહેલાને છેલ્લો જ કુશાનવંશી રાજા કહેવાય કે જેણે હિંદમાં બહોળા પ્રદેશ ઉપર સ્વામિત્વ ટકાવી રાખ્યું હતું તેના મરણ બાદ ઉત્તર હિંદમાં કોઇએ એક છત્રી રાજ કર્યાનું કોઈ ચિહ્ન નજરે પડતું નથી





તૃતીય પરિચ્છેદ

ચષ્ટણવંશી (શાહવંશી)-ક્ષત્રપો

ટૂંકસાર—ચષ્ટણ ક્ષત્રપોનું ધ્યાન કુશાન સમ્રાટો સાથે જોડવાનું કારણ બતાવી તેમના શકસંવત્ વિશે કરેલી ચર્ચા—તથા સિક્કા અને શિલાલેખના આધારે તેના માર્ગનો સાબિત કરી આપેલ સમય—

(૧) અભિષિક્ત ક્ષત્રપનું આપેલ ટૂંક જીવનચરિત્ર—

(૨) ચષ્ટણનાં વિવિધ બિરૂદોની પ્રાપ્તિનો આપેલ ઇતિહાસ—તે ઉપરથી સમજવા તેના જીવનનો તેમજ રાજ્યવિસ્તારનો તરવરી આવતો આપેલ ખ્યાલ—કનિષ્કની સાથે મળી આવેલ ચષ્ટણની મૂર્તિ જેવા સંયોગોમાં જણાઇ રહી તેની તથા તેના સમય વિશેની આપેલ સમજૂતી—નહપાણ અને ચષ્ટણની ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી સામ્યતા અને વિષમતાના મુદ્દાઓ ટાંકી ટાંકીને, કરેલી તુલના—તેમના જીવનમાંથી સૂઝી આવતા ક્ષત્રપ મહાક્ષત્રપની સત્તા વિશેના વિચારોનું કરેલ અવલોકન તથા તેમના લેખની સમજૂતી સહજ થઈ પડે માટે તેનું બતાવેલ કોષ્ટક—ચષ્ટણ અને કુશાન સંવતના લેખોમેળનું આપેલ વર્ણન—ચષ્ટણનાં આયુષ્ય ઉમર ઇ—

(૩) જયદામન રાજ્યપદે આવ્યો સંભવે છે કે કેમ તે વિશેનો કરી આપેલ નિર્ણય—

(૪) રૂદ્રદામન—તેના રાજ્યવિસ્તાર સંબંધમાં થતી ગેરસમજૂતીઓનું આક કોઠોમાં કરેલ વર્ણન તથા તેનો સુધારેલો પ્રતિકાર—રાજ્યવિસ્તાર સિવાય અન્ય હકીકત પરત્વે થયેલ ગેરસમજૂતિનું તથા આખા ચષ્ટણ વંશીઓના ધર્મવિશે કરેલ નિરૂપણ—

જે શિલાલેખો રાજકર્તાઓનો ઉભા કરાવેલા છે તેમાં રાજકીય મહત્ત્વ છે કે કેમ તેની કરેલી ચર્ચા—શિલાલેખ ઉપરથી સાબિત કરેલી તેમની ધર્મપત્નીની ધર્મશ્રદ્ધા તથા તેમનાં તીર્થધામ ઉપર પાડેલ પ્રકાશ—ચષ્ટણ શકની આદિનો જે સમય કહ્યો છે તેની, આંકડો આપી પુરવાર કરેલી સત્યતા તથા તે આધારે ઇતિહાસના અંધારમય યુગના જોડી આપેલા ચરિત્ર મણકાઓ—આખા નવમણકાની સાંકળમાં આપેલી સમયાવળી—

હેતુ

અત્યાર સુધી વર્ણવાયલા પરિચ્છેદોમા જેમ સકલિતપણે અમુક અમુક વશ-રાજા કે પરિસ્થિતિનું અવલોકન કરાયુ છે, તેમ આ પરિચ્છેદમા કાઇક સયોજિતપણે કામ લેવાનું હશે એમ ધારવાનું નથી મથાળુ તો રખાયુ છે 'ચષ્ઠણવશી ક્ષત્રપો' ને લગતું, કે જેને ઇતિહાસમા સામાન્યરીતે Western Kshatraps=પાશ્ચાત્ય પ્રદેશના (ભૂપતિઓ એવા) ક્ષત્રપો તરીકે ઓળખાવવામા આવે છે અને જેને પુ ૩ પૃ ૩૪૨ મા આપણે 'શાહવશ'[1] તરીકે સંબોધ્યો છે તેનુ, પરતુ તે આખા વશમા જેટલા રાજાઓ થઈ ગયા છે, તેનું યથાસ્થિત અને જેટલુ જાણવામા આવ્યુ છે તેટલું સઘળુ જ વર્ણન અત્ર આપવામાં આવ્યું નથી. કારણ કે તેમ કરવામા આવે તો આપણે ઠરાવેલી સમય મર્યાદાનું અતિ ઉલઘન થઈ જાય છે એટલે તેમનું સપૂર્ણ બ્યાન ન આપતા તેમને લગતી જે જે વિગત અત્યાર સુધી નહીં શોધાયલી દેખાઈ છે અથવા તો માલૂમ પડી છે પણ જેમાં હવે ફેરફાર કરવાની આવશ્યકતા લાગી છે, તેટલીનું જ અહીં વિવેચન કરવાની ધારણા રાખી છે કે જેથી કરીને તેમનો સપૂર્ણ ઇતિહાસ લખવામાં આવે ત્યારે તે બાબતો ઉપર પૂરતું લક્ષ આપવામાં આવે

વળી, આ ક્ષત્રપોને લગતી બીનાઓનું સ્વતત્ર વર્ણન ન આપતાં, આ કુશાનવશી પ્રજા સાથે જ તેમનો એક પરિચ્છેદ બનાવીને જોડયો છે તેનું કારણ એ છે કે, આ ક્ષત્રપો મારી સમજ પ્રમાણે કુશાન-વંશી રાજાઓના સરદારો હોવાનું નક્કી થાય છે એટલે કુશાન અને ચષ્ઠણ વંશને લગતા કેટલાક બનાવો અંદરોઅંદર એક બીજાને સ્પર્શીને રહેલા છે, તે માટે તેમના જ ઇતિહાસની સાથે જો આમનું વર્ણન કરી બતાવવામા આવે તો લેખકને તેમજ વાચકને બનેને અનુકૂળ થઇ પડે એમ દેખાયુ છે

તેમના શકના કર્તા વિશે

ઉપર પૃ ૧૫૯ માં જે મુદ્દાઓનું આ પરિચ્છેદે વર્ણન કરવા માટેની સૂચના કરાઇ છે તેમાંનો એક પ્રશ્ન તેમના શક-સવત્સરને લગતો છે પ્રથમ પરિચ્છેદે કુશાન વશની નામાવલિ ગોઠવતાં એમ જણાવાયુ છે કે તેમનો શક ઇ સ ૧૦૩ મા જ્યારથી કનિષ્ક પહેલો મથુરાપતિ બન્યો હતો ત્યારથી આરભાયો છે, સાથે સાથે એમ પણ જણાવવામા આવ્યુ છે કે, ચષ્ઠણવશી ક્ષત્રપોના શક-સવત્સરની આદિ પણ તેજ સમયથી કરવામા આવી છે વિદ્વાનોએ આ બન્ને પ્રસગને-કુશાન અને ચષ્ઠણ સવતના પ્રારભને, ઇ સ. ૭૮ માં થયાનું ગણાવ્યુ છે જ્યારે મેં અનેક પુરાવાને અંગે જે નીચે જણાવવામાં આવ્યા છે, તેનો સમય ઇસવી સન ૧૦૩ નો ઠરાવ્યો છે અલબત્ત, એટલે દરજ્જે બરાબર છે કે, આ બન્ને પ્રસંગોનો સમય[2] ઇ સ ૧૦૩ મા નોંધી શકાય તેમ છે, પરતુ તેમ થવાનાં કારણો જુદા જુદા સમજાય છે માટે તે બન્નેને, એકજ શક ન માની લેતા બન્નેને ભિન્ન ભિન્ન નામે ઓળખાવવાની જરૂર લાગે છે, એટલે કુશાન અને ચષ્ઠણ સવત એમ નિરનિરાળા નામે તેને ઓળખીશુ જો કે નામ જુદા દઇએ છીએ-પરતુ ઇતિહાસના આલેખનની દૃષ્ટિએ આકની ગણત્રીમાં કે બનાવોની નોંધ કરવામા, એકને બદલે બીજુ નામ વપરાઇ જવાથી કોઈ જાતનો વિરોધાભાસ થતો નજરે પડતો નથી, એમજ સમજી લેવુ રહે છે હવે તેની ઉત્પત્તિના સમય વિગેરેની વિચારણા પ્રથમ કરી લઇએ

સમય-કાળ ગણના માટેની પદ્ધતિ વિશેની માહિતી આપતાં આ પુસ્તકના આઠમા ખડે એ

(૧) આ નામ શા માટે પાડવામા આવ્યુ હતું તે પુ ૩ મા તેજ ઠેકાણે દર્શાવવામા આવ્યું છે તે નામ પાછળથી ખોટું ઠરાવવામા આવ્યું છે એટલે આપણે પણ તેને છોડી દઇને ચષ્ઠણવશી શબ્દ જ વાપરવાનું ચાલુ રાખ્યું છે

(૨) કદાચ એક બે વરસનું અતર ઠરાવવુ હોય તો ઠરાવી શકાય તેમ છે પરતુ તેમ કરવા જતા અન્ય બીજી મુશ્કેલીઓ ઉભી થવાનો સભવ છે તેથી હાલતો એક જ સમય હોવાનું જણાવવુ ઠીક લાગ્યું છે

પરિચ્છેદ બાંધવા પડયા છે. તેમાંના દ્વિતીય પરિ૦ ઉત્પત્તિ અને પ્રવર્તક સાથે શક-સંવતનું પણ વર્ણન કરી નાખ્યું છે. ત્યાં એમ સિદ્ધ કરવામાં આવ્યું છે કે હિંદના ઉત્તર ભાગમાં જે શક-સંવત પ્રવર્તતો જણાયો છે તેની સાથે દક્ષિણ હિંદમાં પ્રવર્તી રહેલ શક સંવત સાથે કાંઈ સંબંધ જ નથી. એટલે કે બન્ને ભિન્ન ભિન્ન છે. ત્યાં દ્વિતીય પરિચ્છેદમાં દક્ષિણ હિંદના શક નિર્દેશની વિચારણા કરવામાં આવી હતી એટલે અત્ર ઉત્તર હિંદના શક નિર્દેશનો જ વિચાર કરવાનો છે.

ઉત્તર હિંદના શકસંવતના પ્રારંભ માટે, નીચે દર્શિત ચાર નામોમાંથી કોઈ એકની સાથે વિદ્વાનોની માન્યતા પ્રમાણે સંબંધ હોવાનું ધારી લેવાયું છે (૧) નહપાણથી, (જેને શક પ્રજાનો ધારી લેવાયો છે તેથી) તે શકનો પ્રારંભ થયો હોય, (૨) કેટલીક રીતે ચષ્ઠણ ક્ષત્રપના વંશની આદિ કે (૩) કુશાનવંશી રાજા કનિષ્કનો રાજ્યારંભ ગણવા ઉપરથી (૪) પર્શિયન શહેનશાહોમાંના રાજા એઝીઝ કે તેના વંશજોમાંના ગાદીએ બેઠેલાથી કે જીતથી તેનો આરંભ, ઈ ઈ વગેરે પણ હોય એમ મનાય છે. આ પ્રમાણે ચાર માન્યતા અત્યારે પ્રચલિત છે. કેમકે આ ચારે વંશના ભૂપતિઓનું જોર ઉત્તર હિંદ-તરફ પ્રબળ પણે જામવા પામ્યું હતું તેમજ તેઓ શક જાતિના છે એમ પણ ધારી ફેર ન હોવાથી તે સર્વેને શક પ્રજાના અંગ[4] તરીકે માની લેવાય છે અને શક પ્રજાથી તે સંવતસર ગણું થયો છે. માટે તેને શક સંવત ઠરાવી, જ્યાં જ્યાં સમયદર્શક આંકડા નજરે પડયા, ત્યાં ત્યાં તે સર્વેને ઈ. સ. ૭૮ સાથેનો હિસાબ મેળવીને સમયદર્શન કરાવવામાં આવ્યું છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ પરિસ્થિતિમાં પ્રવર્તી રહેલી દેખાય છે તે સ્થિતિ વાસ્તવિક છે કે કેમ તેની તપાસ અને શું અસર ઉપજી આવ્યા પામી છે તે સમજી લેવાની જરૂર છે.

ઉપરની ચાર બીનાઓમાંથી એકેને ૧ અને નં ૪ વાળી બીનાને-ઈ. સ. ૭૮ વાળા શક સંવત સાથે બિલકુલ વાસ્તું બનતું નથી એમ પ્રતિપાદન તેમજ પુ. ૩માં પૃ. ૨૧૭થી ૨૨ સુધી ને ૧ની અને પૃ ૩૨૧-૨૨ ઉપરની બાબત વિગત વર્ણનથી સર્વ ઉપાડીને આપણે સાબિત કરી આપ્યું છે એટલે તે એને વજને આપણી એનો જ અહીં વિચાર કરવો રહે છે. બાકી રહેલી બે બીનાઓ-કુશાન અને ચષ્ઠણની બાબતે-જોકે સમયે ઉપસ્થિત છે. તેમની ઉત્પત્તિનાં કારણ જુદાં જુદાં છે પરંતુ તેમના પ્રારંભનો સમય એક જ છે-એટલે આપણા કામ પુરતાં એ એક જ લેખીએ તો પણ કશું ખોટું નથી. તેમાંથિ કુશાન વંશના શકની બાબત તો અમારે અહીં પણ થઈ છે. એટલે અત્ર ચષ્ઠણ વંશની એકાકીજ બાબત વિચારવી રહે છે.

આપણે કહી ગયા છીએ કે ચષ્ઠણ અને કુશાન શકનો આરંભકાળ એક જ સમયનો મનાય છે કારણ ત્યારે કુશાનશકનો પ્રારંભ ઈ. સ. ૧૦૩ મનાય છે ત્યારે ચષ્ઠણ સંવતનો આરંભકાળ પણ ઈ. સ. ૧૦૩ જ કહેવો પડે તેમાં તો કશો એવું ભેદ નહીં. પરંતુ અત્ર જે આપણે સાબિત કરવું રહે છે તે એટલું જ કે તે બન્ને કઈ રીતે મેળવી શકાય છે? તેમજ તે બન્નેના શક પ્રવર્તાવવાનું કારણ શું છે અને કોણે પ્રવર્તાવ્યો હતો? પ્રથમ પક્ષે જણાવવાનું કે બન્ને તે સમયના નિવાસી હોવાથી છે અને તેની મદદથી ધારે પરે તથા વિના કરારે કરી હોય તો, વિજયોત્સવ અને વિજયને ઉજવવા એવાં કાર્યો એકથી વધુ કેટલાંક એમનાથી તે પ્રસંગે આચાર વર્ષથી જ પ્રચલિત પરિણામે પહોંચી શકાય. તેમાં અમે તો આપણે તેની આદિનો જ સમય મેળવ્યો છે એટલે તે વંશના પાછળના રાજાઓને આપણે પૂર્ણતઃ એકાદ શતાબ્દીના રાજાઓના જ શિલાલેખ અને સિક્કાઓ તપાસવા પડે. તે કામ પછી પ્રશ્નના બે ભાગ રાજાની જ વિચારણા કરવી તેના છે કેમકે તેમને લગતી તથા પ્રશસ્તી જે સાબિતી પ્રાપ્ત થઈ છે તેમાં આંકનો નિર્દેશ થયેલ પણ માલુમ પડે છે જ આવા પ્રશ્નના [illegible] નામ [illegible]

(૩) જુઓ પુ. ૩ પૃ. ૧૧૬ ૧૧૭ (ટી. નં. [illegible])

૪. જુઓ ઉપર ટી. નં. ૭૮.

અને રૂદ્રદામન છે તેમાથી ધ્યમોતિકનો કોઈ શિલાલેખ કે સિક્કો હજી સુધી જડી આવ્યો નથી એટલે કેવળ તેની વિચારણાથી જ આપણું બધુ કામ સરી જાય તેવી વકી નથી લાગતી વળી ચષ્ઠણનો કોઈ શિલાલેખ જો કે અદ્યાપિ પર્યંત મળી આવ્યો નથી જ છતાં તેના સિક્કાઓ ઘણા મળી આવે છે તેમા તેને ક્ષત્રપ અને મહાક્ષત્રપની ઉપાધિવાળો સંબોધાયો જણાયો છે છતાં તેમાં પણ એકેમા તેનો આક તો[4] નજરે પડતો જ નથી પરતુ એક બીજી વસ્તુ તેના સંબંધમાં સ્પષ્ટપણે દેખાતી માલૂમ પડી છે કે તેણે પોતાને "રાજા" તરીકે પણ ઓળખાવ્યો છે જ્યારે રૂદ્રદામનની બાબતમાં તો તેના પૂર્વજ–દાદા અને પ્રદાદા–કરતા પણ સ્થિતિ નિરાળી જ છે તેના તો શિલાલેખ અને સિક્કા બન્ને મળી આવ્યા છે, એટલુ જ નહીં પણ શિલાલેખમા તેના વશના સવતનો આક સુદ્ધાત લખેલ છે જ્યારે સિક્કાઓમા સાલનો આંક તો જોકે નથી જ પરતુ તેમાં પોતાને મહાક્ષત્રપ અને રાજાપદથી વિભૂષિત થયેલ જાહેર કરેલ છે વળી ખાસ વિશિષ્ટતા એ છે કે પોતે ક્ષત્રપ બન્યો જ લાગતો નથી ઉપરની હકીકતને તુરત સમજી શકાય માટે કોઠાના રૂપમા ગોઠવી દઈએ

નામ	સિક્કા	શિલાલેખ	બિરૂદ
(૧) ધ્યમોતિક	નથી જણાયા[5]	નથી જણાયા[5]	નથી જણાયુ
(૨) ચષ્ઠણ	છે, પણ કોઈ ઉપર સાલ[5] લખી નથી (૪૬ ની સાલ વાંચ્યાનું કાંઈક યાદ આવે છે ઉપરની ટીકા ન ૩ જુઓ)	નથી જણાયા	ક્ષત્રપ, મહાક્ષત્રપ અને રાજા
(૩) રૂદ્રદામન	છે, પણ એકે ઉપર સાલ[5] લખી નથી	છે, તેમાં સાલના આંક ૫૨ અને ૭૨ જણાયા છે	મહાક્ષત્રપ અને રાજા છે, પરંતુ ક્ષત્રપ નથી

આ પ્રમાણે સૂત્ર તરીકે, ઉપરની હકીકત ગોઠવીને હવે આપણે આગળ વધીશુ રૂદ્રદામન પછી જે ચોથો પુરૂષ ગાદીપતિ બન્યો છે તેણે કોતરાવેલ સિક્કામા પોતાનો સમય ૭૨ થી ૧૦૦ સુધીનો બતાવ્યો છે એટલે

(૪) એકાદ જગ્યાએ ૪૬ નો આક હોવાનું મારા વાચવામા આવ્યું છે ખરૂ, પરતુ તેનો આધાર ટાકવાને અત્યારે મારી પાસે સાધન રહ્યુ નથી

[જોકે કે। આ રે પ્રસ્તાવના પૃ ૧૧૨માં લખેલ છે કે All that is known as to the duration of Chasthan's reign in the period limited by the years 46 and 72=ચષ્ઠણના રાજકાળ વિશે જે સર્વ જણાયું છે તે ૪૬ અને ૭૨ ના સમયની વચ્ચગાળે મર્યાદિત થયું છે વળી તેજ પુસ્તકના પૃ ૭૨ ઉપર Period between Saka 46 and 72=શક–સવત ૪૬ થી ૭૨ વચ્ચેનો સમય, એવા શબ્દો મળ્યા છે પરતુ તેને મે પ્રમાણિક આધારરૂપે નથી ઠરાવ્યા, કેમકે, તેમણે નહપાણ અને ચષ્ઠણ બન્નેને શકપ્રજાના ગણીને તથા પહેલાની પાછળ બીજો આદીએ આવ્યાનું કલ્પીને તે શબ્દો વાપર્યા છે, જ્યારે વસ્તુસ્થિતિ તો જુદી છે (જુઓ પુ ૩. પૃ ૨૧૭ થી ૨૨૨) આવા કારણને લીધે આ કથનનો આધાર ૪૬ ના આક માટે હુ ટાકી શકતો નથી]

(૫) સિક્કા અને શિલાલેખ કોણ અને ક્યારે પડાવી શકે? તથા તેના આક ક્યારે લખી શકાય? તે સબંધી જે વસ્તુ સ્થિતિ મારા નિરીક્ષણમા આવી છે, તે આગળ ચોથા પરિચ્છેદે વર્ણવી છે ત્યાથી જોઈ લેવું

[મારૂ નિરીક્ષણ સર્વથા સત્ય જ છે એમ મારો દાવો નથી સશોધકોને જે અનુભવ થાય તે તેમણે જાહેર કરવા વિનતી છે]

તે ઉપરથી સાબિત થાય છે કે રુદ્રદામનની આખરની સાલ તરીકે આપણે ૭૨ તેજ લેખવી પડશે. અને તેની પહેલાંમાં પહેલી સાલ ૫૨ ની છે જ્યારે ચષ્ઠણની કોઈ સાલ મળી આવી હોય તો તે ૪૧ ની છે એટલે સાર એ થયો કે જો ચષ્ઠણની પછી રુદ્રદામન તુરત ગાદીએ બેઠો હોય તો ૫૨ અને ૪૧ વચ્ચેના ૭ વર્ષના અંતરમાંજ તેમ બનવા પામ્યું હોય. તે સમયને સહજમાં વહેંચી નાંખીએ તો ચષ્ઠણનો અંત અને રુદ્રદામનનો પ્રારંભ ૪૮-૯ માં આવ્યો માનવો રહેશે. પરંતુ રુદ્રદામન ગાદીએ ન આવ્યો હોય તો, ૪૧ થી ૫૨ વર્ષના અંતરમાં બીજો કોઈ પુરુષ રાજ-કર્તા તરીકે આવ્યો હોય એમ પણ મનાય છે. પણ આપણે ઇતિહાસના અભ્યાસથી તથા સિક્કાઓ પ્રત રાખેલ ક્ષત્રપ અને મહાક્ષત્રપ જેવા હોદ્દાના અધિકાર વિષેની મીમાંસાના લેખથી જાણીએ છીએ કે (જુઓ પુ. ૨ પૃ. ૧૧૪-૭૨) જે વ્યક્તિ પ્રથમ ક્ષત્રપ હોય છે તે જ્યારે મહાક્ષત્રપનું પદ ધારણ કરે છે ત્યારે તેનો અધિકાર વિશેષ વિસ્તૃત થાય છે આમાં રુદ્રદામનને ક્ષત્રપ પદ લાગ્યું જ નથી. તેને તો એકદમ મહાક્ષત્રપનો જ અધિકાર પ્રાપ્ત થયો છે વળી પુ. ૨માં નહપાણનું વર્ણન લખતાં જણાવી ગયા છીએ કે જ્યાંસુધી અમુક વ્યક્તિ યુવરાજ પદે હોય છે ત્યાં સુધી તેને ક્ષત્રપ કહેવામાં આવે છે પરંતુ સ્વતંત્ર અધિકારે આવતા અથવા ગાદીપતિ તરીકે બિરાજતાં તેને મહાક્ષત્રપ કહેવામાં આવે છે એટલે આ સિદ્ધાંત અનુસાર એવા પ્રકાર ઉપર આવવું રહે છે કે રુદ્રદામને યુવરાજ પદવી ધારણ કરી શકવી નથી પણ એકદમ ગાદીપતિ જ બની બેઠો લાગે છે. આ અનુમાન એટલા ઉપરથી સત્ય ઠરે છે કે ચષ્ઠણનો પુત્ર અને રુદ્રદામનનો પિતા, જેનું નામ જયદામન જણાવાયું છે તેના કોઈ કોઈ સિક્કા મળી આવે છે તે સર્વેમાં તેને ક્ષત્રપ તરીકે જ ઓળખાવાયો છે.[1] એટલે મહાક્ષત્રપ જણાવ્યો નથી. એટલે તાત્પર્ય એ નીકળે છે કે ચષ્ઠણના સમય દરમ્યાન જયદામન, ક્ષત્રપ જેવું રહ્યો જણાય છે પણ કોઈ કારણે ગાદીપતિ થવા પામ્યો નથી, મતલબ કે ગાદીએ બેસતાં પહેલાં મરણ પામ્યો હશે અને તેથી કરીને તેનો પુત્ર રુદ્રદામન જ પોતાના દાદા ચષ્ઠણની પાછળ ગાદીએ બેઠો લાગે છે. એટલે ઉપરમાં જણાવ્યા પ્રમાણે ચષ્ઠણનો અંત ૪૮-૯ માં થતાં રુદ્રદામનના રાજ્યનો આરંભ થયાનું ગણવું રહે તથા ક્ષત્રપ જયદામનનું મરણ પણ ચષ્ઠણનું મરણ જે સાલમાં નીપજ્યું તેજ સાલમાં કે તેની પહેલાં નીપજ્યું હશે એમ ગણવું રહે. કદાચ એ બેમાં બે વર્ષનું પણ અંતર તે બે બનાવ વચ્ચે રહેવા પામ્યું હોય, તો જયદામન પોતે મહાક્ષત્રપ તરીકે અને તેટલો સમય માટે રુદ્રદામન પોતાને ક્ષત્રપ તરીકે ઓળખાવતજ પણ જ્યારે તેમ બન્યું જ નથી, (અથવા તેમ બન્યું હોય તોપણ તેવું સાબિત કરનાર કોઈ સિક્કો હજુ સુધી પ્રગટ આવ્યો નથી. એટલા માટે તેવો સિક્કો ન મળે ત્યાં સુધી જે હકીકત સિદ્ધ થઈ શકે છે તેજ માનવી રહે છે.) ત્યારે ઉપર પ્રમાણેનો નિયમ બરાબર બંધ બેસે છે એમ માનવું જ રહ્યું. એટલે એક હકીકત હવે નિશ્ચિત થઈ કે ચષ્ઠણનું મરણ ૪૯ માં થયું અને રુદ્રદામનનું રાજ્ય ૪૯ થી ૭૨ = ૨૩ વર્ષનું ગણવું.

આટલું નક્કી કર્યા પછી પણ વિચારવાનું રહે છે કે, ક્ષત્રપવંશનો આદિપુરુષ ચષ્ઠણ ગણાય કે તેના પિતા ઘ્સામોતિક કે અન્ય કોઈ? અત્યાર સુધી એવી માન્યતા પ્રવર્તી રહી છે કે નહપાણથી કે ક્ષત્રપ તેના વંશમાંથી તે વંશ ચાલ્યો છે પણ તેમ બનવા પામ્યું નથી તે આપણે સિદ્ધ કરી ગયા છીએ એટલે તેનો પ્રશ્ન તો વિચારવો રહેતો જ નથી. હવે ચષ્ઠણનો પોતાનો વિચાર કરી લઈએ. તેને આદિ પુરુષ ઠરાવવામાં પણ ઘણી મુશ્કેલીઓ આવે છે; કેમ કે જો

(1) ક. આં. રે. પૃ. ૧૧૦ પારિ. ૯૩. Jayadaman bears the title of Kshatrap only ક્ષત્રપ (માત્ર ક્ષત્રપનો જ હોદ્દો ધારે છે. [જો કે અમુક જગ્યાએ એમ પણ વર્ણ્યું છે કે, on his coins Jayadaman uses the title Swami, Lord, in addition to Raja and Kshatrap (સિક્કા ઉપર રાજા, ક્ષત્રપ, ઉપરાંત પોતે

તેમ ઠરાવાય તો તેના શકનો આરંભ તેના રાજ્યથી ગણવો રહે અને તેના રાજ્યનો અંત ૪૯ મા આવ્યાનું આપણે ઠરાવ્યું છે તે હિસાબે તેનું રાજ્ય ૧ થી ૪૯ સુધી ચાલ્યુ હતું એમ માનવુ પડે તે સ્થિતિ માન્ય થઈ શકે તેમ નથી, કેમકે તેનાજ વંશમા જે કોઇપણ રાજાએ[7] વધારેમાં વધારે રાજ્ય ભોગવ્યુ હોય તો અઢારમા રાજા રૂદ્રસેન ત્રીજાએ ૩૦ વર્ષ અને ચોથા રાજા દામ્યદશ્રીએ ૨૮ વર્ષ પર્યંત રાજ્ય કર્યું છે એટલે કે તે સમયે તેના રાજવંશીઓમા રાજકર્તા તરીકેની[8] જીંદગી એવા પ્રકારની બની ગઈ હતી કે ગાદીપતિ તરીકે બહુ બહુ તો ૩૦–૩૫ વર્ષ જ તેમનું આયુષ્ય ટકી રહેતું હતું તો પછી એક જ પુરૂષને કાળે ૪૯ વર્ષનું રાજ્ય તે કાળે લખાય[9] તે હકીકત એકદમ બુદ્ધિમા ઉતરે તેવી નથી લાગતી ઉપરાંત બીજો મુદ્દો એ પણ વિચારવો રહે છે કે, તેણે જ જે આદિ કરી હોય તો, તે પોતે મહાક્ષત્રપ કે રાજા પદે આવ્યા પછી જ કરી શકે[10] કેમકે તે હોદ્દાઓ સ્વતંત્રતા સૂચક છે પરંતુ આપણને એટલું તો વિદિત થયેલું જ છે કે (જુઓ પૃ ૧૮૫) તેણે ક્ષત્રપ તરીકે પણ કેટલોક કાળ પસાર કરેલો છે જ એટલે તેનો અર્થ એ થયો કે, તેણે એકલાએ મહાક્ષત્રપ અને રાજા તરીકે જ ૪૯ વર્ષ સત્તા ભોગવી હતી અને તે ઉપરાંત ક્ષત્રપ તરીકે પણ અમુક સમય ગાળ્યો છે આ સ્થિતિ તો વળી, ઉપરમા જે ૪૯ વર્ષનું તેનું રાજ્ય લંબાયાનું પણ કઠિન ઠરાવાય છે તેના કરતાયે વિશેષ કઠન બનાવે છે એટલે એમ જ માનવુ પડશે કે, તેના રાજ્યારંભથી તેના શકની આદિ થઈ નથી લાગતી પરંતુ તેની પૂર્વે કોઇ બીજુ થયુ હોય તેના રાજ અમલથી થઈ હોય વળી તે માટે સૌથી વિશેષ આધારભૂત અનુમાન જો બાંધી શકાય તો તેના પિતા ધ્યમોતિકથી તે આદિ થઈ હોય એમ ગણી શકાય અને આ પ્રમાણે બન્યુ હોય તો, બે રાજા વચ્ચે ૪૯ વર્ષનું રાજ્ય લબાયુ હતું એમ ગણવુ પડે અને તેમ ગણવામાં બિલકુલ બાધા જેવુ લાગતું નથી

અહીં આગળ હવે આપણે પૂર્વે થયેલ અનુભવનો આશ્રય લેવો પડશે ક્ષહરાટ ભૂમક પોતે ક્ષત્રપ પણ હતો તેમ પરદેશી પણ હતો (જુઓ પુ ૩ માં તેનુ વૃત્તાંત) તેવી જ રીતે આ ધ્યમોતિક અને ચષ્ઠણ પણ ક્ષત્રપ તથા પરદેશી છે વળી ભૂમક અને તેના પુત્ર નહપાણનાં દૃષ્ટાંતથી આપણે જ્ઞાત છીએ કે, તેઓ બન્ને ક્ષત્રપપદે હતા અને પછીથી મહાક્ષત્રપપદે ચડયા હતા વળી તેમાથી એમ પણ સૂચન મળતું હતું કે, તેમના માથે કોઈ અન્ય સરદાર હતા, કે જેમના પ્રતિનિધિ તરીકે તેઓ પોતાને સુપ્રત કરેલ પ્રતિ

માટે જયદામને સ્વામિ શબ્દ વાપરેલ છે (વિદ્વાનો પણ કેવા દ્વિઅર્થ લખાણ કરે છે તેનુ આ દષ્ટાંત છે)

[મારૂં ટીપ્પણ—જે સિક્કાને રેપ્સન સાહેબે જયદામનના કહ્યા છે તે જયદામનના નથી લાગતા, કેમકે તેના અક્ષરોજ નથી ઉકલ્યા પણ તેમણે અનુમાનથી માત્ર બેસાડી દીધું છે તેમા નંદીનું ચિત્ર છે વળી તે સિક્કાઓ માત્ર જુનાગઢ પ્રદેશમાથીજ મળી આવે છે, નહીં કે અવંતિ કે તેના અધિકારવાળા અન્યપ્રદેશમાથી, બીજુ તેમા કાંઈ જ ચિન્હ નથી પણ સૂર્ય ચંદ્ર કોતરેલ છે અને તેથી જ તે ચષ્ઠણવંશના ઠરાવી દીધા છે આ કારણને લીધે તે સિક્કાઓ મે જયદામનના લેખ્યા નથી વળી 'રાજા' શબ્દ જયદામને વાપર્યો છે કે કેમ તે માટે આગળ રૂદ્રદામનનુ વૃત્તાંત જુઓ.]

(૭) અહીં, રાજા શબ્દ ખાસ મુદ્દાથી વાપર્યો છે તે શબ્દ સ્વતંત્રતા સૂચક છે સ્વતંત્ર બન્યા પહેલા અન્ય પદે ભલે તેટલા વર્ષ ગાળ્યા હોય પણ તે હિસાબમાં લેવાતા નથી, છતાં તેની ઉમર તો તે પ્રમાણમા વધતીજ જતી રહે છે કહેવાનો તાત્પર્ય એ છે કે જ્યા, એકલુંજ રાજા પદ ધારણ કરાતું હોય ત્યા ૪૯ વર્ષ તો શું, પણ તેનાથી એ વધારે વર્ષ સુધી અમલ ભોગવી શકાયો છે, પરંતુ જ્યા બે ત્રણ સ્થિતિમાથી પસાર થયા બાદ સ્વતંત્ર રાજા તરીકેની સત્તા ગ્રહણ કરવી પડે છે ત્યા ૪૯ વર્ષ જેટલો લાંબો કાળ તે પદ ભોગવી શકવાનું માન્ય રહેતું નથી

(૮) રાજકર્તા એટલે સ્વતંત્ર આદીપતિ બન્યા પછીની, નહીં કે તે પહેલા અનેક હોદ્દાઓ ભોગવી લીધા હોય તે સહિતની (સરખાવો ઉપરની ટી નં ૭)

(૯) ઉપરની ટીકા નં ૭ નો ખ્યાલ લાવવાથી આ વાકયની યથાર્થતા સમજાશે

(૧૦) જુઓ નીચે ટી. નં ૧૧ ને લગતું મૂળસ્થિતિ બતાવતું લખાણ

અથવા પ્રદેશ ઉપર હકુમત ચલાવતા હતા. અને જ્યાંસુધી આવી પરાધીન સ્થિતિમાં તેમનો હોય ત્યાંસુધી તેમનો ભૂપ તરીકે પોતાનો સ્વતંત્ર શક ચલાવી પણ ન શકે. તેમજ એ તેવું ગનતા પામે તો તેમનો સરદાર, સાખી શકે પણ નહીં. ઘણુંએ બને કે ભૂપ તરીકે જે કરી શકે તે એટલુંજ કે કં પોતાના સરદારનો જે શક ચાલતો હોય તે ચલાવ્યે રાખે, અથવા તો પોતે ભૂપ-સત્તા તરીકે જ્યારથી લગામ હાથમાં લીધી હોય ત્યારથી રાજ્યકાળમાં તેનું વર્ષ નોંધવાનું કરી શકે. એટલે તે પ્રમાણે લખાતા આંકનો અર્થ, જેમ પૂર્વે અનેક રાજ્યકાળે થતું આવ્યું છે તેમ આ ભૂપપ્રોની બાબતમાં પણ In so many regnal years=અમુક રાજ્યે આટલામાં વર્ષે, એવા ભાવાર્થમાં તે શબ્દ વપરાયો સમજવો પડે. (અલબત્ત regnal શબ્દ વાપરવાર તો નહીંજ કારણ કે તે ભૂપો તરીકે તેમનો રાજ્યાભિષેક થયામાં આવ્યો નથી. પરંતુ રાજ્યાભિષેક શબ્દ પ્રાપ્તિ આટલાં વર્ષે થયા તેની ગણત્રી કરવા પૂરતોજ તે શબ્દ લેવાય.) તાત્પર્ય એ થયો કે ભૂપ તરીકે કોઈ પોતાના સંવતની આદિ કરી શકતા નથીજ પરંતુ મહાક્ષત્રપ તરીકે કરી શકે ખરા. અને તે પણ પોતાનો સ્વતંત્ર શક[11] સ્થાપે ત્યારેજ તે પહેલાં તો નહીંજ એટલે માનવું પડે છે કે જેમ ચષ્ટણક્ષત્રપના સંબંધમાં બન્યું છે કે તેણે સત્તા-ભૂપ તરીકે પોતાની રાજકીય કારકીર્દી શરૂ કરી હતી, ત્યારથી જ્યારે તેના પ્રકરણ સંવતની આદિ થયેલ છે નહીં, જ્યાં તેણે પ્રથમ રીતે સિક્કાઓમાં લિપિ આદિ કોઈ સ્થાને પોતાનો સ્વતંત્ર શક કોતરાવ્યાનું પણ્યું થયું નહોતું. તેમજ તેના પુત્ર જયદામને પણ ભૂપપદે હતો ત્યાંસુધી તેવું કાંઈ થયું નહોતું. પણ મહાક્ષત્રપદે આવ્યા પછીજ શક[12] શરૂ કર્યો હતો, તેમ અને તેવીજ રીતે આ અભિરાજ અને મહારાણી બાબતમાં પણ બન્યું હોય એમ છે. એટલે કે આ ચષ્ટણ ક્ષત્રપના વંશની આદિ ભલે થઈ છે તો તેના પિતા અભિરાજ જ્યારથી સત્તા તરીકે ભૂપપદ ધારણ કર્યું ત્યારથી ગણાય તેને પ્રગટપણે કોતરાવીને જાહેરાત આપવાની શરૂઆત તો તેના પુત્ર ગધપજ કરી હોવાનું સંભવિત છે અને તે પણ જ્યારે પોતે મહાક્ષત્રપ બનવા પામ્યો હતો ત્યારબાદજ નહીં કે તે પહેલાં.

આખીએ ચર્ચાનો સાર એ થયો કે, ગધપ ક્ષત્રપના વંશની શરૂઆત તેના પિતા અભિરાજથી થઈ ગણાય. પરંતુ તેના સંવત-શકની જાહેરાત કરનાર તો તેનો પુત્ર ગધપજ મહાક્ષત્રપજ ગણાય. એટલે કેનાથી આ વંશની આદિ થઈ તથા કેનાથી તેમના શકની આદિ થઈ તે બન્ને વ્યક્તિનો ઇતિહાસ જો કે જાતી જુદો કહેવાય, છતાં કંઈ સાથમાં તે આદિ થઈ ગણાય તે કહ્યુ સાબિત કરવું બાકી રહ્યું છે.

આ ગધપજના અને કુશાનના શકનો સમય એકજ ગણાય છે તે આપણે એક કરતાં વધારે વખત જણાવી ગયા છીએ. વળી આ શકને વિદ્વાનોએ ઉત્તર હિન્દના[13] શક તરીકે ઓળખાવ્યો છે તથા

તેમના શકની આદિનો સમય

જે શકને શાલિવાહન શક તરીકે સામાન્ય રીતે ઓળખાવાય છે તેને દક્ષિણ હિન્દનો શક ઓળખાવે છે. બન્નેને આ પ્રમાણે જુદા કેમ પાડે છે. જ્યારે તે બન્નેનો પ્રારંભ ઈ. સ. ૭૮ માંજ[14] થયાનું મનાય છે. બાકી તો આપણે ઉત્તર હિન્દના શક સાથેજ નિસ્બત છે એટલે તેને જ્યાંસુધી વળગી રહેવું છે ત્યાંસુધીનીજ ચર્ચા કરીશું. બીજી રીતે આપણા વાંચકો તે પહેલાં, તેનું સ્થાપન જે ઈ. સ. ૭૮માં થયાનું મનાયું છે તે બીના સત્ય છે કે કેમ તે તપાસી લઈએ.

(11) જેમણે ૧ શ. આગેપ આવ્યો હોય ઇત્યાદિ, કોઈ વ્યક્તિ તે મહાક્ષત્રપ પદે પ્રાપ્ત કરે તો તે નવો શક સ્થાપીજ ન શકે તે હકીકત ઉપરથી આ સ્થિતિ સમજાશે છે.

(12) આગળનો ઉપરની ટી. નં. ૮

(13) જુઓ પુ. ૧ ૨ ઉપર ટી. ગધપજના નામ વાળું આવતરણ તથા પુ. ૩૦ ઉપર કોટિ. ચિત્રના આવતું પાનું.

(14) જુઓ પુ. ૩૧ તથા શક સંવતને લગતી ચર્ચા.

ઉપર સાબિત કરી ગયા છીએ કે, આ શકની આદિ ક્ષત્રપ ધ્સમોતિકના સત્તાકાળથી થઈ છે એટલે જો તે શકનો પ્રારંભ ઇ સ ૭૮ મા થયાનું સ્વીકારાય તો તેનો અર્થ એમ થયો ગણાય કે ક્ષત્રપ ધ્સમોતિકના વહીવટની શરૂઆત ઇ સ ૭૮ માથી થઈ હતી અને ચષ્ટણના રાજ્યકાળનો આંક ૪૯ સુધી લબાયો છે, એટલે ૭૮+૪૯=૧૨૭ ઇ સ મા તે પણ સત્તાશાળી પુરૂષ હતો આ બન્ને વ્યક્તિનો સત્તા પ્રદેશ જો વિચારીશુ તો સિંધ, રાજપુતાના, સૌરાષ્ટ્ર અને અવન્તિના મુલકોજ દેખાય છે અલબત્ત ધ્સમોતિકની સત્તા મુખ્ય અંશે ક્યા જામવા પામી હતી તે વિષય આપણે બહુ ચર્ચ્યો નથી, છતા જેટલે સુધી જણાયુ છે તેટલે દરજ્જે કહી શકાશે કે તેની સત્તા રાજપુતાના અને સિંધ ઉપર તો હતીજ,[૧૫] અને ચષ્ટણની ગાદી તો અવતિ ખુદમાજ હતી તે નિર્વિવાદ છે મતલબ કે ઇ સ. ૭૮ થી ૧૨૭ સુધીના પચાસ વર્ષ સુધી આ બન્ને બાપ અને દિકરાનું રાજ્ય, ઉપરના પ્રદેશ ઉપર હતું એમ ઠરી શકે છે જ્યારે આપણે ગર્દભીલ વશનો ઇતિહાસ આલેખતાં તો એમ સાબિત કરી ગયા છીએ કે આ સર્વ કાળ તે સર્વ પ્રદેશ ઉપર તેમની જ સત્તા હતી એટલુ જ નહીં પણ તે સર્વ રાજાઓ મહા પરાક્રમી અને કોઇથી પણ ગાજ્યા જાય તેવા નહોતા અને વિશેષમા તો તેમાના એક સિંધ અને રાજપુતાના તો શુ પણ તેથીયે આગળ વધીને ઠેઠ કાશ્મિર સુધી પોતાની રાજસત્તા લબાવી હતી કે જેની નોંધ રાજતરંગિણિકાર જેવાને પણ લેવી પડી છે તો શુ એમ ધારવુ કે અવતિ ઉપર ગર્દભીલ વશની તથા ચષ્ટણ વશની એમ બેની સત્તા એકી સમયે ચાલતી હતી ? તેમ તો એક કાળે એક પ્રદેશ ઉપર બે રાજવશની હકુમત હોવાનું કદાપી બની શકયુ નથી અને બનવાનું પણ નથી સિવાય કે તે બેમાથી એક સત્તા, બીજી સત્તાની તાબેદાર—આજ્ઞાધારક હોય પરતુ પ્રસ્તુત બે વશમાથી કોઇને એક બીજાનો ખડિયો કે કિંચિદ્ અંશે શરણાગત લેખવો તે તેનું અપમાન કર્યા જેવુ ગણી શકાશે તો પછી પ્રશ્ન થાય છે કે, શુ ગર્દભીલની સત્તા સાચી કે ચષ્ટણની સાચી ? ઉત્તર એટલોજ કે, બન્ને સત્તા અવંતિ ઉપર તો હતીજ અને તે સત્ય પણ છે જ, પરતુ ચષ્ટણનો સમય જે ઇ સ ૭૮ માં તેના શકનો પ્રારંભકાળ લેખીને ગોઠવ્યો છે તેજ ખોટો છે આ મુદ્દો જેમ ચષ્ટણના સમયની ગણત્રીથી અસત્ય ઠરાવી શકાય છે તેમ તે વશના અંતિમ રાજાઓનો સમય સાથે અન્ય ઐતિહાસિક સત્યની તુલનાની દૃષ્ટિએ પણ અસત્ય ઠરાવી શકાય તેમ છે આ ક્ષત્રપ વશનો અંત તેના બાવીસમા રાજા, સ્વામિ રૂદ્રસિંહ મહાક્ષત્રપના રાજ્ય અમલે આવ્યો છે આ રાજાનો સમય તેના સિક્કા ઉપર કોતરાયલ આંક ઉપરથી નક્કી કરીએ તો તેમના શક સંવત ૩૧૦ થી ૩૧× સુધીના વર્ષનો કહી શકાશે આ સંખ્યામા જ્યા × નીશાની છે ત્યાં કયો આંક હોઈ શકે તે ઘસાઈ ગયેલ હોવાથી, ભલે નક્કી પણે કહી શકાય તેમ નથી છતા એટલું તો સ્પષ્ટજ છે કે તે આંક ૧ થી માંડીને ૯ સુધીનોજ હોઈ શકે એટલે તેને ૩૧૧ થી ૩૧૯ સુધીનો ઠરાવી શકાશે આપણી ગણત્રીમા જરા અંશે પણ અનિશ્ચિતપણાનું તત્ત્વ ન રહી જાય, તે માટે વધતામા વધતો તેનો સમય ગોઠવો તોયે ૩૧૯ થી તો વધારે કહી શકાશે નહીં જ અને તે હિસાબે ૩૧૯+૭૮= ઇ સ ૩૯૭ આવશે એટલે તેનો અર્થ એમ થયો કે, આ ચષ્ટણવંશી રાજાઓનો અમલ અવતિ ઉપર ઇ સ ૩૯૭ સુધી ચાલ્યો આવતો હતો જયારે ઇતિહાસ તો આપણને સાફ સાફ શબ્દોમાં અને ભેરી નાદે જાહેર કરી રહ્યો છે કે, ગુપ્તવશી સમ્રાટ ચંદ્રગુપ્ત પહેલાએ અવંતિનો પ્રદેશ ઇ સ ૩૧૯ મા જીતી લઈ ત્યા પોતાની ગાદી કરી હતી વળી તેની ખુશાલીમાં પોતાના વશનો ગુપ્ત નામે સંવત્સર પ્રચલિત કર્યો હતો અને તેની પાછળ તેના વશજોએ ઠેઠ ઇ સ ૪૦૦ વટાવી ગયા બાદ પણ ત્યા હકુમત ભોગવ્યે રાખી છે તો

(૧૫) જુઓ કનિષ્ક પહેલાનું વૃત્તાત તથા પૃ ૫૫ ની હકીકત.

ખાસ્સા પ્રદેશ ઉપર હકુમત ભોગવતા હતા. અને જ્યાંસુધી આવી પરાધીન સ્થિતિમાં તેઓ હોય ત્યાંસુધી તેઓ ક્ષત્રપ તરીકે પોતાનો સ્વતંત્ર શક ચલાવી પણ ન શકે. તેમજ જે તેવું બનવા પામે તો તેમનો સત્કાર, સાંખી શકે પણ નહીં. મતલબ કે ક્ષત્રપ તરીકે જે કરી શકે તે એટલુંજ કે કાં પોતાના સરકારનો જે શક ચાલતો હોય તે વધાવી લ્યે, અથવા તો પોતે ક્ષત્રપ-સત્તા તરીકે જ્યારથી કામ હાથમાં લીધી હોય ત્યારથી રાજ્યકારકિર્દીમાં તેનું વર્ષ નોંધવાનું કરી શકે. એટલે તે પ્રમાણે લખાતા આંકનો અર્થ, જેમ પૂર્વે અનેક સ્થળ પરત્વે કહી આવ્યું છે તેમ આ ક્ષત્રપોની બાબતમાં પણ In so many regnal years=આટલાં રાજ્યકારકિર્દીનાં વર્ષે, એવા ભાવાર્થમાં તે શબ્દ વપરાયો સમજવો પડે. (અલબત્ત regnal શબ્દ બરાબર તો નથીજ કારણ કે તે ક્ષત્રપો તરીકે તેમનો રાજ્યાભિષેક કરવામાં આવતો નથી. પરંતુ રાજ્યકારકિર્દી સમજ આપવાને વર્ષ અથવા તેની મતલબી કરવા પૂરતોજ તે શબ્દ લેવાય.) તાત્પર્ય એ થયો કે ક્ષત્રપ તરીકે કોઈ પોતાના સંવતની આદિ કરી શકતા નથીજ પરંતુ મહાક્ષત્રપ તરીકે કરી શકે ખરા. અને તે પણ પોતાનો સ્વતંત્ર શક[11] સ્થાપે ત્યારેજ તે પહેલાં તો નહીંજ એટલે માનવું પડે છે કે જેમ ભૂમકક્ષત્રપના સમયમાં બન્યું છે કે તેણે સત્તા-ક્ષત્રપ તરીકે પોતાની રાજ્યકારકિર્દી શરૂ કરી હતી, ત્યારથી આપણે તેના ક્ષહરાટ સંવતની આદિ ગણાવી છે ખરી. અને તેણે પ્રગટ રીતે શિલાલેખમાં સિક્કા આદિ કોઈ સ્થાને પોતાનો સ્વતંત્ર શક પ્રવર્તાવ્યાનું જણાયું નહોતું. તેમજ તેના પુત્ર નહપાણે પણ ક્ષત્રપપદે હતો ત્યાંસુધી તેવું કાર્ય કર્યું નહોતું. પણ મહાક્ષત્રપપદે આવ્યા પછીજ શક[12] ચાલુ કર્યો હતો, તેમ અને તેણેજ રીતે આ ઘ્સમોતિક અને ચષ્ટણની બાબતમાં પણ બન્યું હોય એમ છે. એટલે કે આ ચષ્ટણ ક્ષત્રપના શકની આદિ ગણાઈ છે તો તેના પિતા ઘ્સમોતિકે જ્યારથી સત્તા તરીકે ક્ષત્રપપદ ધારણ કર્યું ત્યારથી પરંતુ તેને પ્રગટપણે પ્રવર્તાવીને જાહેરાત આપવાની શરૂઆત તો તેના પુત્ર ચષ્ટણેજ કરી હોવાનું સમજાય છે. અને તે પણ જ્યારે પોતે મહાક્ષત્રપ પદ પામ્યો હશે ત્યારબાદજ નહીં કે તે પહેલાં.

આપણીએ મતનો સાર એ થયો કે, ચષ્ટણ ક્ષત્રપના શકની શરૂઆત તેના પિતા ઘ્સમોતિકથી થઈ ગણાય. પરંતુ તેના સંવત-શકની જાહેરાત કરનાર તો તેનો પુત્ર ચષ્ટણ મહાક્ષત્રપજ ગણાય. એટલે ક્ષત્રપથી જ શકની આદિ થઈ તથા ક્ષત્રપથી તેમના શકની આદિ થઈ તે બન્ને કથનો [illegible] જે કે આવી રીતે કહેવાય, જ્યાં કંઈ સમયમાં તે આદિ થઈ ગણાય તે હજુ સાબિત કરવું બાકી રહે છે.

આ ચષ્ટણના અને રુદ્રદામનના શકનો સમય એટલો જણાય છે તે આપણે જોયું, છતાં વધારે વખત જણાવી કથા જોઈએ. વળી આ

તેમના શકની	આદિ નિર્ણયોમાં ઉત્તર દિશા[13]
આદિનો સમય	શક તરીકે ઓળખાવ્યો છે તથા

રાજધાની તરીકે આ સ્થાન જ શા માટે પસંદ કરવામાં આવ્યું હતું તથા બીજા કારણોમાં કહીએ તો આ સ્થાનનું મહત્ત્વ તે સમયે કેટલું અંકાતું હતું તે કલીંગ ઉપર પ્રભાવ પાડવાની પણ અગત્યતા છે. જો તે સમજાય તો મગધપતિ અને કલિંગપતિ માટે વારંવાર જે યુદ્ધની યોજના થયા કરી હતી તેનું કારણ આપોઆપ ઉપજી આવે છે. પરંતુ તે વિષયનું વર્ણન વિસ્તારપૂર્વક આગળ આપવાનું છે એટલે આટલો ઈસારો કરીને બીજા મુદ્દા ઉપર આવીએ કે આ સ્થાનની પસંદગી—રાજપાટની ફેરબદલી—તેણે કરી હતી કે રાજા ખારવેલે? મિ. કલીંગ એવા અનુમાન ઉપર દોરાઈ જાય છે કે તે સ્થાન ખારવેલની પસંદગીનું હોવું જોઈએ, કેમકે ગમે તેવી જે નહેર રાજા નંદિવર્ધને ખોદાવી રાખી હતી તે તેણે જ લંબાવીને પોતાના નગરે આણી હતી. પરંતુ હાથીગુફાના લેખની જે પંક્તિ (જુઓ છઠ્ઠી)માં આ સમાચાર છે તેમાં કે તેની પૂર્વેની કોઈ અન્ય પંક્તિમાં તેણે તે પ્રાંત છતી લીધો હોય એવી માહિતી નીકળતી નથી. એટલે તેના પૂર્વેના બે રાજા—ક્ષેમરાજ પિતા કે દાદા—માંથી કોઈએ તે પ્રદેશ છતેલો હતો એમ સાબિત થયું. તેમ તેના પિતા વૃદ્ધિરાજના સમયે પ્રાચીન ધારાધોરણ કેવું હતું કે શાસન હતું તે વિષેની કોઈ પ્રમાણ ઉપલબ્ધ થતી નથી. વળી તેનો રાજ્યકાળ, ક્ષેમરાજની તુલનામાં અલ્પ છે એટલે તેણે પ્રદેશો છતવા જેટલો સમય મળ્યો હોય તેમ માની શકાતું નથી. તેમ મગધની બીજી રાજકીય સ્થિતિ તથા તેની ઉપર જોતાં પણ તે અનામ તેના રાજ્યે જીતેલો હોવાનું અસંભવિત જણાય છે. એટલે એમ સ્પષ્ટ થાય છે કે મહારાજ ક્ષેમરાજના સમયે જ નવું નગર વસાવ્યું હતું અને કેમકે તે કલીંગ છે. મિ. તેણે જનાવેલું શૌર્ય અને આજીવને છતી લેવાં તેણે યુદ્ધ તથા બીજી બાજુ હાથીગુફાના લેખમાંથી જણાય છે કે રાજા નંદિવર્ધન કલિંગમાંથી જિનપ્રતિમા ઉપાડી ગયો છે એટલે કે તે વખતે પણ જિનપ્રતિમા રાજ્યદ્વારે બિરાજમાન થયેલી હતી જ.

આ પ્રમાણે કલિંગ સામ્રાજ્યની હદ ઉત્તરે સુવર્ણરેખા નદી કે તેથી પણ આગળ વધી હોય, દક્ષિણે ગોદાવરી નદી, પૂર્વમાં સમુદ્રતટ, અને પશ્ચિમે વરાડ—એટલે છત્તીસગઢ ઇલાકો અને મધ્ય રાજ્યપ્રાંતો પ્રદેશ—સુધી લંબાઈ હોય એમ સાબિત છે. વળી પશ્ચિમે અશ્મકનો કોઈ ભાગ તેણે છતી લીધો હતો કે કેમ તે જણાયું નથી. જો કે મિ. તો નંદિવર્ધનના રાજ્યસમયે સિદ્ધ થઈ ગયું છે કે તેણે વરાડના મહારથીઓને છતી લીધા હતા. એટલે આ અશ્મક પ્રદેશ તાબે જ હતો એમ માની શકાય. તેથી અશ્મકનો સમાવેશ કલિંગ રાજ્યમાં નહીં જ હોય એમ હાલ તો માની લેવું પડે છે.

નંદિવર્ધન મિ. વખત (મ. સં. ૬. ૪૧(?)) કલિંગ ઉપર ચડાઈ કરીને જ્યારથી જિનપ્રતિમા ઉપાડી ગયો ત્યારથી તેને, તેમજ ક્ષેમરાજને બન્નેને અરસપરસ ખાનગી વૈર થઈ ગયું હતું કે એકબીજાથી કેમ ગાંઠ્યું જાય તેમ નથી. એટલે પોતાના ક્ષત્રવંશ ટકાવી એકબીજાનું નામ કંઈ લીધું નથી જ. જેથી કહેવું પડે કે રાજા ક્ષેમરાજે પોતાનું કેમ ક્ષત્ર શાન્તિપૂર્વક રાજ્યકીય કરવામાં જ ખ્યાલ કર્યું હતું.

કલિંગની રાજધાની

મહારાજ મહામેઘવાહન ભિક્ષુરાજાધિપતિની ગાદી ઉપર રાજા ક્ષેમરાજ આવ્યો છે. તેમનો અશોક મગધમાં થયેલ છે તથા તેઓ તેના વંશ અને કલિંગ—દેશમાં જ ગૌરવ આવ્યા હતા. તેમના વંશ કેતુની રાજધાની કંચનપુર (જુઓ પુ. ૧. પૃ. ૧૪૧) અને કલિંગની રાજધાની કનકપુર (તેજ પુરે) હોવાનું આપણે કહી ગયા

(૧) તનસુલીન નામ વંચાતું હોય તેના કારણ કે પ્રદેશમાં આ નહેર—નાળવાળા આણી હશે તે પ્રદેશનું નામ હોય એમ અનુમાન થાય છે (તે માટે હાથીગુફાના લેખમાંની પંક્તિ ૧૨ વિવેચન જુઓ.)

છીએ વળી વંશદેશનું સ્થાન વર્તમાન કાળે છત્તીસ ગઢ અને બસ્તર રાજ્યવાળા પ્રદેશમા હોવાનુ જણાવ્યુ છે એટલે દંતપુર શહેર તે સ્થાનમાજ ક્યાંક આવ્યુ ગણાશે, જ્યારે કલિંગની હદ વર્તમાન મહાનદી અને ગોદાવરી વચ્ચેના પ્રદેશમા જ સમાઈ જતી હતી, એટલે કચનપુરનુ સ્થાન તે વિસ્તારમાથી કદાચ અન્ય સ્થળે પણ હોય અથવા મહાનદીના મુખવાળા પ્રદેશમા પણ હોય પરતુ તે બાબત અનિશ્ચિત હોવાથી આપણે તે વિશે મૌન સેવ્યુ છે અલબત્ત પાછળથી, એટલે ક્ષેમરાજે મહાનદીની ઉત્તરમા આવેલ ઓરિસ્સાનો પ્રાંત જીતી કરીને જ્યારે સુવર્ણરેખા નદી સુધી કલિંગની હદ લબાવી હતી, ત્યારે તો તેની રાજધાની મહાનદીના મુખ પાસેના ચિલ્કા સરોવર વાળા પ્રદેશમા હતી જ પરતુ અત્ર કહેવાની મતલબ એ છે કે, ત્યાં આગળ રાજધાની અગાઉથી જ હતી કે મહારાજ ક્ષેમરાજે કરી હતી તેની બરાબર ખાત્રી મળતી નથી બનવા જોગ છે કે, મહારાજા કરકડુના સમયે પણ તે પ્રદેશમાં જ હતી એટલે ક્ષેમરાજે સ્વતંત્રતા જાહેર કરી ત્યારે પણ ત્યા જ હશે બાકી એટલું સંભવિત છે કે, જો સ્થાનની ફેર બદલી કરવામાં આવી જ હોય તો બહુ લાંબે દૂર નહીં જ થઇ હોય પણ પચીસેક માઈલના અંતરમા જ થઈ હશે

ઉપર પ્રમાણે મારૂં મતવ્ય છે, સાથે વિદ્વાનોના મતવ્ય પણ જાણી લેવા જરૂર છે, તેથી જે વાચવામાં આવ્યુ છે તે અત્ર રજુ કરીશુ જ્યારે ચેદિ, અંગ અને વંશ નામ વિશે ભિન્ન ભિન્ન મત પડયા છે ત્યારે સ્વભાવિક છે કે તે દેશની રાજધાનીના સ્થાન વિશે તો મતભેદ પડે જ એટલે તેમની માન્યતામા કેટલુંક અંતર દેખાશે જ કોઇકના મતે તેના નામ કચનપુર૪૦, કપિલપુર૪૧, દંતપુર૪૨, અને મણિપુર૪૩, હતાં, તથા તે સર્વેના સંભવિત સ્થાન વર્તમાનના જગન્નાથ૪૪, વિજયનગર૪૫, રાજમહેંદ્રી૪૬, અને રાજનગર શહેર તરીકે ગણાવ્યાં છે જ્યારે કોઈ કે એમ પણ જણાવ્યુ છે કે૪૭ કલિંગના બે વિભાગ પાડવામાં આવ્યા હતા એક ઉત્તર અને બીજો દક્ષિણ, ઉત્તરની રાજધાની સિંહપુરમાં અને દક્ષિણની કપિલપુરમા હતી; વળી મહાભારતમાં તેના પાટનગરનું નામ રાજપુરી૪૮ કે યયાતિનગર૪૯ હોવાનું પણ એક વિદ્વાને જણાવ્યું છે આ પુસ્તકના લેખકે તો બીજો પણ કેટલાંક સૂચનો કર્યા છે, જેનો સાર આ પ્રમાણે નીકળતો કહી શકાય જો કે તેમણે ખારવેલનો સમય આંકીને તે સ્થાનનો નિર્દેશ કર્યો છે પરતુ આપણે તેને ક્ષેમરાજના રાજપાટ તરીકે ગણીએ તો કોઇ મહત્ત્વનો ફેરફાર તેથી થઈ જાય છે તેમ કરવાનું નથી કેમકે ઉક્ત બન્ને રાજવીઓના સમયે રાજ્ય વિસ્તારમા ભલે ઘણો ફેરફાર થઈ ગયો છે છતા તેમણે રાજનગરનું સ્થાન ફેરવી નાંખ્યુ હતુ એવુ ક્યાય નોંધાયુ નથી તેમના મત પ્રમાણે (જુઓ મજકુર પુસ્તક પૃ ૪) પિતુન્દકદર્ભ નામ પણ છે, તેમ યયાતિનગર (પૃ ૭) જેને પાછળથી આદિનગર કહેવાયું છે અને

(૪૦) ઉપરના વર્ણનમા જુઓ તેને ચિલ્કા સરોવર વાળા પ્રદેશમા ગણાય એટલે જ્યા જગન્નાથપુરીમા હોવાનુ મનાય છે ત્યાં, વિશેષમા આગળના પરિચ્છેદે જુઓ.

(૪૧) જ ઑ હિ રી સો. પુ ર ભાગ ૧ પૃ ૩ (તેમા લખ્યું છે કે, ઉત્તર કલિંગની રાજધાની સિંહપુરમા અને દક્ષિણની રાજધાની કપિલપુરમા હતી)

(૪૨) જુઓ જ આ હિ રી સો પુ ર ભાગ ૧ પૃ ૨૨ તેમા આ દંતપુરને જગન્નાથપુરીના સ્થાન તરીકે જણાવ્યું છે તેમા બુદ્ધને વિષ્ણુના અવતાર તરીકે પૂજાતા હોવાનુ વિધાન કર્યું છે વળી જણાવે છે કે, સિંહપુર (The city of Lion) નામ ફેરવીને દંતપુર (The city of Tooth) નામ પાડવામા આવ્યું છે. (કારણ નથી જણાવ્યું પણ સમન્વય છે કે, જે એવી માન્યતા અત્યારે પ્રચલિત છે કે, ત્યા બુદ્ધ ભગવાનના અવશેષમાના દાંત સંરક્ષાયા છે તે ઉપરથી આ નામ રખાયું છે)

(૪૩) ઉપરની ટી ન ૪૧ વાળુ પુસ્તક જુઓ.

(૪૪) ઉપરની ટી ન ૪૦, ૪૧ તથા ૪૨ જુઓ

(૪૫) રે વે વ પુ ર પૃ ૧૦૭ ટી ન. ૬૦ જુઓ

(૪૬) ઉપરની ટી ન ૪૫ જુઓ

(૪૭) ઉપરની ટી ન ૪૧ જુઓ

(૪૮) જ આ હિ રી. સો. પુ ર ભાગ ૧ પૃ. ૨

(૪૯) મજકુર પુસ્તક પૃ. ૭

જે હાલનું ગણી નથી પરંતુ ગોનપુર શહેર ગણાય છે તે પણ છે તેમ (પૃ. ૧૫) હાલના ધોલી ગામે જ્યાં પ્રિયદર્શિનનો ખડકલેખ છે તેની પશ્ચિમે થોડેક દૂર કલિંગ નગરીને ગણાવી છે (પૃ. ૨૩) વળી વર્તમાન પુરીથી લગભગ ૮ થી ૧૦ માઈલ, અને તેટલું જ દૂર ચિલકા સરોવરથી ? ધૌલી અને કોર્ણાક આવેલ છે તેને પણ કલિંગનગરીનું સ્થાન કહે છે. વળી અન્ય સ્થાને[૫૦] એમ નોંધ લીધી છે કે કલિંગની રાજધાનીનું નામ પીઠુંડ હતું ત્યારે એક બીજા લેખક[૫૧] પેરા ગ્રીક એલચી મેગેસ્થીનીઝનો આધાર લઈને તેનું નામ પાર્થિલિસ (Parthilyse) જણાવે છે આ પ્રમાણે જેને જે કાવ્યું અને ધાર્યું તેનું નામ જણાવ્યું છે. ગમે તે સ્થાન હો પરંતુ તેની જગ્યા વર્તમાન જગન્નાથપુરીથી ૨૦—૨૫ માઈલના અંતરમાં જ હોય એમ મોટા ભાગનો મત થયો છે

જ્યાં શિલાલેખો જેવા અગત્ય, આધાર અને આદર ધરાવતા પુરાવા મળી આવતા હોય ત્યાં અન્ય સાધનો શિલાલેખની અપેક્ષામાં ઉતરતા તેનો ધમ અને જેનું રહેતું જ નથી. તેથી ધ્યાનમાં રહેલું મહત્ત્વ નિઃશંકપણે કહી શકાય છે કે તે પોતે જૈન ધર્માનુયાયી હતો. શિલાલેખમાં તેના વંશનો મૂળ સ્થાપક મહામેઘ કહ્યો છે, તે ધર્મનો અનુયાયી હતો એટલું જ નહીં પણ પોતે રાજ્યપાટ છોડીને જૈનદીક્ષા લઈ સાધુ બન્યો હતો તથા કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ કરી મુક્તિપદને પામ્યો હતો. એટલે આખા શિલાલેખના અતિ પ્રારંભમાં તેની ગણાવી[૫૩] કરવામાં આવી છે. એનો ખુલાસો આગળ ઉપર હાથીગુફાના લેખનું વર્ણન કરતાં આપવામાં આવશે મતલબ કે એમ વંશનો આદ્યપુરુષ જૈનધર્માવલંબી હતો, હાથીગુફાનો કર્તા રાજા ખારવેલ એ હતો તેમ મહારાજા ક્ષેમરાજ પણ જૈન જ હતો. એટલે કે આખા વંશનો ધર્મ જૈન હતો એમ સાબિત થયું રહે છે આટલું તેમના ધર્મ વિષે ટુંકમાં જણાવી દીધું. વળી વિશેષ આગળ ઉપર કલિંગપતિ પ્રકરણના વર્ણનમાં જણાવીશું. હવે તેમના ધર્મને અને રાજનગરના સ્થાનને શું સંબંધ હતો તે હકીકત આગળ ઉપર વિચારવાનું પૃ. ૨૪૪ માં કહી આ બીના તે મુલતવી રાખીએ.

પ્રાચીનકાળ અનેકવાર કહેવામાં આવ્યું છે કે વર્તમાનકાળે નરેન્દ્રોને ભૂમિ મેળવવાને જેટલો પ્રયાસ કરવો પડે છે તેટલો પ્રાચીન સમયે નહોતો જ તેમ આ હકીકત શિલાલેખોને આધારે સ્પષ્ટ પુરવાર કરી બતાવાઈ છે. એવી રીતે પ્રાચીન સમયના સમ્રાટોએ શિલાલેખો ઉપર પોતાનું નામ તો નાખ્યું નહીં, પણ નામ સુદ્ધાંત[૫૪] કોતરાવ્યું નથી જે કોઈ તેઓ કોતરાવવાનું વિશેષ પસંદ કરતા તે તેમના ધર્મના અમુક અમુક લાક્ષણિક ચિહ્નો ચિન્હો જ[૫૫] આ પ્રમાણેની તેમની મનોદશામાં જે પરિવર્તન થતાં ગયું છે અને નામ તથા વર્ણન કોતરાવવા લાગ્યા છે તે, જેમ જેમ આધુનિક કાળ આગળ વધતો ગયો તેમ તેમ—ઉત્તરોત્તર વધુ—ધારે જ મુખ્યત્વે[૫૬] સમજવું. તેમજ ધાર્મિક પ્રકરણ

(૪૯) જ. બે. બ્રા. રો. પુ. ૮ પૃ. ૬

(૫૦) એ. ઇ. પુસ્તક પુ. ૨ પૃ. ૬૬

(૫૧) જુઓ પુ. ૧ પૃ. ૧૭૭ ટી. નં. ૫૧

(૫૨) એમ લિખાય આ સ્થિતિ ઉપરથી ચાલે છે તેમ ધારવું પ્રિયદર્શિને તો આખા વર્ષીને તેની પ્રકૃતિ પ્રમાણે કૃતિઓ તેજ પ્રમાણ ઉચિત કરેલી હતી. જેવી કે, પ્રજાકરણ મૂર્તિઓ, તેમજ વળી મૂર્તિઓ, જે તેણે કોતરાવી કઢાવ્યાં સાધારણ કૃતિઓ, મૂર્તિઓ બનાવી, વગેરે લીધી હતી. (આ પ્રમાણે લીધે જ પ્રિયદર્શિનના સમયની કોઈ પ્રતિમા હજી—હવે મળી આવી—હોય તો ? નિશાન છે જ નહીં. જુઓ પ્રિયદર્શિનનું વૃત્તાંત)

(૫૩) જુઓ પુ. ૧ દ્વિતીય પરિચ્છેદે સિક્કા ચિત્રોનું વર્ણન.

(૫૪) આ પ્રમાણેની—મૂર્તિઓની—અમારી માન્યતા છે તો કેટલી સુધી છે તે જે કોઈ જાણવા ઇચ્છે તે પુ. ૧ના પ્રથમ તથા દ્વિતીય પરિચ્છેદ જુઓ છે કે જેઓ તેમાં સિક્કાચિત્ર

સંસર્ગમા આવી તેમની સંસ્કૃતિનું અનુકરણ કર્યું[૫૬] છે તે પણ કાંઇક અંશે સમજવુ

સિક્કામાં તો માત્ર ચિત્ર જ કોતરાવવાના હોય છે એટલે તે બિના નજીવી કહેવાય છતાયે તેમા જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે તેઓ પોતાની ધર્મ પ્રત્યેની લાગણી વ્યક્ત કરવાની ચિવટ ધરાવતા હતા ત્યારે, જ્યા ખુદ ધર્મરક્ષણનો અથવા ધર્મના અવલબનરૂપ તે ધર્મના ઇષ્ટદેવની પ્રતિમાનો સવાલ ઉભો થતો હોય ત્યા તો તેઓ શુ શુ ન કરે? અરે કહો કે પ્રાણાર્પણ કરવાને પણ જરાયે પાછી પાની ન કરે-તે સમજી શકાય તેવુ છે આ કથનની ખાત્રી મહારાજ ક્ષેમરાજના જીવનમાથી જવલતપણે ગળતી રહે છે

ક્ષેમરાજના ધર્મને—અથવા તે આખાયે વશના ધર્મને—અને તેના રાજનગરના સ્થાનની મહત્ત્વતાને તેમજ હાથીગુફાના લેખકોતરને પણ, તે ધર્મ સાથે અતિ ઘનિષ્ઠ સંબંધ છે આ સબધનું મહાત્મ્ય પ્રથમ સમજી લેવાયુ હોય તો જ તેમાંથી નિષ્પન્ન થતી સ્થિતિ સહજમાં સમજી શકાય હાથીગુફાને લગતી જે બિના જણાવવી જરૂરી લાગે છે તે ત્યાં કહેવામા આવશે અહીં તો પાટનગરના સ્થાનની ઉપયોગિતા અને જીનપ્રતિમા પ્રત્યે તેણે બતાવેલું બહુમાન-એ બે પ્રશ્નો નંદિવર્ધન સાથેના યુદ્ધ પરત્વે સકળાયલ છે એટલે તે બે મુદ્દાને આશ્રયીને જ જે કહેવાનુ હોય તે કહી દેવુ રહે છે જૈન સપ્રદાયને લગતી આ હકીકત છે એટલે તે ધર્મવાળાને તો ખ્યાલમા તે હોય જ, પરતુ જૈનેતર વાચકો માટે ટૂકમાં જણાવીએ તેઓ પોતાના ધર્મપ્રવર્તકોને તીર્થંકર નામથી સંબોધે છે તેઓની સંખ્યા ચોવીસની છે તેઓ જ્યાં નિર્વાણ પામ્યા છે તે સ્થાનને[૫૭] તીર્થભૂમિ તરીકે ગણે છે ઉપરના ચોવીસમાથી વીસ તીર્થંકરો સમતશિખર નામના પહાડ ઉપર અને બાકીના ચાર પૃથક પૃથક સ્થાને મુક્તિપદને વર્યા[૫૮] છે સમેતશિખર ઉપર જે છેલ્લા તીર્થંકર મોક્ષે ગયા છે તેમનું નામ પાર્શ્વનાથ છે આ ઉપરથી આ પહાડને 'પાર્શ્વનાથ પહાડ' તરીકે પણ સામાન્ય રીતે ઓળખાવાય છે હવે સમજાશે કે જૈન પ્રજામા આ પાર્શ્વનાથ પહાડનું મહાત્મ્ય શા માટે વધારે અંકાય છે આ એક સ્થિતિ થઈ બીજી હકીકત એમ છે કે, જૈનો ચોવીસે તીર્થંકરોને એક સરખા જ ઉપકારક પુરૂષો ગણીને પૂજે છે, પરતુ પોતે કોના શ્રાવક—ભક્ત ગણાય તે માટે એક નિયમ ઠરાવાયેલ છે. જ્યારથી પ્રથમ તીર્થંકર પોતાની પ્રરૂપણા આપવી શરૂ કરે ત્યારથી માંડીને બીજા તીર્થંકર પોતાનો ઉપદેશ આપવો આરંભે તે સમય વચ્ચેના આખા ગાળામાં જે જે જૈન પ્રજા હોય તે બધી, પ્રથમ તીર્થંકરના શાસનમાં ગણાય પછી તે ગાળામાં પ્રથમના તીર્થંકરની શરીર દેહે હયાતી હોય યા નહીં આ નિયમને આશ્રીને, પાર્શ્વનાથ તીર્થંકર જેમનો આંક ત્રેવીસમો છે તેમના સમયથી[૫૯] એટલે ઈ સ પૂ ૮૭૭થી, મહાવીર જેમનો આંક ૨૪મો છે તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ ત્યાંસુધી, એટલે ૪ સ પૂ

(૫૬) પુ ૩ મા અવતિપતિ રાજા નહપાણનું વૃત્તાત તથા પુ ૨ માં તેના સિક્કા ચિત્રનુ વર્ણન જુઓ

(૫૭) આ સિવાય બીજા સ્થાનોને પણ તેઓ તીર્થભૂમિ-કલ્યાણક ભૂમિ-કહે છે અને પૂજે છે તે માટે જુઓ પુ ૨ પૃ ૩૭૧ ટી ન ૫૩

(૫૮) આ સ્થાનો કયા કયા ગણાય છે તે માટે જુઓ પુ ૨ પૃ, ૩ ૨ ટી ન ૨૮ તથા પુ ૧ પૃ ૨૯૬ ટી. નં ૧૭

(૫૯) જ્યારે કૈવલ્ય જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે જ તીર્થંકરપદને-અર્હત્પદને પ્રાપ્ત થયા કહેવાય તે પહેલા એટલે સસારી હોય કે, દીક્ષા લઈને મુનિપણે વિચરતા હોય તો પણ તેમને તીર્થંકર કે અર્હન્ તરીકે ઓળખાવાય નહીં તેમને બહુ ત્યારે દ્રવ્ય તીર્થંકર કહેવાય, ભાવી (ભવિષ્યના) અથવા ભાવ તીર્થંકર (તીર્થંકરનો આત્મા) પણ કહેવાય પરતુ ખરા તીર્થંકર તરીકે તેમને સન્મનાય નહીં

આ પ્રમાણે પાર્શ્વનાથનુ કૈવલ્યજ્ઞાન, તેમણે ઇ સ પૂ ૮૭૭ મા (જુઓ પુ ૧ પૃ ૯૭) દીક્ષા લીધા પછી કેટલાક દિવસો બાદ થયું છે એટલે ઉપરના હિસાબે તે દિનથી જ તેમને અર્હન્ પાર્શ્વનાથ કહેવાય તે પહેલા નહી જ.

જ્યાં સુધી[૧] ? ? મનુષ્યો, માળીઓ, માતા કે માલિકો એમ મનાતો મનુષ્ય હોય પોતાને પાર્શ્વનાથના ભક્ત તરીકે ન મનાય. આ ઉપરથી સમજાય છે કે મહારાજ કરાકુના રાજ્યારોહણનો સમય ૪ સ. પૂ. ૫૫૮ હોય તે પોતાને પાર્શ્વનાથભક્ત તરીકે ન મનાવતો હતો એટલે જૈન પાર્શ્વનાથ પ્રભુ તરફ હરખના ઉમંગ પ્રેમમાં અને ધર્મબુદ્ધિથી સુખે તે તુરત સમજી શકાય. તેમાં પણ તે પ્રજાની તરફથી પોતાના જ મહાધિકારવાળા પ્રદેશમાં મળી રહી હોય તો તેની પ્રેમભક્તિની મીઠાશ કેવી પ્રોત્સાહિત ને સ્થિતિ વર્ણવવા કરતાં મનમાં કલ્પી શકાય તેવી છે. વળી આપણે એમ પણ જાણીએ છીએ કે તે સ્થાને પાર્શ્વનાથ પ્રભુની તરફથી, જ્યાં સમ્રાટ બિંબિસારે પોતાનો પ્રીતિનો અભિષેક ઉજવ્યો હતો ત્યાં હતી[૧૧] તેમ આ સ્થળ મગધના મહાપ્રદેશમાં જ હતું. આ પ્રમાણે સર્વ વસ્તુનો મેળ આમ બેસાડી હવે વાચકવર્ગને ખાત્રી થશે કે આ પાર્શ્વનાથ પ્રભુનું અને પાર્શ્વનાથ નામનું કેટલું કેટલું મહત્ત્વ મગધપતિઓએ પોતાના અંતરમાં રાખી રહ્યું હોવું જોઈએ.

આ સર્વ કારણને લઈને જેમ શિશુનાગવંશી રાજા ઉદયાશ્વે પાટલીપુત્ર (મહિમ નગરી)ને ઉત્તમનિમા પધરાવી હતી[૧૨] તેમ મહારાજા કરાકુએ પણ પોતાના રાજ્યમંડળ, જૈન ની રાજધાનીમાં મંદિર બનાવીને કે બનાવડાવીને શ્રી પાર્શ્વનાથની પ્રતિમા[૧૩] પધરાવી હતી. અને પોતાને કલ્યાણાર્થ સ્વમંદિર બિંબ તેની શાંતિઓ કરતો હતો. હવે સમજી શકાશે કે આ આધારે પ્રદેશની તેમજ નામ કરીને તેમ રાજનગરના સ્થાનની કેટલી કેટલી મહત્તા હતી.

મહારાજ કરાકુના સર્વનાશ પછી આખો મુલક તેમ મગધની હકુમતમાં આવી ગયો હતો, એટલે મગધપતિના મનમાં તો પોતાને પૈતૃક જ તે સર્વ છે એમ લાગ્યા કરે તે સ્વાભાવિક છે. વળી પ્રભાવશાળી મહારાજ હતા ત્યારે પણ મગધપતિઓને ઉપર ચીડ થવાનું કારણ નહોતું જ કેમકે તે સમયે પણ આ પ્રદેશ એક રીતે તો પોતાની માલિકી હતો એમ કહી શકાય. પરંતુ જ્યારે મહારાજ કેશવને સ્વતંત્ર નહેર કરી કે મગધપતિને નમવું છોડી દીધું ત્યારે તે કેવું છે.

વળી જેમ મગધપતિઓ અવંતીની તેમાં છે તેમ[૧૪] મગધપતિઓ પણ તે જ ધર્માનુયાયી હતા એટલે બન્નેને તે સ્થાન પરત્વે—તેમજ ત્યાંની મૂર્તિ પ્રત્યે પ્રમાણિક હોવ તો તે માટે તો ખાસ કરીને—મમત્વ હોય જ. એથી ક્ષેમરાજ સ્વતંત્ર થવાથી તેના હૃદયમાં શાંતિ આવે અને મગધપતિને ઉશ્કેરાટ થયા કરે તે દેખીતું છે. મહિમનગરને આ કારણને લઈને પણ જ તકરારથી આ રહી હતી. પરંતુ તેની સ્થિતિ અતિ ટોચે થઈ રહી હતી કેમકે રાજા ઉદયન અને મહારાજ ક્ષેમરાજ એક જ ધર્માવલંબી સમ્રાટો હતા, તેમ અન્ય પણ હતા તો ખરા જ. આ તે સમયના સમ્રાટ રાજ મુનિની માનસિક સ્થિતિને લીધે તેઓ પ્રથમ હુમલો ન કરવાનું નક્કી કરેલ હતું. જ્યાંસુધી તે વાતનો નિવેડો ન આવ્યો ત્યાંસુધી ત્યાં પણ પ્રયાસ કરીને તેમ એમ રહ્યું જ હતું. પરંતુ પ્રજાજનોને રાજપુરુષોએ ભારે ઉશ્કેરણી કરી એથી તેઓ રાજ્યાધિકારીઓ પણ ટકી

(૯) મહારાણી ખળખામ કોઈ લીધી સી. ઈ. સ. પૂ. ૫૨૫ માં થયો છે. આ દેવ સમ ઈ. સ. પૂ. ૫૫૯ મા થયું છે એટલે કે આ વર્ષના મગધમાં કેમકે તો ૪ થી ન મિલાવી શકાય તેમ તેના કે મરણ પર્યંત પણ એ કે ... ઈ. સ. ... અપિ પુ. ૨ ... ઉ. ...

(૧૧) ડૉ. ધ્રુ. પુ. ૨. પૃ. ૩૩૬ વગેરે તેનું વર્ણન કરવામાં પૃ. ૨ ... સ ...

(૧૨) પ્રતિમા એમ નહીં ... તેનું ... નથી તેમ. આ પ્રતિમા વાત નહીં જ કેમ ... કે ... તેમ પણ ... ઈ.સ. ... હતી તે ... અપિ.

(૧૩) અપિ. પુ. ૧ ૧ ૨ ૨ ...

(૧૪) પુ. ૧ માં મગધપતિ ... રાજાઓ ... અપિ.

પોતાનું મનધાર્યું કરી લેવાનો નિર્ધાર કર્યો મગધમાં સુવ્યવસ્થિત કરવા જેવું હતું તે કરીને તુરત ક્ષેમરાજ ઉપર ચડી ગયો બન્નેને જબરદસ્ત યુદ્ધ થયુ કેટલોક સમય વીતી ગયો છતા નિશ્ચયપૂર્વક પરિણામ આવી ન શક્યું તેવામા કેમ જાણે નંદિવર્ધનને વરમાળ અર્પવાની કુદરતની જ ઇચ્છા ન હોય તેમ, અચાનક મગધમાં અતિવૃષ્ટિ થઈ સોન નદીમા પૂર ઉભરાયા અને રાજનગર પાટલિપુત્ર ભયમાં આવી પડ્યું તે સમાચાર નંદિવર્ધનને કાને પહોચતા, અધવચે જ સમરક્ષેત્રનો ત્યાગ કરીને તેને પોતાના વતન તરફ વિદાય લેવી પડી અધકચરી છતની એ ધાણી તરીકે, રાજા ક્ષેમરાજને કે દેશને તો કાંઈ હીણપત પહોચાડી શક્યો નહીં, પરતુ પાર્શ્વનાથની જે પ્રભાવિક જીન-મૂર્તિ હતી તે પોતાની સાથે ઉપાડી ગયો પછી તો તેને અનેક કારણોને લીધે (તે માટે જુઓ પુ ૧ તેના વૃત્તાંતે) કલિંગ તરફ મીટ માંડવા જેટલો પણ વખત રહ્યો નહોતો છેવટે નંદિવર્ધન મરણ પામ્યો અને ક્ષેમરાજ પણ નિશ્ચિતપણે પોતાનું શેષ આયુષ્ય નિર્ગમન કરી મરણને શરણ થયો ક્ષેમરાજ તરફ મગધપતિએ બતાવેલ આ અપમાનનો—કે વેર કહો તેનો—બદલો તેના પૌત્ર રાજા ખારવેલે, તે જ નંદિવર્ધનના વશજ નંદ આઠમા ઉર્ફે બૃહસ્પતિમિત્ર ઉપર ચડાઈ કરીને પરાસ્ત પમાડી પોતાના પગ પાસે નમાવીને વાળ્યો હતો અને વિશેષમા તે મૂર્તિ પાછી પોતાના દેશે લાવી, જ્યા હતી ત્યાં પુન સ્થાપિત કરી દીધી હતી આ હકીકત રાજા ખારવેલના વૃત્તાંતે લખવી પડશે તે ત્યાંથી જોઈ લેવી

(૨) વૃદ્ધિરાજ

ક્ષેમરાજનું મરણ ઇ સ. પૂ ૪૭૯માં થતા, તેની ગાદીએ તેનો પુત્ર વૃદ્ધિરાજ બેઠો મરણ સમયે ક્ષેમરાજની ઉમર ૭૦ વર્ષ ઉપરની હતી એટલે તેના યુવરાજ આ વૃદ્ધિરાજની ઉમર ૪૦–૪૫ લગભગ કે તેથી કાંઈક વધારે પણ હોય તો ના નહીં તેને આ સમયે જે જ્યેષ્ઠ પુત્ર હતો તેની ઉમર પંદર વર્ષની હતી તે પોતે ગાદીપતિ થતાં, તેના પુત્રને યુવરાજ પદવી આપવામાં આવી હતી. આ યુવરાજનું નામ ભિખ્ખુરાજ હતું તે જ્યારે ગાદીએ બેઠો હતો ત્યારે તેનું નામ રાજા ખારવેલ રાખવામાં આવ્યું હતું વૃદ્ધિરાજનું રાજ્ય માત્ર દશ વર્ષ જ ચાલ્યું છે એટલે તેના મરણ સમયે, યુવરાજ ભિખ્ખુરાજની ઉમર ચોવીસ ઉતરીને પચીસમા પ્રવેશી ચૂકી હતી આ ઉપરથી વિદ્વાનોએ એમ ઠરાવ્યું છે કે તે સમયે રાજ્યાભિષેક પચીસમે વર્ષે થતો હતો, તે વાત રાસ્ત નથી ગાદીએ બેસવું તેની સાથે ઉમરનો સબધ હતો જ નહીં પરતુ રાજ્યાભિષેક માટે—સગીર વય ઉલ્લઘીને પુખ્ત વયે પહોંચવાની ઇયત્તા ૧૩–૧૪ વર્ષની હતી એટલે નાનામાં નાની ઉમરે જે કોઈ ને રાજ્યલગામ સોંપવામાં આવતી તો તે આ પ્રમાણે ૧૪ વર્ષની રહેતી આ કિસ્સામા તો કુમાર ભિખ્ખુ-રાજ જ્યારે પદર વર્ષનો થયો હતો, ત્યારે યુવરાજ બનવા પામ્યો છે અને દશ વર્ષમાં થોડાક માસ કમતી હતા, ત્યાં તેના પિતાનું મરણ નીપજતાં પોતે ૨૪ વર્ષની ઉમર પૂરી કરીને કલિંગપતિ બન્યો હતો

રાજા વૃદ્ધિરાજના વખતમાં કોઇ ખાસ રાજકીય બનાવ બન્યાનું નોધાયું નથી તેના બે એક કારણ સભવે છે એક તો પોતે ૪૫ વર્ષનો, કે બલ્કે તેનાથી પણ આગળ વધીને ઘરડા જેવો થઈ ગયો હતો એટલે યુદ્ધ વહોરી લેવા ઇચ્છા કરે તેમ નહોતું બીજી બાજુ તેના યુવરાજની ઉમર કાંઇ એવી મોટી નહોતી થઈ ગઈ કે લડાઈનો બોજો તે ઉપાડી શકે, તે તો હજુ યુવાવસ્થામાં પ્રવેશ કરતો હતો અને વિદ્યાપ્રાપ્તિનો સમય તેને માટે આવશ્યક હતો તેમ બીજી બાજુ મગધની ગાદીએ નંદ બીજાનો અમલ શરૂ થઈ ગયાને દશ ઉપર વર્ષો થઇ ગયાં હતા તે દરમિયાન તેનું રાજ્ય સુદઢપણે પ્રવર્તતું ચાલ્યુ જતું હતું એટલે તે બાજુ તરફ ઉત્તર દિશામા આગળ વધવા જેવુ નહોતું પૂર્વમા સમુદ્ર હતો, પશ્ચિમે મગધપતિના રાજ્યની હદ આવી રહી હતી એટલે ત્યાં પણ ઉત્તર દિશાના જેવી જ સ્થિતિ હતી બાકી રહી માત્ર દક્ષિણ દિશા, તે તરફ કલિંગની હદ ગોદાવરીના તટ સુધી તો પહોંચી જ ગઈ હતી તેનાથીયે દક્ષિણે ચોલા, પલ્લવ અને પાંડયા રાજાઓ હતા તે બાજુ તેના યુવરાજને લશ્કર લઈને, પોતે ગાદીપતિ બન્યા પછી કેટલેક કાળે—યુવરાજે કેટલીક વિદ્યા સંપાદન કરી

લગભગ આઠ મોસમો હતો ત્યાં તેણે છત્ર જેવું મેળવ્યું પણ હતું અને બીજી રીતે વડ મેળના જેવું પરિણામ આવી પહોંચ્યે તેમાં રાજા હરિરાજ પોતે મરણ પામ્યો. એટલે યુવરાજને આપી હસ્તેથી પાછા વળીને ઘર લેવા થયું પડ્યું હતું યુવરાજને દક્ષિણ[illegible] મોકલ્યો હતો તેથી સ્પષ્ટ થાય છે કે ત્યાંસુધી તેની તબિયતમાં વાંધા જેવું નહી હોય, અને જ્યારે યુવરાજને[11] મોકલ પાછો મોકલી પોતાની સ્થિતિ જેવી થઈ છે ત્યારે સમજાય છે કે રાજા હરિરાજનું મરણ નિશ્ચિત જ થયું હતું. પછી તેની વ્યવસ્થાને લીધે મોકલા મોકલ્યા વિના જ ત્યાંથી નીકળ્યા હોય કે રોગ આરંભમાંજ સપડાયો હોય અને તેથી તુરત મરણ નીપજ્યું હોય.

ઉપરના વર્ણનથી એક સાર નીકળે છે કે હરિરાજના સમયે રાજ્ય સામ્રાજ્યનો વિસ્તાર મહારાજ શ્રીમરાજના મરણ સમયે જે હતો તેમાં પણ વૃદ્ધિ થવા પામી હતી. આ વૃદ્ધિ દક્ષિણદિશા પશ્ચિમ તથા ઉત્તરના પ્રદેશમાં જ મુખ્યત્વે થઈ હતી. તેના સર્વાધિક અને તેના તરફી યુવરાજ કિંવા યુવરાજનોજ હાથ હતો.

યુવરાજે જે મહાન દક્ષિણમાં પાછા રાજ્ય ઉપર તથા સિંધુદ્વીપ તરફ કરી હતી તેનું વર્ણન હરિરાજના શિલાલેખમાં પોતે કરેલ છે અને તેનું ઉદ્દેશ્ય આપણે રાજા ખારવેલના હાથીગુંફાના લેખ સાથે સરખાવીએ છીએ એટલે અત્ર વિશેષ કરવા જેવું રહેતું નથી. રાજા હરિરાજનું મરણ ઇ. સ. પૂ. ૨૦૫માં થયાનું નોંધવું રહે છે.

તેનું નામ જે હરિરાજ છે તે તેણે ધારણ કરી લીધેલું લાગે છે. તે નામ તેણે ગાદીએ આવતાં જ ધારણ કર્યું હતું કે તેણે રાજા પ્રદેશમાં અતિ વૃદ્ધિ કરી દીધી હોવાથી, જેમ રાજા શ્રી પ્રદેશને વૃદ્ધિ વર્ધનની ઉપમા દેવાઈ હતી તેમ આને પણ વૃદ્ધિ રાજ અભિધાન મેળવવામાં આવ્યો હતો તે વિષેની પૂરતી માહિતી મળતી નથી. પરંતુ એટલું તો ચોક્કસ લાગે છે કે પોતાને રાજ્યમાં જે પુત્ર જન્મ્યો હતો તેમાં તેનું વૃદ્ધિ તો હરીજ હતી. તેની જે નમુ સાબિતી હાથીગુફાના લેખમાંથી મળી આવે છે.

તેમાં જણાવ્યું છે કે રાજા ખારવેલ ગાદીએ બેસતાં પ્રથમ વર્ષે રાજનગરે કેટલીક મરામત કરાવી નાખ્યું છે અને બીજા જ વર્ષે મથુરાથી જૈન મુનિ આવ્યાં હતા[11] ત્યારે રાજા શ્રીમુખની જગા પછીને કે નાશિક સુધી ફોજ મોકલી છે. જે રાજા ગાદીએ બેસતાં વેંત, ઘોડેથી પોતાથી અધિકાર, ફુલ કાયમાં લીધા, તેમ રાજ્યારંભમાં જ પણ અનેક કરીને મોટી મોટી પોતાની હોય, તે ઉપરથી તેને મેળવેલ રાજ્યકુમાર અને કિન્નરી સંસ્કાર લીધે જ જેવા હોય તેવા કરતા, પોતાને રાજ્યમાં પ્રવેશ રાજ્યમાન—સત્તાધારીઓને લીધે જ એમ માનવું પડે ઉચીત લેખાશે. એટલે હરિરાજે વિજય રાજ્યમાં આજ ઉપર પોતાની સત્તા જમાવી દીધી હતી એમ માનવું જ રહે છે. તે સ્થિતિ નીપજાવવામાં પણી ભલે યુવરાજ ખારવેલનોજ મુખ્ય હાથ હોય. અને તે બનાવ પિતા હરિરાજના રાજ્યકાળે બન્યો હોવાથી તેની કીર્તિ તો તેના હાથે જ ચાલતી રહે છે. બીજી હકીકત દક્ષિણ દિશા તરફ યુવરાજે કરેલી જીતે ચાલતી લેખાય. ઉપર તેનું વર્ણન કરી લીધું છે એટલે સિદ્ધ થાય છે કે રાજા હરિરાજના સમયે દક્ષિણ દિશા પણ મેળા આજ ઉપર પ્રતિષ્ઠિત તેના કરવાની વાત થઈ ગઈ હતી. આ કારણ એ થયું કે, રાજા શ્રીમરાજે રાજ્યમાં આપેલ પ્રદેશમાં, પણ હરિરાજે પોતાના રાજ્ય અમલે, પશ્ચિમે અનેક નીકળી પ્રદેશના મુલકની તથા [illegible] દક્ષિણે આવેલ પણ મોટા ભાગની વૃદ્ધિ કરી હતી. અને આવા વૃદ્ધિગત રાજ્યની સત્તા ઉપર હરિરાજ પછી રાજા ખારવેલ આવ્યો તો જેથી ગાદીએ બેસતાં તુરત જ પોતાના હરીફને કોઈ રીતે ઉપર છત્ર બેસાડીને, તેમને (અધિકારીઓને) ભર યુવરાજ[12] તરીકે મેળવવાની [illegible] પછી હતી


---

(૧૧) [illegible] ઉપર હકીકતમાં તેમાંથી પરિ ૧ થી ૮ સુધીની જુઓ.

(૧૧) શિલાલેખમાં લખાયેલી રાજ્યકાળની [illegible] તે [illegible] જોઈ શકાય છે. [illegible]

પુ. [illegible] ૧ થી [illegible] યુવરાજની હકીકત [illegible] [illegible] છે. તે [illegible] [illegible]

(૧૨) [illegible]



દ્વિતીય પરિચ્છેદ

ચેદિવંશ (ચાલુ)

ટૂંકસાર—(૩) રાજા ખારવેલ, ઉર્ફે ભિખ્ખુરાજ ઉર્ફે ધર્મરાજ—તેનો સમય જે મનાયો છે તેનાથી કેટલાય પૂર્વે તે છે, તેની ઉપાડેલ ચર્ચા—પ્રચલિત માન્યતા છે કે મગધપતિ બૃહસ્પતિમિત્ર તે જ પુષ્યમિત્ર ગણાય, તેની અસત્યતા સાબિત કરવા માટે, આપવા પડેલા લગભગ વીસ પુરાવા તથા તે ઉપર કરેલો વિધવિધ દૃષ્ટિએ વિવાદ—ઉપરાંત જુદી જ રીતે ચર્ચા ઉપાડીને તેનો કરી આપેલ નિર્ણય—

હાથીગુફાના લેખમાં જે ૧૦૩ નો આંક વાપરવામાં આવ્યો છે તેને વિદ્વાનોએ નંદ અને મૌર્ય સંવતનો ગણાવ્યો છે, પરંતુ તે તેમ નથી, તેની લીધેલી અનેક દૃષ્ટિથી તપાસ—અને ભિન્ન ભિન્ન રીત્યા બતાવી આપેલી તેની અશક્યતા—વળી તે આંક ચેદિ સંવતનો કે મહાવીર સંવતનો હોઈ શકે કે કેમ તેની પણ ચર્ચા ઉપાડીને, છેવટે બાંધી આપેલ નિરધાર—

વધ ખાન-પીણાનો હતો. ત્યાં તેણે છળ જેવું મેળવ્યું ખબ થઈ અને પાછી રીતે ગઢ મેળવ્યા જેવું પરિણામ આવી પહોંચ્યું તેમાં રાજા પૃથ્વીરાજ પોતે મરણ પામ્યો. એટલે કુતબુદ્દીનને આપી રસ્તેથી પાછા વળીને ઘર ભેગા થવું પડ્યું હતું. કુતબુદ્દીનને દક્ષિણ તરફ જવા મોકલ્યો હતો તેથી સ્પષ્ટ થાય છે કે ત્યાંસુધી તેની હકીકતમાં વધવા જેવું નહીં હોય, જ્યાં જ્યારે કુતબુદ્દીનને[12] મોકલી પાછો બોલાવી લેવાની સ્થિતિ ઉભી થઈ છે ત્યારે સમજાય છે કે રાજા પૃથ્વીરાજનું મરણ ઓચિંતું જ થયું હતું. પાછી તેની વ્યવસ્થાને લીધે મારવા મોકલવા વિના જ આપ ખેંચાઈ ગયું હોય કે કોઈક અકસ્માતમાં ખપાયો હોય અને તેથી તુરત મરણ નીપજ્યું હોય.

ઉપરના વર્ણનથી એમ સાર નીકળે છે કે પૃથ્વીરાજના સમયે અહિંના સામ્રાજ્યનો વિસ્તાર મગધ રાજ બિંબિસારના મરણ સમયે જે હતો તેમાં વધુ વૃદ્ધિ થયેલ હતી. આ વૃદ્ધિ દક્ષિણહિંદના પશ્ચિમ તટ ઉપરના પ્રદેશમાં જ મુખ્યત્વે થઈ હતી. તેના કર્તાહર્તા અને નેતા તરીકે કુતબુદ્દીન શિશુનાગવંશ હાથ મનાયો છે.

કુતબુદ્દીને જે અવંતી દક્ષિણમાં પોતાના રાજ્ય ઉપર તથા સિંહલદ્વીપ વગેરે કરી હતી તેનું વર્ણન હાથી-ગુફાના શિલાલેખમાં પોતે કરેલ છે અને તેનું પૂર્ણ પ્રતિ આપણે રાજા ખારવેલના વૃત્તાન્તમાં કરવાનું છે એટલે આમ વિશેષ કરવા જેવું રહેતું નથી. રાજા પૃથ્વીરાજનું મરણ ઇ. સ. પૂ. ૪૮૬માં થયાનું નોંધવું રહે છે.

તેનું નામ જે પૃથ્વીરાજ છે તે તેણે પાછળ કરી જણાવ્યું લાગે છે. તે નામ તેણે ગાદીએ આવતાં જ ધારણ કર્યું હતું કે, તેણે રાજ્ય પ્રદેશમાં અતિ વૃદ્ધિ કરી દીધી હોવાથી, એમ રાજા નંદ પહેલાને નંદિવર્ધનની ઉપમા દેવાઈ હતી તેમ આને પણ પૃથ્વીરાજ કહીને નવાજવામાં આવ્યો હતો તે વિષેની ખરી માહિતી મળતી નથી. પરંતુ એટલું તો ચોક્કસ લાગે છે કે પોતાને વારસામાં જે મુલક આવ્યો હતો તેમાં તેણે વૃદ્ધિ તો કરીજ હતી. તેથી તે જ સામ્રાજ્યની હકીકત ઉપરથી કહેવાઈ લાગે છે.

તેમાં જણાવ્યું છે કે રાજા ખારવેલે ગાદીએ બેસતાં પ્રથમ વર્ષે રાજનગરે કેટલીક મરામત કરાવી આપ્યું છે અને બીજા જ વર્ષે મગધથી સૈન્ય સાથે ઉત્તરાપથ જતાં[11] ત્યાંના રાજા પૃથ્વીનો પરાજય કરીને ઠેઠ નાસિક સુધી લડાઈ કરેલી છે. જે રાજ ગાદીએ બેસતાં બેત્રણ વર્ષમાં પોતાની અધિકારશ્રેણિ ક્યાંથી ક્યાં સુધી તેમ રાજ્યવિસ્તારમાં આગળ વધારીને આવી આવી પેટાની હાર કબૂલ કરી મેળવેલ રાજ્યપ્રદેશ અને સૈન્યની તાકાતને લીધે જ પ્રબળ હોય તેવા પ્રતાપી, પોતાને વારસામાં મળેલ રાજ્યભાર-સત્તાધારીને લીધે છે એમ માનવું વધારે ઉચિત લેખાશે. એટલે પૃથ્વીરાજે વિશાળ રાજ્યના સમય ઉપર પોતાની સત્તા જમાવી દીધી હતી એમ માનવું જ રહે છે. તે સ્થિતિ નીપજાવવામાં પણ ભલે કુતબુદ્દીન ખારવેલનો મુખ્ય હાથ હોય, પણ તે અવસર પિતા પૃથ્વીરાજના રાજ્યકાળે બન્યો હોવાથી તેની કીર્તિ તો તેના ફાળે જ આપવી પડે છે. ઉપરાંત દક્ષિણ હિંદ વગેરે કુતબુદ્દીને કરેલી પ્રગતિ આપણી જોવામાં, ઉપર તેનું વર્ણન કરી દેખાડ્યું છે. એટલે સિદ્ધ થાય છે કે રાજા પૃથ્વીરાજના સમયે દક્ષિણ હિંદના ઘણા ભાગ ઉપર અધિકારશ્રેણી તેણે ફરકાવી દીધી હતી. આગળ ઇ. સ. પૂ. રાજા બિંબિસારે વારસામાં આપેલ પ્રદેશમાં, રાજા પૃથ્વીરાજે પોતાના રાજ્ય અમલે, પશ્ચિમ તરફ નીકળી પ્રદેશમાં કલિંગની તથા ... દક્ષિણે આવેલ ઘણા પ્રદેશ આપણી વૃદ્ધિ કરી હતી અને આમ વર્ધિત રાજ્યની વ્યવસ્થા કરી ઉપર ... નિરાંતે રાજા ખારવેલ આવ્યા તે વખતે તે જ્યારે ગાદીએ બેસતાં તુરત જ પોતાના દ્વારે ... તેના ઉપર છત્ર બેસાડીને તેમને (અભિષેકવિધિ) ... કુમારપદ[13] તરીકે મિત્રભાવથી રાજ પાટે હતો.

(૧૨) જુઓ ઉપર હાથીગુફાના લેખમાં પંક્તિ ૧૦ નું વર્ણન જુઓ.

(૧૧) ... જુઓ ... ખારવેલના ... ઉ. જુઓ પૃથ્વી ...

પૃ. ... પૃ. ... માં ... હાથીગુફાના લેખનું ... અભિષેકવિધિ ...

ઉ. તે અભિષેક ... ૧૩૦૭

(૧૩) ... પૃ. ... જુઓ.



દ્વિતીય પરિચ્છેદ

ચેદિવંશ (ચાલુ)

ટૂંકસાર —(૩) રાજા ખારવેલ, ઉર્ફે ભિખ્ખુરાજ ઉર્ફે ધર્મરાજ—તેનો સમય જે મનાયો છે તેનાથી કેટલાય પૂર્વે તે છે, તેની ઉપાડેલ ચર્ચા—પ્રચલિત માન્યતા છે કે મગધપતિ બૃહસ્પતિમિત્ર તે જ પુષ્યમિત્ર ગણાય, તેની અસત્યતા સાબિત કરવા માટે, આપવા પડેલા લગભગ વીસ પુરાવા તથા તે ઉપર કરેલો વિધવિધ દૃષ્ટિએ વિવાદ—ઉપરાંત જુદી જ રીતે ચર્ચા ઉપાડીને તેનો કરી આપેલ નિર્ણય—

હાથીગુફાના લેખમા જે ૧૦૩ નો આંક વાપરવામાં આવ્યો છે તેને વિદ્વાનોએ નંદ અને મૌર્ય સંવતનો ગણાવ્યો છે, પરંતુ તે તેમ નથી, તેની લીધેલી અનેક દૃષ્ટિથી તપાસ—અને ભિન્ન ભિન્ન રિત્યા બતાવી આપેલી તેની અશક્યતા—વળી તે આંક ચેદિ સંવતનો કે મહાવીર સંવતનો હોઈ શકે કે કેમ તેની પણ ચર્ચા ઉપાડીને, છેવટે બાંધી આપેલ નિરધાર—

(૩) ખારવેલ, ભિખ્ખુરાજ; ધર્મરાજ[1]

રાજા વૃદ્ધિરાજના મરણ બાદ તેનો કુમારાજ ભિખ્ખુરાજ ઈ. સ. પૂ. ૪૨૯=મ. સ. ૯૮માં ખારવેલ નામ ધારણ કરી કલિંગ સામ્રાજ્યનો સમ્રાટ બન્યો હતો.

ગત પરિચ્છેદે ચેદિની ઉત્પત્તિ વિશેની ચર્ચા કરતાં સાબિત કરી ગયા છીએ કે ચેદિ અને ચેદિવંશ તે બે નામને ઉધાર

તેનો સમય

ખાસ કરીને કલિંગ જોડાણ થઈ ગયું છે જેથી આ પ્રકરણનું એક અંગ બની ચૂક્યું છે તેમ કલિંગપતિ તરીકે ચેદિવંશનું નામ પણ ભારતના પ્રાચીન ઇતિહાસમાં ખાસ-ખાસ પ્રસંગને લઈને જ જાણીતું થઈ ગયું છે. ચેદિવંશનું નામ કલિંગપતિ તરીકે જે મશહૂર થઈને ખ્યાતિ પામ્યું હોય તો આ ખારવેલ મહારાજાએ કોતરાવેલ હાથીગુંફાના શિલાલેખને લઈને જ છે તેમ જ કલિંગનું નામ હિંદી ઇતિહાસના રસજ્ઞ પુરુષો અને અભ્યાસીઓના હૃદયમાં જે સ્થાન પામ્યું હોય તો ખારવેલ મહારાજાની કારકિર્દી કરતાં ત્યાં ઉભા કરાવેલ સમ્રાટ પ્રિયદર્શિનના ખાસ લેખોને લીધે નહીં જ્યાં જાણીતી છે એટલે કલિંગ દેશના રાજ કીય ઇતિહાસ સાથે આ બે[2] મહારાજાઓ રાજવીઓના કાર્યને પાછો સંબંધ હોવો જોઈએ એમ માની શકાય છે. આ બેમાંના વિશેષ પ્રતાપી સમ્રાટ પ્રિયદર્શિનના સમયનું વર્ણન પુ. ૨ માં તેના રાજ્યકાળ વખતે જણાવી ગયા છીએ, જ્યારે બાકી રહેલ ખારવેલનું વૃત્તાંત આ પરિચ્છેદે કરવું રહે છે. તે આખું લીધા બાદ, તે બન્નેની સરખામણી કરવાનું આપણે માટે સરળ થઈ પડશે.

આ કલિંગપતિ ચેદિવંશી રાજાઓના સમયની ગણતરી હાથીગુંફાના શિલાલેખમાં કોતરાવેલ બનાવોની સમયગણનાના આધારે કરવામાં આવી છે આ વિષયમાં રસ-આનંદ લેનાર લગભગ સર્વે વિદ્વાનોએ એક અવાજે એવો મત બાંધ્યો છે કે રાજા ખારવેલ તે શુંગવંશના સ્થાપક પુષ્યમિત્રનો સમકાલીન હતો. તેમ જ આ પુષ્યમિત્રનો સમય, માત્ર પૌરાણિક ગ્રંથો સિવાય લગભગ એકાદ કરી શકાયો છે. આ ઉપરથી ખારવેલનો સમય પણ નક્કી કરી, તેના પૂર્વજો—વૃદ્ધિરાજ તથા ક્ષેમરાજનો—સમય, તેમના રાજ્યકાળના આંકડા મૂકી, ગણી કાઢવામાં આવ્યો છે. આપણે પણ તેમનાજ પગલે ચાલીને પ્રથમ ખારવેલનો સમય નક્કી કરવાનો પ્રયાસ કર્યો છે અને તે મેળવી લીધા પછી તેના આધારે પ્રથમના બે પુરુષોનો રાજ્યકાળ આંકી કાઢ્યો છે. આ પ્રમાણે લેખિત અત્યાર સુધી પ્રગટ થઈ ચૂકેલ ઇતિહાસમાં જ્યાં જ્યાં ઘટના પ્રાસંગિક સમય સિદ્ધ કરી આ ઉલ્લેખ કરવાની જરૂર લાગતી, ત્યાં ત્યાં તેને નિશ્ચિત કરી રાખેલ સમયનજ જણાવી દીધો છે અને ટીકા નોંધ કરી છે કે વિશેષ આધાર અને પુરાવા પ્રમાણ આપી ચર્ચા કરવાનું અને નિર્ણય ઉપર આવવાનું કામ, રાજા ખારવેલનું જીવન વર્ણવતાં પ્રસંગ ઉપસ્થિત થાય ત્યાં સુધી તે વિષય મુલતવી રાખવાની જરૂર છે. હવે તે સ્થિતિ આવી પહોંચી છે એટલે તેની વિસ્તારપૂર્વક ચર્ચા કરીશું.

વિદ્વાનોએ અને નિષ્ણાતોએ પુષ્યમિત્રને અને ખારવેલને સમકાલીન માન્યું હોવાનું જણાવી ગયા છીએ. આમ કરવામાં તેમણે રાજા ખારવેલના હાથીગુંફાના શિલાલેખમાં આવેલ કોતરેલ લખાણ ઉપર તથા તેમાંના એક બે સ્થળે તેના સમકાલીન પર લીધેલ અંક સંખ્યા ઉપર, મુખ્યપણે આધાર રાખ્યો છે. એટલે હવે આપણે પણ તેનું જ અનુસરણ કરવું છે પરંતુ જે મતભેદ ઊભો થયો છે તે, તે અંકોની માન્યતાને અંગે થયો છે.

તે અંકોની ચર્ચા પણ કરવી તો ઠીક પડશે

(૧) આ નામ તેણે પોતે ધારણ કર્યાં હતાં તેનું [illegible] હાથીગુંફાના લેખ ઉપરથી સ્પષ્ટ થાય છે. તે માટે જુઓ આગળના વૃત્તાંત પરિચ્છેદે

(૨) તેમના માટે આ બન્ને સમ્રાટોની સરખામણી તથા ચારિત્ર્યની સરખામણી આગળ ઉપર કરી બતાવી ગયા છીએ.

તે સમજવાને કારગત થઇ પડે તેવી ભૂમિકા ઉભી કરવાની આવશ્યકતા દેખાય છે તે માટે નકારાત્મક પુરાવા (Negative proofs) પ્રથમ લઈને અમુક સ્થિતિ પ્રમાણુ પુરસ્મર સ્થાપિત કરીશુ તે બાદ પ્રત્યક્ષ-હકારાત્મક પુરાવા (Positive proofs) લઇને તે સ્થિતિને મજબૂત કરીશુ અને છેવટે Affirmative proofs (નિશ્ચયદર્શક પુરાવાથી)ની તપામણી કરીને તેને નિશ્ચિત કરીશુ આ ત્રણ જાતના પ્રમાણોનો જે નિર્દેશ અત્ર કરવામા આવ્યો છે તે સઘળાં ઐતિહાસિક બનાવોનાજ છે એટલે તેની સત્યાસત્યતા વિશે આપણે બધા નિર્ભયજ રહી શકીશુ આ બનાવો ઉપરથી એક વખત જેવી ભૂમિકા સિદ્ધ થઈ ગઈ કે, પછી તેને આકડાની કસોટીએ કસી જોતાં જરા પણ વિલબ થવાનો નથી પરિણામે અત્યાર સુધી ચાલી આવેલી માન્યતામા-કે રાજા ખારવેલ અને પુષ્યમિત્ર બન્ને એક બીજાના સમકાલીન હતા તેમા, કિંચિત્ પણ અંશ સમાયલો છે કે કેમ તે વાચક સમક્ષ આપોઆપ દીપકની પેઠે પ્રત્યક્ષ થઈ જશે

પ્રથમ આપણે નકારાત્મક પ્રસગોની સમાલોચના કરીશુ, એટલે કે પુષ્યમિત્ર અને ખારવેલ એક બીજાના સહકાળવર્તી હોઇ ન શકે તેની દલીલો વિચારી જોઇશુ આમાની કેટલીક ચર્ચા પુ ૩ પૃ ૬૬ થી ૭૨ સુધી પુષ્યમિત્રના વૃત્તાત નીચે કરી ગયા છીએ -તે જોઇ લેવી બનવા જોગ છે કે ત્યાં લખેલ વિગતોનું અહીં, એક યા બીજા સ્વરૂપમા પુનરૂચ્ચારણુ પણ થાય, છતાં દલીલનો જોશ અને જોમ બરાબર ખ્યાલમાં આવી શકે માટે, તેમ કરવાની જરૂરિયાત લાગતાં અત્રે તે ઉતારી છે એમ સમજી લેવુ તેવીજ રીતે તેનો સમય ઠરાવવા માટેના જે અનેક મુદ્દાઓ આગળના પારિગ્રાફમા ટાકીને તે ઉપર ચર્ચા જગાડી છે તેમાના કેટલાક તો પ્રસગોપાત અને પૃથકપણે[૩] આવી ગયા હશેજ તે સર્વ પ્રથમ વાચી જવાથી અત્ર રજુ કરવામા આવેલ વિવાદની મજબૂતાઈ વિશેષપણે દષ્ટિગોચર થશે

નકારાત્મક તથા પરોક્ષ મુદ્દાઓ
(Negative and Indirect evidences)

(૧) આધ્રવશના સ્થાપક તરીકે શાતકરણી શ્રીમુખને ગણવામા આવ્યો છે વળી રાણી નાગનિકાએ કોતરાવેલ શિલાલેખની હકીકતના આધારે તૂટતા મકોડા મેળવીનેજ તેને પુષ્યમિત્રનો સમકાલીન ઠરાવ્યો છે એટલે કે રાજા પુષ્યમિત્ર તથા શ્રિમુખની હયાતી આધ્રવશની ઉત્પત્તિ થઈ તે સમયની માનવામા આવી છે આ એક સ્થિતિ થઇ, બીજી બાજુ, ચક્રવર્તી ખારવેલે કોતરાવેલ હાથીગુફાના શિલાલેખ આધારે સુપ્રસિદ્ધ વાત છે કે, રાજા શ્રીમુખને તેણે પોતે હરાવ્યો હતો એટલે કે રાજા શ્રીમુખ તથા ચક્રવર્તી ખારવેલ એક બીજાના સમકાલીન થયા હવે જ્યારે રાજા શ્રીમુખ એક પક્ષે રાજા પુષ્યમિત્રનો સમકાલીન અને બીજા પક્ષે ચક્રવર્તી ખારવેલનો સમકાલીન થયો છે, ત્યારે ભૂમિતિના સિદ્ધાંત પ્રમાણે તે ત્રણે રાજવીઓ અરસપરસના સહસમયી થયાજ કહેવાય આ પ્રમાણે વર્તમાનકાળે એક ઐતિહાસિક વિધાનની રચના કરવામાં આવી છે તે બરાબર છે કે કેમ તે આપણે તપાસીએ અને તેના પરિણામમાંથીજ આપણને જોઈતી હકીકતનો ઉત્તર મળી જશે

[ટીપ્પણુ—શ્રીમુખ અને ખારવેલ બન્ને સમ-

---

(૩) પૃથક્પણે લખાઈ ગયા છેજ માત્ર યાદદાસ્ત તાજી કરવા માટે તથા અત્રે લખ્યા ઉપરાત પણ બીજા મુદ્દાઓ ઉભા કરી શકાય તે માટે, વાચકને વિનતિ છે કે તેમણે નીચે પ્રમાણે વર્ણન વાચી જવું

પુ ૧ પૃ ૧૫૪ થી ૧૫૬-ધનકટકના વર્ણનમા 'આ દેશ ઉપર સત્તા કોની' તે નામનો પારિગ્રાફ

પુ. ૧. પૃ. ૩૫૧ "બૃહસ્પતિમિત્ર વિશે વળી કાંઈક" ની હકીક્તનો પારા.

પુ ૧ પૃ ૩૮૮, ખારવેલ પેલી સુવર્ણ પ્રતિમા બૃહસ્પતિમિત્ર પાસેથી લઈ ગયો તેનું વર્ણન

પુ ૩ પૃ ૬૬થી ૭૨ પુષ્યમિત્રના વૃત્તાતમા તેની સમકાલીન વ્યક્તિઓના મથાળા તળે કરેલું વિવેચન પૃ ૧૧૬ની ટીકા.

પુ. ૩ પૃ ૧૫૫ ડિમેટ્રીઅસ અને મિનેન્ડરના વૃત્તાતે અવારનવાર કરેલ ઉલ્લેખો.

પ્રાચીન છે તે નિર્વિવાદ સત્ય મનાય, તેમાં સિવાય અર્થાત્ તે હકીકત સ્વીકૃત છે. પરંતુ શ્રીમુખને પુષ્યમિત્રનો સમકાલીન ઠરાવવાને કોઈ પ્રમાણ રહ્યું નથી. માત્ર કેટલીક હકીકતોને આધારભૂત માનીને એમ બેસાડી દીધા છે કે જે તે પ્રમાણે સિદ્ધિ ન હોવાનું અનુમાનને આપણે પાસે પણ માનવો પડે છે. તે માનવો કેમકે આજની દલીલોમાં પ્રથમ જ્યાં કલ્પના પહોંચે, પણ અંતે તો બીજી હકીકત સાથે તે માન્યતાની સત્યાસત્યતા વિચારીશું.

એટલું તો ચોક્કસ છે જ કે મૌર્યવંશી સમ્રાટ અશોકના મરણ પછી કેટલાંક વર્ષ સુધી મૌર્યવંશ ચાલ્યો છે અને તે બાદ પુષ્યમિત્રના શુંગવંશની સ્થાપના થઇ છે. એટલે એમ સિદ્ધ થયું કે અશોક અને પુષ્યમિત્ર વચ્ચે કેટલાક વર્ષનું અંતર છે. બીજી બાજુ, સમ્રાટ અશોકના રાજ્યકાળે મી. એલ્ફી મેગેસ્થેનીઝ જે આવ્યો હતો તેણે તે સમયની હિન્દી રાજકીય પરિસ્થિતિ વિષેનું કેટલુંક વર્ણન કરી બતાવ્યું છે તેમાં મી. હકીકત એવી પણ જણાવી દીધી છે કે આંધ્ર પ્રજા ભારતના દેશોમાં પ્રથમ સ્થાન ભોગવતું છે અને તેથી જ ઉતરતું એટલે નંબર બીજાને આવેલું છે એટલે તો પછી એ બનેલ કે મગધપતિ સમ્રાટ અશોકના સમયે આંધ્રપતિનું સ્થાન, હિન્દીઓની અપેક્ષાએ માત્ર અશોકથી જ ઉતરતું હતું અને એ તો દેખીતું જ છે કે જે આંધ્રપતિના નામની કે ઇતની સેવા અને મહારાજાની સરખામણીમાં એનું નામ મૂકાતું હોય, તેની સ્થિતિ શું ગણતરીમાં આવવાલાયક તો હોવી જોઈએ જ હોય. તેને સ્થાપિત થયાને અને તે બાદ, ઉપર જણાવ્યા પ્રમાણેની સ્થિતિએ પહોંચતાને કેટલોયે સમય વ્યતીત થઇ ગયો હોવો જોઈએ. મારા કહેવાનો તાત્પર્ય એ છે કે આંધ્રપતિની જે સ્થિતિ મેગેસ્થેનીઝે જણાવી છે તે આંધ્રપતિની સ્થાપના તો અશોકની પૂર્વે ઘણાં વર્ષો પહેલાં થઇ ગઇ મનાય. વળી આપણે અનુક્રમે જોઇશું કે આંધ્રવંશનો સ્થાપક તો શ્રીમુખ જ છે એટલે જ્યારે તે વંશની સ્થાપના અશોકની પૂર્વે ઘણું વર્ષે થઇ ગઇ છે ત્યારે શ્રીમુખનો સમય પણ અશોકની પૂર્વે જ—અને તે પણ ઘણાં ઘણાં વર્ષ પૂર્વે—થઇ ગયો માનવો પડે. તેમ વળી ઉપર તો એવું કહી ગયા છીએ કે, પુષ્યમિત્રની પૂર્વે જ કેટલાક પૂર્વે અશોક થઇ ગયો છે. એટલે તો શ્રીમુખ અને પુષ્યમિત્ર વચ્ચેનું અંતર વળી ઓર વધી પડ્યું મનાય. હવે વિચારો કે, શ્રીમુખને પુષ્યમિત્રનો સમકાલીન કહેવો તે સાચું કે શ્રીમુખના અસ્તિત્વને પુષ્યમિત્ર પહેલાં ઘણાં ઘણાં વર્ષોનું માનવું તે સાચું ! આ પ્રમાણે વિદ્વાનો પોતાના કથનમાં જ વિરોધાભાસ દેખાય આવે છે. સાર એ છે કે શ્રીમુખને અને પુષ્યમિત્રને કદી પણ સમકાલીનપણું એકલું નથી જ]

(૨) મિ. રેપ્સન, પોતાના પુસ્તકમાં પણ નાસિકના શિલાલેખના સમયની ચર્ચા કરતાં એ છે કે[૪] It may be placed a little, but not much, later than Asoka's & Dasaratha's edict. But what in my opinion most clearly proves that they belong to one of the first Andhras, is that their graphic peculiarities fully agree with those of the Nasik Inscriptions (No. 1) of Kanha's or Krishna's reign=અશોક અને દશરથના શિલાલેખ કરતાં કંઇ સમય બાદ કોતરાયા—પણ બહુ લાંબો નહીં—પછી પણ મૂકાયો હોય, પરંતુ આંધ્ર આદિ રાજાઓને લાગે છે એવો જે પુરાવો આ વધારે સ્પષ્ટ કરે આપ છે તેનું કારણ એમ છે કે તેમની લિપિની વિશિષ્ટતાઓ, કાન્હ અથવા કૃષ્ણના રાજ્યે કોતરાયલ (નં. ૧) નાસિકના લેખોને મળતીપણે આવતી આવે છે. આ લખાણની મતલબ એ થાય છે કે (૧) શ્રીમુખ નાસિકનો લેખ સમ્રાટ અશોક તેમજ દશરથ એ બંને નિકટની સમયનો ગણાય છે (જુઓ કે ઇ. સ. પૂ. ૨ ... આસપાસનો). (૨) પરંતુ એ

(૪) જુઓ પ્રા. ભા. ૧ પૃ. ૧૦ થી ૧૧

લિપિ વિગેરે, રાજા કન્હ અથવા કૃષ્ણના નાસિકના શિલાલેખને મળતી આવે છે તેથી પોતે [મિ રેપ્સન] તે લેખને આંધ્રવંશીના પ્રથમ પુરુષોના સમયનો હોવાનું માને છે [ગર્ભિત કથન એમ નીકળે છે કે, આંધ્રવંશીના આદ્ય પુરૂષોનો સમય અશોકની પણ પહેલાનો છે આપણે તેનો સમય ઈ સ પૂ ૪૨૫ આસપાસનો એટલે કે અશોકની પહેલાં સવાસો વર્ષનો ઠરાવ્યો છે] આ બન્ને હકીકતનું પૃથક્કરણ કરીશુ તો એમ ભાવાર્થ નીકળે છે કે (૧) રાણી નાગનિકાનો લેખ, રાજા કન્હના સમયનો જ લગભગ કહી શકાય (૨) રાજા કન્હ-કૃષ્ણ તે આંધ્રવંશી પ્રથમ પુરૂષોમાંનો એક છે (૩) અને રાણી નાગનિકાના લેખનો સમય, અશોક કે દશરથના સમયની આસપાસનો માની લેવાયો છે તે બરાબર નથી આ મુદ્દાઓનું એકીકરણ કરીશુ તો એમ સમયાવળી ગોઠવી શકાશે કે, સૌથી પ્રથમ આંધ્રવંશનો સ્થાપક રાજા શ્રીમુખ, તેના પછી તુરત જ કે થોડાક વર્ષે રાજા કૃષ્ણ ઉર્ફે કન્હ, તેના પછી રાણી નાગનિકા, અને તેણીની પછી કેટલાયે વર્ષે અશોક અને રાજા દશરથ થયા છે જ્યારે પુષ્યમિત્ર તો તેની યે પાછળજ થયો છે જો આ પ્રમાણે સ્થિતિ દેખાય છે,-શિલાલેખથી સાબિત થાય છે-તો પછી પુષ્યમિત્ર શુંગવંશીને શી રીતે આંધ્રવંશના સ્થાપક શ્રીમુખના સમકાલીન તરીકે માની શકાય?

(૩) વળી તેજ સિક્કાશાસ્ત્રી મિ રૅપ્સન એક ઠેકાણે આગળ જતાં લખે છે કે,[૫] "The coin legends of Andhras in every district and at all periods without exception are in same Prakrit language=આંધ્રદેશના સિક્કા ઉપરના અક્ષરોની લિપિ, દરેક પ્રાંતમા અને દરેક સમયે, એક પણ અપવાદ સિવાય એકની એક પ્રાકૃત જ છે" કહેવાની મતલબ એ છે કે જેટલા આંધ્રદેશના સિક્કાઓ મળી શકે છે તે સર્વે ઉપર, પછી ગમે તે સ્થળનો તે હોય કે ગમે તે સમયના રાજાનો હોય, તોપણ એકજ જાતની પ્રાકૃત ભાષાના અક્ષરો તેમા માલમ પડયા કરે છે એટલે માર એ થયો કે, જે સમયે પ્રાકૃત ભાષા બોલાતી-લખાતી હતી તે વખતેજ આંધ્રવંશી રાજાઓની સત્તા ચાલી રહી હતી બીજી બાજુ આપણે જાણીએ છીએ કે પ્રાકૃતનો પ્રચાર બંધ પડયા પછી સંસ્કૃત ભાષાનો પ્રચાર થવા માંડયો છે તેમ વળી સમ્રાટ પ્રિયદર્શિનના લેખ પરથી સમજાય છે કે તેના સમય સુધી તો પ્રાકૃત ભાષા ચાલુ હતી જ તેમ શુંગવંશના અમલમાં થયેલ મહાભાષ્યકાર પતંજલી મહાશયના સમયથી જ સંસ્કૃતનો પ્રચાર વધવા માંડયો છે તે હિસાબે એમ સાબિત થયું કે, આદ્ય આંધ્રવંશી રાજાઓ રાજા પુષ્યમિત્ર શુંગના અમલ પહેલાના થઈ ગયા છે આ પ્રમાણે સર્વે રાજાઓ જ્યારે પુષ્યમિત્રના પુરોગામી ઠરે છે તો તે વંશનો આદ્ય સ્થાપક શ્રીમુખ તો વિશેષ પુરોગામી થયો કહી શકાશે પછી સમકાલીન થયો હતો એમ માનવાનું જ કયા રહ્યું?

(૪) હાથીગુફાની દીવાલ ઉપરના સર્વે ચિત્રો નગ્નદશામાં ચિતરાયલા છે એટલેકે રાજા ખારવેલના સમયે, સંસારથી વિરક્ત થયેલ સર્વે ઋષિ મહાત્માઓ દિગંબર અવસ્થામાં જ વિચરતા હતા જ્યારે મહારાજા પ્રિયદર્શિનના ખડકલેખથી જણાય છે કે, તેમના સમયે શ્વેતવસ્ત્ર ધારણ કરવાનો રવૈયો વિશેષ જોરથી ચાલુ થઈ રહ્યો હતો તેથી એમ સિદ્ધ થયુ કહેવાશે કે, ખારવેલનો સમય-અથવા કહો કે હાથીગુફાના લેખનો સમય-મહારાજા પ્રિયદર્શિનની પૂર્વનો છે, અને પ્રિયદર્શિનની પહેલાનો થયો એટલે પુષ્યમિત્રની પૂર્વેનો તો આપોઆપ સિદ્ધ થઈ ચૂકયો જ ગણાશે. તેમ બીજી બાજુ રાજા શ્રીમુખ અને ખારવેલ બન્ને સમકાલીન છે જ એટલે સૂત્રસિદ્ધાંતના નિયમે રાજા શ્રીમુખને પણ પુષ્યમિત્રથી ઘણા ઘણાં વર્ષે પુરોગામી થયો ગણવો રહે છે

(૫) તેજ કો આ રે. નું પુસ્તક પારિ ૧૫૭

(૫) હાથીગુંફાના લેખનું વર્ણન કરતાં એક લેખક મહાશયે જણાવ્યું છે કે[1] Kharvela Invaded Magadh and laid siege to Rajagriha and that four years later he captured the royal palace (at Pataliputra) and made the Raja of Magadha fall at his feet=ખારવેલે મગધ ઉપર ચઢાઈ કરી અને રાજગૃહીને ઘેરો ઘાલ્યો, અને તે બાદ ચાર વર્ષે (પાટલિપુત્ર નગરે)[2] રાજમહેલની આસપાસ તે ફરી વળ્યો અને પોતાના પગ પાસે મગધના રાજાને નમાવ્યો. મતલબ કે રાજા ખારવેલે મગધ ઉપર બે વખત ચઢાઈ કરી હતી. પ્રથમ વખતે મગધ ઉપર હુમલો લઈ જઈ રાજગૃહને ઘેરો ઘાલ્યો હતો ત્યારે બીજી વખત તેથી પણ આગળ વધીને પાટલિપુત્ર નગરે રાજમહેલ સુધી પહોંચી જઈ ત્યાંના રાજાને તાબે કરી-પરાજય પમાડી પોતાના પગે નમાવ્યો હતો. મતલબ કે કલિંગપતિ ખારવેલે મગધપતિ રાજા ઉપર સંપૂર્ણ રીતે અધિકાર મેળવ્યો હતો. તે સમયે પરિસ્થિતિ પ્રાપ્ત કરી વાળ્યું હતું. મતલબ કહેવું રહે છે કે તેણે પોતે જ ચક્રવર્તી ખારવેલનું બિરુદ ધારણ કર્યું હોવાનું લેખ ઉપરથી સમજાય છે તે મગધપતિ જેવા મહાન સમ્રાટને નમાવ્યાથી સાર્થક કરી બતાવ્યું જણાય છે તેમ બીજી બાજુ, સર્વ સમ્રાટના જેવા જ લાગી જતા પરાક્રમી આચાર્ય સુશ્રુતને તેણે નમાવ્યો છે (જુઓ આગળ ઉપર હાથીગુંફા લેખની પંક્તિ ૧૪નું વર્ણન). આવાં મોટાં બે સામ્રાજ્યના ભૂપતિઓને જે ઝૂકાવી દીધો તેને ચક્રવર્તી તો શું, પણ મહાન ચક્રવર્તી કહેવામાં પણ લેશમાત્ર અતિશયોક્તિ થતી નથી. એટલે બીજી રીતે એમ કહેવાય કે ઉપરના બે મહા સમ્રાટ જેવા રાજવીઓને ખારવેલનો રાજકીય અમલ સ્વીકારવો પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. આ પ્રમાણે એક સ્થિતિ હતી. જ્યારે બીજી બાજુ ઇતિહાસકારો વળી એમ જણાવે છે કે, રાજા પુષ્યમિત્ર, પાટલિપુત્ર ઉપર ચઢાઈ કરીને, મગધપતિને હણી દીધો હતો અને આખા પાટલિપુત્ર નગરને ચોમેર કરીને વેરાન જેવું બનાવી દીધું હતું. એટલે તે ઇતિહાસકારોના મતથી એમ સિદ્ધ થાય છે કે પુષ્યમિત્રના સમયનો મગધપતિ અતિ નબળો હોવાથી વધુ પરાજય પામી ગયો હતો તે એટલે સુધી કે મગધ સમ્રાટ પોતાનો ... આખા ... રાજનગરની કંઈ પણ દુર્દશા થવા દીધી હશે

---

(૧) જુઓ ઇ. હિ. ક્વા. પુ. ૫ સને ૧૯૨૯ પૃ. ૫૮૭

(૨) કેટલાક કહે છે કે લેખમાં મહારાજનગર છે. એક વખત કહેવું કે રાજગૃહ ને ઘેરો ઘાલ્યો હતો ને બીજી વખતે કહેવું કે પાટલિપુત્ર નગરે રાજમહેલની આસપાસ ફરી વળ્યો. આમ કહેવામાં બે પ્રશ્નો ઉઠે છે. પહેલો, પ્રથમ વખતની ચઢાઈ વેળા રાજગૃહને ઘેરો ઘાલ્યો હતો અને બીજી વખત તેથી આગળ વધીને પાટલિપુત્ર ગયો હતો એમ કહેવાનો આશય પણ હોય અને બીજું આમ પણ હોય કે, રાજગૃહમાં તે સમયે મહેલ નહીં હોય એમ તેમનું ધ્યાન પણ થયું હોય.

આ બંને પ્રશ્નો સરળ નથી. તેનો જવાબ કંઈ આગળ ઉપર આપણે લેખમાં પૃષ્ઠ છે એટલે કહેવાપણું રહેતું નથી.

(૮) એ સમયને લક્ષ્ય કરીને ... પક્ષ ... તે હકીકત આ અભિપ્રાયમાં પાકી થાય છે, પણ હાથીગુંફાના લેખમાં તે પ્રમાણે છે એટલે કંઈ કહેવાપણું રહેતું નથી.

(૯) આ હકીકત કેવી રીતે બની શકે છે તે પુ. ૧ પૃ. ૧૮ ૧૯ માં બતાવી આપ્યું છે તે જુઓ.

વળી પુષ્યમિત્રને એક વખત ચક્રવર્તી જણાવે છે ત્યારે બીજી બાજુ તેને જ મગધપતિ હતો એમ કહે છે (જુઓ પુ. ૧ પૃ. ૫૭) બનાવે છે. તે બંને વચ્ચે સુમેળ જામતો નથી. તે હકીકત પણ પુષ્યમિત્રના રાજ્ય આ જણાવી છે.

વળી પુષ્યમિત્ર તો સેનાપતિ હતો ... તેમ પુત્ર અગ્નિમિત્ર હતું ... કહેવાની વાત છે. એટલે અહીં પુષ્યમિત્રનું નામ ... અગ્નિમિત્રનું નામ લેવાય તો ... બની શકે છે નહીં.

હતો હવે બન્ને કથનની સરખામણી કરો એક વખત જણાવાયુ કે મગધપતિને ખારવેલ ચક્રવર્તી જેવા મહાન ચક્રવર્તીની હૂંફ હતી, અને બીજી વખત કહ્યું કે તેવી સ્થિતિમા તે હોવા છતાં, તેનાથી અનેક ગણો નાનો રાજા-રાજ્યની સમૃદ્ધિ અને વિસ્તારની અપેક્ષાએ-એવો પુષ્પમિત્ર મગધ ઉપર ચડી આવ્યો હતો ને રાજનગરની ખાના ખરાબી કરી વાળી હતી આ બન્ને વાતમા કાંઇ સત્યાંશ દેખાય છે ! હરગીજ નહીં એટલે સાબિત થાય છે કે, ચક્રવર્તી ખારવેલના સમય દરમિયાન પુષ્પમિત્ર શુંગવંશીનો સમય હોઈ શકેજ નહીં તેટલા માટે તે બન્નેને કોઈ કાલે સમકાલીન હોવાનું પણ કહી શકાશે નહીં

(૬) ખારવેલે પોતેજ હાથીગુફાના લેખમા રાજનીતિની ચર્ચા કરતાં (જુઓ લેખની પંક્તિ ૧૦) રાજનીતિ શાસ્ત્રના ત્રણ પ્રકાર=Three divisions of politics, જણાવ્યા છે તેમા દંડ, સંધિ અને સામ (સમજાવટ)=War, Peace and Conciliation, or Punishment, Peace and Compromise નો નિર્દેશ કર્યો છે, પરંતુ ભેદની નીતિ=Dissentionsનું નામ લીધુજ નથી એટલે સમજવુ રહે છે કે, ખારવેલના સમય બાદ આ ચોથા પ્રકારની રાજનીતિનો ઉપયોગ થયો હોવો જોઇએ મતલબ કે તે પ્રકારની રાજનીતિનો આરંભ થયો હોય તેની પૂર્વે રાજા ખારવેલ થઈ ગયો છે ઇતિહાસનો અભ્યાસ શીખવે છે કે, મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના સમયે તેમના રાજપુરોહિત અને મહાઅમાત્ય પંડિત ચાણક્યજીએ જ આ ભેદનીતિનો પ્રથમ ઉપદેશ આગળ ધર્યો છે અને અમલમા પણ કદાચ તેમણે જ મૂક્યો હોય એટલે તે હકીકતને આધારે સાબિત થાય છે કે, રાજા ખારવેલ પોતે સમ્રાટ ચંદ્રગુપ્તનો અને પં ચાણક્યજીનો પુરોગામી હોવો જોઇએ, અને તેમનો પુરોગામી પુરવાર થયો એટલે તેમના પછી થનાર પુષ્પમિત્રનો તો પુરોગામી સ્વયસિદ્ધ થઈ ગયોજ; બલ્કે દીર્ઘ સમયી પુરોગામી હતો એમ કહેવુ પડશે

(૭) ખારવેલના લેખ ઉપરથી જણાય છે કે, તેણે બે વખત મગધદેશ ઉપર હલા કર્યા છે[૧૦] અને બન્ને વખતે તેણે રાજગૃહીનુ જ નામ લીધુ છે—બલ્કે એક વખત રાજગૃહી અને બીજી વખત પાટલિપુત્ર પણ હોય (જુઓ ઉપરના ટી ન. ૬)—તે હકીકત એમ સિદ્ધ કરે છે કે, ખારવેલના સમય સુધી મગધેશના રાજનગર તરીકે રાજગૃહીનું સ્થાન કેટલેક અંશે જળવાઈ રહ્યું હતું, પછી થોડે અંશે કે ઘણે અંશે, તે વાત અલગ રાખીએ ત્યારે પાટલિપુત્રની પાટનગર તરીકેની સ્થાપના અને પસંદગી, ભલે સમ્રાટ ઉદયનભટના સમયથી થઈ ગઈ છે ખરી, પરંતુ કાયમના સ્થાન તરીકે તેની ગણના તો સમ્રાટ ચંદ્રગુપ્તના સમયે અને તે બાદ જ થઈ છે આ હકીકતથી સાબિત થઇ જાય છે કે, ખારવેલની મગધ ઉપરની ચડાઈ ચંદ્રગુપ્તના સમય પૂર્વે થઇ હતી

(૮) હાથીગુફાના લેખમા મગધપતિ તરીકે બૃહસ્પતિમિત્રનુ (બૃહસ્પતિરાજ નામ હોવાનું કેટલાકની માન્યતા છે—ગમે તે વસ્તુ લ્યો) નામ આપેલ છે (જુઓ લેખની પંક્તિ ૧૨) અને તેને ખારવેલે નમાવ્યાની હકીકત છે આ બૃહસ્પતિમિત્રની પાછળ[૧૧] અગ્નિમિત્ર ગાદીએ આવ્યો છે એટલે કે બૃહસ્પતિમિત્ર પિતા થયો અને અગ્નિમિત્ર પુત્ર થયો, જ્યારે પુરાણોમા

---

(૧૦) આ પ્રમાણે અત્યારે માન્યતા ચાલે છે અમે તેનાથી જરા જૂદા મત ઉપર છીએ, તે આવતા પરિચ્છેદે હાથીગુફાના વિવરણમા જણાવેલ છે

(૧૧) જ ઓ બી. રી સો પુ ૧૩ પ ૨૪૨—"On the evidence of coins=સિક્કાના પુરાવાને લીધે" આ પ્રમાણે શબ્દો લખ્યા છે, અને તે બાદ શુંગવંશી મિત્રાંતિમાક્ષરી રાજાઓના નામો જણાવ્યા છે પરંતુ ખૂબી એ છે કે, તેમા કોઈનું નામ બૃહસ્પતિમિત્ર જ લખ્યું નથી તો પ્રશ્ન છે કે, બૃહસ્પતિમિત્રને શુંગવંશી ઠરાવી શી રીતે દીધો ?

બીજુ, બૃહસ્પતિમિત્ર પછી અગ્નિમિત્ર જ ગાદીએ બેઠો હતો એવો પણ ઉપર દર્શાવેલ નામોમા પુરાવો કે સાબિતી ક્યા છે ? તેમા તો મરજી આવ્યા પ્રમાણે સઘળા નામો આપી દીધા છે એટલું જ

જે યવન સરદાર મથુરા[૧૮] સુધી આવી ચૂક્યો હતો તેને પાછાં પગલાં ભરાવ્યાં, પછી તે સ્વદેશ ગયો હતો–અથવા કહો કે મથુરાથી પાછો ફરીને તે પંજાબ તરફ ગયો હતો–તે સરદાર બીજો કોઈ નહીં પણ પુષ્યમિત્રનો સમકાલીન જે યવનપતિ (Bactrian King) ડિમેટ્રીઅસ (જેનું વર્ણન આપણે પુ. ૩ પૃ. ૧૫૨થી કરી ગયા છીએ) હતો તે જ છે. એટલે કે જેમના કથનમાં નોંધેલ ડિમેટ્રીઅસ તે પુષ્યમિત્રનો સમકાલીન છે, તેમ ડિમેટ્રીઅસ તે ખારવેલનો સમકાલીન છે જ એમ તેઓ પોતે જાહેર કરે છે એટલે કે જ્યારે ડિમેટ્રીઅસ પુષ્યમિત્રનો સમકાલીન છે અને ખારવેલનો પણ સમકાલીન ઠરે છે ત્યારે ભૂમિતિના સિદ્ધાંત પ્રમાણે પુષ્યમિત્ર અને ખારવેલ અને સમકાલીન જ કહી શકાય.

આ પ્રમાણે સર્વ સાબિત હોય તો તો ખાસ વાંધાભર્યું સિદ્ધ થઈ ગયું જ છે. પરંતુ તેમની માન્યતા અને દલીલો આપ્યો તેમ વાંચીને એક વિદ્વાને પોતાના વિચાર અજમાવતાં ઉદ્‌ગાર કાઢ્યા છે કે[૧૯] "But even if we admit for arguments sake that Demit or Demitrius was engraved here what evidence is there to show that this Demitrius can be no other than the son and successor of Euthydemus of Bactria (વિગેરે)" આ વિદ્વાનની ખાતર આપણે સ્વીકારીએ કે ડિમિટ કે ડિમેટ્રીઅસ શબ્દ કોતરાયેલામાં આવ્યો જ હતો, તોપણ એવી કઈ સાબિતી છે કે આ ડિમેટ્રીઅસ તે (પિતા) યુથીડીમસપતિ યુથીડીમસનો પુત્ર અને પાછળથી ગાદીએ આવનાર જ હતો? તેમના કહેવાનો મતલબ એ છે કે (૧) પ્રથમ તો લિપિ ડિમેટ્રીઅસ શબ્દ હોવાની પણ શંકા છે.[૨૦] (૨) કદાચિત્, ઘડીભર દલીલ ખાતર માની લ્યો કે તે શબ્દ જ છે તોપણ તેમાં એવી કયા સાબિતી આપવામાં આવી છે, કે ડિમેટ્રીઅસ ઐતિહાસિક જ છે[૨૧] એટલે કે પ્રસિદ્ધ એવા યુથીડીમસના પુત્ર તરીકે જેમનો છે તે જ આ છે કે તે સિવાય કોઈ બીજો રાજા તે નામધારી[૨૨] થયો છે?

[ટીકા:–તેમના આ લિપિના શબ્દ હોવા વિષે જ શંકા ઊભી થઈ છે ત્યાં આપણે કાંઇ બોલવાનું નથી. ત્યાં તો શબ્દ છે અને જેવો અર્થ થાય છે તે પછી આપણે આગળના પરિચ્છેદે આવવાના તેમને અર્થ પંક્તિવાર વિચારવાના છીએ. એટલે અત્રે તેની ચર્ચા છોડી દઈએ. ખરા પેટા તેમની હું માન્યતા એમ સ્વીકારી છે તેમ માની લ્યો કે તે શબ્દ ડિમેટ્રીઅસ જ છે અને ડિમેટ્રીઅસ નામનો કોઈ બીજો રાજા થયો જ નથી (જુઓ ટીકાટિપ્પણ ટી. નં. ૨૧) એટલે કે તે યુથીડીમસનો પુત્ર જ છે. હવે પ્રશ્ન એ છે કે તેને મથુરા સુધી આવવાનું પ્રયોજન જ કયું ઊભું થયું હતું? પ્રથમ તો ડિમેટ્રીઅસના વર્ણને (જુઓ પુ. ૩ પૃ. ૧૫૧ ?) આપણે પુરવાર કરી ગયા છીએ કે તેનું રાજ્ય

---

(૧૮) મથુરા નામના બે શહેર છે (૧) હાલનું મથુરા તે શૂરસેન દેશની રાજધાની; જે મથુરા નામથી પ્રખ્યાત છે. (૨) દક્ષિણનું મથુરા જે તિન્નીવેલીની પાસે આવેલ છે જેને આપણે પીઠ મથુરા કહેવાય છે.

તેમણે માન્યું છે કે મથુરા તે આગ્રા ઉપરવાળી છે. આમ તેમ છે કે પોતે માટે જોઈતું હતું અસર થયું છે; અને તેમાં પણ પુષ્યમિત્રની અને ખારવેલની આ પોતાના મતની સાબિતીમાં જ મત મૂક્યો દેખાય છે.

(૧૯) જુઓ જ. બિ. ઓ. રિ. સો. પુ. ૧૪ પૃ. ૫૪૮

(૨૦) ઉપરની ટી. નં. ૨૦ તુલો તેમાં શબ્દ હોવાનો મત દર્શાવ્યો છે. [લિપિ શબ્દને માટે શું વાપરવું છે તે પણ આગળ ઉપર ઉલ્લેખ તેમનો પરિચ્છેદ જુઓ.]

(૨૧) નીચેની ટીકા નં. ૨૩ જુઓ.

(૨૨) પુ. ૩. પૃ. ૧૫૧ ની ટીકામાં ઇન્ડો-ગ્રીક રાજાઓનાં નામો જુઓ.

(૨૩) ભીમ, ભીષ્મ અને ડેમેટ્રીઅસની સાબિતી જે વંશમાં આવ્યા છે તેમના નામ એક જેવા છે. ડિમેટ્રીઅસ નામને કે, તેના નામનો પ્રથમ ભાગ ડિમિટ છે તેવું ગમે તેમ હોય તેમ, કોઈ બીજો નામધારી રાજા થયો નથી અને તે એક જ સમજાય છે કે ડિમેટ્રીઅસ એક જ થયો છે અને તે યુથીડીમસનો જ પુત્ર બન્યો છે તેમ છે.

પુરવાર કરે છે, કે મૌર્યસમ્રાટોના રાજઅમલે પાટલિપુત્ર ખ્યાતિમા આવ્યુ, તે પૂર્વે સમ્રાટ ખારવેલ થઈ ગયો હોવો જોઇએ એટલે જ તેનો સમય ઇ સ પૂ ૩૭૨ પહેલાનો પુરવાર થાય છે

(૧૬) મિ હ્યુએનશાંગ જેવા વિશ્વવિખ્યાત યાત્રિકે કરેલ વર્ણનમાંથી પણ તેવો જ ધ્વનિ નીકળતો જણાય છે તેમના શબ્દો આવી મતલબના લેખાયા છે[૩૧] "Hieuen Tsang tells us that, shortly before his arrival, Punarvarman, Raja of Magadh and the last descendant of Ashok, had piously restored the sacred Bodhi tree at Gaya, which Sasanka, king of Bengal had destroyed These events happened soon after 600 A D=હ્યુએન શાંગ એમ નિવેદન કરે છે કે, પોતે હિંદમા આવ્યો તે પહેલા થોડા જ સમયે, મગધના રાજા અને અશોક (સમ્રાટના) અંતિમ વંશ જ પુનર્વર્મને ગયા (શહેર)મા પેલા પવિત્ર બોધિવૃક્ષની ધાર્મિકભાવે પુન સ્થાપના કરી હતી આ (બોધિવૃક્ષ)નો નાશ બંગાળના રાજા શશાંકે કર્યો હતો આ સર્વ બનાવો ઇ સ ૬૦૦ પછી તુરતમાં જ બન્યાનુ નોધી શકાશે" એટલે મિ વિન્સેન્ટ સ્મિથના શબ્દોમા જો ઉતારીએ તો પેલા હ્યુએનશાંગ યાત્રિક મહાશયનો કહેવાનો આશય એ છે કે, ઇ સ ૬૦૦ સુધી મગધપતિ તરીકે અશોકના વંશજો, અવિચ્છિનપણે બંગાળ પ્રાંતમા ગાદી ઉપર ચાલુ રહ્યા હતા તેમાનો છેલ્લો રાજા પુનર્વર્મન હતો તેથી તે એમ કહેવા માંગે છે કે મગધપતિ તરીકે ઠેઠ અશોકના સમયથી માંડીને ઇ. સ ૬૦૦ સુધી મૌર્યજાતિના રાજાઓ જ રાજ્ય ચલાવ્યે આવતા હતા, પછી તેમનો રાજ્ય વિસ્તાર ભલે સંકોચ કે વૃદ્ધિ પામ્યો હોય તે જુદી વસ્તુ છે પરતુ મગધપતિ તરીકે તેઓ અવિચ્છિનપણે રાજ્યપદ ભોગવતા જ આવ્યા છે આ પ્રમાણે એક હકીકત થઈ બીજી વાત એમ છે કે, અશોકના સમય બાદ જ પુષ્યમિત્ર થયો છે તેમા અશોક મૌર્ય ગણાયો છે અને પુષ્યમિત્ર શુંગ કહેવાયો છે એટલે કે બન્ને ભિન્ન જાતિના જ છે. ત્રીજી સ્થિતિ એમ છે કે, પુષ્યમિત્રનું બીજુ નામ (વિદ્વાનોની સૂચના પ્રમાણે) બૃહસ્પતિમિત્ર છે તેથી બૃહસ્પતિમિત્ર શુંગવંશી ઠરે છે અને તેને હાથીગુફાના લેખની નોધ પ્રમાણે મગધપતિ તો કહેવો જ રહે છે એટલે એમ થયુ કે તેમના હિસાબે મગધપતિઓ શુંગવંશી રાજાઓ હતા કદાચ તેને છેવટે ન મૂકતાં વચ્ચગાળે ક્યાંક બૃહસ્પતિને મૂકો, તો હ્યુએનશાંગે જણાવેલી અખંડતા જ તૂટી જશે. આ પ્રમાણે ત્રણ સ્થિતિ થઇ હવે જો તેમનો મેળ મેળવશો તો ઇતિહાસિક ગ્રંથકારોનાં મતવ્ય, દરેક રીતે એક બીજી હકીકતને અથડામણમા ઉતારનારા જેવાં જ દેખાય છે એટલે સાબિત થાય છે કે ઐતિહાસિક બનાવ છે તે તો સાચા જ છે, પરતુ આપણે ગોઠવી દીધેલી માન્યતા જ અસત્ય છે, અને વિરોધમા દેખાઈ આવતી સર્વ પરિસ્થિતિની જનેતા તેજ છે મતલબ કે પુષ્યમિત્ર બૃહસ્પતિમિત્ર નથી જ તેમ તે એકબીજાના સમકાલીન પણ નથી એટલુ જ નહી પણ પુષ્યમિત્રને મગધપતિ કહેવો તે[૩૨] પણ એક ભૂલ ખવડાવનારૂં ઐતિહાસિક તત્ત્વ ગણાશે

બીજુ, બૃહસ્પતિમિત્ર મગધપતિ છે તે તો નિર્વિવાદ છે હવે જો તેને અશોક અને પુષ્યમિત્રની વચ્ચે મૂકીએ છીએ તો હ્યુએનશાંગનું કહેવુ ખોટુ ઠરે છે, કેમકે, અશોકના વારસદારોની એકદોરી તૂટી જાય છે એટલે કાં તેને (બૃહસ્પતિને) પુષ્યમિત્રની પાછળ કે અશોકની પૂર્વે ગણવો જોઇએ પુષ્યમિત્રની પાછળ તો ગણવાની સર્વ સંજોગો તેમ જ વિદ્વાનો ના પાડે છે તો એકજ

(૩૧) જુઓ વિન્સેન્ટ સ્મિથ કૃત, રૂલર્સ ઓફ ઇન્ડિયા સીરીઝમાંનું "અશોક" નામનુ પુસ્તક પૃ ૭૧

(૩૨) ધારો કે તે ગાદીપતિ હતો અને મગધનો સ્વામી હતો, તો મગધનો પ્રાંત તેના પુત્ર અગ્નિમિત્રને વારસામા મળ્યો હતો એમ કહેવુ પડશે જ' જ્યારે બીજી બાજુ ઇતિહાસ તો એમ શિખવે છે કે અગ્નિ પાટલિપુત્ર ઉપર ચડાઇ લઈ જવી પડી હતી, તો સાચુ શું?

કીધું કે જે વાચકવર્ગને ઇચ્છા હોય તેમણે સ્વતઃ તે પ્રયત્ને કરી લેવું. અમારી આશા છે કે ઉપરના ચાર ખંડોની સાથે જોડીને / તેના અનુસંધાન તરીકે હવે અમારી દલીલોને રજુ કરીશું.

પીથુંડિત મુકામવાળા બનાવ આવનારી, પ્રત્યક્ષ પુરાવાની અભાવ રહિત જ ઉત્તર મળે તેવી છે; અને તે નામ આપી. તેની વ્યવસ્થા આપવા કામ જેટલી કે આપી શકીશું જ અને ઉમેર છે કે હવાની અપેક્ષા તેજ પિસ્તુ ને વિરલ ગૌરવવા ધારી તો અન્ય પણ ઉભો કરી શકે / આવા પુરાવાના પ્રમાણ તો ખુદ તે હાથીગુંફાના લેખમાંથી જ મળી આવે છે.

(૧૪) હાથીગુંફાના લેખમાંની ત્રીજી પંક્તિમાં ખારવેલે જણાવ્યું છે કે પોતાની ૨૪ વર્ષની ઉમર સંપૂર્ણ થયા બાદ તેનો રાજ્યાભિષેક થયો છે. તે પછીની પંક્તિઓમાં, પોતાના રાજ્યકાળના એકેક વર્ષ લઈને, તે તે સમયે શું શું પરાક્રમો કરી શક્યો હતો તેનું વ્યવસ્થિત વર્ણન કરી બતાવ્યું છે. સાર એ થયો કે જેમ ત્રીજી પંક્તિમાં પોતાના રાજ્યાભિષેકને લગતો બનાવ બન્યાની જાહેરાત કરી છે તેમ તે પછીની પંક્તિમાં વર્ણવેલી હકીકતના બનાવ પોતે ગાદીએ આવ્યા બાદ, બન્યા હતા એવું અનુમાનની સૂચના છે. તેવી જ રીતે ત્રીજી પંક્તિની પૂર્વેની બે એટલામાં ? બનાવ બન્યાનું વર્ણવ્યું છે તે તેના રાજ્યાભિષેકની પહેલા થઈ ગયા હતા, એમ આપણે માનવું રહે છે અને આ અનુમાનને તેમના જ શબ્દોથી સમર્થન મળે છે. કેમ કે તે બે પંક્તિમાં તેણે પોતાને યુવરાજ તરીકે જણાવ્યો છે. આટલી પ્રસ્તાવના કરીને હવે આપણે તે લેખની હકીકત તપાસીશું.

હવે સાત કે તેથી વધારેની સંખ્યા કેમ હોઈ શકે તે તપાસીએ. એક રીતિ, તો વિસ્તારમાં સાતની જ સંખ્યા આવી છે તે જ પ્રમાણે સાત આવી. [illegible] રીતે વિસ્તારના સાતમાંથી શક પ્રજાનું રાજ્ય-અન્ટેરેગ્નમ-બાદ કરીએ અને તેને બદલે પી ધિંહુ દેસરી (ન હોય) જે જણાવ્યું છે કે

At some opportune time Gandharvasen seized the throne of Ujjain. He was succeeded by his eldest son Sanku who ruled for a short time and then fell a victim to the ambition of his brother Vikrama who made some conquests and consolidated a pretty large kingdom. After some years leaving the reins of government to his younger brother Bhartrihari the noted poet, he himself went out in disguise to study India and the Indian politics. Several years after Bhartrihari disgusted with the world, through a family calamity let Raj to his ministers and passed into religious retirement. Hearing this Vikrama hastened to his capital, organized a powerful army beat back the Scythians and the Parthians and made ample conquests in North India. [illegible] ગંધર્વસેને[10] ઉજ્જૈનીની ગાદી હાથ કરી તેની પછી તેનો જ્યેષ્ઠ પુત્ર શંકુ ગાદીએ બેઠો હતો. તેણે થોડા સમય રાજ કર્યું તેટલામાં પોતાના ભાઈ વિક્રમે તેનો ઘાત કર્યો. આ વિક્રમે કેટલાક છત મેળવી ઠીક ઠીક મોટું સામ્રાજ્ય બનાવી દીધું. કેટલાંક વર્ષ બાદ, પોતાના નાના ભાઈ અને પ્રખ્યાત કવિ ભર્તૃહરિને રાજ્યની લગામ સોંપીને, ભારત દેશ તથા તેની રાજકીય બાબતોનો અભ્યાસ કરવા તે નીકળી પડ્યો. અને કેટલાંક વર્ષ વીત્યા બાદ કૌટુંબિક ઉપાધિને લીધે સંસારથી વિરક્ત બની તે ભર્તૃહરિએ [illegible] પ્રધાનોને સોંપી સંન્યાસ લીધો.[11] આ ખબર વિક્રમને મળતાં, તે ઉતાવળે રાજધાની

(૯) પી ધિંહુ દેસરી અને મિ. કે. અન્યુરાર આયંગાર ઈ. સ. [illegible] (ઈ. સ. પૂ. ૩૦૦ થી ઈ. સ. ૧૨ [illegible] સુધી) તે પુસ્તકમાં પૃ. ૧૨૮ અને આગળ તથા પૃ. ૧૨૯ અને આગળ જુઓ.

(૧૦) ગર્દભીલ તે આગળ અને ગાદી વિક્રમાદિત્યનો પિતા [illegible] વિક્રમના જેવા આ [illegible] તેના [illegible] સાથે તેનો કરેલ અને બધાય આખરે તેમજ છે.

(૧૧) આ કવિનો બનાવ વિવેચન કરે ઈતિહાસ ઘણી [illegible] છે કે તેમના [illegible] [illegible] આપીએ. પણ અહીં એમ લખવાની જરૂર છે કે આ ગ્રંથ

[illegible] વિક્રમાદિત્ય [illegible] (આ [illegible]) વિશેષે વાર્તા (Folk-lore) [illegible] પશ્ચિમ વિદ્વાનો-આવે [illegible] [illegible] [illegible] [illegible] વિદ્વાન તેને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે તેમણે જ [illegible] [illegible] છે. અને તે પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેમણે પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેમણે [illegible] પુસ્તકો [illegible] [illegible] [illegible] [illegible]

આવ્યો, જબરૂ લશ્કર એકત્રિત કર્યું અને શક તથા પાર્થિઅનોને હરાવી ઉત્તર હિંદમાં તેણે પુષ્કળ વિજય પ્રાપ્ત કર્યો " આ વાક્યમાં જે અન્ય ઐતિહાસિક બનાવો રજુ કરાયા છે તેનો પરિચય યથાસ્થાને આપણે આપીશું, પણ અત્ર તો સંખ્યાને અંગેજ માત્ર વિચાર કરવાનો હોવાથી તે બાબત લેતા, એક રીતે શકુનેજ રાજાની નામાવલીમાં ઉમેરી શકાય અને તેમ કરતા છની સંખ્યામાં એકની વૃદ્ધિ થતા પાછા સાતે સાત થઈ રહે છે પણ જો શકુ, ભર્તૃહરી અને વિક્રમાદિત્યને બે વખત ગાદીએ બેસતો ગણીને આંક સંખ્યા ગણવામાં આવે, તો પ્રથમના છ માંથે ગણતાં તેમની સંખ્યા નવ કે દશની થઈ જશે વળી ઉપરનાજ બંગાળી સંશોધનરસિક વિદ્વાન જણાવે છે[૧૨] કે— "He (Vikramaditya) was succeeded by his son Madhavsen, who married Sulochana, daughter to the king of an island of the Arabian Sea=વિક્રમાદિત્યની પછી તેનો પુત્ર માધવસેન ગાદીએ આવ્યો છે અને તે આરબી સમુદ્રમાના એક ટાપુના રાજાની કુંવરી સુલોચનાને પરણ્યો હતો " એટલે કે તેમના મત પ્રમાણે વિક્રમાદિત્યના પુત્રનુ નામ માધવસેન છે, જ્યારે ટી ન ૪ (ડ) અને ન ૬ માં ટાંકેલા શ્રીમેરૂતુંગ વિચારશ્રેણિના અવતરણાનુસાર એમ જણાય છે કે વિક્રમાદિત્યની પછી તેનો પુત્ર વિક્રમચરિત્ર ઉર્ફે ધર્માદિત્ય ગાદી ઉપર બેઠો છે આમ બન્ને ગ્રંથકારોના વચનો ભિન્ન થઈ જાય છે એટલે માધવસેનને અને ધર્માદિત્યને ભિન્ન ભિન્ન વ્યક્તિ માની લઈને કદાચ તે બન્નેનો સમાવેશ ગર્દભીલ વંશી મહીપતિઓની નામાવલીમાં કરવો પણ રહે. અને તેમ થતા તેની સંખ્યા નવ કે દશની થાયજ જેમ નામની સંખ્યામાં છ માંતથી માંડીને દશ સુધીનો સુધારો કરવો આવશ્યક લાગે છે, તેમ તે સર્વેના રાજ્યત્વકાળ માટે પણ વિદ્વાનોના મંતવ્યમાં ફેરફાર હોવાથી તેના સમયમાં પણ ફેરફાર કરવોજ પડે છે, અરે કદાચ રાજ્યત્વકાળ માટે સર્વે સહમત હોય તો પણ જ્યારે ભૂપતિઓની સંખ્યા વધે, ત્યારે તે પ્રમાણમાં આખા વંશનો સમય-(આદિ સમય તેને તેજ કાયમ રાખવાનો છે એટલે અંત સમય) તો ફેરવવો જ રહે જેથી તે વંશનો અંત ઉપરના લિસ્ટમાં જણાવ્યા પ્રમાણે ઇ સ ૭૮ થી ખસેડીને આગો લઈ જવો પડશે તે સ્વભાવિક છે, અને તેમ કરવુ તે વ્યાજબી થઈ પડશે, કેમકે તે પ્રશ્ન પણ આપણે વિચારવો રહે છે વસ્તુસ્થિતિ સૂચવે છે કે તે સમય ઇ સ ૭૮ થી હઠાવીને ઘણો આઘો લઈ જવાથીજ બધી ઘડ મળી રહેશે, કારણ કે ગર્દભીલપતિઓ અવંતિમાં ગાદી ભોગવતા હતા[૧૩] એટલુ તો ચોક્કસ છે જ એટલે આપણે એમ વિચારવુ રહેશે કે, ઇતિહાસમાં એવા કયા ભૂપતિઓ નજરે ચઢી શકે છે કે જેઓ પોતે ઇ સ ૭૮ બાદ વહેલામાં વહેલા સમયે અવંતિપતિ બની બેઠા હોય, અથવા તો એવા પ્રબળ પ્રતાપી તેઓ થયા હોય કે આ ગર્દભીલોને અવંતિમાંથી હાંકી કાઢયા હોય ઇતિહાસનો આપણો અભ્યાસ આવી બે ત્રણ સત્તા ઉપર આપણું ધ્યાન ખેંચી લઇ જાય છે ઉત્તર હિંદમાના સત્તાધારી ઇન્ડો પાર્થિયન્સ, કુશાન વંશી અને ચષ્ઠણ ક્ષત્રપ વંશીઓ તથા દક્ષિણ હિંદમાના અંધ્રપતિઓ, એમ કુલ ચાર

વળી બંગાળી સાહિત્ય, ગુજરાતી સાહિત્ય કરતા વિશેષ સમૃદ્ધ છે અને તેમા પણ આ વિદ્વાન લેખકના વિચારો તો પયરાયલા સાંપડયા જ માત્ર કહી શકાય એટલે નક્કી માનવું રહે છે કે ઉપરની મનાતી આવેલી બાબતો દંતકથાઓ નથી, પણ જનતાના છુહવાયરે સચવાઇ રહેલી ખરી ઐતિહાસિક ઘટનાઓ જ છે.

(૧૨) જુઓ હિં હિ પૃ ૬૩૯.

(૧૩) ઇ એ પુ ૧૦ ઈ સ ૧૮૮૧ પૃ ૨૨૨— The Gardabhillas were the rulers of Ujjain= ગર્દભીલ રાજાઓ ઉજ્જૈનના શાસકો હતા એમ પ્રૉ. ઓલ્ડન બર્ગનુ પણ કહેવુ થાય છે (વળી જુઓ કો આ રે. પ્રસ્તાવના પૃ ૬૯)

મતાઓ આપણી આમ થઈ છે. તેમાં ઈ. પ્રે. પાર્થિ અન્મના ઉમેરા વહનવાહ બુધિયા તેમને ઈ. સ. ૪૫ આસપાસ (જુઓ પુ ૩ માં તેનું વર્ણન) ક્ષિતિ ત્યાગ કરી ઈ.૩૮માં માહીષ્મતિ જવાનું જણાવ્યું છે તેમ કુશાન વંશના પહેલા બે પુરુષોએ તો ક્ષિતિ રાજ્યપ્રાપ્તિ કરી નથી. જ્યારે ત્રીજો જેને કનિષ્ક નામથી ઇતિહાસકારોએ ઓળખાવ્યો છે તેણે ક્ષિતિ માહીષ્મતિ[14] કરી છે ખરી પણ તેની રાજસત્તા મથુરાની દક્ષિણે જણાઈ નથી. એટલે તેના પણ અવન્તિ સુધી આવ્યા હોય તે કલ્પના પણ કરવી રહેતી નથી. આ પ્રમાણે ઉત્તર હિંદ તરફથી તે વંશની વિચારણા પૂરી કરી છે. જ્યારે શ્રી ... વંશ જે ... પ્રજાનો રહ્યો તેમણે અવન્તિની ગાદી મેળવી પણ દેખાય છે તેમ તેઓ કોઈ પણ ઈ. સ. ... એટલે તેમનો વિચાર આપણે દૂર કરવો જ રહે છે. ઉપરાંત બીજા વંશ જે દક્ષિણના અધિપતિઓનો છે તેમાંના કોઈએ પણ જો દક્ષિણ હિંદના સ્થાપિત ઉપરાંત ઉત્તર હિંદમાં પણ પગપેસારો કર્યો હોય, તો માત્ર બે નૃપતિઓ નામ નામ કહી શકાય તેવા છે. એક વસિષ્ઠપુત્ર શાતકરણી છે. બીજો શાતકરણી અને ત્રીજો રાણી નાગનિકાનો પૌત્ર ગૌતમીપુત્ર શાતકરણી. આમાંના પહેલાના સમય ઈ. સ. પૂ. ૨૨૪ નો ઠરાવ્યો છે (જુઓ પુ. ૩ માં પૃ ૭૩) એટલે તે આપણી વિચારણાની બહાર જતા રહે છે જ્યારે બીજો જે ગૌતમીપુત્ર શાતકરણી—રાણી નાગનિકાનો પૌત્ર છે તેનો સમય વિદ્વાનોએ ઈ. સ. ૭૮ ગણાવ્યો છે (જો કે તેનો ખરો સમય તો અન્યથા છે જે આપણે પુ. ૫ માં જોવું રહે છે) પણ તેણે ઉત્તર હિંદમાં રાજ્યાભિષેક કર્યો હોય એમ કોઈ કહેતો પુરાવો નીકળતો નથી. તેણે જો કે સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર—અરે

કદાચ નિષ્પા ખાત મેળવીને અવન્તિની ભૂમિ ઉપર પણ પગ મૂક્યો છે ખરો. ત્યાં તે અવન્તિપતિ હોવાના પુરાવા નથી જ એ તેમ થયું હોત તો, રાણી નાગનિકાએ પોતાના પૌત્રની વર્ણના ભાગે જે શિલાલેખ કોતરાવી મૂક્યો છે તેમાં "દક્ષિણાપથપતિ = Lord of the Deccan" લખ્યું છે તે સ્થાને "અવન્તિપતિ = Lord of Avanti" જેવા શબ્દો ઉમેરવાને તેણી જરૂર પણ ચિંતન કરતે ખરી જ ! મતલબ કે અવન્તિના ગાદીપતિ અધિપતિનો વિચાર કરવાનું પણ દૂર જ રહે છે. એટલે ચાર રાજસત્તામાંથી કોઈ રીતે હવે માત્ર એક જ ગર્દભિલ્લ વંશનો જ પ્રશ્ન વિચારવો રહે છે.

આ ગર્દભિલ્લ વંશ તેમજ ઉપર જણાવ્યા મુજબ ... એ મહા પ્રતાપી રાજવી થયો છે તેણે સૌરાષ્ટ્રના રાજ્યપાટ સમા જૂનાગઢ શહેર ની પાસેના રૈવતક પર્વતની તળેટીના સુદર્શન તળાવની પ્રશસ્તિ કોતરાવવામાં પોતાનો મોટો હિસ્સો પૂર્યો છે. તેમાં ૫૨ (બાવન)ની સાલનો આંક છે તેને શક સંવત માનીને તેનો સમય ૭૮+૫૨=ઈ. સ. ૧૩૦ નો વિદ્વાનોએ ઠરાવ્યો છે અને તે પ્રશસ્તિ કોતરાવ્યા પૂર્વે આશરે સોએક વર્ષે અવન્તિપતિ તે (એટલે તેનો આદિ પુરુષ અને તેનો દાદો ચષ્ટણ મહાક્ષત્રપ) બન્યો હોય એમ ગણી તે સમય ઈ. સ. ૧૨ આવે છે જ્યારે ખરી ગણતરીમાં તે ઈ. સ. ૧૪૨ આવે છે[15] એટલે તે સમયે તેણે જે અવન્તિની ગાદી મેળવી છે તે, આપણે જે ગર્દભિલ્લ વંશી રાજાઓની બાબતમાં ... તેમની પાસેથી જ મળેલ કે ગર્દભિલ્લ વંશનો અંત ઈ. સ. ૧૪૨ ની આસપાસમાં આવ્યો હતો એમ નોંધવું રહે છે. જ્યારે આ બાબત પણ હવે નક્કી થઈ ગયો ત્યારે તેના પ્રારંભની સાલ જે ઈ. સ. પૂ.

(14) પ્રોફેસર રેપ્સન ... ઈ. સ. ૪૫ માં ગાદી ... અને કુશાનવંશી કનિષ્ક પ્રથમ ... તેનો સમય વિદ્વાનોએ ઈ. સ. ૭૮ ગણાવ્યો છે. જ્યારે મારી ગણતરી ઈ. સ. ૧૦૩ છે. જેથી વર્ષો પૂ. ... ના ... મળી છે ... [illegible]

... છે. તેમાં થઈ ગયા તે ... [illegible] ... તે આપણે આ ... જ વિચારવું રહે છે. તે ... [illegible] ... કહી શકાય નહિ.

(15) આ ... આગળ પુ. ૫માં ... [illegible]

૭૪ ની કહી છે તે હિસાબે, આ આખા વંશનો રાજ્યકાળ ૧૪૨+૭૪=૨૧૬ વર્ષનો આપણે કહી શકીશું, તેમાંથી વચ્ચેના સાત વર્ષનું શક રાજ્ય બાદ કરતાં તેનો સમય ૨૦૯ વર્ષનો કહેવાય, અને તેમાં પણ પ્રથમના દશ વર્ષ રાજા દર્પણના જે છે, તે બાદ કરીએ તો બાકીના ૧૯૯ વર્ષ પર્યંત તે વંશની સત્તા, અખંડિત પણે અવંતિ ઉપર પ્રવર્તી રહી હતી એમ નિઃસંદેહપણે કહી શકાય વળી તે વંશના રાજાની સંખ્યા દશની ઠરાવાય છે જ્યારે ઉપરમાં તો આપણે ૭ લખી ચૂકયા છીએ એટલે બાકીનાને યથા સ્થાને ગોઠવી તેમની સમસ્ત વંશાવળી નીચે પ્રમાણે આપીએ તો ઠીક ઠીક સ્વરૂપમાં તે દર્શાવી લેખાશે

	મ સ	મ સ	વર્ષ	ઇ સ પૂ	ઇ મ પૂ
(૧) ગંધર્વસેન[16] દર્પણ ગંધરૂપ	૪૫૩	૪૬૩	૧૦	૭૪	૬૪
શક પ્રજાનું રાજ્ય	(૪૬૩ થી ૪૭૦ = ૬૪ થી ૫૭ = ૭ વર્ષ)				ઈ સ.
(૨) વિક્રમાદિત્ય	૪૭૦	૫૩૦	૬૦	૫૭	૩
[17]અંતર્ગત રાજુ	૪૭૦ – ૪૭૦ ૬ માસ,			૫૭ ૫૬	
ભર્તૃહરી શુક્રાદિત્ય	૪૭૦ થી કેટલાક વર્ષ			ઇ મ	ઇ સ
(૩) માધવાદિત્ય[18]	૫૩૦	૫૭૦	૪૦	૩	૪૩
(૪) ધર્માદિત્ય[19]	૫૭૦	૫૮૦	૧૦	૪૩	૫૩
(૫) વિક્રમચરિત્ર માધવસેન[20]	૫૮૦	૬૨૦	૪૦	૫૩	૯૩
(૬ તથા ૭) બે રાજાઓ	૬૨૦	૬૩૪	૧૪	૯૩	૧૦૭
(૮) ભાઇલ્લ[21]	૬૩૪	૬૪૫	૧૧	૧૦૭	૧૧૮
(૯) નાઇલ્લ	૬૪૫	૬૫૯	૧૪	૧૧૮	૧૩૨
(૧૦) નાહડ	૬૫૯	૬૬૯	૧૦	૧૩૨	૧૪૨

કુલ વર્ષ = ૨૦૯

(૧૬) જુઓ પૃ ૪ ઉપર હિં હિ પૃ ૬૩૮ નું ઇંગ્રેજીમાં અવતરણ

(૧૭) જુઓ આગળ તેમના વૃત્તાંતે

(૧૮) નં ૩ થી ૧૦ સુધીનો એકંદર સમય ૧૩૯ વર્ષનો (ઇ, સ ૩ થી ૧૪૨ સુધી) સાચો સમજવો રાજાના નામ પણ સાચા સમજવા પણ તેમનો અનુક્રમ તથા પ્રત્યેકનો રાજ્યકાળ કલ્પનાથી ગોઠવ્યો છે એમ સમજવું

(૧૯) નં ૨ અને ૩ ના રાજ્ય લાંબા છે, અને એક સિદ્ધાંત એવો છે કે, પિતા પુત્ર ગણાતા હોય તેવા ત્રણ રાજાઓ એક પછી એક ગાદીએ બેસીને લાંબો સમય રાજ્ય ચલાવી ન શકે (જુઓ પુ ૧ પૃ ૮૮) માટે નં ૪ નું રાજ્ય નાનું ઠરાવવું પડયું છે અને નં ૫ નું પાછું દીર્ઘ સમયી કર્યું છે વળી એક રીતે વિક્રમચરિત્રને વિક્રમાદિત્યનો પુત્ર ગણાવે છે ત્યારે બીજી બાજુ વિક્રમાદિત્યના પુત્ર તરીકે માધવાદિત્યને લેખવે છે માટે માધવાદિત્ય કાયમ રાખી આ વિક્રમચરિત્રને માધવસેન ગણાવવો પડયો છે વળી માધવાદિત્ય અને માધવસેન બન્નેનો સમય ૪૦ વર્ષનો હોવાથી પ્રાચીન લેખકોએ, બન્ને ને એક ગણીને નં ૩,૪ ઉડાવી દઇને નં ૫ ને જ નં ૨ ના પુત્ર તરીકે મનાવી દીધો છે આ પ્રમાણે અનેક ગૂંચવણો કરી નાખી છે દરેકનો ઉકેલ નં ૨, ૩, ૪ અને ૫ એમ ચારે વ્યક્તિ ભિન્ન ધારી લેવાથી આવી જાય છે તેમજ આખા વંશનો સમય પણ તુરત ગોઠવાઈ જાય છે વળી જે એક ગૂંચ રાજતરંગિણિકારે ઉભી કરી છે તેનો નિચોડ પણ આવી જાય છે (જુઓ તે માટે આગળ ત્રીજા પરિચ્છેદે વિક્રમાદિત્યના રાજ્ય વિસ્તારના વર્ણનમાં)

(૨૦) નં ૮, ૯, ૧૦ના ગાદીપતિ તરીકે શું નામ હતા તે જણાયું નથી

(૨૧) માધવાદિત્ય (નં ૩) અને માધવસેન (નં ૪) બન્ને નામ સાદૃશ લાગતા હોવાથી તથા બન્નેના રાજ્ય

રાજા નરવાહનના મરણ પછી અવંતિની ગાદી તેના જમાઈ [illegible] ન મળતાં ગર્દભીલ વંશમાં ગઈ છે. આ ગર્દભીલ વંશનો

તેમની ઉત્પત્તિ વિષે

આદિ પુરુષ રાજા ગર્દભ ઉર્ફે ગંધર્વસેન રાજા હતો? શી રીતે તેનો હક પહોંચ્યો? તથા શી રીતે ગાદી આવ્યો? વિગેરે કાંઈ પણ માહિતી મેં પુસ્તકમાં સ્પષ્ટ રૂપે તેના સંબંધી જણાવવામાં આવી નથી. પરંતુ [illegible] મારા વાંચવામાં આવ્યું છે તે સંકલિત કરીને તેના વિષે જે અનુમાન મેં કર્યું છે તે અત્રે જણાવીશ.

મિ. [illegible][21] કહ્યું છે કે—તેઓ (વિક્રમાદિત્યો) જન્મ [illegible] થયો હતો. તે નગરીને તે સમયે [illegible] પણ ઓળખાતી હતી. જ્યારે મિ. બીજા પુસ્તકમાં[22] એમ જણાવાયું છે કે— A strange tale is prevalent in north-west India. A Gardabha marrying a daughter of a king of Dhar (Asia. Res. Vol. VI p. 38, & Vol. IX p 149) = [illegible] પ્રતિમાં[23] મિ. વિલ્ફર્ડનો પ્રબંધ છે. (1) મિ. ગર્દભે[24] ધારના રાજાની કુંવરી પરણી હતી (એશિ. રી. પુ. ૬ પૃ. ૩૮ તથા પુ. ૯ પૃ. ૧૪૯) વળી તેમ કહેવામાં મિ. સ્મિથે[25] જણાવ્યું છે કે— Before their (ancestors of Vikramaditya) occupation of Malwa they probably lived in Anandapur[26] near Udaipur (Mewar)=(વિક્રમાદિત્યના વડવાઓએ) માળવા કબજે કર્યું તે પહેલાં તેઓ ઘણું કરીને (મેવાડના) ઉદેપુરની નજીકના આનંદપુરમાં[26] રહેતા

[illegible] પણ ચાલીસ વર્ષ સુધી [illegible], તે બન્નેને [illegible] નથી [illegible] છે. [illegible] તેમ [illegible] પણ [illegible] જણાવ્યું છે.

(૨૧) [illegible] પુ. ૯ પૃ. ૯૨

(૨૨) હિ. હિ. પૃ. ૧૧૯ (આ [illegible] એમ [illegible] ઈ. પુ. [illegible] તે [illegible] જણાવ્યું છે)

(૨૩) [illegible] આ [illegible] સુધી [illegible] તેમ [illegible] ઉપર વિક્રમાદિત્યના વડવાઓ જુઓ

(૨૪) ગર્દભ શબ્દ સંસ્કૃત છે અને તેનો અર્થ [illegible] થાય છે [illegible] નહીં [illegible] ગર્દભ તે [illegible] નથી પણ ગર્દભિલ [illegible] નહીં તો તે [illegible] ગર્દભ [illegible] વિચિત્ર [illegible]

(૨૫) જુઓ હિ. હિ. પૃ. ૧૨૮

(૨૬) આનંદપુરના સ્થાન વિષે નીચેની ટી. નં. ૧ જુઓ. [illegible] હાલનું ઉદેપુર નગર (New Udaipur) અને આ અતિ (Probably) શબ્દો જ વાપર્યા છે તે આ હિ. હિ. ના [illegible] છે.

(૧) તેણે આનંદપુરને [illegible] ઉદેપુર નગર [illegible] (જુઓ [illegible] ટી. ૨૭) પણ તે તેમની [illegible] છે પરંતુ તે ઉદેપુર નગર પાસે આનંદપુર હોવાનું જણાયું નથી.

આનંદપુર નામે ઘણાં શહેર હોવાનું જણાય છે (જુઓ [illegible] પ્રસિદ્ધ [illegible] નામનું માસિક પુ. [illegible] પૃ. ૧૩૩ થી [illegible] તથા [illegible] પુ. [illegible] પૃ. [illegible] તથા ૩૨૮ થી [illegible] આનંદપુર, [illegible] પુ. ૧ [illegible] ૧૯૮૮ આનંદપુરનું [illegible] નામ [illegible] વિગેરે જણાવી.

(૨) મિ. આનંદપુર [illegible] જણાવે છે [illegible] નથી [illegible] છે [illegible] જોવામાં આવે છે [illegible] ૯ ૮ ના [illegible] નામે [illegible] ઘણો [illegible] તેને આ [illegible] હતો [illegible] જરૂર છે

(૩) [illegible] આનંદપુરની [illegible] છે કે [illegible] આવેલ [illegible] અને [illegible] આનંદપુર અને આનંદનગર [illegible] જેવા [illegible] છે. (જુઓ નીચે નં ૩).

[illegible] આનંદપુર

થાય છે તે વિષે કોઈ પણ જાતનો શક ઉઠાવી શકાય તેમ નથી."

(૪) "શક સંવત" એટલે શક પ્રજાએ ચલાવેલો સંવત અથવા શક પ્રજાને જે માન્ય હતો તેવો સંવત–"It may mean, the Era of the Saka nation themselves, or the Era used by the nation who call themselves Sakas e g "But whatever their nationality may have been, it seems extremly probable that in later times, they (western kshatrapas) are actually called "Sakas" and it may be suggested that the name which was generally accepted at a later date for the era used by them, may not have been derived from the fact that, it was originally founded by a Saka king, as is generally assumed but from the fact that, it became best known in northern India, as the era which was used for so long a period by these Saka kings (Saka–Nrupa–kala)= તેઓ[૩૧] ગમે તે જાતની પ્રજા હોય, છતાં એટલું સોવસા ચોક્કસજ છે કે, તેઓ (ચષ્ઠણવંશી ક્ષત્રપો)ને આગળ જતા શક તરીકેજ[૩૨] ખરેખર રીતે ઓળખવામા આવ્યા છે અને (તેથી) એમ સૂચન કરી શકાશે, કે જે શકનો તેઓ સામાન્ય રીતે ઉપયોગ કરતા હોવાનું મનાયુ છે, તેનું નામ જેમ સાધારણ રીતે ધારવામાં આવે છે કે તેનો મૂળ સ્થાપક શક રાજા હતો તેથી તેને શક સંવત કહેવાય, એમ ભલે ન બન્યુ હોય, છતાં એટલું તો સત્ય છે જ, કે આ શક રાજાઓએ ઘણો લાબો કાળ ઉત્તર હિંદમા તેને વાપર્યે રાખ્યો હતો, તેથી તે નામ પડી ગયુ હોય" એટલે તેમના કહેવાની મતલબ એ છે કે, ચષ્ઠણ ક્ષત્રપવાળી પ્રજાને શક કહેવાઈ છે અને તેથીજ, તેમણે જે શક સંવતનો ઉપયોગ કર્યો છે, તેનું નામ શકસંવત છે આ શકસંવતના અર્થ બે રીતે થઈ શકે છે એક તો શકરાજાએ સ્થાપેલ સંવત અને બીજો અર્થ, શક પ્રજાએ ઘણો લાબો કાળ જે સંવતનો વપરાશ કર્યે રાખ્યો હતો તેવો સંવત આ બે અર્થમાથી બીજો વધારે સંભવિત હોય એમ તેમનું મતવ્ય થતુ જાય છે ગમે તે અર્થમા ઘટાવો પરતુ તેને શક પ્રજાની સાથે સબંધ છે એમ કહેવાની મતલબ છે

(૫) 'શક–નૃપ–કાલ' એવો શબ્દ પણ વાપરવામા આવે છે[૩૩] આ શબ્દનો પદચ્છેદ કરતા તેમાં કયા કયા અર્થ સમજી શકાય તેમ છે તે તપાસવાની જરૂર છે તેમા ત્રણ શબ્દનો સમાસ થયો દેખાય છે એટલે ત્રણ અર્થ સામાન્ય રીતે તેમાથી નીપજાવી શકાશે, (અ) શકનૃપ–કાલ (બ) શક–નૃપકાલ (ક) અને શક–નૃપ–કાલ તે ત્રણે શબ્દો એક પછી એક લઇએ તેમાનો (અ) પ્રથમ શકનૃપ–કાલ, એટલે કે શકપ્રજાનો જે રાજા છે તેનો સંવત, પછી તે રાજા પોતે શક હોય કે ન પણ હોય વધારે સંભવિત એમ દેખાય છે કે તે પોતે શક જાતિનો નહોતો જ

નથી તેની ચર્ચા આ પુસ્તકમા નવમા ખંડે કરવામા આવશે અહીંનો શક શબ્દ તે સંવત્સરના ભાવાર્થમા વપરાયો છે એટલુ બતાવવા પુરતુંજ આ દૃષ્ટાંત છે અને તે સત્ય છે એમ સમજવાનું છે

(૩૧) જુઓ ટી નં ૨ પારિ ૮૪

(૩૨) આ ચષ્ઠણક્ષત્રપોને વિદ્વાનોએ શક તરીકે ઓળખાવ્યા છે પણ ખરી રીતે તેઓ શક નથીજ તેનો આપણે પુ. ૩મા અવાર નવાર ઉલ્લેખ કરી ગયા છીએ (જુઓ નહપાણના વૃત્તાંતે)પણ વિશેષ અધિકાર આગળ ઉપર ચષ્ઠણની હકીકતે લખવામા આવશે છતા અત્રે શક તરીકે વિદ્વાનોનું કથન જે મે અંગીકાર કર્યું છે તે એટલા માટે કે અહીં તે સઘળા રાજાઓની જાતિ વિશેની ચર્ચા કરાતી નથી તેથી જ અહીં તો 'શકનૃપકાળ' શબ્દનીજ ચર્ચા થાય છે માટે અંગીકાર કરવામાં કાંઇજ ફેરફાર થઇ જતો નથી

(૩૩) ઉપર ટાંકેલુંજ વાક્ય જુઓ

—the king of the Saka nation meaning he is the king of the Saka people but it does not encessary follow that he himself is a Saka, rather it clearly denotes that he himself was not a Saka અને sometime. એટલે આધારે સમાસનો અર્થ એ થશે કે, During the time of the king, who ruled over the Sakas = શક પ્રજા ઉપર જે રાજાનું રાજ્ય સ્થાપિત થયું હતું તેવા રાજાના રાજ્ય અમલે—ઈ. ઈ. (ગ) શક—નૃપ—કાલ તેમાં શક તે પ્રજાનું વિશેષણ છે. એટલે કે રાજા પોતેજ શક જાતિનો હતો તેવા રાજા અમલે એવો અર્થ થશે—it means, he himself was a Saka પણ જે પ્રજા ઉપર તેનું રાજ્ય ચાલતું હતું, તે પ્રજા શક હોય યા ન પણ હોય. અથવા નહોતી એવો અર્થ નીકળી શકે છે—but it is not necessary that the subjects, over whom he ruled, were also the Sakas and not others; or probably they were not the Sakas. (ઘ) શક—નૃપ—કાલ: તેમાં શક=સંવત the Year નૃપ = રાજા the King અને કાલ= સમય the reign. એટલે તે આખા સમાસનો અર્થ એમ કરી શકાય કે તે રાજાના રાજ્ય અમલના અમુક વર્ષે આવા બનાવો બન્યા—in so many years of the king's reign અથવા સામાન્ય રીતે શિલાલેખોમાં જે એમ લખવામાં આવે છે કે તે રાજાનો રાજ્યાભિષેક થયા બાદ અમુક વર્ષે—or what we generally find mentioned as, in so many years after his coronation. આ પ્રમાણે આ શબ્દના છૂટાછૂટા ભાગ પાડીને વિવિધ રીતે જોવાથી જુદા પ્રકારના વિવિધ અર્થ થઈ શકે છે.

ઉપરના સર્વ અર્થને ટૂંકામાં સુધારીએ તો શક શબ્દના આ પ્રમાણે અર્થ થયા કરી શકાશે (૧) શક નામનો સંવત્સર [જુઓ નં. ૩]. (૨) શક નામની જાતિની પ્રજા [જુઓ નં. ૪ તથા નં. ૫ (ખ)] (૩) પોતે અનેક શક હોય તો [જુઓ નં. ૫ (ગ)] (૪) શક એટલે સામાન્ય રીતે કોઈ પણ સંવત [જુઓ નં. ૧] (૫) આમ વર્ષના અર્થમાં [જુઓ નં. ૫ (ઘ)] અને (૬) ચોક્કસ વિક્રમ સંવત એવા અર્થમાં [જુઓ નં. ૨]

ઉપર પ્રમાણે શક શબ્દના જ્યારે જુદા જુદા અર્થ નીકળી શકે છે ત્યારે તે શબ્દ વપરાયો હોય ત્યાં શું આશય રહેલો હોય તે ધ્યાનમાં રાખીને તે પ્રકાર જ સમજવામાં કેટલી મુશ્કેલી નડતી તથા તેને લીધે ભૂલ ખાઈ જવાતો તેમજ આખો સમજવામાં કેવો અનર્થ થઈ જવાનો સંભવ છે તેનો આપણને સહજ ખ્યાલ આવી શકે છે.

આટલી ટૂંકી તેનો અર્થ વિચારી હવે તેની સ્થાપનાનો વિચાર હાથ ધરીએ. તેના બે ભાગ પાડી શકાશે. એક તેનો કર્તા અને બીજો તેનો સમય. પ્રથમ આપણે તેના સંસ્થાપક વિશે વિચાર કરી લઈએ.

તેનો સ્થાપક કોણ હોય શકે?

પછી સમયનો પ્રશ્ન વિચારીશું. ઉપર જણાવેલ છ અર્થ ઉપરથી તેના સ્થાપક વિશે કાંઈ ખ્યાલ આપી શકાય તેમ છે કે કેમ તે પ્રથમ તપાસી જોઈએ. જ્યાં નં ૨ અને ૩ શક નામની પ્રજા અને તેના રાજા સાથે સંબંધ ધરાવે છે. નં ૧ અને નં ૪ કોઈ વિશિષ્ટ કે સામાન્ય સંવત સાથે સંબંધ રાખે છે, જ્યારે નં ૫ આમ વર્ષ સૂચક જ શબ્દ છે અને નં ૬ વિક્રમ સંવતને સ્થાને વપરાયેલ શબ્દ છે. નં ૬ બાબતમાં તો આપણે અત્રે વિચારવાનું રહેતું જ નથી કેમકે તે આ પરિચ્છેદે વિસ્તારથી ચર્ચી લીધો છે. તેમ નં ૫ ને સ્થાપક નિરુપયોગી છે કે તે એ આદિ બાબતથી પ્રકારના ચાર અર્થનીજ તપાસ કરવી રહે છે. તેમાંથી નં ૧ અને ૩ ના અર્થ, શક જાતની પ્રજા અને રાજા સાથે સંબંધ ધરાવતા જણાયા છે. તેનો વિચાર કરીએ. પ્રથમ કરાર છે કેમકે પુ. ૩ માં દિ. ઉપર થઈ આવેલા જે પરદેશી આક્રમણકારોનું વર્ણન આપણે કરી ગયા છીએ, તેમાં શક નામની એક પ્રજા પણ હતી એટલે તેની આગળપાછળ મળતી આપણને આ

થઈ ગઈ છે, જેથી તેની વિચારણા નિશ્ચયપણે કરી શકાય તેમ છે તેમના વૃત્તાંતે સાબિત કરી ગયા છીએ કે, તેમના બે વિભાગ પાડી શકાય તેમ છે એક શક, અને બીજો હિંદીશક તેમાંયે શકપ્રજાનું રાજ્ય માત્ર ૭-૭ાા વર્ષ[૩૪] ચાલ્યું છે અને હિંદી-શકપ્રજાનું ૨૨ વર્ષ[૩૫] ચાલ્યું છે એટલે આવા ટૂંક સમય સુધી રાજ કરી ગયેલી પ્રજા કે તેમનો કોઈ રાજા કોઇ એવા પ્રભાવવતા હોઇ ન શકે, કે જેથી તેનો સવત્સર સ્થાપન થયો હોય, તેમજ તેમના સમય બાદ પણ ઘણો ઘણો લાંબો કાળ ચાલતો રહ્યો હોય એટલે તે અર્થવાળી સ્થિતિને પણ આપણે વર્જી દેવીજ રહે છે છતા એક હકીકતને પણ આપણે ખ્યાલમા લેવી ઘટે છે, કે આગળ વર્ણવાઈ ગયેલા શક અને હિંદી શકનો સમય માત્ર ઇ સ પૂ ના સમયનો છે પણ કોઇ શકપ્રજા તે બાદ કા થવા ન પામી હોય અને તેમણે પોતાના નામે શક ચલાવ્યો હોય ? વળી એક બીજી બીના ધ્યાનમાં લેવી રહી જાય છે પુ ૩ માં જે પરદેશીઓને આપણે ક્ષહરાટ પ્રજાના શાસકો-જેવાકે ભૂમક, નહપાણ રાજુવુલ, સોડાપ, લીઅક અને પાતિક-તથા ઇન્ડોપાર્થીઅન્સ પ્રજાના રાજકર્તાઓ-જેવાકે મોઝીઝ, અઝીઝ પહેલો, અઝીલીઝ, અઝીઝ બીજો અને ગોંડોફારનેસ-લેખાવ્યા છે છે તેમને અનેક ઇતિહાસકારોએ શક તરીકે ગણી લીધા છે તો તેવી ગણત્રી પણ નજર બહાર જવા દેવાની જરૂર નથી. કેમકે, તેઓએ પોતા પાસે અનેક વસ્તુઓ ઉપલબ્ધ ન થયાને લીધે, ભલે ગલતી કરી નાખી હોય, છતાએ જ્યારે આપણે સંશોધન કરી નગદ સત્યજ તારવી કાઢવાને પ્રયાસ કરી રહ્યા છીએ, ત્યારે જરા જેટલી પણ બાતમી પાછળથી મળી રહી હોય, તો તેની અવગણના કેમ કરી શકીએ ! આ બે હકીકતોનો વિચાર કરી લેવાય, તો પછી માત્ર ન ૧ અને ન ૪ વાળા અર્થનીજ વિચારણા કરવી રહેશે તે સ્થિતિએ પહોચીએ તે પૂર્વે, ઉપરની બે હકીકતો ઉપર દૃષ્ટિપાત કરી લઇએ

ઈ સ. પૂ બાદ અને આ પુસ્તકના સમયની મર્યાદાની વચ્ચેના કાળમા, પ્રથમતા જો કોઇ શક કે તેવી પરદેશી પ્રજા રાજસત્તા ઉપર આવવા પામી હોય, તો તેમા આપણે કુશાનવંશ અને ચષ્ઠણવંશ-વાળાજ લેખાવી શકાય તેમ છે આ બન્ને રાજવંશનાં વૃત્તાંતો આપણે આગળ આપવાના છીએ, એટલે અત્રે તો માત્ર એટલુંજ જણાવી દઈશુ કે તે બેમાથી કોઇને પણ શક તરીકે ઓળખાવી શકાય તેમ નથી છતા કેટલાક વિદ્વાનોએ, ક્ષહરાટ અને ઇન્ડોપાર્થીઅન્સમાના શાસકોને જેમ શક માની લીધા છે, તેમ આ બે વંશના રાજકર્તાઓને પણ શક માની લીધા છે એટલે બીજી હકીકતનો વિચાર પણ આપણે કરવો રહે છે આ સર્વ ભૂલ ભરેલા ખ્યાલના નિરસનની વિચારણા પ્રથમ કરી લેવી પડશે તે માટે ભિન્નભિન્ન વિદ્વાનોનાં મતવ્ય તપાસી જવા પડશે

ઈ એ ના પુ ૩૭ મા પૃ ૩૩ ઉપર સર્વ સામાન્ય મત એવો રજુ કરાયો છે કે "Prof Oldenburg put forth the statement that Kanishka founded the Saka Era and this theory has been generally accepted by the majority of Oriental scholars = કનિષ્કે શકસવત સ્થાપ્યો હતો તેની કલ્પના પ્રો ઓલ્ડનબર્ગે રજુ કરી હતી અને તેને પ્રૌર્વાત્ય વિદ્વાનોમાના મોટા ભાગે સામાન્ય રીતે માન્ય રાખી છે" આ કથનને મળતોજ, પરતુ વિશેષ સ્પષ્ટીકરણ બતાવતો જે અભિપ્રાય એક વિદ્વાને આ બાબતમા અન્ય સંશોધકોના અને વિશારદોના કથનનો અભ્યાસ કરી, તેમાથી સારરૂપે કાઢયો છે, તે તેમણે નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યો છે[૩૬] -શકસંવત, કોઇ લોકો (૧) તુરૂષ્ક એટલે કુશાન વંશી રાજા કનિષ્કનો જુઓ (તેમનું પુ ૧ પૃ ૩), (૨) ક્ષત્રપ નહપાણનો (૩) શકરાજા વેન્સકીનો અથવા

(૩૪) જુઓ આ પુસ્તકે ઉપરમા પૃ ૬૫

(૩૫) જુઓ પુ ૩. પૃ. ૪૦૫ની વંશાવળી.

(૩૬) જુઓ ભારતનો પ્રાચીન રાજવંશ ભાગ ૧, પૃ. ૫,

(૪) કદફીસ અને—અઝ (Azes) ને પ્રચલિત કરેલ માને છે. બારીક તપાસ કરતાં આ ચારે વસ્તુસ્થિતિ અસંભવિત છે કેમકે નં. ૧ વાળા કુશાનવંશીઓ પોતે શકપ્રજા નથી તે હકીકત આપણે આગળ ઉપર સાબિત કરી આપીશું. તેમ નં ૨ નો પ્રથમ નહપાણ પોતે ક્ષહરાટ હતો એટલે કે શક નહોતો જ; વળી નં. ૩ વાળા એસ્કી આગતમાં જણાવાયું કે પ્રથમ તો આવું નામજ ઇતિહાસમાં આપણે સાંભળ્યું કે વાંચ્યું નથી. એટલે તેની સત્યાસત્યતાનું શોધ કરવાનું અશક્ય છે. પણ તેમનો હેતુ વીમકડફીસીસને ઉદ્દેશીને કહેવાનો સમજાય છે અને તેમજ હોય તો તે કુશાનવંશી છે. એટલે તે સંબંધી સ્થિતિ ઉપરના નં. ૧માં જણાવ્યા પ્રમાણે સમજી લેવી. જ્યારે નં. ૪ વાળા અઝીઝ વિષે પુ. ૩માં આપણે સ્પષ્ટ કરી બતાવ્યું છે કે તે ઇન્ડો પાર્થીઅન હતો અને તેણે કોઈ પણ શક ચલાવ્યો જ નથી. મતલબ કે તેમણે રોકેલા આ ચારમાંથી એકના માટે શું કારણ કર્યું છે? આ ઉપરાંત પ્રાચીન ઇતિહાસમાં રસ લેતા અન્ય વિદ્વાનોના અભિપ્રાય પણ આપણે સ્વતંત્ર રીતે વિચારી લઈએ. હર ઇતિહાસનો મત પણ એવો જ છે કે શક સંવત કુશાનવંશી કનિષ્કે સ્થાપ્યો છે જ્યારે મિ. વિન્સેન્ટ સ્મિથ તેમનાથી ભિન્ન પડતાં જણાવે છે કે[૫૩] I do not affirm as a fact that the Saka Era of A. D 78 was established by Kanishka=ઈ. સ. ૭૮ વાળો શકસંવત કનિષ્કે સ્થાપન કર્યો હતો તે હકીકત સત્ય તરીકે હું સ્વીકારતો નથી. આ વાક્યના સમાવેશથી ભલે હકીકત સાથે આપણે અહીં નિસ્બત નથી; એટલે તેની ચર્ચામાં ઉતરીશું નહીં. પણ મિ. સ્મિથના કથનમાંથી એટલું તો ફલિત થાય છે જ કે શક કનિષ્ક પોતે શક નહીં જ હોય. આ પ્રમાણે વિદ્વાનોનાં રજુ કરેલાં મન્તવ્યો ઉપરથી આપણે એટલું ફલિત કરી શકીએ કે તે સંવત્સરો શકપ્રજાના કર્તા તરીકે કુશાનવંશી રાજાઓને માને છે પણ તેઓ શક હોય કે નહીં, તે માટે શંકાના કારણે શિથિલ

ઝભ્ભોમાં મત કરી રહ્યા છે જ્યારે મિ. રેપ્સન નામે વિદ્વાન તો સાફસાફ શબ્દોમાં જણાવે છે કે[૫૪] "One of the main objections brought against the theory that the Saka Era was founded by Kanishka was that, Kanishka was not a Saka but a Kushan=શકસંવતનો સ્થાપક કનિષ્ક છે તે મુદ્દાની વિરુદ્ધ જતું સૌથી મુખ્ય કારણ તો એ છે કે કનિષ્ક પોતે શક નથી પણ કુશાન છે" એટલે તેમની દલીલ એ છે કે, કનિષ્ક પોતે કુશાન હોવાથી તેને શકસંવત (શકપ્રજા કે શકરાજા તરફથી પ્રચારમાં મૂકેલ એવા સંવત)ના પ્રચારક તરીકે કલ્પી શકાય જ નહીં [મારું ટીપ્પણ—યાદ રાખવાનું કે તેમણે આ વખતે શકસંવત એટલે શકપ્રજાનો સંવત્સર કે શકરાજાએ ચલાવેલ સંવત્સર તેવા અર્થમાં તેનો સ્થાપક કનિષ્ક હોઈ ન શકે તે ખાતર કહ્યું હશે કે નહીં કે શકનામક કોઈ વિશિષ્ટ સંવત્સરના સ્થાપક તરીકે. એટલે કે શક શબ્દનો જે નં. ૧નો અર્થ થાય છે તે અર્થમાં કે, શક એટલે કોઈ સામાન્ય રીતે સંવત ચલાવે તેવા નં. ૪ વાળા અર્થમાં] આ પ્રમાણે શક શબ્દના જે ૭ અર્થ થાય છે તેમાંના નં. ૨, ૩ અને ૫, ૬ પડતા નાખવા રહ્યા એટલે બાકી નં ૧ અને ૪ રહ્યા. તેમાં તો શક નામનો સંવત્સર કે શક એટલે કોઈ સામાન્ય સંવત એવાજ અર્થ થાય છે અને તે તે એકસરખો છે જ કે આ સમયે કોઈ સંવત્સર આ કુશાનવંશી કે ક્ષત્રપવંશી રાજાઓએ ભૂમિમાં ચલાવ્યો જ હતો. [જુઓ ઉપરમાં તથા આ પુસ્તકમાં તે બંને વૃત્તાંત—પછી તે ઈ. સ. ૭૮ વાળો સંવત છે કે અન્ય છે આવો કોઈ ભીન્ન ભાવે આવશે છે તે બહુ ન્યારી છે. તેમણે એક સંવત ચલાવ્યો છે એટલું તો સત્ય છે જ] એટલે સર્વ દલીલ અને મતોનું પરિણામ એ આવ્યું ગણાય કે કુશાનવંશીઓએ અથવા ક્ષત્રપવંશીઓએ ઉત્તર હિંદમાં કોઈ સંવત ચલાવ્યો હતો. તેને શક એટલે સંવત એવા

(૫૩) જુઓ અ. હિ. ઇ. ચોથી આવૃત્તિ પૃ. ૨૭૨

(૫૪) જુઓ ક. આં. રે. પારા ૮૯.

સામાન્ય અર્થમા, અથવા તેનું નામજ શકસવત એવા વિશિષ્ટનામથી સબોધી શકાશે–પણ શકપ્રજાએ કે શકરાજાએ ચલાવેલ સવત એવો અર્થ તો તેનો થતોજ નથી આ પ્રમાણે ઉત્તર હિંદમા (નહીં કે દક્ષિણ હિંદમા) પ્રવર્તી રહેલ શકસવતના સ્થાપક વિશેનો વિવાદ પૂરો થઇ રહ્યો જ્યારે દક્ષિણ હિંદમાં જે શકસવત વપરાતો નજરે પડે છે, તેના સ્થાપક વિશેની તપાસ, દક્ષિણ હિંદ ઉપર સામ્રાજ્ય ભોગવતા અંધ્રપતિઓનું વર્ણન કરવાના છીએ, ત્યારે તે ઠેકાણે કરીશુ આ કથનથી એમ પણ સમજાશે કે શકસવત છે બે જાતના, પણ તે બન્ને એકજ છે, કે ભિન્ન ભિન્ન, તે આપણે નીચેના પારિગ્રાફમા સાબિત કરીશુ હવે તેના સમયને લગતો મુદ્દો અથવા અન્ય જે કાંઈ વિશિષ્ટતા છે તે વિચારીએ

તેનો સમય તથા અન્ય વિશિષ્ટતાઓ

સામાન્ય રીતે જ્યાં જ્યા "શકસવત" એવા શબ્દ ઉચ્ચારાય છે કે વાંચતાં વાચતાં નજરે પડે છે ત્યાં ત્યાં તુરત જ, દક્ષિણ હિંદમાં પ્રવર્તી રહેલ શકસવતજ આપણી દૃષ્ટિમા તરવરતો દેખાય છે તે શક સવત વિશેષપણે વૈદક મતાનુયાયીઓ વાપરતા જણાય છે તેમના ગ્રંથાનુસાર[૩૯] આ શકસંવત અને વિક્રમસવતની વચ્ચેનું અંતર ૧૩૫ વર્ષનું ગણાય છે અને વિક્રમસવત તથા ઇસ્વીસન વચ્ચે, આપણે સઘળા જાણીએ છીએ તે મુજબ, ૫૭ વર્ષનું અંતર છે એટલે આ ત્રણ પ્રકારના સવતોમાં પ્રથમ વિક્રમસંવત છે તેનો સમય ઇસ્વીની પૂર્વે ૫૭ વર્ષનો હોવાથી ઇ સ પૂ ૫૭મા તેનું ચલણ થયું હતું એમ[૪૦] કહી શકાય છે તે બાદ ઇસુભગવાનના સ્મરણમા ચલાવાયલો સવત જેને આપણે ઇસ્વીસનના નામથી ઓળખી રહ્યા છીએ તે, અને સૌથી છેલ્લો શકસવત ચાલુ થયો છે એમ કહેવાય એટલે તેનો સમય ૧૩૫–૫૭=૭૮ સ ૭૮ કહી શકાય મિ રેપ્સન પણ ઠીકજ કહે છે કે,[૪૧] The years of the Saka Era, bginning in A D 78 There can be no possible doubt=શકસવતનો પ્રારભ ઈ સ ૭૮માં થયો છે તે વિશે લેશપણ શકા નથી[૪૨] જૈનગ્રથોમા પણ તેજ મતલબનું લખાણ મળી આવે છે કે[૪૩] "વીર નિર્વાણથી ૬૦૫ વર્ષ અને ૫ માસ બાદ શકરાજા હોઈગા" બીજા ગ્રથોમા પણ તેજ આશયનું કથન છે[૪૪] યતિ રૂષભના સમયે નીચે પ્રમાણે ત્રણ માન્યતા પ્રવર્તતી હતી

(૧) વીરનિર્વાણથી ૯૭૮૫ વર્ષ ૫ માસે શકરાજા હુઆ
(૨) ,, ૧૪૭૯૩ , ૫ ,, ,,
(૩) ,, ૬૦૫ ,, ૫ ,, ,,

આ માન્યતામાં દર્શાવેલા પ્રથમના બે રાજા સાથે હાલ આપણે નીસ્બત નથી તેથી તે ઉપર વિચાર કરવાનું છોડી દઈશું જ્યારે ત્રીજાના સબંધમાં જે ૬૦૫ વર્ષ લખ્યા છે તે 'વીરનિર્વાણ'થી ગણવાનુ ચોખ્ખુ કથન છે અને વીરનિર્વાણનો સમય વિક્રમ સંવત પૂર્વે ૪૭૦ અથવા ઈ સ પૂ ૪૭૦+૫૭=૫૨૭ મનાયો છે[૪૫] એટલે તે હિસાબે ગણતા ૬૦૫–૪૭૦ =૧૩૫ વિક્રમસવતના અને ૬૦૫–૫૨૭=૭૮ ઈ સ આવી રહે છે અને ઉપર વૈદિકગ્રથોના આધારે પણ તેજ સમય બતાવાયો હોવાનું આપણે જણાવ્યુ છે, મતલબ એ થઇ કે, વૈદિકમતથી, જૈનમતથી, તેમજ વર્તમાન વિદ્વાનોની માન્યતાથી, શકસવતની સ્થાપનાનો

(૩૯) જુઓ સમગખંડે, પ્રથમ પરિ ટી ન ૨

(૪૦) જુઓ વિક્રમસવતવાળો પરિચ્છેદ તથા વિક્રમાદિત્ય રાજાનુ વૃત્તાત

(૪૧) જુઓ કે આ ૨ પારિ ૮૩ તથા જ રો એ. સો ૧૮૯૯ પૃ ૩૬૫.

(૪૨) ધ્યાનમા રાખવાનું છે કે આ કથન તેમણે સર્વ વિદ્વાનોનું જે સામાન્ય મતવ્ય છે તેને અનુલક્ષીને કર્યું છે; સામાન્ય મતવ્ય એ છે કે, ઉત્તર હિંદનો અને દક્ષિણ હિંદનો શકસવત એકજ છે

(૪૩) ના પ્ર પત્રિકા પુ ૧૦ અક ૪, પૃ ૭૨૨-૨૩; નેમિચંદ્રજીનો તિલોકસાર તેમજ યતિરૂષભજીનો તિલોયપન્નતિ.

(૪૪) ના પ્ર પુ પત્રિકા પુ ૧૦, અક ૪, પૃ. ૭૩૨ ટી. ન ૮

(૪૫) જુઓ પુ ૨, પરિ. ૧.

સમય ઈ. સ. ૭૮ન્યિક્રમસંવત ૧૩૫ન્મ. સ. ૧ પણ મનાયા છે અને સર્વે એકમત છે એટલે વિશેષ ચર્ચાની તે માટે જરૂર રહેતી નથી. આ તો દક્ષિણહિંદમાં ચાલી રહેલ શકસંવતની વાત થઇ. પણ ઉત્તરહિંદમાં ચાલી રહેલ શકસંવતની તેજ સ્થિતિ હતી કે કેમ તે આપણે હજુ તપાસવું રહે છે.

આ પરિચ્છેદમાં ઉત્તરહિંદના શકસંવતના સ્થાપનની ચર્ચાની અંતે આપણે એટલુંજ સાબિત કરી શક્યા છીએ, કે તે કુશાનવંશીઓએ કે ચષ્ઠ્‌નવંશીઓએ ચલાવ્યો હતો, તથા એટલું જણાવવા પુરતીજ માત્ર નોંધ કરી છે કે શકસંવત બે જાતના (ઉત્તર હિંદનો અને દક્ષિણ હિંદનો) છે પણ તે બન્ને એકજ હતા કે ભિન્નભિન્ન તે પુરવાર કરવાનું વિવેચન હવે પછી તે રાજ્યાના વર્ણન લખતા ઉપર મોકુફ રાખ્યું છે. જ્યારે પુ. ૩ પૃ. ૩૮૧ના ટી. નં. ૪૬માં તો તેનો સમય ઈ. સ. ૭૮ નહીં પણ ઈ. સ. ૧૩ છે એમ સાફસાફ નિર્દેશ પણ કરી દીધો છે. એટલે આ પ્રમાણે બે દક્ષિણ હિંદના સંવતનો સમય ઈ. સ. ૭૮ હોય અને ઉત્તર હિંદના સંવતનો સમય ૧૩ નો જ હોય–સાબિત થાય–તો તે ૨૫૦૦૪ કહી શકાય કે બન્ને શકસંવત એક બીજાથી ભિન્નભિન્ન જ છે અને ભિન્નભિન્ન હોઈ એટલે તે બન્નેના સ્થાપક પણ ભિન્નભિન્નજ હોવાના. પરંતુ જ્યાં સુધી આપણે તે મુદ્દો, પ્રમાણો આપીને પુરવાર કરી આપવા જેટલા સ્થાને પહોંચ્યા નથી, ત્યાં સુધી પુ. ૩ પૃ. ૩૮૧ ની ટી. નં. ૪૬ માં આપેલ માત્ર નિવેદન ઉપરજ આધારન રાખીશું. અને તે બાબત ઉપર પ્રકાશ પાડતું એક વિદ્વાન, જે આમ વર્ણનના યોગ્ય લાગે છે તે જણાવીશું. ડૉ. કીલ્હોર્ન નામના એક વિદ્વાન આમાં શબ્દો ટાંકીને એક ટીપ્પણ જણાવ્યું છે[૧૧]

According to Dr Kielhorn himself the solar month is also used in Saka dates (first appears so late as in the year 944=A D 1022).. ...It may be said that the use of the lunar month-dates in Saka-era is the result of its long residence in southern India, and that the use of the solar month-names is the result of its northern & civic origin or may it not be that the Buddhists of the earlier centuries of the Christian era used solar months in the reckonings, while the Brahmans used the lunar months, as their religious ceremonies and festivals are always connected with Tithis & Pakshas—ડૉ. કીલ્હોર્ને પોતે નોંધ કરી છે કે શક સંવતની તવારીખમાં, સૌર્ય માસ[૪૨] પણ વપરાયે છે. (તેવા પ્રકારનું પ્રથમ દર્શન ઠેઠ વિક્રમ સં. ૯૪૪ = ઈ. સ. ૧૦૨૨માં થયેલ માલમ પડે છે[૪૩]). એમ કહી શકાય કે શક સંવતમાં ચાંદ્રમાસની પદ્ધતિથી જે તારીખો લખવામાં આવે છે તેનું કારણ દક્ષિણહિંદમાં ઘણા લાંબા કાળથી તે વપરાતો છે તેને લીધે છે. જ્યારે સૌર્ય માસનાં નામો નજરે પડે છે તે ઉત્તર હિંદમાં તેનું આદ્ય સ્થાન છે તેનું પરિણામ છે. અથવા એમ શું બનવા યોગ્ય નથી કે ખ્રિસ્ત

(૪૧) જુઓ ઈ. એ. પુ. ૩ પૃ. ૪૫.

(૪૨) સૌર્યમાસમાં (પૂર્ણિમાન્ત માસમાં) કૃષ્ણપક્ષથી મહિનાની શરૂઆત ગણાતી હોય છે અને ચાંદ્રમાસમાં (અમાવાસ્યાન્ત માસમાં) શુકલથી મહિનો શરૂ થાય છે એટલે સૂર્ય ચંદ્ર પછીથી માસની શરૂઆત ગણાય છે.

(વધુ વિવેચન જુઓ આગળ ઉપર પૃ. ૩૩ ટી. નં. ૩૪ જુઓ.)

( ) વળી સમય મેળ છે કે સૌર્યમાસની વપરાશ તો ઘણું વહેલા આવી ગયેલી છે પણ એમ વિક્રમ સંવતની વપરાશ તેની આદિ થઈ ત્યારે પ્રચલિત હતી જ નહીં (જુઓ ઉપરમાં પૃ. ૬૪) આમ થયેલી છે હતી તેમ આ સૌર્ય માસ વાપરવાનું આપ કર્યું જણાય છે. અથવા તો વિ. સ. ૧ થી જે પદ્ધતિ તે રાખેલી છે તેના અંતે સુધીજ ચાલુ રાખેલ હતી.

સવતની પ્રારભની સદીઓમા થયેલા બૌદ્ધ લોકો, તેમની પોતાની ગણત્રીમા સૌર્ય માસની પદ્ધતિનો આશ્રય લેતા ! જ્યારે બ્રાહ્મણો ચાદ્રમાસની પદ્ધતિ ગ્રહણ કરતા ? કેમકે તેમના ધાર્મિક ક્રિયાકાંડો તથા ઉત્સવો તિથિઓ અને પક્ષોને અનુસરીને હમેશા ગણવામા આવે છે" એટલે ડૉ કીલ્હૉર્નના મત પ્રમાણે (૧) શકસવતમા સૌર્ય માસ (પૂર્ણિમાત) વપરાગો છે, છતાં (૨) ચાંદ્રમાસ (અમાસાત) વપરાતો જે નજરે પડે છે તેનું કારણ એ છે કે, તે શકસવત દક્ષિણ હિંદમાં ઘણા દીર્ઘકાળથી ચાલુ રહ્યો છે, (૩) અને ત્યાના એટલે દક્ષિણ હિંદના બ્રાહ્મણો પોતાના સર્વ ધાર્મિક ક્રિયાકાંડો તથા સરઅવસરો, તિથિ અને પક્ષના આધારે એટલે કે ચાદ્રમાસની-અમાસાત માસની ગણત્રીએ કરે છે તેનું તે પરિણામ છે (૪) જ્યારે ઇ સ ની પ્રારભની સદીના (કે કદાચ તે પૂર્વેના સમયના) બૌદ્ધો તો સૌર્યમાસની-પૂર્ણિમાંત માસની પદ્ધતિએ કામ લેતા હતા (૫) કેમકે પૂર્ણિમાત-સૌર્યમાસ પદ્ધતિનું ઉત્પત્તિસ્થાન ઉત્તર હિંદમાજ રહેલું છે આ પાંચ મુદ્દાગાંથી અહીં આપણને જે વિશે લાગતું વળગતું નથી તેની ચર્ચા મૂકી દઇશુ (જો કે તેમાં કેટલીક તદ્દન નવીન હકીકતો સમાયલી છે એટલે છેક તેને જતી તો કરી નહીંજ શકાય, તેમ કરવામા આવે તો ઐતિહાસિક ઘટના અંધકારમાજ રહી જાય તેમ છે એટલે, ગ્રહણ કરેલ વિષયને ઇન્સાફ આપીને છેવટે, ટીપ્પણ તરીકે તેની નોંધ લઇશું) પણ આપણા વિષયને ખપ જોગો એટલો તાત્પર્ય તેમાંથી નીકળે છે જ કે, ઉત્તર હિંદમાં સૌર્યમાસ એટલે પૂર્ણિમાત પદ્ધતિ પ્રમાણે સમયની ગણત્રી થતી હતી અને દક્ષિણ હિંદમાં ચાદ્રમાસ એટલે અમાસાત પદ્ધતિએ વતી હતી તેથી આપણે કહી શકીશુ કે ઉત્તર અને દક્ષિણ હિંદના શક સવત્સરોની ગણના પદ્ધતિમાં ફેરફાર હતો જ [૪૯] ઉપરાંત ઉપરમા, આપણે તેમની આદિના સમયમા પણ પચીસેક વર્ષનો તફાવત હોવાનું જણાવ્યું છે મતલબ એ થઇ કે, બન્ને સંવતોનો સમય તથા પદ્ધતિ એક બીજાથી અલગ અલગ છે તેથી જ તેમના સ્થાપકો પણ ભિન્ન ભિન્ન છે અને તેમ છે તો તે બન્નેને એકજ સંવત તરીકે ન માનતા[૫૦] જુદા તરીકે જ આપણે માનવા પડશે

ઉત્તર હિંદના શકસવતના સ્થાપક અને પ્રવર્તકમાં કુશાન અને ચષ્ઠણ વશજ મુખ્ય અંશે છે તે બાદ કેટલો સમય-તેજ સ્વરૂપમા કે થોડાઘણા ફેરફાર સાથે-તે ચાલ્યો હશે તેની ખાત્રીપૂર્વક નોંધ[૫૧] લઇ શકાય તેવી માહિતી મળતી નથી પણ એટલું તો જરૂર કહી શકાય તેમ છે કે વર્તમાનકાળે તો તે બીલકુલ વપરાશમાં નજરે પડતો નથી એટલે તેને મૃતપ્રાય થયેલો આપણે જાહેર કરવો રહ્યો. હાલ જે શકસવત વપરાઈ રહ્યો છે તે તો દક્ષિણ હિંદની ગણત્રી પ્રમાણેનો અમાસાંત પદ્ધતિ વાળોજ છે જેથી વર્તમાનકાળના શક સવતની સ્થાપનામા તો માત્ર દક્ષિણ હિંદના સમ્રાટ એવા અંધ્રપતિ શાતવાહન વશનેજ[૫૨]

---

(૪૯) આપણે તો અહીં ડૉ કીલહોર્નની સાક્ષી આપી તેજ હકીકત રજુ કરી છે પણ સર કનિંગહામ જેવાએ પણ તેજ હકીકત પોતે રચેલ 'ધી બુક ઓફ ઇન્ડિયન ઇરાઝ'મા પૃ ૩૧ ઉપર ભારપૂર્વક જણાવેલ છે

(૫૦) જુઓ નીચેની ટીકા ન ૫૧

(૫૧) ડૉ કીલ્હૉર્ને વિ સ ૯૪૪મા પ્રથમ નોંધ મળ્યાનું જણાવ્યુ છે જ્યારે આપણે અહીં લખ્યુ છે કે તે પદ્ધતિનો ઠેઠ કુશાનવ શી રાજ્યઅમલથી ઉત્તર હિંદમા દાખલ થઇ ચૂકી હતી એટલે તે બે વચ્ચેના અતરમા શું સ્થિતિ પ્રવર્તી રહી હતી તેની નોંધથી આપણે અજ્ઞાત હોવાથી આ શબ્દો વાપરવા પડયા છે પણ મારી ખાત્રી છે કે વિશેષ સશોધન અને તપાસ કરવામા આવશે તો ઉપરનું અતર બહુજ સકોચાઇ જવા પામશે

(૫૨) શાતવહનવ શી જે રાજાઓએ આ શક પ્રવર્તાવ્યો છે અને માન્યો છે તે વૈદિકધર્મી હતા (જુઓ તેમના વૃત્તાતે-ડૉ કીલહૉર્ને પણ તેમજ કહ્યું છે કે તે વૈદિક ધર્મની અસરનું પરિણામ છે) એટલે દક્ષિણ હિંદનો શક સવત તે વૈદિક છે જ્યારે ઉત્તર હિંદનો શક સવત કુશાન વશી રાજાએ સ્થાપન કરેલ હોવાથી તે જૈનધર્મ પ્રમાણે છે પરિણામ એમ કહી શકાય કે, ઉત્તર હિંદનો શક તે જૈનધર્મી રાજાનો છે અને દક્ષિણહિંદનો શક તે વૈદિકધર્મી રાજાનો છે

શાક્યનું નામ છે પણ ચષ્ટણ કે કુશાન વંશને નથી[૫૩] એમ આક્ષેપાનીથી કહી શકાશે.

[મારી ટીપ્પણ-આમ જે નોંધ કરવાની છે તે શક સંવતના સંબંધની નથી જ પણ ઉપરમાં જણાવ્યા પ્રમાણે, તેનાથી પર, પરંતુ અતિહાસિક પદના ઉપર પ્રકાશ પાડતી હકીકત છે. ડૉ. ફ્લીટને કરેલી નોંધમાં પોતે એમ જાહેર કર્યું છે કે ઉત્તર હિંદમાં આવી તે પદ્ધતિ વાપરતા હતા. પણ આપણે પુ. ૨ માં દીર્ઘ સમારના વર્ણન કરતા અને તેમાં પણ પ્રિયદર્શિનનું વર્ણન કરતાં બતાવી સાબિત કર્યું છે કે અત્યાર સુધી શિલાલેખોમાં કોતરાવવી ધર્મલિપિ, જેને અશોકની કૃતિ લેખાતી બૌદ્ધ ધર્મના પ્રચાર બીજી વિદ્વાનોએ મનાવી છે તે હાથી-ગુફા અને પ્રિયદર્શિન અને ભિન્ન ભિન્ન આકૃતિઓ હોવાથી-સમ્રાટ પ્રિયદર્શિનનીજ લેખાવાની રહે છે અને તે સમ્રાટ પોતે જૈન ધર્મી હોવાથી, ત્યારે કોતરાવેલ સર્વ શિલાલેખો આદિની ધર્મલિપિ પણ જૈનધર્મનાજ સિદ્ધાંતોની ઉદ્‌ઘોષણા કરે છે. આ કથનને સમર્થન આપતી અનેક બાબતો તેજ પુ. ૨ ના પ્રથમ પરિચ્છેદે અશોક બુદ્ધ અને મહાવીરના જીવન સંબંધી કરેલી સરખામણીનું વર્ણન કરતાં ક તો અધ્યાય ૪ તથા તેને વિશેષ પુષ્ટિ આપતી હકીકતો તે ખંડના દ્વિતીય અને તૃતીય પરિચ્છેદે સિક્કાચિત્રોના વર્ણનમાંથી પણ મળી આવે છે. એટલે નિર્વિવાદિત પણે સાબિત થાય છે કે જ્યાં જ્યાં અત્યારસુધીના વિદ્વાનોએ બૌદ્ધ ધર્મ વાંચ્યો છે ત્યાં મુખ્ય ભાગે હવે જૈન ધર્મ સમજવાનેજ આપણે પ્રાપ્ત થયું રહે છે. તે માટે ઉપરના ઉત્કટ અભ્યાસનું ડૉ. ફ્લીટને જે બૌદ્ધ લેખોમાં પૂર્ણિમાંત પદ્ધતિની કાળગણના હોવાનું માની લીધું છે તે તેમની પદ્ધતિ નથી પણ જૈનપદ્ધતિ છે. અને આ આપણું અનુમાન માનું પણ છે. જેમ પુરાવા તરીકે આપણે કહી શકીએ કે (૧) બૌદ્ધ ધર્મીઓ સાધારણ રીતે પોતાના ધર્મગ્રંથો કે પુસ્તકાલાતીનેજ સંવત વાપરતા આવ્યા છે અને તેમાં માસ સામાન્યજ અમાંત ગણાયેલો આવ્યો છે. જ્યાં અમાંત માસ, ગણ્યું કે કિ. ઈ. ની નોંધ રાખવાનામાં એ કરાય હોય તો ત્યાં પૂર્ણિમાંત પદ્ધતિ ગ્રહણ કરાય હોય એમ પ્રસિદ્ધ રીતે જાહેર થઈ નથી દેખાતું, જ્યારે જૈનગ્રંથોમાં પૂર્ણિમાંત માસ પ્રમાણે સમયનિર્દેશ થયાનું અનેક વાર નોંધ્યું છે (૨) તેમ શિલાલેખો પુરાવાના આધારે ડૉ. રેપ્સન જેવા વિદ્વાનોના કથનથી પુ. ૨. પૃ. ૩૬૫ ઉપર સાબિત કરી આપ્યું છે કે અશ્વઘોષ ધર્મે જૈન ધર્મી હતા. અને તેમણે પણ જે સમય ગણના પૂર્ણિમાંત માસ વાપરવાની જૈનધર્મમાં તે સમયે પ્રવર્તી રહી હતી તેનોજ ઉપયોગ કર્યો હતો. તેમજ ડૉ. ફ્લીટને જેવા અનન્ય અભ્યાસીને સ્પષ્ટપણે તે જાહેર કરવું પડ્યું છે. (૩) તેમ શિલાલેખો પુરાવાથી અશ્વઘોષને જૈનધર્મી ઠરાવ્યો છે. તેમ સિક્કાના પુરાવાથી (જુઓ પુ. ૨. પરિ. ૩માં તેના સિક્કાનું વર્ણન) પણ તેને જૈન ધર્મી મનાતો સાબિત છે. મતલબ કે શાલિવાહન, શિલાલેખના, તેમજ સિક્કાના, એમ અનેકવિધ પુરાવાથી આ સર્વ મુદ્દા સાબિત થઈ ગયા છે અને કરી શકાય છે. એટલે તેમાં શક કરવાનું કે વિવાદ ઉભો કરવા જેવું સ્થાનજ રહ્યું નથી. કેટલેક પણ પ્રશ્ન કરે કે, શું કુશાન અને અશ્વઘોષ જેવી મહિમા પ્રશ્ન, જૈનધર્મ જે વાસ્તવમાં ઉછર્યો છે તેની અનુયાયી પ્રજા અને પ્રજા! આખા કે હિંદની બહાર રહીને તે ત્યાંથી શી રીતે બની હશે! તો જવાબમાં જણાવવું રહે કે જે સમયની આ વાત છે તે ઈ. સ. ના પહેલા સૈકાની હકીકત છે. તે સમયે અને તે પૂર્વે, આખા હિંદમાં (તે વખતે જંબુદ્વીપ કહેવાતો હતો) તો શું પણ સારી દુનિયામાં પણ માત્ર ત્રણજ ધર્મો આગળ પડતા હતા: વૈદિક, બૌદ્ધ અને જૈન, અને છેલ્લો ઉભયે પ્રસાર પામી, તે કાળે ઉન્નત હતો. એટલે તેમાં પ્રમાણ તેની ઉત્પત્તિના સ્થાનથી (જેને આપણે સિરિયા-પેલેસ્ટાઈન કહીએ છીએ) વિશેષ આગળ વધ્યો નહોતો. તેમ ત્યાંથી પાછો(આર્યાવર્તમાં ફેર

(૫૩) જુઓ ઉપરની ટીકા નં. ૫૨.

સિવાય)કોઈ રાજકર્તા તરીકે સત્તામાં આવેલ ન હોવાથી તે ધર્મની અસર બહુજ જુજ પ્રમાણમાં દેખાતી હતી એટલે બાકી રહ્યા બે, વૈદિક અને જૈન, તેમાં વૈદિક ધર્મનાં પ્રભુતા અને ગૌરવ, શુંગવંશી અમલ દરમ્યાન –એક સદી જેટલા કાળસુધી–જરૂર પ્રદીપવંતા થયાં હતાંજ હતા, પરંતુ તેમનો અમલ અસ્ત થતા, પાછુ જૈનધર્મજ ઝગમગવા માંડયું હતું વળી ભૂલવુ જોઇતું નથી કે, જ્યારે સમ્રાટ પ્રિયદર્શિનનો રાજઅમલ તપતો હતો, ત્યારે તેણે જેમ અનેક દેશોમાં પ્રજાને ધર્મતત્વનું શિક્ષણ આપવા પોતાના ધમ્મમહામાત્રાઓ મોકલ્યા હતા, તેમ તે પોતે હિંદની ઉત્તરે નેપાળ, તિબેટ, ખોટાન અને રૂશિઆઈ તૂર્કી સુધી જીત મેળવવા ચડાઇઓ લઈ ગયો હતો (જુઓ પુ ૨મા તેનું વર્ણન)અને તે જીતી લઇ ત્યાં પોતાનો જૈન ધર્મ ફેલાવ્યો હતો ઉપરાંત બીજી વાત, તેની જીવન અવસ્થામાં તેણે કાશ્મિર ઉપર પોતાના પુત્ર જાલૌકને,[૫૪] અને નેપાળ ઉપર પોતાના જમાઈ દેવપાળને, તથા તિબેટમાં પોતાના પુત્ર કુસ્થનને, તે તે દેશના સૂબાપદે નીમ્યા હતા[૫૫] જેઓ સમ્રાટ પ્રિયદર્શિનના મરણ બાદ તે તે પ્રદેશના સ્વામી બની બેઠા હતા આ બધા બનાવનો સમય ઈ સ પૂ ૨૦૦ નો છે વળી તે પ્રદેશ હિંદની બહારનોજ છે જ્યારે કુશાનવંશી કડફસીઝ પહેલો, બીજો, વિગેરે વિગેરેના ઉદ્ભવનો સમય ઇ સ ના પ્રારંભમાજ છે અને તેમનું વતન તિબેટ –ખોટાન વાળા પ્રદેશમાજ છે (જુઓ આગળના ખંડે તેમનું વર્ણન) એટલે કહેવાની મતલબ એ છે કે ઇ સ પૂ. ૨૦૦ થી ઇ સ ના પ્રારંભ સુધીના બસો અઢીસો વર્ષના કાળમાં પણ, ઉપર નિર્દેશેલા ત્રણે રાજાઓના–સમ્રાટ પ્રિયદર્શિનના સૂબાઓ અને પ્રતિનિધિઓ જાલૌક, કુસ્થન અને દેવપાળના–પુત્રો, કે વંશવારસોજ ત્યા રાજપદે હતા અથવા તેમ નહીં ને બીજાઓ કદાચ ગાદીએ આવ્યા હોય, તોપણ તે પ્રદેશની પ્રજા તો તેમણે દાખલ કરેલ અને પ્રબોધેલ ધર્મનુંજ પાલન કર્યે જતી હતી જેથી કુશાનવંશીઓ હિંદમા જ્યારે ઉતરી આવ્યા ત્યારે જૈનધર્મ પાળતા હતા, એમજ કહી શકાશે આ હકીકત સાભળીને કોઇએ ભડકી જવાનું પણ નથી તેમ આશ્ચર્ય પામવાનું પણ નથી વળી વિશેષમા આ હકીકત જેમ આપણે ઉપર ટૉમસ મિ રૅપ્સન જેવા સિક્કાશાસ્ત્રીની સાહેદત આપી શિલાલેખ આધારે જણાવી છે તેમ ચષ્ઠણના પૌત્ર રૂદ્રદામનનો શિલાલેખ પણ તેજ કથનને પુષ્ટિ આપી રહ્યો છે કેમકે તે લેખ ગિરનાર જેવા જૈનધર્મના કેન્દ્ર ગણાતા પર્વતની તળેટીમાં સમ્રાટ પ્રિયદર્શિને જે શિલા ઉપર કોતરાવ્યો છે તેજ શિલા ઉપર તેણે પણ કોતરાવ્યો છે તથા તેમ કરવામાં તેની મતલબ પણ પ્રિયદર્શિનની સાથે તુલનામા પોતાને ઉભા રહેવાની હોય એમ દેખાય છે હવે આપણે ડૉ કીલહૉર્ને જણાવેલા એક બીજા મુદ્દા વીશે લખીશુ. તેમણે જણાવ્યુ છે કે દક્ષિણ હિંદ કરતાં ઉત્તર હિંદનો શક લખવાની પદ્ધતિમાં જે ફેર દેખાય છે, તે દક્ષિણ હિંદમા વસતા બ્રાહ્મણોના ધર્મની અસરનું જ પરિણામ છે અલબત એક બીજાના ઘાટા સહવાસને લઈને અરસપરસ અસર તો થાયજ અને તેથીજ વર્તમાનકાળે પણ જૈનધર્મના અને વૈદિક ધર્મના અનુયાયીઓના ધાર્મિક તેમજ સામાજીક રીતરીવાજો મળી જતા દેખાય છે, પરંતુ તે સમયના તફાવતના કારણ વિશે જેવુ ડૉ. કીલહૉર્ને અનુમાન દોરી લીધુ છે તેવુ નહોતું જ પણ જેમ સઘળા વિદ્વાનોએ બે શકસંવતને–ઉત્તર અને દક્ષિણ હિંદના શક સંવતને–એક માની લીધા છે તેમ તેમણે પણ તે કથનને કબૂલ રાખીને, બન્ને સંવતની પદ્ધતિનો મેળ બતાવવા અને તોડ કાઢવા માટે જ અનુમાન જોડી કાઢ્યુ છે પરંતુ હવે આપણે જોઇ શકયા છીએ કે તેમનુ તે અનુમાન ખોટી કલ્પના ઉપર જ ગોઠવાયું છે અત્રે ડૉ કીલ્હૉર્નના અવતરણ ઉપરનું મારૂં ટીપ્પણ પૂરૂં થાય છે]

---

(૫૪) જુઓ પુ ૨ ના અંતે રાજા જાલૌકને લગતું પરિશિષ્ટ

(૫૫) જુઓ પુ ૨ મા પ્રિયદર્શિનના વૃત્તાંતે

એકંદરે સર્વે સંવત્સરોને લગતી માહિતી એકીજ સાથે જોઈ શકાય તે માટે તેમને કોષ્ટક રૂપમાં રજુ કરી દઈએ.

	નામ	સ્થાપક	સ્થાપનાનો સમય ઈ. સ. પૂ. ની સાલમાં	ક્યારે કરી તે તથા સ્થાપનાનો પ્રસંગ
૧	મહાવીર સંવત	શ્રમણ	૫૨૭	તેમના નિર્વાણ બાદ
૨	બૌદ્ધ સંવત	શ્રમણ	૫૨	સદર
૩	[illegible] „	[illegible]	૧૫૫	મહાપદ્મ ગાદીએ આવ્યો ત્યારથી
૪	[illegible]	[illegible]	ઈ. સ. ૧ ૩[illegible]	ગાદીએ આવ્યો ત્યારથી
૫	[illegible] „	[illegible]	„	[illegible] તે ગાદીએ આવ્યો છે, પરંતુ તેની ગાદી [illegible] પિતાના [illegible] રાજાનો [illegible] તરીકે [illegible] થયો ત્યારથી ગણી છે [illegible] જણાવવામાં આવ્યું છે તેમ (જુઓ પૃ [illegible])
૬	[illegible] „	શ્રમણ	ઈ. સ. ૧	[illegible]
૭	વિક્રમ „	શ્રમણ	ઈ. સ. પૂ. ૫૭	શકારિ વિક્રમાદિત્યના રાજ્યારોહણ દિવસથી
૮	માલવ „	રાજપૂતો	ઈ. સ. ૫૩૧–૩૨	હુણ પ્રજાને તેમણે હાંકી કાઢી રાજસત્તા હાથમાં લીધી ત્યારથી
૯	શક „	શ્રમણ-[illegible]	ઈ. સ. ૭૮	[illegible] ધાર્મિક કારણે[illegible]

અત્યાર સુધી આપણે પ્રત્યેક સંવત્સર સંબંધી જુદાજુદો વિચાર કરવાના મુદ્દા વિશેષ વિવેચન કરે [illegible] થાય છે. ઉપરાંત [illegible] સંવત્સરોની [illegible] પણ છે કે જેનો ઉપયોગ [illegible] વિચાર સમસ્ત સંવત્સરોને સ્પર્શીને પણ કરી શકાય તેમ છે તેમાં તેની ઉપયોગીતા સંબંધીનો એક મહત્વ [illegible] છે. અત્યાર સુધી જે [illegible] વિષે આપણે વિચારેલ કરી ગયા છીએ તેમનાં નામ આ પ્રમાણે ગણાય છે.

(૧) મહાવીર (૨) [illegible] (૩) વિક્રમ (૪) માલવ (૫) [illegible] (૬) [illegible] અને (૭) [illegible] આ પ્રમાણે સાત છે. એક આદિ સંવત્સર પણ આપણે [illegible] કરેલ સમયની મર્યાદામાં આવી [illegible] છે પરંતુ તેનો ઉલ્લેખ કોઈ [illegible] ઉપર થયેલ જોવામાં આવ્યો નથી તેથી [illegible] તરીકે તેનો નિર્દેશ આપણે કર્યો નથી. [illegible] તે સંવતનો ઉપયોગ [illegible] નથી, [illegible] કોઈ [illegible] જોવામાં આવ્યો નથી. તથાપિ [illegible] નથી કે તેની [illegible] કોઈ [illegible] છે તે આમાનું નામ 'બૌદ્ધસંવત' છે આ સંવતનો ઉલ્લેખ જે કોઈ પણ સમયે [illegible] અપેક્ષા આપણે રાખી શકીએ, કે તે [illegible] રાજાની [illegible] છે પરંતુ તેનો કોઈ [illegible] ઉલ્લેખ હજુ સુધી આપણી જાણમાં આવ્યો નથી. એટલે જ આ મતની [illegible] આપણે

(૬૧) [illegible] આવી.

નોંધમાં ક્યાંય લેવાઈ નથી બાકી બૌદ્ધ ગ્રંથોમાં તથા અન્ય દંતકથાઓના વર્ણનમાં તો તે વારંવાર વપરાતો રહ્યો દેખાય પણ છે

અને તો આપણે ભિન્ન ભિન્ન સંવત્સરોની ઉત્તમતા જ વિચારવાની છે એક સિદ્ધાંત એ છે કે કાર્ય અને કારણને હમેશા પરસ્પર નીકટ સંબંધ હોય છે એટલે કોઈ સંવત્સરની ઉત્તમતા સિદ્ધ કરવા માટે, તેના ઉદ્ભવનું કારણ અથવા તેની ઉત્પાદક વ્યક્તિના મનોભાવ આદિ સંયોગો વિશે આપણે વિચાર કરવો જ રહ્યું

ઉપર દર્શાવેલા આઠ સંવત્સરોમાંના, મહાવીર અને બૌદ્ધ સંવતો, તે તે ધર્મના પ્રવર્તકોના નિર્વાણ-મુક્તિ પ્રસંગને આશ્રયીને પ્રવર્તાવાયા છે એટલે તેમની ઉત્તમતા વિશે મહેજ પણ વિચાર દર્શાવવો કે તેવો પ્રયત્ન સેવવો તે નાના મ્હોએ મોટી વાતો કરવા જેવું ગાંડપણ જ ગણાય, માટે તે મૂકી દઈશું તેમ માલવ સંવતના નામે ઓળખાતા જે શકનું નામ આપણે અત્ર દાખલ કર્યું છે તે તો માત્ર અનુસંગિક પ્રસંગને લીધે જ બનવા પામ્યું છે નહીં તો તેનું નામ પણ આપણે ગણવાની જરૂર નહોતી, કેમકે આ પુસ્તકના આલેખન સમયની તે બહાર જ પર છે તે સિવાય બાકી રહ્યા પાંચ તેમાંનો એક જેને શક (દક્ષિણ હિંદનો) શાલિવાહન[57] તરીકે ઓળખાવાય છે તેની ઉત્પત્તિ તથા તેને લગતો ઈતિહાસ ભલે આપણે પુ ૫ મા વર્ણવવાનો છે છતા તે સંવત પરત્વે અત્રે જે જણાવવું જરૂરી છે તે જરૂર કહી શકાય તેમ છે તેની અગત્યતા કેટલાક વિદ્વાનોને રાજકીય હેતુસર થયેલી દેખાય છે, જ્યારે કેટલાકને કેવળ ધાર્મિક કારણે થયેલી દીસે છે. રાજકીય અગત્યતા એટલા માટે કહેવી પડે છે કે તેના ઉત્પાદકે એટલે રાણી બળશ્રીના પૌત્ર ગૌતમીપુત્ર શાતકરણીએ-શક પ્રજા ઉપર પોતે મેળવેલી જીતના ઉત્સવ અને ખુશાલી નિમિત્તે તે પ્રવર્તાવ્યો હોવાનું કેટલાકોએ માની લીધું છે[58] જ્યારે કેટલાકનું એમ પણ માનવું થાય છે કે, તે ગૌતમીપુત્રે ઉપરની જીત મેળવ્યા બાદ પોતાની રાજગાદી ફરવીને પાછી પૈઠણનગરે જે લાવી મૂકી હતી[59] તેની ખુશાલીમાં તે શકની પ્રવૃત્તિ આદરી હતી આ પ્રમાણે બે રાજકીય બનાવને તેના ઉત્પાદન-નિમિત્ત કારણ-તરીકે રજુ કરાય છે પણ તે બન્ને બનાવો માત્ર કલ્પિત ઉભા કરવામાં આવ્યા છે તે આપણે તેનું વર્ણન કરતા સાબિત કરી આપીશુ એટલે અત્રે તે ઉપર વિશેષ લખાણથી વિવેચન કરવાની જરૂર નથી. ઉપરાંત કેટલાકનું માનવું એમ થાય છે કે, તે શકનું ઉત્પાદન કારણ કેવળ ધાર્મિક બિંદુ જ રજુ કરનારૂં છે પરંતુ ધાર્મિક કારણના અંતરમાં ઉતરવાનું આપણે નિષ્પ્રયોજન ગણીએ છીએ એટલે તે છોડી દઈશું, છતા એટલું જરૂર જણાવી શકીશું કે તે કથનમાં અર્ધ સત્ય[60] જેવું છે ખરૂં તેટલા માટે તેનું નામ બાદ કરતાં બાકી ચાર સંવતો વિચારવાના રહે છે તેમની ઉત્પત્તિના કારણો તપાસતા તે દરેકની સાથે ખુશાલીનો પ્રસંગ જોડાયેલો જ[61] માલૂમ પડે છે પછી ભલે તો તે ખુશાલીનો પ્રસંગ, રાજ્યની કે રાજ્યકર્તાના વંશની આદિ સાથે સંબંધ ધરાવતો હોય કે પછી કોઈ મહત્ત્વતાભર્યું

(૫૭) આ શબ્દપ્રયોગ વ્યાજબી છે કે કેમ તેની ચર્ચા તે રાજાનું વર્ણન કરતી વખતે પુ ૪ મા કરવાનું છે

(૫૮) જ બો બ્રાં રો એ, સો પુ ૯ પૃ ૧૪૫ ડૉ ભાઉ દાજી લખે છે—Gautamiputm, the son of Padumavi and king of Dakshinapath or the Deccan boasts of having destroyed the Sakes, Yavnas, Pablavas, etc પદુમાવીના પુત્ર અને દક્ષિણાપથ અથવા દક્ષિણ (હિંદ)ના સ્વામી ગૌતમી પુત્ર શક, યવન, પહલવાઝ વિ, પ્રજાનો સંહાર કર્યા માટે અભિમાન ધરાવે છે '

નાસિકના શિલાલેખમાં પણ રાણી બળશ્રીએ ઉપરના મુદ્દાવાળુ જ લખાણ કોતરાવ્યું છે

(૫૯) જ બો બ્રાં રો એ સો ૧૯૨૮ નવી આવૃત્તિ પુ ૩ મિ બખ્લેનો આખો લેખ છે તેમાં આ બાબત ઉપર બહુ વાર મુકયાનું જણાય છે

(૬૦) જુઓ નીચેની ટી ન ૬૨

(૬૧) આ ચારે સંવત્સરના પ્રવર્તકોને શું શું કારણો મળ્યા હતા તેનાં વર્ણન માટે તે પ્રત્યેકના વૃત્તાંત જુઓ.

કામ તે રાજાઓના હાથે બનતા પામ્યું હોય. તેથી કહીને દરેક સંવતની ઉત્પત્તિમાં આવ્યું છે કે નૈમિત્તિક કારણોએ વાત બનવા પામી હોય તે તે કારણોની જેટલા જેટલા અંશે ઉપયુક્તતા તેટલા તેટલા અંશે તે કામની ઉપયુક્તતા પણ સિદ્ધ થઈ સમજવી. વળી ખુલાસાઓનો પ્રશ્ન ઉપસ્થિતિનો તો દરેકને પ્રાયોજક છે એમ માનવાનું છે પરંતુ રાજા પોતે ઉભો ન થાય ત્યાં સુધી વાત કહેવાય, અને તેમના પ્રસંગની સર્વ સ્થૂલતાથી તે ઉપસ્થિત ન થાય ત્યાં સુધી વાત કહેવાય. પ્રશ્ન એ આપ જોઈ શકો છો કે તેની મહત્તા કોઈક ઠેકાણે ગણાય. આ પ્રકારનાં કારણોનો જે ઉપયોગનું પ્રમાણ પણ અત્યારનું કાળમાન જે કહેવું પડે છે કે તે સર્વેમાં પ્રથમ નંબર શકારિ વિક્રમાદિત્યનો જ આવી રહેશે. કારણ કે તેના સંવતનું મૂળ પ્રસંગે જ આવ્યું છે. જ્યારે બાકીના બધા અન્ય, રાજાથી કે રાજ્યાંતર આવતા દરમ્યાનથી થયા હોવાનું અનુમાન તારવી શકાય છે. તેટલા માટે જોવું કે દરમ્યાન કેટલાક સમય નથી પણ તેઓ ન હતો પણ એમ જ આવી શકો આપણે નિશાળીએ હોઈએ. આ કારણને લીધે આર સંવત્સરોમાંથી શ્રીહર્ષ, મૌર્ય અને વિક્રમના જે પણ આવી રહે છે તેનો વપરાશ, તે તે વખતની સમાધિ થઈ જ અવસ્થ થઈ ગયો છે. તેમ વિક્રમ પ્રમાણે જોકે વિક્રમ હતો પણ તેઓએ તેજ ભાવને ઉપસ્થિત કર્યો. ત્યાં વિક્રમ સંવત્સરની પણ વાંચું આયુષ્ય ભોગવવો તે આશ્ચર્યજનક કહી શકાય છે તેથી તેમાં કોઈક અન્ય અંત આવેલ હોવું જોઈએ એમ સ્વાભાવિક માનવા થાય છે અને તે અંત તે જ કહી શકાય કે તેમાં ધાર્મિક હેતુ જોડાયો છે[11]

આ પ્રમાણે ધાર્મિક પ્રસંગોના બે સંવત્સરોને બાદ કરતાં, બાકી રહેતા બન્નેમાં, ઉપયુક્તતાની દૃષ્ટિએ પ્રથમ દરજ્જે વિક્રમસંવત અને દ્વિતીય દરજ્જે ક્ષત્રપ સિક્કો શક આપવાને ચાલુ કરે છે.

એક પ્રશ્ન એ કહાણી કે, આપણા સમયપૂર્વના કાળ દરમ્યાન ઉપરાંત સવંતની ઉત્પત્તિ તો થઈ ગઈ જ હતી, તો પછી ઉપરના આપેલી સમજ સાથે તેની સરખામણી કેમ કરવામાં આવી નથી. વળી ગ્રીક જ છે કે ઉત્પત્તિ થઈ ગઈ હતી તે ખરી, પણ એમ વપરાશ ભારતીયના કોઈ પણ પ્રદેશમાં ખાસ વર્ણનના સમયે થયો જણાયો નથી. તેથી આપણે પણ તેની સરખામણી કરી નથી. પરંતુ ઓમાનજાર પ્રતિષ્ઠિત આલેખનમાં એની ઝાંખી જોવી જ પડે છે. તેઓ તે અગાઉ જાણી થઈ પડે તેવા પ્રકારના શિલાલેખોના ભાગમાં કોતરાયાં આવ્યા છે.

ઓમાનજાર પ્રતિષ્ઠાના આલેખનોમાં આ શક સંવતનો મુખ્યતા વપરાશ કરે છે. તે આપણને પારિભાષિક ખાતરી છે. એવી નોંધ રૂપે પ્રભુ ઉપરના પરિભાષામાં અનુમેય સંવતોની તારીખ આ ઉપરાંત એક તારીખે એકની મિતિએ ઉમેરી ખાતરી કરી ત્યાં પ્રભુના વિચાર કરેલો રહે છે. વળી શકરાજ, માલવ, મગધ અને કુશાન તો તરત ખુલ્લા જ થઈ ગયા છે. આપણી પંજાબનો નોંધ છે તે પણ તેના વપરાશમાં સામાન્ય રીતે નજીકના કોઈ કુંડિકાનો શક સંવત છે તે પણ સમયાવ તેમ ગણિયો યોગ્ય તેનો છે. એટલે તે એમ પણ અમારે ભિન્ન તરીકે લખ્યું નથી. જ્યાં ઉપરના પરિચ્છેદમાં તેની ખૂબ વિસ્તારપૂર્વક જે આપણે નોંધ લીધી છે તે એટલાજ માટે કે વિક્રમનો વખતે તે વિષે પ્રસિદ્ધ મતભેદ પડેલો છે તેનું નિરાકરણ એમની સમય મર્યાદે આપી રહેલા જેવા પણ સંવતો વિષે જ આપણે જોવાનું રહે છે. તેમાંના બે, પ્રાચીન પ્રતિષ્ઠાની વચ પછીમાં આવેલા છે અને બીજે અર્વાચીન કાળને અંગે એનો ધારો છે.

આ ગણમાં પણ સૌથી પ્રાચીન, મહાવીરસંવત છે પછી વિક્રમસંવત છે અને સૌથી છેલ્લે ઈસ્વી સંવત છે. તે બધેનું પારસ્પરિક અંતર એમ કહેવાય છે કે મહાવીરસંવત અને વિક્રમસંવત વચ્ચે ૪૭૦ વર્ષનું અને વિક્રમ તથા ઈસ્વીના સંવત વચ્ચે ૫૭

(૧૧) જુઓ ટીકા નં ૧ ઉપર.

વર્ષ ઉપરનું (૫૬॥ વર્ષ)[૬૩] પણ ૫૭ની અંદરનું અંતર ગણ્યું. તેમાંના મહાવીરસંવતનો પ્રારંભ તેમના નિર્વાણ (મરણ)ની તારીખથી[૬૪], વિક્રમ સંવતનો તે રાજા ગાદીનશીન થયો[૬૫] ત્યારથી, જ્યારે ઈસવીનો ઈસુ ભગવાનના જન્મ પછી ચોથા વરસથી[૬૬] થયો છે આટલી હકીકત આપણી પાસે સાબિત થયેલી તરીકે પડી જ છે એટલે વિશેષ ઝીણવટમાં ઊતરીને તે ત્રણેના સમયને સેધમના ધોરણમાંથી ખસેડીને મક્કમ અને નિર્ણીત તારીખના ધોરણે ઠરાવવાનો પ્રયત્ન આપણે આ પ્રકરણમાં કરીશું

પ્રથમમાં, પહેલા બે શક વચ્ચેના અંતરનો નિર્ણય કરીએ મહાવીર નિર્વાણ જૈન મતાનુસાર કાર્તિક વદ ૦)) નું ગણવામાં આવે છે અને તેના નૂતન સંવત્સરનો પ્રારંભ કાર્તિક સુદી ૧થી ગણાય છે મતલબ એ થઈ કે તે સમયે, દરેક માસમાં સુદીના પક્ષ—શુકલ પક્ષ—પહેલા કૃષ્ણપક્ષ ગણવામાં આવતો હતો (The dark half of the month preceded the bright half of the same month) જો તેમ ન હોત તો, કાર્તિક સુદી ૧ની પૂર્વની રાત્રીને કાર્તિક વદ ૦)) બદલે વર્તમાન ગણનાની પેઠે આશ્વિન વદ ૦)) તરીકે લેખાને તે મિતિએ મહાવીરનું નિર્વાણ થયાનું ગ્રંથકારે લખ્યું હોત[૬૭] જ્યારે વિક્રમસંવતનો આરંભ પણ કાર્તક સુદી ૧ થી જ ગણવામાં આવે છે, પરંતુ તેમાં શુદી પક્ષ સંપૂર્ણ થતાં, તેજ માસનું કૃષ્ણપક્ષ શરૂ થતું ગણે છે એટલે કે વિક્રમના નૂતન સંવતનો પ્રારંભ પણ તે સમયે શુદી પક્ષથી થતો હતો, છતાં બન્ને પદ્ધતિનું એકીકરણ કરીશું તો સાર એ થશે કે, બને સંવત્સરનો પ્રારંભ તો કાર્તિક શુદી ૧ થીજ થયો છે, પણ પહેલામાં એટલે મહાવીરસંવતમાં પૂર્ણિમાંત માસની ગણત્રીએ કામ લેવાયું છે, જ્યારે બીજામાં એટલે વિક્રમસંવતમાં અમાસાંત માસની પદ્ધતિ ગ્રહણ કરાઈ છે તેવી કરીને બે સંવત્સરની ચોક્કસ તારીખની ગણનામાં એક પણ દિવસનો ફેરફાર થતો નથીજ. મતલબ કે તે બને સંવત્સરની વચ્ચેનું અંતર બરાબર ૪૭૦ વર્ષનું જ મૂકવું પડે છે હા એટલો સ્વીકાર આપણે અત્રે કરવોજ પડશે કે મહાવીરના નિર્વાણનો સમય તેમની પૂર્વેની કોઈ અન્ય ઘટનાની સાથે સંકલિત જો કરાયો હોત તો વિક્રમ સંવત્સરના પ્રારંભિક દિવસની ગણના કરતી વખતે તે માસની ગણત્રી (પૂર્ણિમાંત અને અમાસાંતની) આપણે જરૂર ધ્યાનમાં લેવી જ પડત, અને બંનેની તારીખ મુકરર કરવામાં પંદર દિવસનો એટલે કે એક પખવાડિયાનો ફરક, આ બાજુ કે બીજી બાજુ મૂકવો પડત પણ જ્યારે પ્રથમ સંવત્સરના પ્રારંભ દિવસને અનુલક્ષીનેજ બીજાના આરંભ દિવસની ગણત્રી કરાય છે, અને બંનેની શરૂઆત એકજ દિવસે (શુકલપક્ષની પ્રતિપદાથી) ગણવામાં આવે છે ત્યારે એક પખવાડીઆની (પંદર દિવસની) વધ કે ઘટ કરવાનો મુદ્દો તદ્દન નિર્મૂળ જ થઈ જાય છે તથા બને વચ્ચેનું અંતર પૂરેપૂરા ૪૭૦ વર્ષનુંજ સ્વીકારવું રહે છે.

---

(૬૩) સર કનિંગહામના 'બુક ઓફ ઈન્ડીયન ઈરાઝ' નામના પુસ્તકે પૃ. ૮માં જણાવેલ છે કે—The initial point of this (Vikram) Era ought to be B C. 57 or 56¾ instead of 56 B C=વિક્રમ સંવતની આદિ ઇ. સ. પૂ. ૫૬ ને બદલે ઈ. સ. પૂ. ૫૭ અથવા ૫૬ 3/૪ લેખવી જોઈએ

(૬૪) ઉપરના પરિચ્છેદોમાં તથા પુ. ૨ ના પ્રથમ પરિચ્છેદે જુઓ

(૬૫) જુઓ તેના વૃત્તાંતે

(૬૬) જ. બો. બ્રં. રો. એ. સો. પુ. ૮ પૃ. ૨૨૩ (ડૉ. ભાઉ દાજી લખે છે કે) There is a difference 4 years between the Christian Era and the birth of the Christ = ઈસુના જન્મ અને ઈસવીના સનની વચ્ચે ચાર વર્ષનું અંતર છે

જે શિલાલેખો રાજકર્તાઓના ઉત્કીર્ણ કરાવ્યે મળ્યા છે તેમાં રાજકીય મહત્ત્વ છે કે કેમ તેની કરેલી ચર્ચા—શિલાલેખ ઉપરથી સાબિત કરેલી તેમની ધર્મમતોની ખબર તથા તેમનાં તીર્થધામ ઉપર પાડેલ પ્રકાશ—ચષ્ઠણ શકની આદિનો જે સમય ઠરાવ્યો છે તેની આઠ દાખલાઓ આપી પુરવાર કરેલી સત્યતા તથા તે આધારે ઇતિહાસના અંધકારમય યુગના જોડી આપેલા ત્રુટિત મણકાઓ—આખા નવમખંડની વંશાવળી આપેલી સમયાવળી—

બન્નેના નામ અને આયુષ્ય લગભગ સરખા હોવા છતા સ્વભાવમા તેમજ અન્ય હકીકતે તેઓ ઘણાજ ભિન્ન પડી જતા દેખાય છે

બન્ને કનિષ્કની સરખામણી પહેલાનો રાજ્યકાળ ટૂંકો છે. બીજાનો દીર્ઘકાલિન છે, બલ્કે સાગયે વંશમા સર્વથી લાંબો છે

પહેલો આધેડવયે રાજ્યાસને આરૂઢ થયો છે, બીજો ઉગતી યુવાનીમાજ રાજપદને પામ્યો છે એટલે પહેલો સ્વાનુભવને લીધે સાહસિક નીવડયો છે, જ્યારે બીજો તદ્દન નિરપેક્ષા વૃત્તિ સેવતો- દેખાયો છે પહેલાનું, આખુયે જીવન કહો કે લડાઈઓ લડવામાજ પસાર થયુ છે એટલે તેને લોક કલ્યાણના માર્ગો વિચારવાનો, કે પોતાનું તેમજ પ્રજાનું સામાજીક અથવા આધ્યાત્મિક જીવન ગાળવા માટે, પરિસ્થિતિ રચવાનો કોઈ અવકાશજ રહ્યો નહોતો જ્યારે બીજાનું જીવન શાતપણે વીતેલ હોવાથી તેણે આ સર્વે બાબતમાં ઠીકઠીક કાળવ્યતીત કર્યો લાગે છે જેથી બીજાએ જે કળારસિકતા બતાવીને પોતાનું નામ અનેક સંસ્મરણોદ્વારા ભવિષ્યની પ્રજામા અમર કરી બતાવ્યુ છે તેમાંનું અલ્પાંશે પણ પહેલાએ કરી બતાવ્યુ કહેવારો નહીં

રાજકીય જીવનમાં પહેલાનું જેટલુ પરાક્રમશીલ ગણાય તે પ્રમાણમા અનેકાંશે બીજાનું પરાક્રમવિહિન કહેવાય પહેલાના રાજ્યકાળે કુશાનવંશનો રાજ્યવિસ્તાર સૌથી મોટામાં મોટો હતો એટલે સુધી કે તેના કાંડાબળે એવી સ્થિતિ ઉભી કરી હતી કે તેના નામનો શક તેના રાજ્યના આરંભથી ચલાવવામા આવ્યો છે, જ્યારે બીજાના રાજ્યકાળે રાજ્યના ભાગલા પડી ગયેલા દેખાય છે અને તેમાં પોતેજ કેમ જાણી જોઈને હથિયાર રૂપ બનવા પામ્યો હોય તેવુ વર્તન તેણે દાખવ્યુ છે

એટલે આખા વંશની અપેક્ષાએ રાજકીય દષ્ટિથી વિચારતા કનિષ્ક પહેલાનો રાજ્યકાળ જેમ ઉન્નત સ્થાને મૂકાય તેવો છે, તેમ શાત અને લોક કલ્યાણકારી જીવન ગાળવાની દષ્ટિએ કનિષ્ક બીજાનું સ્થાન તેટલુ જ ઉચ્ચકોટિનું ગણાય તેવુ છે તેથી કરીને પહેલાએ રાજકારણમા જેમ નામ કાઢયું કહેવાય તેમ બીજાએ સામાજીક જીવનમાં નામ કાઢયું કહેવાય

(૫) વાસુદેવ પહેલો

કનિષ્ક બીજા પછી મથુરાની ગાદી ઉપર તેનો પુત્ર વાસુદેવ પહેલો આવ્યો છે તેનું રાજ્ય ઇ સ ૧૯૬ થી ૨૩૪=૩૮ વર્ષ સુધી ચાલ્યુ છે જો કે તેનું રાજ્ય સામાન્ય રીતીએ જોતા બહુ લાંબુ ચાલ્યુ ગણાય, એટલે એમ કહી શકાય કે એકતો પોતે નાની ઉંમરે અથવા તો ભરયુવાન વયે ગાદીએ બેઠો હશે અથવા તો કદાચ તે બહુ પરાક્રમી હોય કે જેથી ગમે તેવા હુમલા બહારથી આવ્યે રહ્યા હોય તોપણ તે સર્વેને પહોચી વળવા જેટલુ પોતે સામર્થ્ય ધરાવતો હોય આ બેમાંથી બીજુ અનુમાન દોરવાને આપણે પ્રથમ લલચાઈએ છીએ, પરતુ જ્યારે શિલાલેખ આપણને એમ જણાવે છે કે[૧૩] Inscriptions of Vasudev I at Mathura certainly range in date from 78 to 94 = વાસુદેવ પહેલાના મથુરાના શિલાલેખો ખરેખર ૭૮ થી ૯૪ સુધીના માલૂમ પડયા છે ત્યારે કબૂલ કરવુ પડે છે કે તેનું રાજ્ય મથુરાની આસપાસ અને બહુતો તેનાથી થોડેક દૂર આવીને અટકી ગયું હશે અને આ પ્રમાણેજ બનવા પામ્યુ હોય તો તેને ઘણો નબળો રાજા કહેવો પડશે પરંતુ જ્યારે કાઈજ તે વિશે જાણવાનું સાધન નથી ત્યારે આપણે પ્રથમના અનુમાન ઉપર જવુજ પડે છે એટલે કે તે નાની ઉંમરે જ ગાદીએ આવ્યો હોવો જોઈએ તો તેના શિલાલેખો માત્ર મથુરામાથી જ કાં સાપડયા કરે છે? તે પ્રશ્ન ઉકેલ માગે છે તે સમયે ઉત્તર હિંદમા કોઇ બીજા એવા રાજવીઓ નથી થયા કે જેઓએ તેના ઉપર ચઢી જઇને મુલક જીતી લીધો હોય, તેમજ બીજી બાજુએ પંજાબ કે કાશ્મિરની લગોલગના કોઈ રાજકર્તાએ તેની હદમા આવી જઇને તે પ્રાતો ખુચાવી લીધા હોય. આવી પરિસ્થિતિમાં એકજ કલ્પના કરવી રહે

(૧૩) અ હિ ઈ. ત્રીજી આવૃત્તિ પૃ ૨૭૨.

પરિચ્છેદ લખવા પડ્યા છે. તેમાંના દ્વિતીય પરિચ્છેદમાં અનેક પ્રસંગો સાથે શક-સંવતનું પણ વર્ણન કરી બતાવાયું છે. ત્યાં એમ સિદ્ધ કરવામાં આવ્યું છે કે હિંદના ઉત્તર ભાગમાં જે શક-સંવત પ્રવર્તેલો જણાય છે તેની સાથે દક્ષિણ હિંદમાં પ્રવર્તી રહેલ શક સંવત સાથે કાંઈ સંબંધ જ નથી. એટલે કે બન્ને ભિન્ન ભિન્ન છે. ત્યાં દ્વિતીય પરિચ્છેદમાં દક્ષિણ હિંદના શક વિષેની વિચારણા કરવામાં આવી હતી. એટલે આપણે ઉત્તર હિંદના શક વિષે જ વિચાર કરવાનો છે.

ઉત્તર હિંદના શકસંવતના પ્રારંભ સાથે, નીચે દર્શાવેલ ચાર બનાવમાંથી કોઈ એકની સાથે વિદ્વાનોની માન્યતા પ્રમાણે સંબંધ હોવાનું પકડાયું છે (૧) નહપાણથી, (જેને શક પ્રજાનો ધારી ગણાય છે તેથી) તે શકનો પ્રારંભ થયો હોય, (૨) તેણે જ રચિ આંધ્ર પ્રજાના વંશની આદિ કે (૩) કુશાનવંશી રાજા કનિષ્કનો રાજ્યારંભ ગણતા હોય (૪) પરદેશી આક્રમણકારીઓમાંના રાજા મોઝીઝ કે તેના વંશજોમાંના અઝીઝ પહેલાથી કે બીજાથી તેનો આરંભ ઈ. સ. પૂ. થયો પણ હોય એમ મનાય છે. આ પ્રમાણે ચાર માન્યતા અત્યારે પ્રવર્તમાન છે. કેમકે આ ચારે વંશના ભૂપતિઓનું જોર, ઉત્તર હિંદમાં—વધારે પ્રબળ પણે જામવા પામ્યું હતું. તેમજ તેઓ દરેક શક જાતિના છે એમ પાકે પાયે સાબિત થયું ન હોવાથી તે સર્વેને શક પ્રજાના અંશ તરીકે માની લેવાય છે. વળી શક પ્રજાથી તે સંવતસર ચાલુ થયો છે. પછી તેને શક સંવત કહેવો અને બધા ભૂપાલોમાં ખાસ નજરે પડ્યા, ત્યાં ત્યાં તે સર્વેને ઈ. સ. ૭૮ સાથેનો સંબંધ મેળવીને, સમર્થન કરાવવામાં આવ્યું છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ ઇતિહાસમાં પ્રવર્તી રહેલી દેખાય છે. તે સ્થિતિ વાસ્તવિક છે કે કેમ તેની ચોખવટ કરવી અતિ આવશ્યક છે. તે સવાલ વિચારવાની જરૂર છે.

ઉપરની ચાર માન્યતામાંથી નં. ૧ અને નં. ૪ વાળી માન્યતાને—ઈ. સ. ૭૮ વાળા શક સંવત સાથે મિલાપ ખાતું બનતું નથી એમ પ્રમાણોપાત

(૩) જુઓ પુ. ૩ પૃ. ૧૪ : ૧૫૨ (ટી. નં. ૩૦)

તેમજ પુ. ૩માં પૃ. ૨૧૭થી ૨૨ સુધી નં ૧ની અને પૃ. ૩૨૧-૨૨, મોઝીઝની બાબત વિષય વર્ણવતી વખતે ઉપાડીને આપણે સાબિત કરી આપ્યું છે. એટલે તે બેને બાદ કરીને બાકીની બેનો જ અત્રે વિચાર કરવો રહે છે. બાકી રહેલી બે માન્યતા—કુશાન અને આંધ્રપતિ બાબતો—એક જ સમયે ઉદ્ભવી છે. તેની ઉત્પત્તિનું કારણ જુદું જુદું છે પરંતુ તેમના કાળ અને સમય એક જ છે—એટલે આપણા કામ પુરતા તે એક જ લેખાય તો પણ હરકત જેવું નથી. તેમાં કુશાન વંશના રાજાની બાબત તો આપણે ચર્ચા પણ થઈ છે એટલે આપણે આંધ્રપતિની ઉત્પત્તિ બાબત વિચારવી રહે છે.

આપણે કહી ગયા છીએ કે આંધ્રપતિ અને કુશાનવંશનો આરંભકાળ એક જ સમયનો જણાય છે. હવે જ્યારે કુશાનવંશનો આરંભ ઈ. સ. ૧૦૩ જણાય છે ત્યારે આંધ્ર વંશનો આરંભકાળ પણ ઈ. સ. ૧૦૩ જ લેખે પડે તેમાં તો શક જેવું છે જ નહીં. પરંતુ અત્ર જે આપણે સાબિત કરવું રહે છે તે એટલું જ કે તે આંક શી રીતે મેળવી શકાયો છે? તેમજ તે આંધ્રપતિઓ શક પ્રવર્તાવનાર કારણ શું છે અને એવી પ્રવૃત્તિઓ કરો? પ્રથમ પડે જરૂરિયાતનું કે આંક તે સમયવર્તક નિશાની કહેવાય છે અને તેની ગણતરી પાકે પાયે તથા વિના ભૂલે કરવી હોય તો, શિલાલેખ અને સિક્કાને લગતા જેટલાં સાધનો મળી શકે તેનો મેળવીને તે પ્રમાણે આલેખન થવાથી જ પ્રમાણિત પરિણામે પહોંચી શકાય. તેમાં અત્રે તો આપણે તેની આદિનો જ સમય મેળવવો છે એટલે તે વંશના પાછળના રાજાઓને બાદ કરીને પૂર્વના બધા એટલે શરૂઆતના રાજાઓના જ શિલાલેખ અને સિક્કાને તપાસવા પડશે. તે કામ માટે પ્રથમના બે ત્રણ રાજાની જ વિચારણા પુરતી ગણાય એવી છે કેમકે તેમને લગતી તથા પ્રકારની જે સામગ્રી પ્રાપ્ત થઈ છે તેમાં આંકનો નિર્દેશ કરેલ પણ માલૂમ પડે છે. આંધ્ર પ્રથમના રાજાનું નામ શ્રીમુખ

૪. ૪૪ તથા તેની ટી. નં. ૫૪

Kanishka was as great a figure as Asoka, but unfortunately no early historian mentions him and his date is very much disputed=બૌદ્ધધર્મીઓ ને (તો) કનિષ્ક, અશોકના જેટલો જ પ્રભાવિક પુરૂષ હતો, પરંતુ કમભાગ્યે પૂર્વના કોઈ ઇતિહાસ લેખકે તેનું નામ જણાવ્યુ નથી વળી તેનો સમય ઘણો શકાસ્પદ મનાય છે" એટલે તેમનું કહેવુ એમ છે કે, અશોકના જેટલો જ પ્રભાવ—ફાળો—બૌદ્ધધર્મની કીર્તિ વધારવામાં ભલે કનિષ્કનો હશે, પરંતુ કોઈ પ્રાચીન લેખકોએ તેના નામ વિશે નોંધ કરી તેમના જોવામાં આવી નથી છતાં બનવા જોગ છે કે કનિષ્કનો સમય જે ચોક્કસ રીતે જણાયો નથી તે કદાચ તેના કારણ (કનિષ્કનું નામ જે માલૂમ પડતું નથી તે બાબતનું) રૂપ પણ હોય. મતલબ કે પોતાની માન્યતા તો અમુક પ્રકારે બધાઈ ગઈ છે જ, પરંતુ કોઈ શંકા ઉઠાવે તેના કરતા પોતે જ તેના મનનું સમાધાન કરવા માટે પ્રત્યુત્તરે ખુલાસારૂપે પાછુ જણાવે છે કે[17] " It must be remembered however that, while there is no doubt about the existence of the Buddhist Council and the work it did, Kanishka's connection with it is not absolutely certain Parmarth, for example, who is the earliest and perhaps the most reliable authority does not mention Kanishka etc=છતા યાદ રાખવાનું છે કે, બૌદ્ધ ધર્મસભાના અધિવેશન વિશે તથા તેમાં થયેલ કાર્ય વિશે, જો કે કોઈ જાતનો સંશય નથી જ પરંતુ-તેથી તે સાથેનો કનિષ્કનો સંબંધ કાંઈ ચોક્કસ થતો નથી જ (કેમકે) દાખલા તરીકે, પરમાર્થ, જે એકદમ પ્રાચીન અને સાથે સાથે અતિ વિશ્વસનીય આધાર રૂપ ગણાય છે, તે તો કનિષ્કનું નામ ઉચ્ચારતો પણ નથી ઇ. ઇ." તેમના કહેવાનું તાત્પર્ય એમ છે કે, ભલે ધર્મસભા મળી હતી અને તેમા જે જે કામ થયુ છે તે પણ સર્વે સાચી વાત છે, તેમા શંકા નથી જ પરંતુ તેથી એમ સિદ્ધ થતું નથી કે તે સભાનો બોલાવનાર કે તે સાથે કોઈ પ્રકારે સંબંધ ધરાવનાર આ કુશાનવંશી કનિષ્ક જ હતો વળી આ પ્રમાણે પોતે જે અભિપ્રાય રજુ કરે છે તેનું કારણ જણાવતા કહે છે કે, પરમાર્થ જેવો પ્રાચીનમાં પ્રાચીન અને પહેલા નંબરે વિશ્વાસ મૂકી શકાય તેવો પુરૂષ તો રાજા કનિષ્કના નામનો ઉચ્ચાર સરખો પણ કરતો નથી એટલે કે જો કનિષ્કનું નામ કોઈ પ્રકારે કિંચિત્ દરજ્જે પણ તેમાં જોડાયુ હોત તો તે વિશેની નોંધ તે કર્યા વિના રહેત ખરો? મતલબ એ થઈ કે, બીજી બધી વાત ખરી, પરંતુ બૌદ્ધ ધર્મસભા સાથે કનિષ્કનું નામ કોઈ રીતે જોડાયુ નથી જ એટલે કે રાજા કનિષ્ક બૌદ્ધધર્મી નથી એવો નકારાત્મક પુરાવો રજુ થયો તેમ બીજી બાજુ પેશાવર જીલ્લામા આવેલ શાહીજી કી ઘેરી ગામેથી મળી આવેલ પેટી ઉપરના ચિત્ર વિશે[18] તેમણે જે લખ્યુ છે તેમાંથી હકારાત્મક આધાર મળતો હોય એમ જણાય છે તે વાક્ય આ પ્રમાણે છે " Kanishka, standing between the sun and the moon=સૂર્ય અને ચંદ્રની વચ્ચે કનિષ્ક ઉભો છે" એટલે કે તે પેટી ઉપર રાજા કનિષ્કનું ચિત્ર છે અને તેની એક પડખે સૂર્ય અને બીજે પડખે ચંદ્રની નિશાનીઓની કોતરેલી છે આપણે સિક્કાચિત્રના અભ્યાસથી હવે જાણીતા થયા છીએ કે, વિદ્વાનો તે ચિહ્નને Star and Crescent તરીકે સંબોધે છે અને તેને ચષ્ઠણવંશવાળાઓ પોતાના સિક્કા ઉપર હમેશાં કોતરાવતા રહ્યા છે આ નિશાની જૈનધર્મનું દ્યોતક ગણાય છે જે હકીકત પુ ૨ સિક્કાચિત્ર નં ૪૨ મા તથા પુ ૩. સિક્કાચિત્ર નં. ૧૦૨ મા વિગતવાર સમજાવવામા આવી છે તેમજ આગળનો તૃતિય પરિચ્છેદ જે, ચષ્ઠણવંશના વર્ણન માટે જ ખાસ રોકયો છે તેમા પણ તેની સમજૂતિ આપવામા આવી છે.

આ પ્રમાણે—નકાર તથા હકારમા નોંધાતા—

(૧૭) જુઓ મજકુર પુસ્તક પૃ. ૭૮.

(૧૮) મજકુર પુસ્તક પૃ. ૭૪.

છે કે તે પણ તેના પિતાની પેઠે જ બહુ શક્તિશાળી રાજ મહાબલવાન રાજવી હોવો જોઈએ. એટલે જ તેનું રાજ્ય દીર્ઘકાલીન હોવા છતાં તેમાં કોઈપણ બનાવ નોંધવા જેવો બનાવ નીપજ્યો નથી. બનવા જોગ છે કે તેવા બનાવ બન્યા પણ હોય. પરંતુ ઇતિહાસને પાને ચડવા રહી ગયા હોય. અને તેમ હોય ત્યારે તો એટલું જ કહી શકાય કે તેના રાજ્યે કોઈ મહત્વનું કાર્ય થયું નજરે આવતું નથી.

તેના સિક્કાઓ તેના પૂર્વજોના કરતાં જુદી જ તરેહના દેખાય છે. તે જોતાં કહી શકાય કે તેણે પોતાનો બાપીકો ધર્મનો ત્યાગ કર્યો હશે. તેનું નામ પણ આમ તે કથનની સાબીતિ આપે છે. મિ. વિન્સેંટ સ્મિથ લખે છે કે[૧૪] "Vasudev I, whose thoroughly Indian name, a synonym of Vishnu. Testimony to the same fact is borne by his coins almost all of which exhibit on the reverse the figure of the Indian God Siva attended by his bull Nandi and accompanied by the noose trident and other insignia of Hindu iconography—વાસુદેવ પહેલો જેનું સંપૂર્ણ હિંદી નામ, વિષ્ણુ શબ્દનો પર્યાય થાય છે. આ બાબતની સાક્ષી તેના સિક્કા ઉપરથી મળી આવે છે. લગભગ સર્વે સિક્કાઓમાં અવળી બાજુ ઉપર હિંદુ-દેવ શિવની આકૃતિ હોય છે તેની સાથે તેમનો પોઠીઓ નંદી, તથા પાશ, ત્રિશૂળ અને હિંદુમૂર્તિઓના અન્ય ચિહ્નો પણ નજરે પડે છે." આ પ્રમાણે સિક્કા જેવા આધાર પુરાવો મળી આવે છે કે તે પોતે શિવભક્ત બની ગયો હતો. એટલે, તેના રાજ્યે રાજકીય દ્રષ્ટિએ કોઈ અસાધારણ બનાવ ભલે બન્યો કહી નથી શકાતું, પરંતુ ધાર્મિક ક્ષેત્રમાં તો કાંઈક પરિવર્તનકારક સ્થિતિ ઉભી થવા પામી હોવી જોઈએ. નહિ તો તેણે ધર્મપલટો કર્યો ન હોત! આ રીતે આપણને તે સમયના બધા ધર્મોના કોઈ પ્રસંગોથી માહિતી મળે છે કે કેમ, તે બાબતની પૂરી કહી શકાતું નથી. પરંતુ જૈનધર્મના સાહિત્ય પ્રમાણે એક સ્થિતિ વર્ણવવામાં આવી છે કે આશરે વિ. સં. ૨ થી આશરે બારેક સદી સુધી, જે મુખ્ય આચાર્યો થયા છે તેમણે વસતીમાં રહેવાને બદલે વનમાં રહેવાનું[૧૫] પસંદ કર્યું હોવાથી તેમના સમુદાયનું નામ વનવાસી ગચ્છ પાડવું થયું. બનવા જોગ છે કે, આ ધર્મપ્રતિ વિમાસણની તકલીફો આવેલ હોવાને લીધે તરફથી આવી પડી હોય; કેમકે તે આચાર્ય કેમ પ્રસ્થાપિતો ધર્મ પાળતા બન્યા છે તેમજ આ કુશાન વંશી રાજાની સમાપ્તિ બાદ ક્ષત્રપવંશી રાજાઓએ આવી દીધી છે તેઓ પણ તે પ્રદેશમાંથી જ ઉતરી આવેલ કહેવાય છે. એટલે પ્રમાણભૂત અન્ય હકીકત જ્યાં સુધી જેની વિરુદ્ધ જણાવવામાં ન આવે ત્યાં સુધી એટલું અનુમાન કરવું રહે છે કે ઈ. સ. ની બીજી સદીના પાછલા ભાગમાં ઉત્તર હિંદમાં વૈદિક ધર્મનું જોર વિશેષ બળવાન બન્યું હતું જેને પરિણામે કુશાનવંશી ભૂપતિઓએ તે ધર્મ અંગિકાર કર્યો હશે અને જૈન ધર્મ ઉપર હિંસા પ્રમુખ આદિ પ્રવૃત્તિથી ઉપદ્રવ થવા લાગી.

ઉપર પ્રમાણે આપણે સિક્કા જોઈતા થયા, પરંતુ વાસમાં ગયા પહેલાં તેમના ધર્મ વિશે પ્રકાશ પાડતી

કેટલીક વધુ નિશાનીઓ મળી આવી છે

તેના ધર્મ વિશે જે કામ ઉપરથી જાણી શકાય વધુ પુરાવો મળે છે તે અહીં નીચે રજૂ કરી છે

ઇમ્પીરિઅલ ગેઝેટિયર ઓફ ઈન્ડીઆમાં લેખક જણાવે છે કે[૧૬] "To the Buddhist

---

(૧૪) અ. હિ. ઈ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૭૨.

(૧૫) આ બાબતમાં તેમજ આ સ્થિતિ ઉત્પન્ન કરી હતી તથા તે પહેલા તેમનો મુખ્ય નિવાસ ક્યાં પ્રદેશમાં હતો તે ચોક્કસ રીતે જાણવું નથી. બનવા જોગ છે કે ક્યાં હિમાલય ન હોય. તે કેટલાક વખત ગાળ પણ તે પ્રદેશ બાજુથી, મથુરાદિ તથા આસપાસના વિભાગ જેવા કોઈ સ્થાનું દેખાય છે.

(૧૬) જુઓ તે પુસ્તક પૃ. ૬૦.

Kanishka was as great a figure as Asoka, but unfortunately no early historian mentions him and his date is very much disputed=બૌદ્ધધર્મીઓને (તો) કનિષ્ક અશોકના જેટલો જ પ્રભાવિક પુરુષ હતો પરંતુ કમનસીબે પૂર્વના કોઈ ઇતિહાસ લેખકે તેનું નામ જણાવ્યું નથી તેમ તેનો સમય પણ શંકાસ્પદ જણાય છે ' એટલે તેમનું કહેવું એમ છે કે, અશોકના જેટલો જ પ્રભાવ—દોરો—બૌદ્ધધર્મની કીર્તિ વધારવામાં એવો કનિષ્કનો હતો, પરંતુ કોઈ પ્રાચીન લેખકે તેના નામ વિશે નોંધ કરી તેમના જોવામાં આવી નથી. છતાં મનવા જેવું છે કે કનિષ્કનો સમય જે ચોક્કસ રીતે જણાતો નથી તે કદાચ તેના કારણ (કનિષ્કનું નામ જ માલૂમ પડતું નથી તે કારણનું) રૂપ પણ હોય. મતલબ કે પોતાની માન્યતા તો અમુક પ્રમાણે જણાઈ ગઈ છે જ, પરંતુ કોઈ શંકા ઉઠાવે તેના કરતાં પોતે જ તેના મનનું સમાધાન કરવા માટે પ્રત્યુત્તરે ખુલાસારૂપે પાછું જણાવે છે કે[૧૭] " It must be remembered however that, while there is no doubt about the existence of the Buddhist Council and the work it did, Kanishka's connection with it is not absolutely certain Parmarth, for example, who is the earliest and perhaps the most reliable authority does not mention Kanishka etc.=છતાં યાદ રાખવાનું છે કે, બૌદ્ધ ધર્મસભાના અધિવેશન વિશે તથા તેમાં થયેલ કાર્ય વિશે, જો કે કોઈ જાતનો સંશય નથી જ પરંતુ તેની તે સાથેનો કનિષ્કનો સંબંધ કાંઈ ચોક્કસ થતો નથી જ (કેમકે) દાખલા તરીકે, પરમાર્થ, જે એકદમ પ્રાચીન અને સાથે સાથે અતિ વિશ્વસનીય આધારરૂપ ગણાય છે, તે તો કનિષ્કનું નામ ઉચ્ચારતો પણ નથી ઇ ઇ " તેમના કહેવાનું તાત્પર્ય એમ છે કે, બૌદ્ધ ધર્મસભા ભરાઈ હતી અને તેમાં જે જે કામ થયું છે તે પણ સર્વ સાચી વાત છે, તેમાં શંકા નથી જ પરંતુ તેથી એમ સિદ્ધ થતું નથી કે તે સભાનો બોલાવનાર કે તે સાથે કોઈ પ્રકારે સંબંધ ધરાવનાર આ કુશાનવંશી કનિષ્ક જ હતો વળી આ પ્રમાણે પોતે જે અભિપ્રાય રજુ કરે છે તેનું કારણ જણાવતા કહે છે કે પરમાર્થ જેવા પ્રાચીનમાં પ્રાચીન અને પહેલા નંબરે વિશ્વાસ મૂકી શકાય તેવો પુરુષ તો સદન્તર કનિષ્કના નામનો ઉચ્ચાર સરખો પણ કરતો નથી એટલે કે જો કનિષ્કનું નામ કોઈ પ્રકારે કિંચિત્ દરજ્જે પણ તેમાં જોડાયું હોત તો તે વિશેની નોંધ તે કર્યા વિના રહેત ખરો? મતલબ એ થઈ કે, બીજી બધી વાત ખરી, પરંતુ બૌદ્ધ ધર્મસભા સાથે કનિષ્કનું નામ કોઈ રીતે જોડાયું નથી જ એટલે કે રાજા કનિષ્ક બૌદ્ધધર્મી નથી એવો નકારાત્મક પુરાવો રજુ થયો તેમ બીજી બાજુ પેશાવર જીલ્લામાં આવેલ શાહજી કી ઢેરી ગામેથી મળી આવેલ પેટી ઉપરના ચિત્ર વિશે[૧૮] તેમણે જે લખ્યું છે તેમાંથી હકારાત્મક આધાર મળતો હોય એમ જણાય છે તે વાક્ય આ પ્રમાણે છે " Kanishka, standing between the sun and the moon=સૂર્ય અને ચંદ્રની વચ્ચે કનિષ્ક ઉભો છે" એટલે કે તે પેટી ઉપર રાજા કનિષ્કનું ચિત્ર છે અને તેની એક પડખે સૂર્ય અને બીજે પડખે ચંદ્રની નિશાનીઓની કોતરણી છે આપણે સિક્કાચિત્રના અભ્યાસથી હવે જાણીતા થયા છીએ કે, વિદ્વાનો તે ચિહ્નને Star and Crescent તરીકે ઓળખે છે અને તેને ચષ્ઠણવંશવાળાઓ પોતાના સિક્કા ઉપર હમેશાં કોતરાવતા રહ્યા છે આ નિશાની જૈનધર્મનું દ્યોતક ગણાય છે જે હકીકત પુ ૨ સિક્કાચિત્ર નં ૪૨ માં તથા પુ ૩ સિક્કાચિત્ર નં. ૧૦૨ માં વિગતવાર સમજાવવામાં આવી છે તેમજ આગળનો તૃતિય પરિચ્છેદ જે, ચષ્ઠણવંશના વર્ણન માટે જ ખાસ રોક્યો છે તેમાં પણ તેની સમજૂતિ આપવામાં આવી છે.

આ પ્રમાણે—નકાર તથા હકારમાં નોંધાતા—

(૧૭) જુઓ મજકુર પુસ્તક પૃ. ૭૮.

(૧૮) મજકુર પુસ્તક પૃ. ૭૯.

તેને આનના પુરાવાથી સાબિત થઈ ગઈ છે કે કુશાનવંશી રાજાઓ જૈન મતના અનુયાયીઓ જ હતા વાસુદેવ પહેલો જ તેમાંથી ખસી જઈને પ્રથમ વૈદિક મતવાળો બન્યો હતો.

(૧ થી ૧૩) બાકીના આઠ રાજાઓ

વાસુદેવ ૩૮ વર્ષ સુધી રાજ્ય કરી ઈ. સ ૨૩૪ માં મરણ પામ્યા બાદ કોણે કોણે અને કેટલા કેટલા વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું ? તે કહેવા જેવી સ્થિતિમાં આપણે નથી જ. પરંતુ સંજોગાનુસાર એટલું ચોક્કસ છે કે તે બાદ ૪૬ વર્ષે એટલે ઈ. સ. ૨૮૦ સુધી તે વંશની સત્તા ચાલુ રહી છે કદાચ વધારે કે ઓછા સમય પર્યન્ત[૧૯] પણ તે ચાલુ રહી હોય, કેમકે તેમનો મુગટ જે રાજાઓ હિંદી ઇતિહાસમાં ગુપ્તવંશી તરીકે ઓળખાવાય છે તેમણે ઉતારી લીધો જણાય છે અને તેઓનો ઉતાર ક્યારે થયો હતો તે નિશ્ચયપૂર્વક કહેવાતું નથી. આ વંશનો બીજો રાજા, ચંદ્રગુપ્ત પહેલો જે વિખ્યાતિ પામેલ છે તેણે ઇ. સ. ૩૧૯ માં ક્ષત્રિયની જાતી, લિચ્છવીની કન્યા, જેને આપણે શકવંશી રાજાઓ તરીકે સંબોધવાનું જાહેર કર્યું છે તેમની પાસેથી મેળવી હતી, અને તેના સ્મારકમાં પોતાનો ગુપ્ત સંવત્સર[૨૦] પ્રવર્તમાન કર્યો છે. આ બીજો રાજા છે એટલે તેની પૂર્વે બે વર્ષ થયા અનુમાન તે બન્નેનો સરેરાશ રાજ્યકાળ વીસ વીસ વર્ષ જેટલો ૪ વર્ષનો થયો હોવાનું અને તે હિસાબે ૩૧૯–૪૦=૨૭૯ ઇ. સ.ની આસપાસમાં ગુપ્તવંશી પ્રથમ નૃપતિએ કુશાનવંશી સમ્રાટ ઉપર છત્ર મેળવી લીધી હોવાથી જો મિ. વિન્સેન્ટ સ્મિથના અભિપ્રાય પ્રમાણે આ વંશનો અંત સુદીર્ઘ રીતે આવ્યો હોવાનું ગણાય છે. તે વિદ્વાન એવો મત ધરાવે છે કે[૨૧] The decay must have been hastened by the terrible plague of A. D 167 which desolated Roman and Parthian empires for several years = ઇ. સ. ૧૬૭ની જે ભયંકર મહામારીએ, રોમ અને પાર્થિઆના સામ્રાજ્યને કેટલાંક વર્ષો સુધી નિર્જન કરી નાંખ્યા હતા તે, આ પાર્થિવ વંશની પડતી (તેમનો અંત)–ઝડપી બેસાડી આપી હોય." એટલે એમનું ધારવું એમ થાય છે કે યુરોપમાં જે મહામારી–પ્લેગ, રોમ રાજ્યે ઇ.સ. ૧૬૭માં ફાટી નીકળી હતી તે પશ્ચિમના રોમમાંથી પૂર્વ તરફ ધસતો ધસતો પ્રથમ પાર્થિઅન–ઈરાનના રાજ્યને ભક્ષી ગયો હતો અને તેમાંથી જરા પણ ઓછું આપ્યું નહીં હોય, એટલે તે હિંદમાં આવી પહોંચ્યો હશે અને કુશાનવંશી રાજ્યની સમાપ્તિ કરી દીધી હશે. આ અનુમાન ઉપર આવવાને તેમને શું કારણ મળ્યું હશે તે ઉપર પ્રકાશ પાડ્યો નથી. એટલે સમજાય છે કે, હિંદી ઇતિહાસના પરદેશી આક્રમણકારોના આ સમયકાળના સંબંધમાં જે પ્રમાણે ઇન્ડોસિથીઅન, ઇન્ડોપાર્થિઅન, શક, કુશાન અને બલાઢ ઈ. ઈ.ની પૂરેપૂરી ઓળખ થઈ ન શકવાથી વિદ્વાનોએ એકબીજાની ભેળસેળ કરી દીધી છે અને પછી પોતાની કલ્પના પ્રમાણે વર્ણન કરવામાં આવ્યા લાગે છે, જ્યારે સુધી ઊંડી નહીં ત્યારે તેમણે બનાવના ખુલાસા ગોઠી કાઢવા પડ્યા છે તે પ્રમાણે આ કિસ્સામાં પણ બનવા પામ્યું હશે. નહિતર ક્યાં યુરોપ ને ક્યાં હિંદ, તે બેને સંબંધ શો ? વળી ક્યાં ૧૬૭ની સાલ અને ક્યાં ૨૮૦ની સાલ ? વળી હિંદમાંથી ઇન્ડોપાર્થિઅન સત્તાનો અંત ઇ. સ. ૪૫માં આવ્યો હતો ક્યાં ? તેમજ રીતે ઇન્ડોસિથિઅનનો અંત ઈ. સ. પૂ. ૫ માં આવ્યો છે તે ક્યાં ! આમ એક બીજાને સંબંધ ન હોય તેવી વસ્તુઓ જોડવા જેવું થાય છે.

આ કુશાનવંશી રાજાઓના સિક્કામાં જે પાર્થિઅન અંશ જોવા જણાય છે તે કંઈ પાર્થિઅનો કુશાન

---

(૧૯) જુઓ નીચેની ટીકા નં. ૨૦

(૨૦) આ ગુપ્ત સંવતનો આરંભ ઈ. સ. ૩૧૯માં થયો છે પરંતુ તે સમયથી આ ગુપ્ત સંવતનો પ્રથમ થયો હોવાનું અનુમાન છે. બાકી કે તે ઘટના ઈ. સ. ૩૧ ની પાસે જ હતી.

(૨૧) જુઓ તેમણે લખેલી અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૭૨.

વંશની હકુમત ઉપર ચડી આવ્યા તેના પરિણામરૂપ નથી, પણ આ કુશાનવંશીઓ પોતેજ ઇન્ડોપાર્થિઅનની હકુમતની પાછળ પાછળ, હિંદની ભૂમિ ઉપર ચડી આવ્યા હતા તેની અસરનું તે દ્યોતક છે મતલબ કે તેમના કથન પ્રમાણે, પ્રથમ કુશાન અને પછી પાર્થિઅન એમ નથી બન્યુ, પણ પ્રથમ પાર્થિઅન અને પછી કુશાન આવ્યા છે

ઉપર જણાવ્યા પ્રમાણે આ સર્વે નં ૬ થી ૧૩ સુધીના સાતથી આઠે વીર્યહીન અને નામધારી રાજાઓનો અંત આવ્યો કહી શકાશે તેમનાં નામો કેવા હતા તે જણાયુ નથી જ પણ આ વંશના પાંચમા રાજાને જ્યારે વાસુદેવ પહેલા તરીકે સંબોધ્યો છે, ત્યારે કહી શકાશે કે, આ નામધારીમાથી એકાદ રાજાનું નામ વાસુદેવ બીજો હશે જ, અને કદાચ વાસુદેવ ત્રીજો, ચોથો ઇત્યાદિ પણ હોય તે બહુ અગત્યનો સવાલ નથી એટલે હાલ તો સ્મિથ સાહેબનું મતવ્ય રજુ કરીને આ પરિચ્છેદની સમાપ્તિ કરીશું તેમણે સાફ શબ્દોમાં નોંધ કરી છે કે, So much, however is clear that Vasudev I was the last Kushan King, who continued to hold extensive territories in India, after his death there is no indication of the existence of a paramount power in Northern India=છતાં એટલું સ્પષ્ટ છે કે વાસુદેવ પહેલાને છેલ્લો જ કુશાનવંશી રાજા કહેવાય કે જેણે હિંદમાં બહોળા પ્રદેશ ઉપર સ્વામિત્વ ટકાવી રાખ્યું હતું તેના મરણ બાદ ઉત્તર હિંદમાં કોઇએ એક છત્રી રાજ કર્યાનું કાંઈ ચિહ્ન નજરે પડતું નથી



તૃતીય પરિચ્છેદ

ચષ્ટણવંશી (શાહવંશી)-ક્ષત્રપો

ટૂંકસાર—ચષ્ટણ ક્ષત્રપોનું ખ્યાન કુશાન સમ્રાટો સાથે જોડવાનું કારણ બતાવી તેમના શકસંવત્ વિશે કરેલી ચર્ચા—તથા સિક્કા અને શિલાલેખના આધારે તેના પ્રારંભનો સાબિત કરી આપેલ સમય—

(૧) ઝામોતિક ક્ષત્રપનું આપેલ ટૂંક જીવનચરિત્ર—

(૨) ચષ્ટણનાં વિવિધ બિરુદોની પ્રાપ્તિનો આપેલ ઇતિહાસ—તે ઉપરથી સમજાતો તેના જીવનનો તેમજ રાજ્યવિસ્તારનો તરવરી આવતો આપેલ ખ્યાલ—કનિષ્કની સાથે મળી આવેલ ચષ્ટણની મૂર્તિ જેવા પુરાવાઓમાં ભરાવાઇ રહી તેની તથા તેના સમય વિશેની આપેલ સમજૂતી—નહપાણ અને ચષ્ટણની ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી, સામ્યતા અને વિષમતાના મુદ્દાઓ ટાંકી ટાંકીને, કરેલી તુલના—તેમના જીવનમાંથી સૂઝી આવતા ક્ષત્રપ મહાક્ષત્રપની સત્તા વિશેના વિચારોનું કરેલ અવલોકન તથા તેમના સિક્કાની સમજૂતી સહજ થઈ પડે માટે તેનું બતાવેલ કોષ્ટક—ચષ્ટણ અને કુશાન સંવતના ભેળસેળનું આપેલ વર્ણન—ચષ્ટણનું આયુષ્ય ઉમર ઈ—

(૩) જયદામન રાજ્યપદે આવ્યો હતો કે કેમ તે વિશેનો કરી આપેલ નિર્ણય—

(૪) રુદ્રદામન—તેના રાજ્યવિસ્તાર સંબંધમાં થતી ગેરસમજૂતીઓનું આક કરી ચોમાં કરેલ વર્ણન તથા તેનો સૂચવેલો પ્રતિકાર—રાજ્યવિસ્તાર સિવાય અન્ય હકીકત પરત્વે થયેલ ગેરસમજૂતિનું તથા આખા ચષ્ટણ વંશીઓના ધર્મવિષે કરેલ નિરૂપણ—

જે શિલાલેખો સજકતોનો ઉભા કરાયે ગયા છે તેમાં રાજકીય મહત્ત્વ છે કે કેમ તેની કરેલી ચર્ચા—શિલાલેખ ઉપરથી સાબિત કરેલી તેમની ધર્મપ્રત્યેની ધગશ તથા તેમનાં તીર્થધામ ઉપર પાડેલ પ્રકાશ—ચષ્ટણ શકની આદિનો ? સમય કહ્યો છે તેની, આક દાખલો આપી પૂરવાર કરેલી સત્યતા તથા તે આધારે ઇતિહાસના અંધકારમય યુગના જોડી આપેલા ત્રુટિત અંકોડાઓ—આખા વંશની વંશાવલીમાં આપેલી સમજણ—

આજ સુધી વર્ણવાયેલા પરિચ્છેદોમાં જેમ ઐતિહાસિક આધાર આપનાર વસ્તુનું પરિચ્છેદનું અવલોકન થયું છે, તેમ આ પરિચ્છેદમાં કાંઈક સંશોધનપૂર્ણ કામ લેવાનું રહી જતું નથી. કદાચ તે કહ્યું છે ' ચષ્ટણવંશી ક્ષત્રપો ' નો ગ્રંથ, કે જેને વિદ્વાન રેપ્સન સાહેબે Kshatrapas નામે ઓળખાવ્યા (ક્ષત્રપો વિગેરે) ક્ષત્રપો તરીકે ઓળખાવ્યા હતા અને જેને પુ. ૩ પૃ. ૨૪૨ આ આગળ 'ક્ષત્રપ' તરીકે ઓળખ્યા જ છે; પરંતુ તે ગ્રંથમાં વર્ણવેલા રાજાઓ થઈ ગયા છે, તેનું વર્ણન અને તેટલું જણાવવામાં આવ્યું છે તેટલું જ આખું જ આપણે આપવાનું નથી. કારણ કે તેમ કરવામાં આવે તો આગળ કરેલી સમય ગણના વિગેરે નિર્ધારિત થઈ ગયા છે. કેવળ તેનું સંપૂર્ણ બયાન ન આપતાં તેમને લગતી જે જે વિગત અત્યાર સુધી નહીં ગોઠવાયેલી દેખાઈ છે અગર તો માલુમ પડી છે પણ જેના હવે ફેરફાર કરવાની આવશ્યકતા લાગી છે, તેટલીનું જ અહીં વિવેચન કરવાની ધારણા રાખી છે કે જેથી કરીને તેનો સંપૂર્ણ ઇતિહાસ લખવામાં આવે ત્યારે તે બાબતો ઉપર પૂરતું લક્ષ આપવામાં આવે.

વળી, આ ક્ષત્રપોને લગતી બીનાઓનું સ્વતંત્ર વર્ણન ન આપતાં, આ કુશાનવંશી પ્રજા સાથે જ તેમનો એક પરિચ્છેદ બનાવીને જોડ્યો છે તેનું કારણ એ છે કે, આ ક્ષત્રપો મારી સમજ પ્રમાણે કુશાનવંશી રાજાઓના અમલદાર હોવાનું નક્કી થાય છે એટલે કુશાન અને ચષ્ટણ વગેરે લગતા કેટલાક બનાવો અંદરોઅંદર એક બીજાને સ્પર્શીને રહેલા છે, તે માટે તેમના જ ઇતિહાસની સાથે જો આમનું વર્ણન કરી બતાવવામાં આવે તો લેખકને તેમજ વાચકને બન્નેને અનુકૂળ થઈ પડે એમ દેખાયું છે.

ઉપર પૃ. ૧૫૮ માં જે મુદ્દાઓનું આ પરિચ્છેદે વર્ણન કરવા માટેની સૂચના કરી છે તેમાંનો એક અંશ તેમના શક-સંવત્સરને લગતો

તેમના શક-સંવત્સરને લગતો તેમના આદ્યના છે. પ્રથમ પરિચ્છેદે કુશાન કર્તા વિગેરે વંશની નામાવલિ ગોઠવતાં એમ જણાવાયું છે કે તેમનો શક ઈ. સ. ૧૦૩ માં નહપાણથી કનિષ્ક પહેલો ગાદીપતિ બન્યો હતો ત્યારથી આરંભાયો છે. સાથે સાથે એમ પણ જણાવવામાં આવ્યું છે કે, ચષ્ટણવંશી ક્ષત્રપોના શક-સંવત્સરની આદિ પણ તેજ સમયથી કરવામાં આવી છે [વિદ્વાનોએ આ બન્ને પ્રસંગને-કુશાન અને ચષ્ટણ વંશના પ્રારંભને, ઈ. સ. ૭૮ માં સમાન ગણ્યા છે ત્યારે મેં અનેક પુરાવાને આધારે જે નીચે જણાવવામાં આવ્યા છે, તેનો સમય આગળી વર્ષ ૧૦ નો ફરાવ્યો છે અથવા એટલે દરજ્જે બન્યો છે કે, આ બન્ને પ્રસંગોનો સમય[2] ઈ. સ. ૧૦૩ માં નોંધી શકાય તેમ છે, પરંતુ તેમ થવાનાં કારણો જુદાં જુદાં સમજાય છે માટે તે બન્નેને, એકજ શક ન માની લેતાં બન્નેને ભિન્ન ભિન્ન નામે ઓળખાવવાની જરૂર લાગે છે, એટલે કુશાન અને ચષ્ટણ સંવત એમ ભિન્નભિન્ન નામે તેને ઓળખીશું જો કે નામ જુદા દઈએ છીએ-પરંતુ ઇતિહાસના આલેખનની દૃષ્ટિએ આંકના ગણતરીમાં કે બનાવોની નોંધ કરવામાં, એકને બદલે બીજું નામ વપરાઈ જવાથી કોઈ જાતનો વિરોધાભાસ થતો નજરે પડતો નથી, એમજ સમજી લેવું રહે છે હવે તેની ઉત્પત્તિના સમય વિશેની વિચારણા પ્રથમ કરી લઈએ.

સમય-કાળ ગણના માટેની પદ્ધતિ વિશેની માહિતી આપતાં આ પુસ્તકના આઠમા ખંડે એ

(૧) આ નામ શા માટે પાડવામાં આવ્યું હશે તે પુ. ૩ માં તેને ઠેકાણે દર્શાવવામાં આવ્યું છે તે નામ પાછળથી ખોટું ઠરાવવામાં આવ્યું છે એટલે આપણે પણ તેને છોડી દઈને ચષ્ટણવંશી શબ્દ જ વાપરવાનું ચાલુ રાખ્યું છે

(૨) કદાચ એક બે વરસનું અંતર લાવવું હોય તો લાવી શકાય તેમ છે પરંતુ તેમ કરવા જતાં અન્ય બીજી મુશ્કેલીઓ ઉભી થવાનો સંભવ છે તેથી હાલતો એકજ સમય હોવાનું જણાવવું ઠીક લાગ્યું છે

પરિચ્છેદ લખવા પડ્યા છે. તેમાંના દ્વિતીય પરિચ્છેદમાં આંધ્ર સંવતો સાથે શક-સંવતનું પણ વર્ણન કરી બતાવાયું છે. ત્યાં એમ સિદ્ધ કરવામાં આવ્યું છે કે હિંદના ઉત્તર ભાગમાં જે શક-સંવત પ્રવર્તી રહ્યો છે તેની સાથે દક્ષિણ હિંદમાં પ્રવર્તી રહેલ શક સંવત સાથે કાંઈ સંબંધ જ નથી. એટલે કે બન્ને ભિન્ન ભિન્ન છે. ત્યાં દ્વિતીય પરિચ્છેદમાં દક્ષિણ હિંદના શક વિષેની વિચારણા કરવામાં આવી હતી. એટલે અત્ર ઉત્તર હિંદના શક વિષે જ વિચાર કરવાનો છે.

ઉત્તર હિંદના શકસંવતના પ્રારંભ સાથે, નીચે દર્શાવેલ ચાર બનાવોમાંથી કોઈ એકની સાથે વિદ્વાનોની માન્યતા પ્રમાણે સંબંધ હોવાનું ધારી લેવાયું છે. (૧) નહપાણથી, (જેને શક પ્રવર્તક ધારી લેવાયો છે તેથી) તે શકનો પ્રારંભ થયો હોય, (૨) કેડફિઝ બીજે [illegible] વર્ણની આદિ કે (૩) કુશાનવંશી રાજા કનિષ્કનો રાજ્યારંભ [illegible] (૪) પરદેશી આક્રમણકારોમાંના રાજા મોઝીઝ કે તેના વંશજોમાંના [illegible] પહેલાથી કે બીજાથી તેનો આ [illegible] ઈ. ઈ. થયા પણ હોય એમ મનાય છે. આ પ્રમાણે ચાર માન્યતા અત્યારે પ્રવર્તે છે. કેમકે આ ચારે વ્યક્તિઓનું જોર, ઉત્તર હિંદમાં—ખાસ કરીને [illegible] બાજુ ચાલ્યું હતું. તેમજ તેઓ દરેક કઈ વ્યક્તિ છે એમ પાકે પાયે ઓળખ થઈ ન હોવાથી તે સર્વેને શક પ્રવર્તક તરીકે માની લેવાય છે. વળી શક પ્રજાથી તે સંવતસર ચાલુ થયો છે. માટે તેને શક સંવત કહેવી, આવા આવા સમયદર્શક બનાવો બન્યે પડયા ત્યાં ત્યાં તે સર્વેને ઇ. સ. ૭૮ માંહેના [illegible] મેળવીને સમયદર્શન કરાવવામાં આવ્યું છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ અનિશ્ચિતપણે ચાલી રહેલી દેખાય છે. તે સ્થિતિ વાસ્તવિક છે કે કેમ તેની [illegible] [illegible] થયા પામી છે! તે સમજી લેવાની જરૂર છે.

ઉપરની ચાર માન્યતામાંથી બેને—નં. ૧ અને નં. ૪ વાળી માન્યતાને—ઇ. સ. ૭૮ વાળા શક સંવત સાથે નિસ્બત જેવું બનતું નથી એમ પ્રમાણપુરસ્સર તેમજ પુ. ૩માં પૃ. ૨૧૭થી ૨૨ સુધી નં. ૧ની અને પૃ. ૩૨૧-૨૨, ચોથાની બાબત વિસ્તાર તરીકે ચર્ચા ઉપાડીને આપણે સાબિત કરી આપ્યું છે. એટલે તે બેને વર્જને બાકીની બેનો જ અત્રે વિચાર કરવો રહે છે. બાકી રહેતી બે તે કુશાન અને મથુરાની બાબતો—એમ ગણાય છે. તેમની ઉત્પત્તિમાં કારણ જુદાં જુદાં છે પરંતુ તેમના કાર્યનો સમય એક જ છે—એટલે આપણા કથન પુરતો એક જ મેળવીએ તો પણ હરકત જેવું નથી. તેમાં કુશાન વંશના શકની બાબત તો [illegible] થઈ છે. એટલે અત્ર મથુરવંશી ક્ષત્રપની બાબત વિચારવી રહે છે.

આપણે કહી ગયા છીએ કે મથુરા અને કુશાન-શકનો આરંભકાળ એક જ સમયનો [illegible] છે. હવે જ્યારે કુશાનશકનો કાળ ઇ. સ. ૧૦૩ બતાવ્યો છે ત્યારે મથુરા સંવતનો આરંભકાળ પણ ઇ. સ. ૧૦૩ કહેવો પડે તેમાં તો શક જેવું છે જ નહીં. પરંતુ અત્ર જે આપણે સાબિત કરવું રહે છે તે એટલું જ કે, તે શક શા રીતે ગણાયો છે! તેમજ તે [illegible] પ્રવર્તાવવાનું કારણ શું છે અને [illegible] પ્રવર્તક કોણ? પ્રથમ પાએ જણાવવાનું કે [illegible] તે સમયદર્શક નિશાની [illegible] છે અને તેની [illegible] પાકે પાયે તથા બિના ક્યારે કરી હોય તો, શિલાલેખ અને સિક્કાને લગતી એટલી બાબતો મેળવી [illegible] દેવી મેળવીને તે પ્રમાણે બાબત બનવાથી જ [illegible] પરિણામે પહોંચી શકાય. તેમાં અગે તો આપણે તે છે [illegible] જ [illegible] મેળવવો છે એટલે તે વખતે [illegible] રાજાઓને આપણે પૂર્વેના [illegible] શકાવતા રાજાઓના જ શિલાલેખ અને સિક્કાને તપાસવા પડશે. તે કામ માટે પ્રથમતઃ તે વખતે રાજાની જ વિચારણા પુસ્તી [illegible] છે કેમકે તેમને લગતી તથા આગળની જે [illegible] [illegible] છે તેમાં આપણો નિર્ણય થયેલ પણ [illegible] છે. ... [illegible] નામ [illegible]

(૩) જુઓ પુ. ૩ પૃ. ૧૪૦ ૧૪૧ (ટી. નં. [illegible])

પૃ. [illegible] તથા તેની ટી. નં. [illegible]

ગ્રંથ પ્રશસ્તિ

આખુય પ્રાચીન ભારતવર્ષનું પુસ્તક નવીન શૈલીએ જ તૈયાર થયું હોવાથી તેના પ્રથમ ભાગમાં જ તેના સર્જન વિશે ખુલાસો કરવા આવશ્યક લાગ્યું હતું. ઉત્તરોત્તર ત્રણ વિભાગો પ્રગટ થઈ ગએલ હોવાથી, તેવા ખુલાસાની હવે અપેક્ષા રહેતી નથી. જેથી પ્રથમ વિભાગે જે પૃષ્ઠો ૨૮, બીજામા ૧૦ અને ત્રીજામા ૫॥ રોકવા પડયા છે તે માટે આ ચતુર્થ વિભાગે તો તેથી પણ ઘટતી કરવા રહેત, પરતુ બીક રહે છે કે કદાચ તે નિયમ અહીં ન પણ સચવાય, કેમકે જેમ વિભાગ વધતા જાય તેમ વાંચનનાં ક્ષેત્ર અને વિશાળતા પણ વધે, એટલે વિવેચકોના મતભેદ પણ વધારે પ્રમાણમા બહાર પડે તે સ્વભાવિક છે.

આવી રીતે બહાર પડતા વિવેચનોનો ઉત્તર વાળવાનું આ સ્થાને નથી, તેમ જરૂર પણ ન ગણાય, પરતુ તેમ કરતાં બે સ્થિતિ ઉભી થાય છે જો મતભેદનો ખુલાસો નથી અપાતો, તો અમે રજુ કરેલા વિચાર ખોટા છે એમ અમે પોતેજ સ્વીકાર કરી લીધાની માન્યતા પ્રસરે છે અને ખુલાસો આપવા પ્રયત્ન કરાય છે તો, જેમ એક ભાઈએ જણાવ્યું છે તેમ ‘પડયા પણ તગડી ઉંચી’ અથવા અહંકાર અને અભિમાનનું આળ માથે ચોટે છે બીજા પ્રકારની સ્થિતિમા જો કોઈ જાતની હાનિ પહોચતી હોય તો અમને એકલાને જ છે, જ્યારે પહેલી સ્થિતિમા તો આખા ઇતિહાસને હાની પહોચે છે આ વસ્તુસ્થિતિમાં જાતિ વિષયક હાનિને ગૌણ લેખી, ઇતિહાસને થતી સર્વ સામાન્ય હાનીને બચાવી લેવી તે કર્તવ્ય છે જેથી થોડી ઘણી પણ અત્ર ઉપયોગી લેખાય તેટલી સમજૂતિ આપીશુ આવી સમજૂતી આલેખવાનું ધોરણ આપણે ‘ભૂમિકા’ના શિર્ષક તળે રાખ્યું છે

(અ) ભૂમિકા

સમર્થન આપનાર જે અનેક અભિપ્રાયો, અવલોકનો કે અભિનદન પત્રો મળ્યાં હોય તેનો ઉલ્લેખ કરવો તે આત્મશ્લાઘા કહેવાય માટે તેની સખ્યા ગમે તેટલી વિપુલ હોય તોયે જતી કરવી જ ઉચીત ગણાય છે જ્યારે વિરૂદ્ધ પડતી ગમે તેવી નાની ટીકા હોય તો પણ તેને લક્ષમા લઈ, તેમાંથી ગ્રાહ્ય હોય તેનો અમલ કરવાથી આપણને મજબૂતી મળે છે આવા થોડાક ટીકાસ્થાનો અમારી નજરે પડયા છે, (૧) શ્રીયુત દુર્ગાશકર શાસ્ત્રીજીએ પ્રાચીન ભારતવર્ષનું “પ્રસ્થાન” માસિકમાં અવલોકન લીધું છે, તેમા તથા કરાચી મુકામે મળેલ સાહિત્ય પરિષદના એક વિભાગીય પ્રમુખ તરીકે વાચેલ

આમુખમાં, કાઢેલા ઉદ્ગારમાં (૨) ૧૯૩૬ના "ગુજરાતી સાહિત્ય સભા"ના રીપોર્ટમાં તેના સમીક્ષક સ. સ. પ્રોફેસર માંકડે અમારા પુસ્તક વિષે પ્રગટ કરેલા વિચારમાં (૩) "મુંબઈ સમાચાર' નામે દૈનિકમાં શ્રીયુત મિ. ઝવેરીએ કોઈ પણ જાતની દલીલ આપ્યા વિના ટાંકેલા પોતાના અનેક નિર્ણયોમાં (૪) અને પૂ. આ. મ. શ્રી. ચંદ્રવિજય સૂરિએ બહાર પાડેલ અનેક કૃતિઓમાં. ઉપરના ચારેનાં સમાધાનનો પ્રયાસ હવે એક પછી એક કરીએ.

(૧) શ્રીયુત દુર્ગાશંકર શાસ્ત્રીજીના પ્રમુખ તરીકેના આમુખમાં કાંઈ દલીલોની અપેક્ષા ન જ રખાય; તેમ તે સ્થિતિમાં પોતે જેમ ઠેર્યા નિર્ણયો વાપરે તોયે સર્વને મૌનજ સેવવું રહે; એટલે તે બાબત અમારે જતી કરવી રહી; બાકી અવલોકનમાં પણ દલીલો જેવું મોકું જ રાખ્યું છે; માત્ર પોતાનો અભિપ્રાય દર્શાવવા અમને ધર્મોધ પક્ષના અહંભાવના ઈ ઈ ઉદ્ગારો છુટે હાથે આપ્યે ગયા છે પરંતુ તે ઉદ્ગારો પોતાને લાગુ પડે છે કે અમને, તે તો વાંચી નક્કી કરે તે ખરું. અત્ર તેમની એક ટાંકનો ઉત્તર આપવો જરૂરી છે. પરિશિષ્ટકાર શ્રી હેમચંદ્રસૂરિએ અવંતિપતિઓના સમય બાબત જાતુ બાંધા હાંકી છે તેના અર્થ ડૅા. શાંતિલાલ નામના વિદ્વાને ચાલી આવતી માન્યતા પ્રમાણે કરી બતાવ્યો છે જ્યારે અમે જુદીજ રીતે કરી બતાવ્યો છે એટલે શ્રીમાન શાસ્ત્રીજીને તે બહુ આકરું પડ્યું છે અને તે માટે પોતાના તરફની પ્રાચીન દલીલ આપવાને બદલે (૧)માત્ર બોલે છે કે આધાર એક જ હોવા છતાં નિર્ણય જુદા જુદા ; આ વાક્યને પણ જો એક દલીલ જ ગણાવી હોય તો જણાવવું રહે છે કે અત્યારની કોર્ટો કાયદામાં અનેક દરજ્જાની ગણાય છે. પેટાથી નાની મુનસફની, તેના ઉપર પોલટીકલ તેના ઉપર હાઈ કોર્ટ તેની ઉપર ફુલબેંચ અને પ્રીવી કાઉન્સીલ; એક કેસ જે મુનસફની કોર્ટમાં ચાલ્યો હોય અને તેનું પરિણામ સંતોષકારક ન હોય તો હરિયાદી તેને તેજ કાગળો લઈને એક પછી એક ઉપરની કોર્ટમાં જાય છે. અને પાંચ કોર્ટોમાં કોઈ વખતે જુદા જુદા નિર્ણયો પણ આવે છે આ પ્રમાણે સર્વે થાયે "કાગળો–આધારો એક જ હોવા છતાં નિર્ણય જુદા જુદા" કાં આવતા હશે તેનો કાંઈ ખુલાસો છે કે!

(૨) સ. સ. પ્રો. રવિશંકરજી માંકડ; તેમણે રીપોર્ટમાં અમારા પુસ્તક વિષે અભિપ્રાય દર્શાવવાં એવી તો શબ્દ અને વાક્ય રચના કરી છે કે ગુજરાતી ભાષાના નિષ્ણાત તરીકે તે તરી આવે અને બીજા પક્ષે આમુખને તેમના હાથ તળે બેસીને જ ગુજરાતી ભાષાનું જ્ઞાન મેળવવાનું મન થયાં કરે; તેમને બે બાબતનો રોષ મુખ્ય થયો લાગ્યો છે એક તો ઐતિહાસિક પુસ્તકોમાં ન દાખલ કરવા જેવી બાબતોનો સમાવેશ કર્યો છે એથી પુસ્તકને શુદ્ધ ઇતિહાસ ન કહેવાય; અને બીજું, દલીલ કરવાની તથા

(૧) આપને એક અન્ય વિદ્વાને લેખ લખ્યો અને વાત આવે છે તેમના લેખનો સાર એ છે કે શ્રીમાન શાસ્ત્રીજીને ગુજરાતના ઇતિહાસનો અભ્યાસ હશે જ પરન્તુ પ્રાચીન ભારતવર્ષનો નહીં હોય. નહીં તો પીતાંબરની દલીલો આપત.

સારાસાર તારવી કાઢવાની પદ્ધતિ બાબતનો છે પહેલી બાબત વિશે એમ ઉત્તર આપવાનો કે, ઇતિહાસ કોને કહેવો તે પ્રશ્ન મતમતાંતરનો છે તે વિશે અમારા કેટલાક વિચારો પુ. ૧ ની પ્રસ્તાવનામા જણાવ્યા છે. વિશેષમા "પ્રસ્થાન" માસિકમા ૧૯૯૪ ના કાર્તિક માસના અકમા "ઇતિહાસનુ પરિશીલન" નામે જે વિદ્વતાપૂર્ણ લેખ અત્રની કોલેજના અધ્યાપક રા રા કેશવલાલ હિમતરામ કામદારે લખ્યો છે તે ઉપર ધ્યાન ખેચવા રજા લઈએ છીએ બીજો દોષ જે તેઓશ્રીએ મૂક્યો છે તે જાણવા તથા વિદ્યાર્થી તરીકે તેમાથી શીખવા યોગ્ય તત્ત્વો ગ્રહણ કરવા, તેઓશ્રીને અમદાવાદમા જ એક વખતે અમે રૂબરૂ મળ્યા હતા ત્યારે થોડીક ચર્ચા થઇ હતી તેનો સાર એ હતો કે, તેમણે અમારૂ પ્રથમ પુસ્તક તેમજ તેની પ્રસ્તાવના વાચી નથી, બનવા જોગ છે કે જો વાચ્યુ હોત તો તેમને દેખાતી ત્રૂટીઓ વિશેનુ સમાધાન તેમાથી મળી રહેત એટલે નિરૂપાયે બીજી વખત સર્વ પુસ્તકો સહિત મળવા ઉપર મુલતવી રાખ્યુ તે બાદ કરાચી મુકામે તેમના નિવાસસ્થાન ઉપર બે વખત અમે મળ્યા પણ સમયના અભાવે તે મુદ્દાઓ ચર્ચી શકાયા નથી ત્યાથી આવ્યાબાદ બે ત્રણ વખત પત્રદ્વારા તેના જવાબની ઉઘરાણી કરી પણ છે પરતુ ઉત્તર મળ્યો નથી એટલે હવે જ્યારે વળી બને ત્યારે ખરૂ.

(૩) મુંબઈ સમાચારના એક લેખક શ્રીયુત ઝવેરી–તેમણે લગભગ અઢી ડઝન જેટલા પોતાના નિર્ણયો જ કેવળ જણાવી દીધા છે તે નિર્ણયો ઉપર આવવાને તેમને શું શું કારણો મળ્યા હતા તેનો ઉલ્લેખ સરખોયે નથી બલ્કે પૂ આ મ ઇન્દ્રવિજયસૂરિ મહારાજના જ સર્વ પ્રશ્નો અને નિર્ણયો કેમ ઉતાર્યા ન હોય અથવા કેમ જાણે તેમની નિશ્રામા રહીને જ આખોયે લેખ લખાયો ન હોય તેવો આભાસ ઉભો થાય છે આ સ્થિતિમા તેમને સ્વતત્ર જવાબ ન આપતા, ઇન્દ્રવિજયસૂરિજી માટેનો નીચે જણાવેલ ઉત્તર વાચી જવા વિનતિ છે

(૪) પૂ આ મ ઇન્દ્રવિજયસૂરિ અમારી કૃતિમા અપૂર્વ રસ લેતા માલમ પડયા છે ઈ સ ૧૯૩૭ના મે માસ સુધીમા તેમણે જે પ્રવૃત્તિ આદરી હતી અને તેમા કયા કયાં તેમણે ઉંધે રસ્તે વાચકોને દોર્યા છે તેનુ દિગ્દર્શન પુસ્તક વિભાગ ૩ ની પ્રસ્તાવનામા પૃ ૧૦ થી ૧૪ સુધીમા ટૂંકમા દોરી બતાવ્યુ છે તે બાદ તેમના તરફથી ત્રણ પુસ્તકો પ્રગટ થયેલ અમે નિહાળ્યા છે (૧) પ્રાચીન ભારતનું સિંહાવલોકન (૨) મથુરાનો સિંહધ્વજ[૨] અને (૩) મહાક્ષત્રપ રાજારૂદ્રદામા. પાછળના બે પુસ્તકો દેખીતી રીતે અમોને સ્પર્શતા નથી પરતુ અમોએ જાહેર કરેલ માન્યતાના ખડન માટેના તેમા વારવાર ઇસારા કરાયલ હોવાથી તેના નામ અત્રે ઉતાર્યા છે આ ઉપરથી જે એક બે વિદ્વાનોએ તે સર્વે જોયા–વાચ્યા હશે તેમણે પૃચ્છા પણ ચલાવેલ કે, ડૉ ત્રિભુવનદાસ ઉપર ઇંદ્રવિજયસૂરિને આટલો બધો વેરભાવ થવાનું કારણ શું? અમારા કાને તે વાત આવી ત્યારે ત્યારે અમે

(૨) સિંહધ્વજ નામ તેમણે શા માટે આપ્યુ હશે તે તેઓશ્રીએ કયાંય જણાવ્યુ નથી મૂળ શબ્દ તો Lion-capital Pillar છે, જેનો અર્થ સિંહસ્તભ થઈ શકે.

એટલો જ જવાબ આપીશું કે અમારૂં પુસ્તક બહાર પાડયું તે પહેલાં તેમજ પછી પણ જ્યાં સુધી ગુજરાતમાં-કાઠિયાવાડમાં તેઓશ્રી વિચરતા હતા ત્યાંસુધી અમે સારી રીતે તેમના સમાગમમાં આવ્યા છીએ. એટલે ત્યાંસુધી વૈમનસ્ય તો એક બાજુ રહ્યો પણ કોઈ રીતે આવી વિનો ભાવ પણ દર્શાવ્યો નથી! બાકી તો જેની પાસે જે વસ્તુ વધારે હોય તેનું તે દાન આપે છે અથવા સ્વભાવ પડયો હોય તેનું નિવારણ શું?

તે તેમનાં ત્રણે પુસ્તકો ધ્યાનપૂર્વક વાંચી લેવાં છે તે વિષે બોલવા જતાં અનેક ઇલ્કાબોની નવાજેશ આવી પડી જ છતાં હિંમતપૂર્વક સંક્ષેપમાં કહી શકાય તેમ છે કે એક બે નાની વિગત સિવાય, અન્ય કોઈ પણ મહત્વનું તત્ત્વ તેમાંથી ગ્રહણ કરવા જેવું નીકળ્યું નથી. સવિસ્તર તો ઉત્તર આપવાનો તો અવસર જ્યારે પ્રાપ્ત થાય ત્યારે ખરો પરંતુ એક બે મુદ્દા જે વાચક વર્ગને ખાસ જણાવવા યોગ્ય છે તે અત્ર રજુ કરીશું વસ્તુ ઘેરક કરવાનો તેમણે સઘળો પ્રયત્ન કર્યો છે વળી અનેક આધારો અને પ્રમાણો ટાંકીને પાનાંને પાના ભરાય તેટલું લખાણ પણ ઉપજાવી કાઢયું છે; આ બધાંથી અમે પણ ઘણા પ્રમાણમાં માહિતગાર છીએ છતાં અમોએ જ નવાં નિર્ણયો કે અનુમાન બાંધ્યાં છે અને તેમ કરવા માટે કારણો અને વિગતો દર્શાવી છે તેમાંની એકે પોતે વાંચતા નથી, વિચારતા નથી ખંડન કરતા નથી; પરંતુ જે વસ્તુઓ ક્યારની નક્કી થઈ ગઈ છે અનિવાર્ય થઈ ગઈ છે તે વારંવાર ગાયા જ કરે છે તેનો અર્થ શું? પોતે સંશોધકનો પાઠ ભજવે છે પણ સાથે સાથે રજુ કરાતી હકીકતો ઉપર વિચાર કરી સંશોધકના માર્ગે ચાલી જાય તો ઘણું ઘણું નવું અજવાળું આપી શકે એક જ દષ્ટાંત આપીશું મદ્રાસના સિંહભાઈવાળી પુસ્તિકામાં ઇતિહાસના વિષયમાં વર્તમાનકાળે સત્ય પ્રધાન ગણાતા મહાપુરુષો જેવા બે પાંચ કે દશપંદર નહીં, પણ ત્રેવીસ ત્રેવીસ વિદ્વાનોના અભિપ્રાયો મેળવીને તેમણે રજુ કર્યા છે; તે સર્વનો એક જ પ્રકાર અભિપ્રાય વાંચતાં તે બાબતમાં આપણે હાથ જ પોઈ નાખવા રહે છે પરંતુ તે અભિપ્રાયો મેળવવામાં તેમણે એવી ચિક્કટતાથી કામ લીધું છે કે ઇતિહાસના વિષયથી અપર રહેલ વાચક વર્ગને તે અહેવાલથી ખબર જ ન પડે તેમણે પ્રથમ તો ૧૫-૭-૩૭ની મિતિનો એક અપીલ પરિપત્ર, ઉપરના ત્રેવીસે વિદ્વાનોને પાઠવ્યો લાગે છે; અને તે પણ એવા રૂપમાં કે આડ આવતી માન્યતાનું સ્વરૂપ રજુ કરતા વાક્યોમાં જ; કે જેનો ઉત્તર હા કે ના જેવા ટૂંકા શબ્દોમાં જ અથવા તો તેવા મીતાક્ષરી વાક્યોમાં જ આવી જાય. પરિપત્રમાં જો તેમણે આડ માન્યતાથી ઉલટ જવામાં અમારી શું શું દલીલો છે અથવા અમને શું શું પ્રયોગો છે તેઓનું વર્ણન કર્યું હોત કે ટૂંકમાં પણ તેનો ખ્યાલ આપ્યો હોત, તો તો જરૂર તે ઉપર વિચાર કરીને જ તેઓ પોતાનો અભિપ્રાય આપત (આ હકીકત વધારે સમજવા પૃષ્ઠ જ્યાં આવળ વર્ણવી છે તે વાંચી જુઓ) એટલે સ્વાભાવિક છે કે અમારા પુસ્તકથી જે કોઈ અપરિચિત છે તે જેમ વારંવાર કહી શકે છે કે અશોક અને પ્રિયદર્શિન એક જ છે એટલે કે ભિન્ન નથી; તેમ આમણે પણ અત્યાર પર્યંત મા[illegible] પ્રિયદર્શિને જ ધર્મવિ દર્શાવી લીધી દેખાય

છે મતલબ કે, એવીરીતે વિદ્વાનોના અભિપ્રાય આ સિંહસ્તૂપ વિશેની કેવળ અગ્રાહક સ્થિતિદર્શક છે હવે જ્યારે આ ગુજરાતી પુસ્તકનો અનુવાદ થઇને ઇંગ્રેજીમાં બહાર પડે છે (પ્રથમ ભાગ તૈયાર પણ થઇ ગયો છે તે વિશે આગળ જુઓ) ત્યારે ઉમેદ રહે છે કે, અનેક વિદ્વાનોના કરકમળમા તે પહોચશે, તે ઉપર વિવાદ–ચર્ચાઓ બહાર પડશે અને પરિણામે જે શુદ્ધ હશે તેજ તરી આવશે

બાકી રૂદ્રદામાવાળી પુસ્તિકામા જૂની પ્રણાલિકાએ, કે કોણ જાણે કયા સાધનોદ્વારા (કયાય બહુ આધાર જેવુ આપેલ ન હોવાથી) સમય પરત્વે તેમણે કામ લીધુ છે, કે જાહેર કરેલ વિગતોમા, પાને પાને, પારિગ્રાફે પારિગ્રાફે અને કેટલેક ઠેકાણે તો વાકયે વાકયમાં પરિસ્થિતિ સુધારો માગી રહી છે ખરી વાત છે કે પરદેશી વિદ્વાનો પાસેથી આરંભમા આપણને ઘણુ ઘણું શીખવાનુ મળ્યુ છે, પરતુ હમેશા તેઓનુ જ માર્ગદર્શન સ્વીકારવુ અને આપણામાં તો પગલબન સિવાય કાઈ છેજ નહીં, એવી લાચાર સ્થિતિ સેવ્યા કરવી તે કયા પ્રકારનુ માનસ કહેવાય?

ઉપરમા કહેવામા આવ્યુ છે કે પ્રશ્નોના ઉત્તર મેળવવામા તેમણે એક પ્રકારની સિફ્ત જે વાપરી છે તેનુ વર્ણન સ્પષ્ટતા પૂર્વક આગળ આપ્યુ છે. તે અત્ર હવે સમજાવીશું. તેમણે પરિપત્રમા શું શબ્દો લખ્યા છે તે આપણે જો કે જાણતા નથી પરતુ, તેમના પત્રનો જવાબ, કલકત્તા મ્યુઝીઅમ વાળા પ્રો રામચદ્રમજીએ તા ૨૪–૭–૩૭ના રોજે આપ્યો છે તેમાથી કાઇક માહિતી મળી જાય છે જ તેમના શબ્દો આ પ્રમાણે છે —

With reference to your letter of the 15th Inst, inquiring if the Mathura Lion Capital inscription contains any reference to Jaina affairs or names of Nahapana, Bhumak or Nanaka, I have to give you a reply in the negative= આપે જે પત્ર તા ૧૫ મીનો લખેલ છે અને જેમા પૂછવામા આવ્યુ છે કે, મથુરા સિંહ સ્તૂપમા જૈનધર્મ પરત્વે કાઇ હકીકત છે અથવા તો નહપાણ, ભૂમક કે નનકમાથી કોઈના નામ તેમા આવે છે, તો ઉત્તરમા મારે નકાર જ ભણવો રહે છે મતલબકે બન્ને પ્રશ્નનો ઉત્તર તેમણે નકારમાજ દીધો છે આ પત્રલેખન પૂ આ મ શ્રી એ અમારા પુસ્તકમા દર્શાવેલા વિચાર પરત્વે કરેલ છે એટલે પોતે અમારા નામે એમ કહેવાને માગે છે કે, કેમ જાણે અમે એવુ કહ્યું છે કે, તે મથુરાસ્તૂપમા જૈનને લગતી હકીકત દર્શાવી છે તથા તેમા નહપાણ અને ભૂમકના નામ લખાયલ છે (નનક નામ કયાથી તેઓએ ઉતાર્યું? તે તો હજુ આ પ્રથમવાર તેમના જ તરફથી સાભળવામાં આવ્યું છે એટલે તે વિશે અમો મૌન જ સેવીશું) તો અમારી તેઓશ્રીને વિનમ્રભાવે વિનતિ છે કે, અમે કયાં આવું વિધાન કર્યું છે તે મહેરબાની કરીને તેઓ જણાવશે

બાકી અમે જરૂર એટલું તો કહ્યુ છે જ, કે ક્ષહરાટ નહપાણ પોતે સિંહસ્તભમા દર્શાવેલ મહાક્ષત્રપ રાજુવુલનો સમકાલીન છે તે માટે જ બો બ્રે રો. એ સો નવી આવૃત્તિ પુ ૩ પૃ. ૬૧નુ અવતરણ પણ ટાકી બતાવ્યું છે (જુઓ પુ ૩ પૃ. ૨૩૪ ટી.

નં. ૧૩) કે It is obvious that Nahapana was a contemporary of Rajuvula the Mahakshatrapa of Mathura—લખેલું છે કે મથુરાનો મહાક્ષત્રપ રાજુવુલ અને નહપાણ સમકાલીન છે આ ઉપરાંત અન્ય ઐતિહાસિક હકીકતો મળવાથી તે સર્વે પરિસ્થિતિને ગુંથીને અમે અનુમાન તારવી કાઢ્યું છે; જેને ચારે તરફથી સમર્થના આધાર વડે સમર્થન મળવાથી સત્ય ઘટના તરીકે જાહેર કરી છે પરંતુ પોતે પુરી ન સમજવાથી જે અમે બોલ્યાં પણ ન હોઈએ તેવાં વિધાનો અમારા નામે કરીને, વાચકોને ભ્રમમાં જ નાંખવા ધાર્યું હોય ત્યાં દોષ કોનો? આવાં પણ અનેક વખત આજ પ્રમાણે તેમણે પગલાં ભર્યા હતા; અને તે વખતે પણ કૃત્રિમ હુમલે અમારે જાહેર વર્તમાનપત્રમાં તેના દાખલા આપીને તેનું સત્ય બતાવવું પડ્યું હતું

ઉપરમાં લેખિત સાહિત્યની વાતો કરી; તેવોજ એક મૌખિક પ્રસંગ વર્ણવીશ આપણા ગુજરાતના એક નામાંકિત વિદ્વાનને અમે બહાર પાડેલ પુસ્તકો લઈને ખાસ મળવા જતાં નીચે પ્રમાણે પ્રશ્નોત્તરી થઈ હતી પ્રથમ અમારા પુસ્તકો તેમની પાસે રજુ કર્યાં

(૧) પ્ર શેનાં પુસ્તકો છે? ઉ પ્રાચીન ભારતવર્ષનાં: તેમણે વળતો જવાબ આપ્યો કે તે વિષે મેં સાંભળ્યું છે

(૨) પ્ર શું? ઉ કે [illegible]

(૩) પ્ર —આપે પુસ્તકો વાંચ્યાં છે? ઉ —ના

(૪) પ્ર —આપની પાસે આ પુસ્તકો મૂકી જઉં છું અવકાશે જોઈ જશો; ઉ —વાંચવાનો અવકાશે નથી તેમ લેવાં પણ નથી આવાં પુસ્તકો પ્રગટ પણ થવાં ન જોઈએ.

(૫) આપે પુસ્તક વાંચ્યાં નથી લેવાં નથી તો આવો અભિપ્રાય શા ઉપરથી આપો છો?

ઉ —તે વિષે બીજાઓ પાસેથી ખૂબ સાંભળ્યું છે એટલે હવે લેવાં જ નથી.

આ પ્રમાણે જ્યાં પૂર્વગ્રહ વિચારોનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હોય ત્યાં બીજો ઉપાય કર્યો શો? વિવેકપૂર્વક સલામ કરી છૂટો પડ્યો

આ પ્રમાણે પુસ્તક પ્રસિદ્ધિ હકીકતની વિરૂદ્ધતાની સ્થિતિ જ્યાં સુધી જાણવામાં આવી ત્યાં સુધી વર્ણવી છે ત્યારે એ સ્થાને વળી જુદાજ રૂપે તે નિહાળાઈ છે (એક) કાશીથી પ્રગટ થતી નાગરી પ્રચારણી સભાની પત્રિકા ભા ૧૬ અંક ૧ વૈશાખ ૧૯૮૨ના અંકમાં લગભગ ૬૫ પૃષ્ઠોનો હિન્દીના શ્રી. પં. સૂર્યનારાયણ વ્યાસે પોતાના નામે 'પરભ્રુત મહારાજ અશોક અથવા સમ્પ્રતિના શિલાલેખો" વાળો અમારો આખોય લેખ ઉતાર્યો છે પ્રકારે અસલ લેખક મહાશયે આપ પ્રસંગે મૂળ લેખક પ્રત્યે જે ઉદાસીનપણું બતાવ્યું જોઈએ તે બતાવ્યું નથી અક્ષરશ: ક્યાંક ક્યાંક (ચાર-પાંચ સ્થાને) અમારૂં નામ લેવાઈ ગયું છે

તેમની માન્યતા એવી છે કે (જુઓ તેમનું પુસ્તક, મથુરાનો સિંહસ્તંભ પૃ ૧૯ પંક્તિ ૨૭) વાસ્તવમાં સિંહસ્તંભની પ્રતિષ્ઠા વખત નહપાણની હસ્તી જ હતી નહીં, તે તો [illegible] વિદ્વાન તેનો વિરોધ કરતો નથી. (તો પછી જ [illegible] નો અર્થ શું?) [illegible] નહીં

પરંતુ આવા કિસ્સામાં જે સ્થાને મૂળ લેખકનું નામ નોંધાવું રહે તે પ્રમાણે તો મૂકાયું નથી જ. આ બાબતમાં પત્રકાર સાથે વ્યવહાર થતાં કાંઇક સતોષકારક ખુલાસો મળી ગયો છે (બીજો) પુના શહેરથી પ્રગટ થતા "ચિત્રમય જગત" ૧૯૩૫ ડીસેમ્બરના અકમાં શ્રીયુત રસીકલાલ દામોદરે સમ્રાટ ચદ્રગુપ્ત અને પ ચાણુકય સંબધી દશેક કોલમનુ લખાણુ અમારા "પ્રાચીન ભારતવર્ષ" બીજા વિભાગમાંથી ઉતાર્યું છે તેમાં પણ શિષ્ટોપચાર સચવાયો નથી પરતુ ઉપરના લેખમા છૂટુ છવાયુ એકેક વખત નામ લેવાઈ ગયુ છે. આ બાબત પત્રકારને વિનતિપત્રથી પૂછાવ્યુ પણ હતું પરતુ તેમણે તો ઉત્તર વાળવાનું કે પત્ર સ્વીકારનું પણ સૌજન્ય સુદ્ધા દાખવ્યુ નથી ખેર, અમારે તે વિષયનો વાંધો નથી, કેમકે વિદ્યાજ્ઞાન છે તે તો પ્રચાર માટે જ સર્જાયલુ છે એટલે મૂળ હેતુ સરતો હોઇને અમારે તો તે બન્ને પત્રોનો તથા ભાઈઓનો તેટલે દરજ્જે ઉપકાર જ માનવો રહે છે

આટલું વિવેચન બહારથી આવેલ ટીકા પરત્વે થયું હવે અમે અમારા તરફના વિચારો પણ થોડાક જણાવી દઇએ પુ ૩માં જબુદ્વીપની સીમા અમે દોરી બતાવી છે જોકે કેટલીક હકીકત પરત્વે અમારૂ કથન બધબેસતું આવે પણ છે છતાં તેને સર્વથા સત્ય માની ન લેવા વિનતિ પણ કરેલ છે એટલે અત્યારે તો વિશેષ ઉહાપોહ માટે એક વિકલ્પ રજુ કરાયો છે એમ તેને સમજવું રહે છે

બીજુ એક વકતવ્ય મોહનજાડેરો સબધી કરવું રહે છે. અમરેલીવાળા શ્રીયુત પ્રતાપરાય મહેતા આ બાબતમા ખૂબ રસ લઈ રહ્યા છે વ્યવહાર પ્રસગે તેમનું અત્રે પધારવું થતા રૂબરૂ મળવું થયું હતું તેમની સાથેની ચર્ચાનો સાર એ આવ્યો હતો કે તે સ્થળના કે આસપાસમાથી મળી આવતા સર્વ અવશેષો, માટી અને પત્થરના જ છે, ધાતુનું એકપણ ચિન્હ મળી આવ્યુ નથી એટલે ધાતુના યુગપૂર્વની જ તેની સસ્કૃતિ માનવી રહે છે સિવાય કે અત્યારે પ્રવર્તી રહેલી માન્યતા જે ધાતુયુગની પૂર્વે માટી યુગ હતો તે ફેરવાઈ જવા પામે તેમના કથન ઉપર વિશેષ વિચાર કરતા એમ સૂચના કરવી રહે છે કે, મહાભારતનો સમય ત્યારે કયો લેખવો ? જો મહાભારતનો સમય પ્રાચીન હોય, તો મહાભારતના સમયે ઉપરના નિયમ પ્રમાણે કોઈ ધાતુનું હથિયાર જ ન હોઈ શકે, પરતુ તેમ હોવાનુ અત્યારે તો મનાતુંજ નથી એટલે તો મોહન જાડેરોને જ પ્રાચીન કહેવું રહે અને એમ જો હોય તો મહાભારતમા પણ મોહન જાડેરો વિશે કોઇક પ્રકારનો ઈસારો તો આવવો જોઇએ જ ? તેમ પણ બન્યુ નથી, તો હવે તોડ શી રીતે કાઢી શકાય ?

એટલે અમારી તરફથી ફરી ફરીને જણાવવાનુ કે, આખુંયે પુસ્તક તદ્દન નવીન વિગતોથી તથા વિધાનોથી ભરપુર છે, તેમજ જયા જયા બન્યુ ત્યા ત્યા આધારો ટાકી બતાવ્યા છે બનવા જોગ છે કે અમને પુસ્તક પ્રસિદ્ધનો મહાવરો નહીં હોવાને લીધે વિગતોનુ દર્શન,પદ્ધતિસર નહીં થયુ હોય બાકી ઇતિહાસના આલેખનમા જે શુદ્ધ દૃષ્ટિથી કામ લેવું જોઇએ તે (જુઓ પુ ૨ મુખપૃષ્ઠનો શ્લોક તથા પુ ૨ની પ્રસ્તા૦ પૃ૦ ૧૩) યથાશક્તિ નજર રાખીને જ રજુ કરી છે. માથે આવી પડતા આક્ષેપો પણ નજર બહાર ન જવા દેતા

નં. ૧૩) કે It is obvious that Nahapana was a contemporary of Rajuvula the Mahakshatrapa of Mathura લખેલું છે કે મથુરાનો મહાક્ષત્રપ રાજુવુલ અને નહપાણ સમકાલીન છે" આ ઉપરાંત અન્ય ઐતિહાસિક હકીકતો મળવાથી તે સર્વ પરિસ્થિતિને ગુંથીને અમે અનુમાન તારવી કહાડયું છે; જેને બારે તરફથી સમર્થના આંકડા વડે સમર્થન મળવાથી સત્ય ઘટના તરીકે જાહેર કરી છે પરંતુ પોતે સમજ્યો ન સમજ્યાથી ? અમે ભૂલવા પણ ન હોય એવી તેવી વિધાનો અમારા નામે કરીને, વાચકોને ભ્રમમાં જ નાખવા ધાર્યું હોય ત્યાં દોષ કોનો ? અમારે પણ અનેક વખત આજ પ્રમાણે તેમણે પકડ્યા બધા હતાં; અને તે વખતે પણ ફૂટનોટ દ્વારા અમારે જાહેર વર્તમાનપત્રમાં તેના ઉત્તરો આપીને તેનું સત્ય બતાવવું પડયું હતું

ઉપરમાં સૂચિત સાહિત્યની વાતો કરી તેનોજ એક મૌખિક પ્રસંગ વર્ણવીએ આપણા ગુજરાતના એક નામાંકિત વિદ્વાનને અમે બહાર પાડેલ પુસ્તકો લઈને ખાસ મળવા જતાં નીચે પ્રમાણે પ્રશ્નોત્તરી થઈ હતી પ્રથમ અમારાં પુસ્તકો તેમની પાસે રજુ કર્યા.

(૧) પ્ર શેનાં પુસ્તકો છે ? ઉ પ્રાચીન ભારતવર્ષનાં ; તેમણે વળતો જવાબ આપ્યો કે તે વિષે મેં સાંભળ્યું છે

(૨) પ્ર શું ? ઉ હું આગળ ચલાવો

(૩) પ્ર —આપે પુસ્તકો વાંચ્યાં છે ઉ —ના

(૪) પ્ર —આપની પાસે આ પુસ્તકો મૂકી જઉં હું અવકાશે જોઈ જશો; ઉ —વાંચવાનો અવકાશે નથી તેમ લેવાં પણ નથી આવાં પુસ્તકો પ્રગટ પણ થવાં ન જોઈએ.

(૫) આપે પુસ્તક વાંચ્યાં નથી, લેવાં નથી તો આવો અભિપ્રાય શા ઉપરથી આપો છો ?

ઉ —તે વિષે બીજાઓ પાસેથી ઘણું સાંભળ્યું છે એટલે હવે લેવાં જ નથી.

આ પ્રમાણે જ્યાં પૂર્વગ્રહ વિચારોનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હોય ત્યાં બીજો ઉપાય કર્યાં શો ? વિવેકપૂર્વક સલામ કરી છૂટા પડયો

આ પ્રમાણે પુસ્તક સંબંધી હકીકતની વિરૂદ્ધતાની સ્થિતિ જ્યાં સુધી અનુભવમાં આવી ત્યાં સુધી વર્ણવી છે ત્યારે બે સ્થાને વળી સુવાંગ સ્વરૂપે તે નિહાળાય છે (૧) (સિક) કાશીથી પ્રગટ થતી નાગરી પ્રચારણી સભાની પત્રિકા ભા ૧૬ અંક ૧ વૈશાખ ૧૯૯૨ના અંકમાં લગભગ ૧૫ પૃષ્ઠોનો ઉજ્જૈનના શ્રી પ સૂર્યનારાયણ વ્યાસે પોતાનો નામે "પરિશ્રુત મહાવંશ અશોક અથવા સમ્પ્રતિના શિલાલેખો" નામો અમારો આક્ષેપ લેખ લખાયો છે પરંતુ આપના લેખક મહાશયે આવા પ્રસંગે મૂળ લેખક પ્રત્યે જે શિષ્ટાચાર બતાવવું જોઈએ તે બતાવ્યું નથી. અલબત કયાંક કયાંક (ચાર-પાંચ સ્થાને) અમારૂ નામ લેવાઈ ગયું છે

તેમની માન્યતા એમ છે કે (જુઓ તેમનું પુસ્તક, મથુરાનો સિંહધ્વજ પૃ ૧૪ પંક્તિ ૨૩) વાસ્તવમાં સિંહધ્વજની પ્રતિષ્ઠા વખતે નહપાણની હસ્તી જ હતી નહીં, તે તો શા ઉપર આવી ગયો છે. આજ વિદ્વાન તેનો ઉલ્લેખ કરતા નથી. (જો જરૂર જ પ્રા. ડૉ. રા. એ. સોના લખાણનો અર્થ શું ?) આવી રીતે કેટલીયે જગ્યાએ પણ ચીતર્યા તેમણે કરી દીધી છે. પરંતુ તે બધાં ખાતાઓને એકદમ સારૂ જવાબદારી નહીં

પરંતુ આવા કિસ્સામાં જે સ્થાને મૂળ લેખકનું નામ નોંધાવું રહે તે પ્રમાણે તો મૂકાયું નથી જ. આ બાબતમા પત્રકાર સાથે વ્યવહાર થતાં કાંઇક સંતોષકારક ખુલાસો મળી ગયો છે. (બીજો) પુના શહેરથી પ્રગટ થતા "ચિત્રમય જગત" ૧૯૩૫ ડીસેંબરના અંકમાં શ્રીયુત રસીકલાલ દામોદરે સમ્રાટ ચંદ્રગુપ્ત અને પં ચાણકય સંબંધી દશેક કોલમનું લખાણ અમારા "પ્રાચીન ભારતવર્ષ" બીજા વિભાગમાંથી ઉતાર્યું છે તેમાં પણ શિષ્ટોપચાર સચવાયો નથી પરંતુ ઉપરના લેખમા છૂટું છવાયું એકએક વખત નામ લેવાઈ ગયું છે. આ બાબત પત્રકારને વિનતિપત્રથી પૂછાવ્યું પણ હતું પરંતુ તેમણે તો ઉત્તર વાળવાનું કે પત્ર સ્વીકારનું પણ સૌજન્ય સુદ્ધાં દાખવ્યું નથી ખેર, અત્યારે તે વિષયનો વાંધો નથી, કેમકે વિદ્યાજ્ઞાન છે તે તો પ્રચાર માટે જ સર્જાયેલું છે એટલે મૂળ હેતુ સરતો હોઇને અમારે તો તે બન્ને પત્રોનો તથા ભાઇઓનો તેટલે દરજ્જે ઉપકાર જ માનવો રહે છે

આટલું વિવેચન બહારથી આવેલ ટીકા પરત્વે થયું હવે અમે અમારા તરફના વિચારો પણ થોડાક જણાવી દઇએ પુ. ૩મા જંબુદ્વીપની સીમા અમે દોરી બતાવી છે જોકે કેટલીક હકીકત પરત્વે અમારૂં કથન બંધબેસતું આવે પણ છે છતાં તેને સર્વથા સત્ય માની ન લેવા વિનતિ પણ કરેલ છે એટલે અત્યારે તો વિશેષ ઉહાપોહ માટે એક વિકલ્પ રજુ કરાયો છે એમ તેને સમજવું રહે છે.

બીજુ એક વકતવ્ય મોહનજાડેરો સંબંધી કરવું રહે છે. અમરેલીવાળા શ્રીયુત પ્રતાપરાય મહેતા આ બાબતમાં ખૂબ રસ લઈ રહ્યા છે વ્યવહાર પ્રસંગે તેમનું અત્રે પધારવું થતા રૂબરૂ મળવુ થયું હતુ તેઓની સાથેની ચર્ચાનો સાર એ આવ્યો હતો કે તે સ્થળના કે આસપાસમાથી મળી આવતા સર્વ અવશેષો, માટી અને પત્થરના જ છે, ધાતુનું એકપણ ચિન્હ મળી આવ્યું નથી. એટલે ધાતુના યુગપૂર્વની જ તેની સંસ્કૃતિ માનવી રહે છે સિવાય કે અત્યારે પ્રવર્તી રહેલી માન્યતા જે ધાતુયુગની પૂર્વે માટી યુગ હતો તે ફેરવાઈ જવા પામે તેમના કથન ઉપર વિશેષ વિચાર કરતા એમ સૂચના કરવી રહે છે કે, મહાભારતનો સમય ત્યારે કયો લેખવો? જો મહાભારતનો સમય પ્રાચીન હોય, તો મહાભારતના સમયે ઉપરના નિયમ પ્રમાણે કોઈ ધાતુનું હથિયાર જ ન હોઈ શકે, પરંતુ તેમ હોવાનુ અત્યારે તો મનાતુજ નથી. એટલે તો મોહન જાડેરોને જ પ્રાચીન કહેવું રહે અને એમ જો હોય તો મહાભારતમા પણ મોહન જાડેરો વિશે કોઇક પ્રકારનો ઈસારો તો આવવો જોઇએ જ ? તેમ પણ બન્યુ નથી, તો હવે તોડ શી રીતે કાઢી શકાય ?

એટલે અમારી તરફથી ફરી ફરીને જણાવવાનું કે, આખુયે પુસ્તક તદ્દન નવીન વિગતોથી તથા વિધાનોથી ભરપુર છે, તેમજ જ્યાં જ્યા બન્યુ ત્યા ત્યા આધારો ટાંકી બતાવ્યા છે બનવા જોગ છે કે અમને પુસ્તક પ્રસિદ્ધનો મહાવરો નહીં હોવાને લીધે વિગતોનું દર્શન પદ્ધતિસર નહીં થયુ હોય બાકી ઇતિહાસના આલેખનમા જે શુદ્ધ દૃષ્ટિથી કામ લેવું જોઇએ તે (જુઓ પુ ૨ મુખપૃષ્ઠનો શ્લોક તથા પુ ૨ની પ્રસ્તા૦ પૃ૦ ૧૩) યથાશક્તિ નજર રાખીને જ રજુ કરી છે. માથે આવી પડતા આક્ષેપો પણ નજર બહાર ન જવા દેતા

તેના યથામતિ અમારાથી ખુલાસા આપ્યા જ છે છતાં જો કોઈ દોષ જણાઈ આવે તે માટે અમે પોતાને જ જવાબદાર લેખીએ છીએ; તે માટે વાચકવર્ગની ક્ષમા યાચીએ છીએ હવે આ ચોથા ભાગની પ્રસ્તાવના ઉપર આવીએ.

(આ) પ્રસ્તાવના

આખા પુસ્તકના ચાર ભાગને બદલે હવે પાંચ ભાગ કરવા પડયા છે તથા કરવા ધારેલા અગીયાર ખંડમાંથી પ્રથમના છ ખંડનું વૃતાંત પ્રગટ થયેલ ત્રણ ભાગમાં અપાઈ ગયું છે ત્યાં સુધીની સ્થિતિ સર્વની જાણમાં છે એટલે બાકી રહેતા બે ભાગમાં સાતથી અગીયાર સુધીના પાંચ ખંડનું વર્ણન કરવું રહ્યું ગણાય. આ પાંચમાંથીયે સાતમા તથા આઠમા ખંડનું સ્થાન ફેરફાર થયા વિના કાયમ રાખ્યું છે પરંતુ મૌર્યવંશનો નવમો શુંગ વંશનો દશમો અને કુશાન તથા આંધ્રભૃત્યની હકીકતને લગતો અગીયારમો ખંડ, એમ જે ક્રમ કલ્પ્યો હતો તેમાં ફેરફાર કરીને વર્ણનોનો સબંધ અને સમયને લગતી સમજૂતી બરાબર સચવાઈ રહે તેટલા જ હેતુથી, કુશાન–અપભ્રંશને નવમા ખંડે અને મૌર્યવંશને દશમા ખંડે જોડવી તેમનો આ ચોથા ભાગમાં સમાવેશ કર્યો છે; જ્યારે શતવહન વંશનો આખોયે અગિયારમો ખંડ સ્વતંત્ર રીતે પાંચમા ભાગને માટે અનામત રાખ્યો છે એટલે આ ચોથા ભાગના પૂર્વાધના વર્ણનમાં ફેરફાર કરવો પડયો છે અપભ્રંશ–કુશાન વંશ કે મૌર્યવંશની વિગત લેવાના આધાર બતાવતાં પુસ્તક પાંચમામાં જુઓ એવું લખાઈ ગયેલું દેખાઈ આવે છે તે સુધારી લેવા વિનંતિ છે

ખંડ સાતમો— આખા ગર્દભીલ વંશનું વર્ણન અપાયું છે તેના ત્રણ પરિચ્છેદ પાડયા છે ખરી રીતે ગર્દભીલ વંશના બેજ પરિચ્છેદ કહેવાય પરંતુ વચ્ચે સાત વર્ષ સુધી શક પ્રજાનો અનતી ઉપર અમલ થયે પામ્યો હતો એટલે તે પ્રજાના અધિકારનું વર્ણન એક પરિચ્છેદમાં આપી તેને આ ગર્દભીલવંશી રાજાઓના ખંડમાં જ સ્થાન આપવું પડયું છે ત્રણે પરિચ્છેદમાં અત્યાર સુધી ભારતીય ઇતિહાસના પુસ્તકોમાં ન જણાતી હકીકતોનો જ મુખ્ય ભાગે નિર્દેશ કરાયો છે એટલે આખોયે વસ્તુ નવીન જ લાગે છે

ખંડ આઠમો—સમયની કાળગણના—એટલે ભારતીય ઇતિહાસમાં કેટલા સંવત્સરો ક્યારે જણાયા છે, તેમની ઉત્પત્તિ તેમનો સ્થાપક કોણ સ્થાપનાનો સમય કયો તથા કયા કારણથી સ્થાપના કરવામાં આવી તે સર્વની સવિસ્તર નોંધ લીધી છે; તેમજ વિદ્વાનોના કથનોનાં અવતરણો ટાંકી ટાંકી તેમા શું સ્વરૂપ રાખવા લડીશો તથા ઉલટા સુલટા પ્રશ્નો ઉભા કરીને, એક પછી એક સુવાં વઈ સમજાવવા પ્રયત્ન કર્યો છે અને છેવટે પાકા નિર્ણયો કરી બતાવ્યા છે તેમજ શકરાટ સંવત મહાવીર સંવત અપભ્રંશ સંવત આદિના નામ જે કદાપી નહીં સંભળાયેલ તે સઘળા પણ શિલાલેખો સિક્કાઓ તેમજ સરકારી દસ્તાવેજે સુધાવમાં પણ વપરાયા છે તે દ્રષ્ટાંતસહિત સાબિત કરી બતાવ્યું છે વિક્રમ સંવત એક વખત ખતમાં આવ્યા બાદ કેટલોક વખત તેનું પાછું નામનિશાન ભૂંસાઈ ગયું છે અને વળી અમુક સંજોગોમાં પુનર્જીવન પામ્યો છે તેનું વર્ણન